गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक   नोंधांक

पुस्तकनुं नाम

विषय

श्री महर्षि मार्कंडेय मुनि प्रणित,

सप्तशती (चंडिपाठ.)

મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર.

સુધારા વધારા સહિત

આવૃત્તિ પાચમી

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪

કીમત રૂ ૧—૮—૦

શેઠ મહુમ્મ્ચ રામચંદ્ર જાગુષ્ટેની

પરવાનગીથી છપાવી પ્રસિદ્ધ કર્તા

બુકસેલર માકરલાલ બુલાખીદાસ.

ઘીચીરોડ—અમદાવાદ

પ્રસિદ્ધ કર્તાએ સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે

શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં શા વાડીલાલ

નાથાલાલે છાપી ગીચીરોડ અમદાવાદ

वालीयुतश्रवणपालीयुगा ललित-
चूलीविराजिवकुला केलीगतानुगमरा-
लीकुला मधुरमालीभिरादृतकथा ।

नालीकदक्कुसुमनालीकपा।णरिह कालीय
शासिसहजा तालीदलाभतनुमाली सदा
भवतु कालीसुभाय मम सा ॥

અનુક્રમણિકા.

વિષય		પૃષ્ટ
૧ પ્રયોગ વિધિ	...	૯
૨ શતચંડી વિધિ		૧૪
૩ કુમારીકા પૂજન		૧૫
૪ ઘટ સ્થાપન, મંડળ, મધ્ય દેવતા સ્થાપનાદિ ક્રમ		૧૮
૫ સંક્ષિપ્ત પૂજા વિધિ	.	૨૨
૬ પ્રથમ સંકલ્પ	.. . .	૨૪
૭ પુસ્તક પૂજા મંત્ર	... .	૨૫
૮ દેવી કવચં	.. .. .	૨૬
૯ અર્ગલા સ્તોત્ર	...	૫૨
૧૦ કીલક સ્તોત્ર	.. ..	૫૨
૧૧ નવાર્ણ વિધિ		૬૯
૧૨ દેવી ધ્યાન	...	૭૧

૧૩	માના પ્રાર્થના	૭૮
૧૪	તંત્રોક્ત રાત્રી સૂક્ત	૭૫
૧૫	સપ્તશતી ન્યાસ	૭૭
૧૬	પ્રથમ ચરિત્રનો સંકલ્પ	૮૦
૧૭	અધ્યાય ૧ લો	૮૧
૧૮	મધ્યમ ચરિત્રનો સંકલ્પ	૧૦૪
૧૯	અધ્યાય, ૨ જો	૧૦૫
૨૦	અધ્યાય, ૩ જો	૧૬૮
૨૧	અધ્યાય ૪ થો (શક્રાદય)	૧૮૯
૨૨	ઉત્તમ ચરિત્રનો સંકલ્પ	૨૨૨
૨૩	અધ્યાય, ૫ મો	૨૨૩
૨૪	અધ્યાય ૬ ઠો	૨૬૪
૨૫	અધ્યાય, ૭ મો	૨૭૫
૨૬	અધ્યાય ૮ મો	૨૮૯
૨૭	અધ્યાય, ૯ મો	૩૨૧
૨૮	અધ્યાય ૧૦ મો	૩૪૦

૨૯ અધ્યાય, ૧૧ મો .	૩૫૪
૩૦ અધ્યાય, ૧૨ મો ..	૩૮૮
૩૧ અધ્યાય, ૧૩ મો ...	૪૦૯
૩૨ ઉત્તર ભાગ .	૪૨૦
૩૩ દેવી સૂક્ત ...	૪[illegible]૦
૩૪ પ્રાધનિક રહસ્ય .	૪૪૬
૩૫ વૈકૃતિક રહસ્ય .	૮૬૧
૩૬ મૂર્તિ રહસ્ય	૪૭૧

આ આવૃત્તિમા કાંઇપણ સુધારો વધારો કર્યો નથી

વાચવા લાયક પુસ્તકો.

ગીરધર કૃત રામાયણ	૪—૦—૦
વલભ કૃત ભાગત (રાગમા)	૭— —૦
વલભ કૃત ભાગત (વાર્તા)	૬—૦—૦
દુર્ગાશંકરનુ ભારત (રાગમા)	૩—૦—૦
ભક્તમાળ (નાભા સ્વામીની)	૨—૦—૮
કાવ્યદોહન (ભાગ ૧ થી ૫)	૨—૦—૦
દયારામ કૃત કાવ્ય.	૨—૦—૦
ભજન ભંડાર	૦—૮—૦
ભગવતગીતા (રેશમી પુઠાની)	૧—૦—૮
શ્રીમદ્ ભાગવત	૬—૦—૦

દરેક ચોપડીઓની કીમત ઉપરાત ટપાલ ખર્ચ વધુ પડશે આ શિવાય બીજા પુસ્તકો પણ મળશે

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ
રીચીરોડ મુ અમદાવાદ

॥ अथप्रयोगविधिप्रारंभः ॥

॥ श्रीगणेशायनमः । अथकात्यायनीतंत्रोक्ताःप्रयोगालिख्यते ॥ प्रतिश्लोकमाद्यतयोःप्रणवजपेनमंत्रसिद्धिः ॥ १ ॥ अग्रे सर्वत्र श्लोकपदमत्रोपलक्षणं ॥ सप्रणवमनुलामव्याहृतित्रयमादौ अंतेतुविलोमन्तादेत्येत्र प्रति श्लोकंकृत्वाशतावृत्तपाठेऽतिशीघ्रंसिद्धि ॥२॥ प्रतिश्लोकमादौजातवेदसइत्यृचंपठेत्सर्वकाम-सिद्धिः ॥ ३ ॥ अपमृत्युवारणायत्र्यंबकमंत्रंपठेत् ॥ आदावंतेचशतमित्यर्थः ॥ प्रतिश्लोकंतन्मंत्रजपइत्यन्यत्र ॥ ४ ॥ प्रतिश्लोकंशूलेनपाहिनोदेवीतिपाठादपमृत्युनाशः ॥ अस्य-

केवलस्यापि श्लोकस्यलक्षमयुतंसहस्त्रंशतं वा
जपेअपमृत्युवारणम् ॥ ५ ॥ प्रतिश्लोकंशर
णागतदीनार्तेतिश्लोकंपठेत्सर्वंकार्यंसिद्धिः ॥
६ ॥ प्रतिश्लोकंकरोतुसानःशुभेत्यर्द्धंपठेत्स-
र्वंकार्य्यंसिद्धिः ॥ ७ ॥ स्वाभीष्टवरप्राप्तयेए
वंदे व्यावरंलब्ध्वेतिश्लोकंपठेत् ॥८॥ सर्वा-
पत्तिनिवारणायप्रतिश्लोकंदुर्गेस्मृतेतिपठेत् ॥
अस्यकेवलस्यापि श्लोकस्यकार्यानुसारेण
लक्षमयुतंसहस्त्रंशतंवाजपः ॥ ९ ॥ सर्वाबा-
धेत्यस्यलक्षजपेप्रतिश्लोकपाठेवाश्लोकोक्तंफ-
लम् ॥ १० ॥ इत्थंयदायदाबाधेति श्लोक-
जपेमहामारीशांति ॥ ११ ॥ ततोवव्रेनृपोरा-
ज्यमितिमंत्रस्यजपेपुनःस्वराज्यलाभः॥१२॥

हिनस्विदैत्यतेजांसिइत्यनेनसद्दीप बलिदाने घंटाबंधनेचबाल ग्रहशांतिः ॥१३॥ आद्यावृ-त्तिमनुलोमेनपठित्वाततोविपरीतक्रमेण द्वि-तीयामनुलोमेनतृतीयाम् इत्येवमावृत्तित्रये-णशीघ्रकार्यसिद्धिः ॥ १४॥ सर्वापत्तिनिवा-रणायदुर्गेस्मृतेत्यर्द्धंततोयदंतियच्चदूरके इत्यृचं तदंतेदारिद्र्यदुःखेत्यर्द्धमेवंकार्यानुसारेण ल क्षमयुतं सहस्रशतंवाजपः ॥ १५ ॥ कांसो-स्मीत्यृचंप्रतिश्लोकंपठेल्लक्ष्मीप्राप्तिः ॥ १६ ॥ प्रतिश्लोकमन्तृणा अस्मिन्नित्यृचंपठेदृणपरि-हारः ॥ १७ ॥ मारणार्थम् एवमुक्त्वासमु-त्पत्येति श्लोकंप्रतिश्लोकंपठेन्मारणोक्तावृ त्तिभिःफलसिद्धिः ॥ १८ ॥ ज्ञानिनामपि-

चेतांसि इतिश्लोकजपमात्रेणसद्योमोहनमित्य-
नुभवसिद्धम् ॥ प्रतिश्लोकतच्श्लोकपाठेत्ववश्यं ॥ १९ ॥ रोगानशेषानितिश्लोकस्यप्रतिश्लोकंपाठेसकलरोगनाशः ॥ तन्मात्रजपेपिसः ॥ २० ॥ इत्युक्तासानदादेवीगंभीरेतिश्लोकस्यप्रति श्लोकपाठं पृथग्ज पेवा विघ्नाप्तिर्वाग्वै कृतनाशश्च ॥ २१ ॥ भगवत्याकृतं सर्वमित्यादि द्वादशोत्तरशताक्षरो मंत्रः सर्वकामदःसर्वापत्तिवारणश्च: ॥२२॥ देविप्रपन्नार्तिहरे इतिश्लोकस्ययथाकार्यंलक्षायुतसहस्रशतान्यतमसंख्यजपे प्रतिश्लोकंपाठेवासर्वापन्निवृत्तिःसर्वकामाप्तिश्च ॥ एषु प्रयोगेषु प्रतिश्लोकंदीपाग्रेकेवलमेव नमस्करणेऽ-

तिशीघ्रसिद्धिः ॥ प्रतिश्लोकंकामबीजसंपुटि तस्यएकचत्वारिंशद्दिनत्रिरावृत्तौ सर्वकामसिद्धिः ॥ २३ ॥ एकविंशतिदिनपर्यन्तमुक्तरीत्याप्तस्य इन्द्रादशावृत्तौवशीकरणम् ॥ २४ ॥ मायाबीजसंपुटितस्य फट्पल्लवसहितस्यसप्तदिनपर्यंतंत्रयोदशा वृत्त्यावुच्चाटन सिद्धिः ॥ २५ ॥ तादृस्यामेवदिन चतुष्टयमेकादशावृत्तौसर्वोपद्रवनाशः ॥ २६ ॥ एकोनपंचाशद्दिनपर्यंतंप्रति श्लोकंश्रीबीजसंपुटितस्यंचदशावृत्तौलक्ष्मीप्राप्तिः ॥ २७ ॥ प्रतिश्लोकंवाग्बीजसंपुटितस्यशतावृत्त्या विद्याप्राप्तिः ॥ २८ ॥ अथशतचंडीविधिःशङ्करस्यमंत्रान्शावामासादनिकटेशुभम् ॥ मंडपंद्वारवेद्या दयं·

कुर्य्यात्सध्वजतोरणम् ॥ १ ॥ तत्रकुंडमकुर्वी
तप्रतीच्यांमध्यतोपिवा ॥ स्नात्वानि त्यक्रि
यांकृत्वावृणुयाद्दशवाडवान् ॥२॥ जितेंद्रिया
न्सदाचारान्कुलीनान्सत्यवादिनः॥ वाडवा
ब्राह्मणाः ॥ व्युत्पन्नाश्चण्डिकापाठरतांछ्रज्जा
दयावतः ॥३॥ मधुपर्कविधानेनस्वर्णवस्त्रा·
दिदा नतः ॥ जपार्थमासनमालांदद्यात्तेभ्यो·
पिभो जनम् ॥ तेहविष्याशमश्नतोमंत्रार्थग·
तमानसाः ॥ भूमौशयानाः प्रत्येकंजपेयु:
श्चंडिकास्तवम् ॥ ५ ॥ मार्कंडेयपुराणोक्तंद·
शकृत्वःसचेतसः ॥ नवार्णचंडिकामंत्रंजपेयु·
श्चायुतंपृथक्॥६॥ पृथक् संपुटीकरणादितिशे·
षः ॥ प्रत्येकम्ब्राह्मणैरयुत जपःकार्य्यः ॥

अष्टमीनवमीचतुर्दशीपौर्णमासी षुयथाशता- वृत्तिसमाप्तिर्भवतितथारंभः कर्त्तव्य इतिसां- प्रदायिकाः ॥ यजमानःपूजयेत्कन्या नान- बकंशुभम् द्विवर्षाद्याद्दशाब्दांता कुमारीः प- रिपूजयेत् ॥ १ ॥ तासांक्रमेणनामानि ॥ कुमारी १ त्रिमूर्तिः २ कल्याणी ३ रोहिणी ४ कालिका ५ शांभवी ६ दुर्गा ७ चंडिका ८ सुभद्रा ९ इतिनाममंत्रैस्तासांपुजा ॥ तत्र- हीनाधीकांगीकुष्ठव्रणयुता अन्धाकाणाकुरूपा- केकराकुबरीलोमयुग्देहादासीजारोगिणीत्ये वमाद्यावर्ज्याः ॥ विप्रांसर्वेष्टसंसिध्द्यैयशसे क्षत्रियोद्भवाम् ॥ वैश्यजांधनलाभायपुत्राप्त्यै- शूद्रजांयजेत् ॥ गंधपुष्पधूप दीपभक्ष्यभोज्यैर्य

थाशक्तिवस्त्राभरणैश्चपूजयेत् ॥ द्विवर्षासाकु-
मार्युक्तात्रिमूर्तिर्हायनत्रिका ॥ चतुरब्दातु-
कल्याणीपंचवर्षातुरोहिणी ॥१॥ षडब्दाका-
लिकाप्रोक्ताचंडिकारसहायना ॥ अष्टवर्षाशां-
भविस्यादुर्गातुनवहायना सुभद्रादशवर्षोक्ता
नाममन्त्रैःप्रपूजयेत् ॥ तासामावाहनेमंत्रः प्रो
च्यतेशंकरोदितः मन्त्राक्षरमयीलक्ष्मीमातॄणा-
रूपधारिणीम् ॥ नवदुर्गात्मिकांसाक्षात्कन्या-
मावाहयाम्यहम्॥कुमारिकादिकन्यानाम्पुना
मंत्रान्ब्रवेऽधुना ॥ जगत्पूज्येजगद्वंद्येसर्वशक्ति
स्वरूपिणि ॥ पूजां गृहाणकौमारिजगन्मातर्न
मोऽस्तुते ॥ त्रिपुरांत्रिपुराधारांत्रिवर्षांज्ञानरू-
पिणिम् ॥ त्रैलोक्यवंदितांदेवींत्रिमूर्तिंपूजया-

म्यहम् ॥ कलात्मिकांकलातीतांकारुण्यहृदयां शिवाम् ॥ कल्याणजननींदेवींकल्याणींपूजया म्यहम् ॥ अणिमादिगुणाधारामकाराद्यक्षरा-त्मिकाम् ॥अनंतशक्तिकालक्ष्मींरोहिणींपूजया म्यहम् ॥ कामचारीशुभाकांताकालचक्रस्व-रूपिणिम् ॥ कामदांकरुणोदारांकालिकांपूज-याम्यहम् ॥ चंडवीराचंडमायांचंडमुंडप्रभंज-नीम्॥पूजयामिसदादेवींचंडिकांचंडविक्रमाम् ॥ सदानंदकरींशातांसर्वदेवनमस्कृताम् ॥ सर्व भूतात्मिकालक्ष्मींशांभवींपूजयाम्यहम् ॥दुर्गमे दुस्तरेकार्येभवदुःखविनाशिनीम् ॥ पूजयामि सदाभक्त्यादुर्गांदुर्गार्तिनाशिनीम् ॥ सुंदरीं-स्वर्णवर्णाभासुखसौभाग्यदायिनीम् ॥ सुभद्र-

जननींदेवींसुभद्रांपूजयाम्यहम् ॥ एतैर्मंत्रैःपु-
राणोक्तैस्तातांकन्यांसमर्चयेत् ॥ इतिपूजनंकु-
मारिकाणाम् ॥ वेद्यांविरचितेरम्येसर्वतोभद्र-
मडले ॥ घटसस्थाप्यविधिनातत्रावाह्यार्चये-
च्छिवाम् ॥ तदग्रेकन्यकाश्चापिपूजयेद्ब्राह्मणा
नपि ॥ उपचारैस्तुविविधैर्नवार्णावरणान्यपि
॥ ॐकारःप्रथमंपीठपूर्णपठिमतःपरम् ॥ तृतीयं
कामपीठचपूजयेत्संप्रदायतः ॥ पूर्वादिक्षुपीठ-
स्यगणेशादिचतुष्टयम् ॥ गणेशक्षेत्रपालौच-
पादुकेबटुकाह्वयः ॥ आग्नेय्यादिचतुर्दिक्षु
पूज्यन्देवींचतुष्टयम् ॥ जयाचविजयाचैवजयं-
तीचापराजिता ॥ पूर्वोक्तयंत्रेपूर्वकोणे सरस्व
तीसहितोब्रह्मा श्रीसहितोविष्णुर्नैऋत्यामुम-

याशिवो वायव्यांषट्कोणेचक्रमध्यस्थमध्य-
वीजे श्रीमहालक्ष्मीः ॥ ह्रींमहाकालीऐंमहा-
सरस्वतीदक्षिणवामयोः ॥ ऊर्द्ध्वसिंहोदक्षिणे
महिषः ॥ षट्कोणेषु नंदजा रक्तदंतिकाशा-
कंभरी दुर्गाभीमाभ्रामर्य्यः ॥ सबिन्दुनामा-
द्यवर्णताराद्याश्चआसांनाममंत्राःपूजादौ॥तारः
प्रणवः ॥ अष्टपत्रेषु ब्रह्माणीमाहेश्वरी कौमारी
वैष्णवीवाराहीनारसिंहीऐंद्रीचामुंडाउक्तरीत्या
नाममंत्रैःपूज्याःततोविष्णुमायादि चतुर्विंशति
देवताः प्राग्गादिक्रमेणकेसरेषुपूज्याः॥ प्रति
पत्रंच केसरत्रयम् ॥ ताश्चविष्णुमाया १
चेतना २ बुद्धि ३ निद्रा क्षुधा ५ छाया
६ शक्ति ७ तृष्णा ८ क्षान्ति ९ जाति

१० लज्जा ११ शान्ति १२ श्रद्धा १३
कांति १४ लक्ष्मी १५ धृति १६ वृत्ति
१७ स्मृति १८ दया १९ तुष्टि २० पुष्टि २१
मातृ २२ भ्राति २३ चिति २४ रूपाएता-
स्त्यः ॥ सप्तशतीस्तवेपंचमेऽध्याये आसांचतु
र्विंशतिनानपाठइतिनभ्रमितव्यम् ॥ कात्याय
नीतत्रविरोधात् ॥ नाळमूळेतुसंपूज्य आधा
रादिचतुष्टयम् ॥ आधारः कर्मशेषौचचतुर्थी
पृथिवीनृपगृहकोणेषुगणेशः । क्षेत्रपालोवटुको
योगिन्यः ॥ प्रागादिदिक्षुइंद्राद्याश्चेतिएवंचतु-
र्दिनंकुर्यात् ॥ तत्रप्रथमेह्निएकावृत्तिर्द्वितीयेद्वे-
तृतीयेतिस्रश्चतुर्थेचतस्रइति ॥ पंचमेहोमः ॥
होमद्रव्याणितु ॥ पायसान्नैस्त्रिमध्वक्तैर्द्राक्षारं-

भाफलादिभिः । मातुलुंगैरिक्षुखंडैर्नालिकेर युतैस्तिलैः ॥ जातीफलैराम्रफलैरन्यैर्मधुरवस्तु भिरिति ॥ सप्तशत्यादशावृत्त्यामतिमत्रहुतञ्च रेत् ॥ अयुतंचनवार्णेनस्थापितेऽग्नौविधानतः ॥ कृत्वावरणदेवानांहोमंतन्नाममंत्रतः ॥ कृत्वा पूर्णाहुतिसम्यग्देवमग्निंविसृज्यच ॥ अभिषिं चेच्चयष्टारंविप्रौघः कलशोदकैः॥ निष्कंसुवर्ण मथवामत्येकंदक्षिणांदिशेत् ॥ भोजयेच्चशतं विप्रान्भक्ष्यभोज्यैःपृथग्विधैः ॥ तेभ्योपिदक्षि णांदत्त्वागृह्णीयादाशिषस्तथा ॥ एवंकृतेजग- द्वश्यंसर्वेनश्यंत्युपद्रवाः ॥ इतिशतचण्डीविधिः ॥ श्रीजगदंबार्पणमस्तु ॥

संक्षेपतः पूजाविधिः

अस्यश्रीनवार्ण मंत्रस्यब्रह्मविष्णुमहेश्वरा ऋषयः ॥ गायत्र्युष्णिमनुष्टुपछंद।सि ॥ श्री महाकालीमहालक्ष्मी महासरस्वत्योदेवताः नदाशाकंभरीभीमाः शक्तयः रक्तदंतिकादुर्गा भ्रामर्योबीजानि ॥ अग्निवायुसूर्यास्तत्वानि ॥ श्रीजगदंबाप्रीत्यर्थेन्यासेपूजायाचविनियोगः। ऋष्यादिन्यासान् मूलषडंगन्यासाश्च विधाय कलशशंख घंटाः संपूज्य ॥ अपवित्रः पवित्रोवासर्वावस्थांगतोपिवा ॥ यःस्मरेत्पुंडरीकाक्षं सबाह्याभ्यंतरशुचिः ॥ मूलेनचात्मानपूजाद्र॰

व्याणिमोक्षयेत् ॥ विस्तरभया दर्घ्यस्थापनंनेह
लिख्यते ॥ पत्रसंस्पृश्य ॐ आंसोहइतित्रिवारो
च्चारितमंत्रेणमंत्रस्यप्राणप्रतिष्ठांकृत्वाततः। त्रि-
खंडा मुद्रयापुष्पमादाय स्वहृदिस्थांत्रिगुणांदेवीं
सुषुम्णामार्गेण ब्रह्मरंध्रद्वाराकुसुमेसमागतांवि
भाव्यतत्ररूपत्रयविभ्राणांध्यायेत् ॥ खडगं-
चक्र० १ अक्षस्त्रक्रप० २ घंटाशूल इतितत्पु-
ष्पयंत्रेसंस्थाप्यतत्रमंत्रबीजत्रयेमहालक्ष्म्यादि
देवतात्रयंसंस्थितंविभावयेत् ॥ अथमुद्राःततः
आवाहनी, स्थापनी, सन्निधापिनी, संनरो-
धिनी, धेनुं, योनिमुद्रा, मूलेनप्रदर्श्यमूलमु
च्चार्यश्रीमहाकाली० नमः आवाहयामि ॥ एव
मूलेनासनपाद्यार्घ्याचमनीयस्नानमंगलस्नान

मधुपर्कपंचामृतपूजाविधाय श्रीसुक्तादिभिरभिषिच्य सुक्तेनवस्त्रो पवस्त्रोत्तरीय कंचुकीवस्त्र यज्ञोपवीतचंदनालंकारहरिद्राकुंकुमकज्जलसिंदूरपरिमलद्रव्यकंकणकंठसुत्रादि सौभाग्यालंकारपुष्पाणि ॥ मूल श्रीमहा० ३ नमः अमुक समर्पयामिति प्रत्युपचारमुच्चार्य पुष्पातपूजायां आवर्णदेवताआवाह्यसंपूजयेत्.

॥ अथ कवचम् ॥

श्रीगणेशायनमः ॥ श्रीसरस्वत्यैनमः ॥ श्रीगुरुभ्यो नमः ॥ श्रीकुलदेवतायै नमः ॥ अविघ्नमस्तु ॐनारायणायनमः ॥ ॐ नराय

नरोत्तमायनमः ॥ ॐ सरस्वतीदेव्यैनमः ॥
ॐ श्रीवेदव्यासायनमः ॥ ॐनमश्चंडिकायै ॥
ॐ मार्कंडेयउवाच ॥ यद्गुह्यमित्यादिसार्धंप
चाशत् ५० श्लोकात्मक कवचं पठित्वा ॐ
जयतीत्यादित्रयोविंशति श्लोकात्मकामर्गलां·
पठित्वा ॐविशुद्धेत्यादिचतुर्दश १ श्लोकात्मकं
कीलकंपठेत् ॥ अस्यश्रीचंडीकवचस्यब्रह्माऋषिः
अनुष्टुप्छंदः चामुंडादेवताअंगन्यासोक्तमा·
तरोबीजंदिग्बंधदेवतास्तत्त्व श्रीजगदंबा प्री
त्यर्थेसप्तशतीपाठांगजपेविनियोगः ॥ अत्रे
त्यादि श्रीमहाकालीमहालक्ष्मी महासरस्वती
देवता प्रीत्यर्थंचन्डीसप्तशतीपाठाख्यंकर्मंकरि
ष्ये ॥ तदंगत्वेनादौकवचार्गलाकीलकपठन

माद्यन्तयोरष्टोत्तरशतसंख्य नवार्णजपपूर्वकंक्र
मेणरात्रिसूक्तदेवीसूक्तपठनमन्ते रहस्यत्रयपठ
नंचकरिष्ये। इतिसंकल्प॥ प्रथमं । नमोदेव्यै
महादेव्यैशिवायैसततंनमः ॥ नमः प्रकृत्यै
भद्रायैनियताः प्रणताः स्मताम् ॥ इतिमंत्रेण
पंचोपचारैः पुस्तकपूजांकुर्यात् ॥

॥ श्रीगणेशायनमः ॥

॥ अथ सप्तशती प्रारभ्यते ॥

॥ देवीकवचम् ॥

अद्येत्यादि० श्रीमहाकाली महालक्ष्मी
महासरस्वती देवता प्रीत्यर्थं चंडी सप्तशती
पाठाख्यं कर्म करिष्ये। तदङ्गत्वेनादौ कव

चार्गलाकीलकपठन माद्यन्तयो रष्टोत्तरशत संख्यनवार्णे जपपूर्वक क्रमेण रात्रिसूक्त देवी सूक्त पठनमन्ते रहस्य त्रयपठनंच करिष्ये इति संकल्प प्रथमं । नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः । नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्मताम् । इति मन्त्रेण पचोपचारैः पुस्तकस्य पूजा कुर्यात् ॥

एतेषांश्रीदेव्याः कवचार्गलाकीलकानाम् ॥ हरिहर ब्रह्माणऋषयः ॥ अनुष्टुप्छंदः ॥ श्रीत्रिगुणात्मिकाचंडिकादेवता ॥ ममचतुर्विधपुरुषार्थसिद्ध्येजपेविनियोग ॥

नमश्चंडिकायै ॥ मार्कंडेयउवाच ॥

यदनुह्यंपरमलोकेसर्वरक्षाकरंनृणाम् ॥
यन्नकस्यचिदाख्याततन्मेब्रूहिपितामह ॥ १॥

માર્કંડેય બ્રહ્માને પૂછેછે કે, હે પિતામહ! જે જગત્‌મા ઉત્તમ, છાનુ ને સર્વ માણસોની રક્ષા કરનાર, અને કોઇને પણ કહ્યુ ન હોય તેવુ રહસ્ય મને કહો ૧

॥ ब्रह्मोवाच ॥

अस्तिगुह्यतमंविप्रसर्वभूतोपकारकम् ॥
देव्यास्तुकवचंपुण्यंतच्छृणुष्वमहामुने ॥२॥

બ્રહ્માજી કહે છે, કે હે બ્રાહ્મણ! મહાની! અતી છાનુ અને સર્વ પ્રાણીઓને ઉપકાર કરનારૂ, પવિત્ર એવુ જે દેવીનુ કવચ છે તેને (તું) સાંભળ. ૨

प्रथमंशैलपुत्रीचद्वितीयंब्रह्मचारिणी ॥
तृतीयंचंद्रघंटेतिकूष्मांडेतिचतुर्थकम् ॥३॥

હે મુની! (તે દેવની નવ મૂર્તીઓ છે, તેનું ધ્યાન કરવું. એટલામાટે નવ મૂર્તીઓના નામ કહું છું. પેહેલું શૈલપુત્રી, (પહાડની દીકરી) બીજુ બ્રહ્મચારીણી (બ્રહ્મની પ્રાપ્તી કરનારી) ત્રીજું ચદ્રઘટા (ચન્દ્રના જેવી ઉજળી), ચોથુ કુષમાંડા (આખુ જગત્ જેના ઉદરમા છે એવી.) ૩

पंचमंस्कंदमातेतिषष्ठकात्यायनीतिच ॥
सप्तमंकालरात्रिश्चमहागारीतिचाष्टमम् ॥४॥

પાંચમું સ્કદમાતા, (કાર્ત્તકેય સ્વામીની મા) છઠું કાત્યાયની, (કાત્યાયનના આશ્ર-

મમાં પ્રગટેલી) સાતમું કાળરાત્રી, (કાળનો પણ નાશ કરનારી) આઠમું માહાગોરી, (અતી ગૌરવર્ણવાળી.)　　　૪

नवमंसिद्धिदात्रीचनवदुर्गाःप्रकीर्तिताः ॥
उक्तान्येतानिनामानिब्रह्मणैवमहात्मना ॥५॥

નવમુ સીદ્ધીદાત્રી, (સીદ્ધી આપનારી એવી રીતે નવદુર્ગો કેહેવાય છે આ નવ નામો મહાત્મા બ્રહ્માજીનાંજ કહેલા છે ૫

अग्निनादह्यमानस्तुशत्रुमध्येगतोरणे ॥
विषमेदुर्गमेचैवभयार्ताःशरणंगताः ॥६॥

અગ્નીથી બળતો હોય, લડાઇમા શત્રુની સામો ગયેલો હોય, વિષમ અથવા કઠણ જગ્યાએ ગયેલો હોય, તેમાંના હરકોઇ ભયથી પીડીત હોય અને જો તે શરણે જાય　૬

नतेषांजायतेकिंचिदशुभंरणसंकटे ॥
नापदंतस्यपश्यामिशोकदुःखभयंनहि ॥७॥

તો તેને લડાઈ વીગેરે દુખના વખતમાં કાઇપણુ અશુભ થતું નથી, તે આપત્તીને દેખતો નથી; તેમજ તેને શોક કે દુખનો પણુ ભય થતો નથી. ૭

यैस्तुभक्त्यास्मृतानूनंतेषांसिद्धिःप्रजायते ॥
प्रेतसंस्थातुचामुंडावाराहीमहिषासना ॥८॥

જે નિત્ય ભક્તિથી દેવીનું સ્મરણુ કરતો હોય, તેને સીદ્ધ (કાર્ય સીદ્ધ) થાય છે. પ્રેત ઉપર બેઠેલી ચામુંડા; પાડા ઉપર બેઠેલી વારાહી, (વારાહી શક્તી) ૮

ऐंद्रीगजसमारूढावैष्णवीगरुडासना ॥
माहेश्वरीवृषारूढाकौमारीशिखिवाहना ॥९॥

હાથી ઉપર બેઠેલી ઐંદ્રી (ઈંદ્રી શક્તી) ગરૂડ ઉપર બેઠેલી વેષ્ણુવી (વિષ્નુ શક્તિ) અને પોઠીયા પર બેઠેલી માહેશ્વરી, (શીવ શક્તી) અને મોર ઉપર બેઠેલી કોમારી, (કાર્ત્તીકેય સ્વામીની શક્તી) ૯

ब्राह्मीहससमारूढासर्वाभरणभूषिता ॥
लक्ष्मीःपद्मासनादेवीपद्महस्ताहरिप्रिय ॥१०॥

હસ પર બેઠેલી અને સર્વ ઘરેણાથી શોભીતી બ્રાહ્મી, (બ્રહ્માની શક્તી) કમળ ઉપર બેઠેલી, જેના હાથમા કમળછે એવી વીષ્ણુને પ્રિય લક્ષ્મી ૧૦

इत्येतामातरःसवःसर्वयोगसमन्विताः ॥
नानाभरणशोभाढ्यानानारत्नोपशोभिताः ११

આ સાત માતૃકા સર્વ યોગે યુક્ત છુટી

જુદી જાતના ઘરેણાથી શોભાયમાન અનેક પ્રકારના રત્નથી શોભીનીયો જોવામા આવેછે

दृश्यतेरथमारूढादेव्यःक्रोधसमाकुलाः ॥
शंखचक्रगदाशक्तिहलचमुसलायुधम् ॥१२॥

રથ ઉપર બેઠેલીયો, ક્રોધથી ભરપુર દેવીયો; શંખ, ચક્ર, ગદા, શક્તી (સાંગ), હળ મુશલ, (સાબેલુ) ૧૨

खेटकतोमरंचैवपरशुपाशमेवच ॥
कुंतायुधत्रिशूलञ्चशार्ङ्गमायुधमुत्तमम् ॥१३॥

ખેટક, (ઢાલ) તોમર, (ભાલું) પરશુ, (ફરશી) પાશ, (પાસલો) કુંત; (બરછી) ત્રીશુળ, અને ઉત્તમ સારંગ; (ધનુષ) ૧૩

दैत्यानांदेहनाशायभक्तानामभयायच ॥
धारयंत्यायुधानीत्थंदेवानांचहितायवै ॥१४

આ આયુધોને દૈત્યના દેહનો નાશ કરવા અને ભકતોને અભય કરવા તથા દેવોનાં કલ્યાણ માટે ધારણ કરે છે. ૧૪

नमस्तेस्तुमहारौद्रेमहाघोरपराक्रमे ॥
महाबलेमहोत्साहेमहाभयविनाशिनी ॥१५॥

હે મહારૌદ્રા ! હે માહાઘોર પરાક્રમવાળી ! હે મોહોટા બળવાળી ! હે મોહોટા ઉત્સાહ વાળી ! હે મહાભયનો નાશ કરનારી ! ! ! તમને નમસ્કાર કરૂં છું. ૧૫

त्राहिमांदोविदुष्प्रेक्ष्येशत्रूणांभयवर्द्धिनि ॥
प्राच्यांरक्षतुमामैन्द्रीआग्नेय्यामग्निदेवता । १६

હે દેવી ! શત્રુઓના ભયને વધારનાર, તથા જેના સામું દુશ્મન ન જોઈ શકે એવાં

વમે, મ્હારૂં રક્ષણ કરો. અગ્નીદેવતા (શક્તી) અગ્ની ખુણમાં રક્ષણ કરો ૧૬

दक्षिणेऽवतुवाराहीनैर्ऋत्यांखड्गधारिणी ॥
प्रतीच्यांवारुणीरक्षेद्वायव्यांमृगवाहिनी ॥१७

વારાહી દક્ષિણમાં રક્ષા કરો. ખડગ ધરનારી નૈરૂત્ય કોણમાં રક્ષણ કરો. વારૂણી પશ્ચીમમાં રક્ષણ કરો. મૃગના વાહનવાળી વાયુ કોણમા રક્ષણ કરો. ૧૭

उदीच्यांरक्षकौबेरिईशान्यांशूलधारिणि ॥
ऊर्ध्वंब्रह्माणीमेरक्षेदधस्ताद्वैष्णवीतथा ॥१८॥

હે કૌબેરી ! ઉત્તર દીશામાં રક્ષણ કરો ત્રિશૂળ ધારણ કરનાર ઈશાનમાં રક્ષણ કરો. હે બ્રહ્માણી ! ઉંચે મ્હારૂં રક્ષણ કરો. વૈષ્ણવી નીચે રક્ષણ કરો. ૧૮

एवंदशदिशोरक्षेच्चामुंडाशववाहना ॥
जयामेअग्रतःस्थातुविजयास्थातुपृष्ठतः॥१९॥

અને શબ ઉપર બેઠેલી ચામુંડા દશે દીશાએ રક્ષણ કરો જયા મારી આગળ રહો અને વિજયા મારી પાછળ રહો. ૧૯

अजितावामपार्श्वेतुदक्षिणेचापराजिता ॥
शिखामेद्योतिनीरक्षेदुमामूर्ध्निव्यवस्थिता २०

અજીતા ડાબે પડખે અને અપરાજીતા જમણે પડખે રહો. દ્યોતીની (પ્રકાશવાળી શક્તી) મ્હારી શીખાનું રક્ષણ કરો અને ઉમા મહારા માથાનું રક્ષણ કરો. ૨૦

मालाधरीललाटेचभ्रुवौरक्षेद्यशस्विनी ॥
त्रिनेत्राचभ्रुवोर्मध्येयमघंटाचनासिके ॥२१॥

માળાને ધારણ કરનારી કપાળમા (રક્ષણ કરો) યશસ્વિની (યશવાળી) ભ્રકુટીઓનું રક્ષણ કરો. ત્રિનેત્રા બે નેત્રની વચમા રહો અને યમઘંટા નાસીકાનું રક્ષણ કરો. ૨૧

शङ्खिनीचक्षुषोर्मध्येश्रोत्रयोर्द्वारवासिनी ॥
कपोलौकालिकारक्षेत्कर्णमूलेतुशांकरी ॥२२॥

શંખીની આંખની વચમા રક્ષા કરો. અને દ્વારવાસીની બે કાનની રક્ષા કરો. કાળીકા કપોળનું (ગાલનુ) રક્ષણ કરો અને શાંકરી કાનના મૂળનું રક્ષણ કરો ૨૨

नासिकायांसुगन्धाचउत्तरोष्ठेतुचर्चिका ॥
अधरेचामृतकलाजिह्वायांचसरस्वती ॥२३॥

નાકમાં સુગધાદેવી રક્ષા કરો. ઉપલા હોઠમાં ચરચીકા હેઠલા હોઠમાં અમૃતકલા

અને જીભમા સરસ્વતી રક્ષા કરે. ૩૩

दंतान्रक्षतुकौमारीकण्ठमध्येतुचण्डिका ॥
घंटिकांचित्रघण्टाचमहामायाचतालुके ॥२४॥

કૌમારી દાંતનું રક્ષણ કરે અને ચંડીકા કંઠની વચમા રક્ષા કરે. ચિત્રઘંટા ઘંટિકાનું (ડાઢીથી નીચલા ભાગનુ) રક્ષણ કરે અને મહામાયા તાળવાની રક્ષા કરે. ૨૪

कामाक्षीचिबुकंरक्षेद्वाचंमेसर्वमंगला ॥
ग्रीवायांभद्रकालीचपृष्ठवंशेधनुर्धरी ॥२५॥

કામાક્ષી ડાઢીનુ રક્ષણ કરે સર્વમંગળા મ્હારી વાણીનું રક્ષણ કરે ભદ્રકાળી ગળામાં રક્ષા કરે અને ધનુષ ધારણ કરનારી દેવી બરડાનું સંરક્ષણ કરે. ૨૫

नीलग्रीवाबहिःकण्ठेनलिकांनलकूबरी ॥

खड्गधारिण्युभौस्कंधौबाहूमेवज्रधारिणी ॥२६॥

નીલગ્રીવા ગળાની બહાર રક્ષા કરો નલકુબરી ગળાની નળીનું રક્ષણ કરો ખડ્ગ ધારણ કરનારી બે ખભાનું રક્ષણ કરો. અને વજ્ર ધારણ કરનારી મહારા બે બાહુનું રક્ષણ કરો ૨૬

हस्तयोर्दण्डिनीरक्षेदम्बिकाचांगुलीस्तथा ॥
नखाञ्छुलेश्वरीरक्षेत्कुक्षौरक्षेन्नलेश्वरी ॥२७॥

દંડીની દેવી હાથનું રક્ષણ કરો. અંબીકા આંગળીયોનું રક્ષણ કરો. શુલેશ્વરા નખનું રક્ષણ કરો અને નલેશ્વરી કુખનુ રક્ષણ કરો.૨૭

स्तनौरक्षेन्महालक्ष्मीर्मनःश्शोकविनाशिनी ॥
हृदयेललितादेवीउदरेशूलधारिणी ॥ २८ ॥

મનના શોકને ટાળનારી મહાલક્ષ્મી,

સ્તનનું રક્ષણ કરો લલીતા હૃદયનું રક્ષણ કરો અને શૂલધારિણી ઉદરનુ (પેટનુ) રક્ષણ કરો ૨૮

नाभौचकामिनीरक्षेद्गुह्यगुह्येश्वरीतथा ॥
कट्यांभगवतीरक्षेज्जानुनीविन्ध्यवासिनी ।२९

કામીની નાભીનુ રક્ષણ કરો. ગુહ્યેશ્વરી ગુહ્યનુ રક્ષણ કરો ભગવતી (સર્વગુણસંપન્ન) કેડનું કરો અને વિંધ્યવાસિની ગોઠણનું રક્ષણ કરો　　२९

जंघेमहाबलारक्षेत्सर्वकामप्रदायिनी ॥
गुल्फयोर्नारसिंहीचपादौचामिततेजसी॥३०॥

સર્વ કામને દેનારી મહાબલા જાંઘનું રક્ષણ કરો. નારસિંહી બે ઘુંટીઓનું રક્ષણ

કરો. અને અપાર પરાક્રમી દેવી પગના તળીઆનું રક્ષણ કરો ૩૦

पादांगुलीःश्रीर्मेरक्षेत्पादाधस्तलवासिनी ॥
नखान्दंष्ट्राकरालीचकेशाश्चैवोर्ध्वकेशिनी॥३१॥

શ્રીધરી પગની આગળીઓની રક્ષા કરો પગનાં તળીયામાં રહેનારી પગની નીચે તળાની રક્ષા કરો. કરાલીની દાઢનું રક્ષણ કરો અને (ઉર્ધ્વકેશીની ઉંચા કેશવાળી) કેશનું રક્ષણ કરો. ૩૧

रोमकूपेषुकौवेरीत्वचंवागीश्वरीतथा ॥
रक्तमज्जावसामांसान्यस्थिमेदांसिपार्वती॥३२॥

કૌબેરી રૂવાંના છીદ્રની રક્ષા કરો વાગીશ્વરી (વાણીની નીયંતા) ત્વચાનું રક્ષણ કરો. પાર્વતી, લોહી, મજ્જા (હાડકાના ચી-

કર્યાં પદાર્થ) ચરબી, માંસ અસ્થી અને મેદનું રક્ષણ કરો. ૩૨

अन्त्राणिकालरात्रिश्चपित्तंचमुकुटेश्वरी ॥
पद्मावतीपद्मकोशेकफेचूडामणिस्तथा ॥ ३३॥

કાળરાત્રી આંતરડાનું રક્ષણ કરો અને મુકુટેશ્વરી પિત્તનું રક્ષણ કરો. પદ્મ વતી પદ્મ કોશ (હૃદય કમળનું) રક્ષણ કરો અને ચૂડામણિ કફનું સંરક્ષણ કરો ૩૩

ज्वालामुखीनखज्वालाअभेद्यासर्वसंधिषु ॥
शुक्रंब्रह्माणीमेरक्षेच्छायांछत्रेश्वरीतथा ॥३४॥

જ્વાળામુખી નખના તેજનું રક્ષણ કરો. ભેદી ન શકાય એવી દેવી સર્વ સંધીઓનું રક્ષણ કરો બ્રહ્માણી મારા શુક્રનું (વીર્યનું) રક્ષણ કરો અને છત્રેશ્વરી દેવી મારી છાયા-

ત્રુ સંરક્ષણ કરે. ૩૪

अहंकारंमनोबुद्धिरक्षमेधर्मचारिणि ॥
प्राणापानौतथाव्यानंसमानोदानमेवच ॥३५॥

સર્વને ધારણ કરનારાં દેવી મ્હારા અહંકાર, મન બુદ્ધિ, પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન વાયુનું રક્ષણ કરે. ૩૫

वज्रहस्ताचमेरक्षेत्प्राणंकल्याणशोभना ॥
रसेरूपेचगन्धेचशब्देस्पर्शेचयोगिनी ॥ ३६ ॥

જેના હાથમા વજ્ર છે એવી, કલ્યાણ કરવામાં કુશળ દેવી મ્હારા પ્રાણનું રક્ષણ કરે અને રસ, રૂપ, ગંધ શબ્દ અને સ્પર્શનું યોગિની રક્ષણ કરે. ૩૬

सत्वंरजस्तमश्चैवरक्षेन्नारायणीसदा ॥
आयूरक्षतुवाराहीधर्म्मंरक्षतुवैष्णवी ॥ ३७ ॥

હે વારાહી ! તમે મ્હારા આયુષ્યનું રક્ષણ કરો. ભૈરવી દેવી ધર્મનું રક્ષણ કરો અને સત્વ, રજ તથા તમનું હે નારાયણી દેવી તમે સદા રક્ષણ કરો. ૩૭

यशःकीर्तिंचलक्ष्मींचधनविद्यांचचक्रिणी ॥
गोत्रमिन्द्राणीमेरक्षेत्पशून्मेरक्षचण्डिके ॥३८॥

સાત માતૃકાઓ જય, કીર્તિ અને લક્ષ્મીનું હમેશાં રક્ષણ કરો. હે ઇંદ્રાણી તમે મ્હારા વંશનું રક્ષણ કરો હે ચંડીકા ! તમે મ્હારા પશુનું રક્ષણ કરો. ૩૮

पुत्रान्रक्षेन्महालक्ष्मीभार्यांरक्षतुभैरवी ॥
धनेश्वरीधनरक्षेत्कौमारीकन्यकास्तथा ॥३९॥

મહાલક્ષ્મી પુત્રનું રક્ષણ કરો. ભૈરવી દેવી મ્હારી સ્ત્રીનું રક્ષણ કરો, ધનેશ્વરી ધનનું

રક્ષણ કરો કૌમારી કન્યાની રક્ષા કરો. ૩૯

मार्गक्षेमकरीरक्षेद्विजयासर्वतःस्थिता ॥
राजद्वारेमहालक्ष्मीःसंग्रामेजयवर्धिनी ॥४०॥

સુખ શાન્તિ કરનારી માર્ગે રક્ષા કરો અને વિજયા ચારે તરફ રહીને રક્ષણ કરો મહાલક્ષ્મી રાજદ્વારમાં રક્ષણ કરો અને જય વધારનારી યુદ્ધમાં રક્ષણ કરો ૪૦

सर्वरक्षाकरंपुण्यंकवचसर्वदाजपेत् ॥
इदंरहस्यंविप्रर्षेभक्त्यातवमयोदितम् ॥ ४१ ॥

સર્વની રક્ષા કરનારાં આ પવિત્ર, કવચનો હમેશાં પાઠ કરવો. હે બ્રહ્મઋષિ ! આ છાનું કવચ ભક્તિથી મે તુને કહ્યું ૪૧

रक्षाहीनंतुयत्स्थानंवर्जितंकवचेनतु ॥
तत्सर्वंरक्षमेदेविमयनत्रीपापनाशिनी ॥ ४२ ॥

રક્ષા વિનાનું જે સ્થાન તથા કવચમાં ન કહેલું જે સ્થાન, તે બધા સ્થાનની હે દેવી ! રક્ષા કરો. કારણ કે જયતિ પાપનો નાશ કરનારી સર્વથી ઉત્તમ છે. ૪૨

पदमेकंनगच्छेत्तुयदीच्छेच्छुभमात्मनः ॥
कवचेनावृतोनित्यंयत्रयत्राधिगच्छति ॥४३॥

જો પોતાના શુભને ઈચ્છે તો કવચથી મેલીને એક ડગલું પણ જાવું નહીં, કવચથી વીંટાએલો માણસ જેજે ઠેકાણે જાય છે.

तत्रतत्रार्थलाभश्चविजयःसार्वकामिकः ॥
यंयंचिन्तयतेकामंतंतंप्राप्नोतिनिश्चितम् ॥४४॥

ત્યાં ત્યાં અર્થનો લાભ અને સર્વ કામના પુરી પડે એવી રીતે જય થાયછે. અને જેજે કામના ચિંતવે તે તેને મળે છે. ૪૪

परदैश्वर्यमतुलंप्राप्स्यते भूतखेपुमान् ॥
निर्भयोजायतेमर्त्यःसंग्रामेष्वपराजितः॥४५॥

અને પૃથ્વીમાં તે પુરૂષ અપાર પરમૈશ્વર્ય એટલે સંપત્તિને પામે, નિર્ભય થાય અને લડાઇમા પરાજય ન પામે. ૪૫

त्रैलोक्येतुभवेत्पूज्यःकवचेनावृतःपुमान् ॥
इदंतुदेव्याःकवचंदेवानामपिदुर्लभम् ॥४६॥

કવચથી વિંટાએલા માણસ ત્રૈલોક્યમાં પુજવા લાયક થાય છે આ દેવીનુ કવચ દેવતાઓને પણ દુર્લભ છે. ૪૬

यःपठेत्प्रयतोनित्यंत्रिसन्ध्यंश्रद्धयान्वितः ॥
दैवीकलाभवेत्तस्यत्रैलोक्येष्वपराजितः॥४७॥

જે માણસ હમેશાં સવાર, બપોર તથા સાંજે શ્રદ્ધા સહિત પાઠ કરે તો, તેનું

સ્વરૂપ દેવતા જેવું થઈ જાય અને ત્રૈલોક્ય-
માં તેને કોઈ પણ જીતે નહીં. ૪૭

जीवेद्वर्षशतंसाग्रमपमृत्युविवर्जितः ॥
नश्यन्तिव्याधयःसर्वेलूताविस्फोटकादयः॥४८॥

પાઠ કરનારો માણસનુ અકાળ મૃત્યુ ન થાય અને સો કરતા વધારે વર્ષ જીવે, તથા ઝાડા, ગુમડા વિગેરે બધા રોગોને પણ નાશ થાય ૪૮

स्थावरंजंगमंवापिकृत्रिमंचापियद्विषम् ॥
अभिचाराणिसर्वाणिमंत्रयंत्राणिभूतले ॥४९॥

સ્થાવર એટલે સોમલ વિગેરે, જંગમ એટલે સર્પાદિક ઝેર વિગેરે, કૃત્રિમ એટલે કરેલુ ઝેર. બધા મારણ પ્રયોગો અને પૃથિવીની અંદરનાં મંત્ર, યંત્ર ૪૯

भूचराःखेचराश्चैवजलजाश्चोपदेशिकाः
सहजाःकुलजामालाःशाकिनीडाकिनीतथा५०

ભૂચર, (પૃથિવીપર ફરનારા) આકાશમાં ફરનારા, જળમાં થયેલા, ઉપદેશ કરવાથી ફળે એવા હલકા દેવતાઓ, સહજ, કુલજ, માલા, શાકિની, ડાકણ. ૫૦

अन्तरिक्षचराघोराडाकिन्यश्चमहाबलाः ॥
ग्रहभूतपिशाचाश्चयक्षगन्धर्वराक्षसाः ॥ ५१ ॥

આકાશમાં ફરનાર મહાબળવાળી ઘોર ડાકણ, ગ્રહ, ભૂત, પિશાચ, યક્ષ, ગંધર્વ રાક્ષસ. ૫૧

ब्रह्मराक्षसवेतालाःकूष्मान्डाभैरवादयः ॥
नश्यंतिदर्शनात्तस्यकवचेहृदिसंस्थिते ॥५२॥

બ્રહ્મરાક્ષસ, વેતાલ, કુષ્માંડ, ભૈરવ,

વિગેરે સર્વ, જેના હ્રદયમા કવચ છે તેવા માણસનાં દર્શનથી નાશી જાય છે. ૫૨

मानोन्नतिर्भवेद्राज्ञस्तेजोवृद्धिकरंपरम् ॥
यशसावर्धतेसोऽपिकीर्तिमण्डितभूतले ॥५३॥

કવચવડે કરી રાજાપસે માન વધે, અને તેજની વૃદ્ધિ થાય, અને એ માણસ કીર્ત્તિથી પૃથ્વીમા શોભી રહે છે. ૫૩

जपेत्सप्तशतींचण्डींकृत्वातुकवचंपुरा ॥
यावद्भूमण्डलधत्तेसशैलवनकाननम् ॥ ५४ ॥

પેહેલા કવચ ભણીને સપ્તસતીનો પાઠ કરે તો, પાહાડ અને અરણ્ય સહિત આખી પૃથિવીનુ રાજ કરે. ૫૪

तावत्तिष्ठतिमेदिन्यांसन्ततिःपुत्रपौत्रिकी ॥
देहान्तेपरमंस्थानंयत्सुरैरपिदुर्लभम् ॥ ५५ ॥

પૃથિવીમા પુત્ર પૌત્રને વેલા ચાલ્યા કરે, દેહને અંત થયા પછી દેવત ને પણ ન મળે એવુ ઉત્તમ સ્થાન માહામાયાની કૃપાથી પાઠ કરનાર મેળવે. ૫૫

प्राप्नोतिपुरुषोनित्यंमहामायाप्रसादतः ॥
लभतेपरमंरूपं शिवेनसहमोदते ॥ ५६ ॥

અને માહામાયાની કૃપાથી જગત્‌ને પ્રલય થાય ત્યાંહાં સુધી પરમપદને ભોગવ્યા કરે અને પરમ રૂપને પામીને શ્રી સદાશિવજી સાથ આનંદ કરે. ૫૬

॥ इतिश्रीवाराहपुराणेहरिहरब्रह्मविरचितंदे-
व्याः कवचंसमाप्तम् ॥

હરિહર બ્રહ્માજી રચેલું દેવીનું કવચ પૂર્ણ થયું.

अथार्गलास्तोत्रम् ॥

अस्य श्री अर्गलास्तोत्र मंत्रस्य विष्णु ऋषिः अनुष्टुप् छंदः श्रीमहालक्ष्मीर्देवता श्री जगदंबा प्रीतये सप्तशतीपाठांगजपे विनियोगः ॥

ॐ नमश्चण्डिकायै ॥ मार्कंडेयउवाच ॥

जयन्तीमङ्गलाकालीभद्रकालीकपालिनी ॥
दुर्गाक्षमाशिवाधात्रीस्वाहास्वधानमोस्तुते ॥१॥

માર્કંડેય રૂષિ સ્તુતિ કરે છે, જયંતિ. (સર્વથી ઉચી) મંગળા, (મંગળ કરનારી) કાળી, (સર્વને ભક્ષણ કરનારી) ભદ્રકાળી, (ભક્તનું કલ્યાણ કરનારી) કપાલીની, (ખોપરી ધારણ કરનારી) દુર્ગા, (દુ.ખે કરીને મળે

એવી) ક્ષમા. (ક્ષમા કરનારી) શીવા, (સુખ-રૂપી) ધાત્રી,) ધારણ કરનારી) સ્વાહા (દેવતાઓને પોષણ કરનારી) સ્વધા પિતૃને પોષણ કરનારી) એવી જે તું તને નમસ્કાર છે ૧

जयत्वन्देविचामुण्डेजयभूतार्तिहारिणि ॥
जयसर्व्वगतेदेविकालरात्रिनमोस्तुते ॥ २ ॥

હે દેવી ! હે ચામુંડે ! હે ભૂતાર્તિ-હારિણિ !!!તમેજયકરો, હે સર્વગતે! હે કાલરાત્રિ દેવિ!! તમે જય કરો. તમને નમસ્કાર છે. ૨

मधुकैटभविद्राविविधात्रुवरदेनमः ॥
रूपंदेहिजयंदेहियशोदेहिद्विषोजहि ॥ ३ ॥

મધુકૈટભનો નાશ કરનાર, અને બ્રહ્માને વર દેનાર એવાં જે તમે તેને નમસ્કાર

છે. રૂપ, જય અને યશને આપો તથા શત્રુને મારો. ૩

महिषासुरनिर्नाशविधात्रीवरदेनमः ॥रूपं०४॥

મહિષાસુરનો નાશ કરનાર, ભક્તને વર દેનાર હે વિધાત્રી! તમને નમસ્કાર છે, રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો. ૪

रक्तबीजवधेदेविचंडमुंडविनाशिनी ॥रूपं०५॥

રક્તબીજનો અને ચંડમુંડનો વધ કરનારી, હે દેવી! રૂપ, જય અને યશને આપો તથા શત્રૂને મારો. ૫

शुंभस्यैवनिशुंभस्यधूम्राक्षस्यचमर्दिनि ॥रूपं०६॥

શુંભ, નિશુંભ, ધુમ્રાક્ષનો નાશ કરનાર, રૂપ, જય અને યશને આપો તથા

શત્રુને મારો. ૬

वंदितांघ्रियुगेदेविसर्वसौभाग्यदायिनि ॥रूपं७॥

દેવતાઓ જેનાં ચરણને નમે છે એવી હે દેવી ! હે સૌભાગ્ય દેનારી!! રૂપ જય અને યશને આપો તથા શત્રુને મારો. ૭

अचिंत्यरूपचरितेसर्वशत्रुविनाशिनि॥ रूपं ८॥

જેનું રૂપ અને ચરિત્ર વિચારવામા આવતું નથી એવી અને સર્વ શત્રૂનો નાશ કરનારી, રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો. ૮

नतेभ्यःसर्वदाभक्त्याचण्डिकेदुरितापहे ।.रूपं९॥

નિરંતર ભુક્તિથી નમેલા મ ણુસનાં પાપનો નાશ કરનારી, રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો. ૯

स्तुवभ्द्योभक्तिपुर्वत्वांचण्डिके व्याधिनाशिनी रूप

ભક્તિ પુર્વક સ્તુતિ કરનારની પીડાનો નાશ કરનાર હે ચંડી! રૂપ જય અને યશને આપો તથા શત્રુને મારો. १०

चण्डिकेसततंयेत्वामर्चयंतीहभक्तितः ॥ रूपं ११॥

હે ચંડી! આ જગતમાં જે ભક્તિથી તમારૂં નીરતર પુજન કરે છે, તેને રૂપ, જય, અને યશ આપો તથા તેના શત્રુને મારો. ११

देहिसौभाग्यमारोग्यंदेहिदेहिदेविपरंसुखंरूपं १२

હે દેવી! સૌભાગ્ય, આરોગ્ય અને પરમ સુખને આપો, રૂપ, જય અને યશને આપો તથા શત્રુને મારો. १२

विधेहिदेविकल्याणंविधेहिपरमांश्रियम् रूपं १३

હે દેવી ! કલ્યાણ કરો પરમ સં-
પત્તિ આપો રૂપ, જયને અને યશને આપો
તથા શત્રુને મારો ૧૩

त्रिधेहिद्विषतानाशविधेहिबलमुच्चकैः ॥ रूपं१४

હે દેવી ! અમારા દુશ્મનોને મારો
અને અમારૂં અતિ બળ વધારો રૂપ, જય,
અને યશને આપો તથા શત્રુને મારો. ૧૪

सुरासुरशिरोरत्ननिघृष्टचरणेऽम्बिके॥रूपं १५॥

હે દેવી ! જેના ચરણમાં દેવતાઓ
અને દૈત્યોના મસ્તકનાં રત્નો ઘસાયેલાં છે.
એવાં તમે રૂપ, જય, અને યશને આપો
તથા શત્રુને મારો ૧૫

विद्यावन्तंयशस्वन्तंलक्ष्मीवंतजनंकुरु ॥ रूपं ॥१६

માણસોને વિદ્વાન, યશવાન, અને

લક્ષ્મીવાન કરો રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો. ૧૬

प्रचण्डदैत्यदर्पघ्नेचण्डिकेप्रणतायमे ॥ रूपं १७

હે મોહોટા દૈત્યના ગર્વનો નાશ કરનારાં દેવી ! નમેલો જે હુ તેને રૂપ, જય, અને યશને આપો તથા (મારા) શત્રુને મારો. ૧૭

चतुर्भुजेचतुर्वक्त्रसंस्तुतेपरमेश्वरि ॥ रूपं १८ ॥

હે ચાર ભુજાવાળી ! હે બ્રહ્માએ સ્તુતિ કરાએલી ! ! હે પરમેશ્વરી ! ! ! રૂપ જય, અને યશને આપો તથા શત્રુને મારો. ૧૮

कृष्णेनसंस्तुतेदेविशश्वद्भक्त्यासदाम्बिके ॥ रूपं०

વિષ્ણુએ ભક્તિથી હમેશાં સ્તુતિ ક-

શાયેલી હે અંબીકા દેવી ! રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો ૧૯

हिमाचलसुतानाथसंस्तुते परमेश्वरि ॥ रूपं २०॥

હિમાલયના પુત્રી પાર્વતીના પતિ શંકરે સ્તુતિ કરાયેલી હે દેવી ! રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો ૨૦

इन्द्राणीपतिसद्भावपूजिते परमेश्वरि ॥रूप० २१॥

ઇંદ્રાણીના પતી (ઇંદ્રે) સારા ભાવથી પૂજેલી હે પરમેશ્વરી ! રૂપ, જય, અને યશને આપો તથા શત્રુને મારો. ૨૧

देवि प्रचण्डदोर्दण्डदैत्यदर्प्पविनाशिनी ॥रूपं २२॥

મ્હોટા મ્હોટા દંડ જેવા બાહુથી દૈત્યના ગર્વનો નાશ કરનારી હે દેવી ! રૂપ, જય અને યશને આપો તથા શત્રુને મારો.૨૨

देविभक्तजनोद्दामदत्तानन्दोदयेऽम्बिके॥रूप २३

ભક્ત જનોને ઘણો આનંદનો ઉદય
આપનારી હે દેવી ! હે અંબીકા ! ! રૂપ,
જય, અને યશને આપો તથા શત્રુને
મારો ૨૩

पुत्रान्देहिधनंदेहिसर्वकामांश्चदेहिमे ॥रूपं०२४॥

મને દીકરા અને ધન આપો, તથા
મારી સર્વ કામનાઓને પૂર્ણ કરી રૂપ,
અને યશ આપો તથા શત્રુને મારો ૨૪

पत्नीमनोरमांदेहिमनोवृत्तानुसारिणीम् ॥
तारिणींदुर्गसंसारसागरस्यकुलोद्भवाम् ॥२५॥

મનને ખુશી કરનારી, મારી ઇચ્છા
પ્રમાણે ચાલનારી. ગંભીર સંસાર સમુદ્રથી
પાર ઉતારનારી અને સત્કુલમાં જન્મેલી,

ઓ મને આપો ૨૫

इदंस्तोत्रंपठित्वातुमहास्तोत्रंपठेन्नरः ॥
सतुसप्तशतीसंख्यावरमाप्नोतिसम्पदाम् ॥२६॥

જે માણસ આ સ્તોત્રને પાઠ કરીને મહા સ્તોત્ર સપ્તશતિને પાઠ કરે, તેને સપ્તશતીના .જપની સખ્યાનું ફળ અને સંપત્તી મળે ૨૬

॥ इतिमार्कंडेयपुराणेविष्णुविरचितार्गला स्तुतिः समाप्ता ॥

વિષ્ણુએ રચેલી અર્ગલા સ્તુતિ પુરી થઇ

॥ अथ कीलकस्तोत्रम् ॥

अस्य श्रीकीलकमंत्रस्यशिवऋषिःअनुष्टुप् छंदः श्रीमहासरस्वतीदेवता श्रीजगदंबाप्रीत्यर्थे सप्तशतीपाठांगजपेविनियोगः

॥ ॐ नमःश्चण्डिकायै । मार्कंडेयउवाच ॥

विशुद्धज्ञानदेहायत्रिवेदीदिव्यचक्षुषे ॥
श्रेयःप्राप्तिनिमित्तायनमःसोमार्द्धधारिणे ॥१॥

માર્કંડેય કહે છે કે,—નિર્મળ જ્ઞાનરૂપી જેનું સ્વરૂપ છે, ત્રણે વેદરૂપી જેનાં દિવ્યચક્ષુ અને જે કલ્યાણની પ્રાપ્તિનું કારણ છે, તથા જેણે અર્ધચંદ્ર ધારણ કરેલો છે, એવા શ્રી મહાદેવજીને નમસ્કાર છે. ૧

सर्वमेतद्विनायस्तुमन्त्राणामपिकीलकम् ॥

सोपिक्षेममवाप्नोतिसततंजाप्यतत्परः ॥ २ ॥

આ સપ્તસતી સ્તોત્ર, મંત્રોની સિદ્ધિને અટકાવનાર, શાપરૂપી કીલકનો નાશ કરનાર છે. કદાચિત્ સ્તોત્ર વિના પણ હંમેશા મંત્રના જપમાં તત્પર રહે; તો પણ જપ કરનાર સર્વ કલ્યાણને પામે છે. ૨

सिद्ध्युन्त्युच्चाटनादीनिवस्तुनिसकलान्यपि॥
एतेनस्तुवतादेवींस्तोत्रमात्रेणासिद्ध्यति ॥३॥

ઉચ્ચાટન વિગેરે સર્વ પ્રયોગ સિદ્ધ થાય છે, અને આ સ્તોત્રના હરેક મંત્રથી સ્તુતિ કરનારને દેવી પ્રસન્ન થાય છે. ૩

नमन्त्रोनौषधंतत्रन किञ्चिदपिविद्यते ॥
विनाजाप्येनसिद्ध्येतसर्वमुच्चाटनादिकम् ॥४॥

આ સપ્તસતિ સ્તોત્રની ઉપાસના ક-

રનારને મંત્ર તથા ઔષધ વિગેરેની જરૂર નથી. જપ કર્યા વગર પણ સર્વ ઉચ્ચાટન વિગેરે કાર્ય સિદ્ધ થાય છે. ૪

समग्राण्यपिसिद्ध्यंतिलोकशंकामिमांहरः ॥
कृत्वानिमंत्रयामाससर्वमेवमिदंशुभम् ॥ ५ ॥

સપ્તશતી સ્તોત્ર અને બીજા મંત્રોના જપથી સર્વ કાર્ય સિદ્ધિ થાય છે. માટે બેયમા સારૂં કીયું ? એવી લોકોની શંકા શિવજીએ પોતાના મનમા લેઇને સર્વ લોકોને સ્પષ્ટ કહ્યું કે, આ સપ્તશતિ સ્તોત્ર સર્વથી ઉત્તમ છે. ૫

स्तोत्रंवैचण्डिकायास्तुतच्चगुप्तंचकारसः ॥
समाप्तिर्नचपुण्यस्यतांयथावन्नियन्त्रणाम् ॥६॥

શિવજીએ ચંડીકાનું આ સ્તોત્ર (સ-

પ્તશતી સ્તોત્ર) સારૂં જાણી છાનું રાખ્યું, કારણ કે બીજા મંત્રના જપના પુણ્યનો પાર આવે છે, પણ આ ચંડીના પુણ્યનો પાર આવતો નથી, એમ સમજવું ૬

सोपिक्षेममवाप्नोतिसर्वमेवनसंशयः ॥
कृष्णायांवाचतुर्दश्यामष्टम्यांवासमाहितः॥७॥

મંત્ર જપ કરનારો કલ્યાણ પામે એમાં કોઈપણ શક નથી, પણ આ સપ્ત શતી જેવું ફળ આપનાર બીજું એક પણ નથી, અંધારી ચૌદશ અથવા અંધારી આઠમને દીવસે જો એકાગ્ર ચિત્ત કરી ૭

ददाति प्रतिगृह्णातिनान्यथैषा प्रसीदति ॥
इत्थंरूपेणकीलेनमहा देवेनकीलितम् ॥ ८

ભક્ત પોતાનું સર્વ ધન દેવીને અ-

પંણુ કરે અને દેવીની રજા લેઈ કેવળ નિર્વાહને વાસ્તે પાણું છે. આવી રીતે દેવીને આધીન રહે તો તેને દેવી પ્રસન્ન થાય છે, પણ બીજાને (પ્રસન્ન) થતી નથી. શ્રી મહાદેવે જાણ્યું કે બધા દેવની કૃપાથી ઇશ્વર થઇ જશે એટલા સારૂ આ સ્તોત્ર કર્યું છે. ૮

योनिःष्कीलाविधायैनांनित्यंजपतिसुस्फुट ॥
ससिद्धःसगणस्सोपिगन्धर्वोजायतेवने ॥ ९॥

જે પુરૂષ આ સપ્તશતિને નીષ્કીલ (ખીલા વિનાનું) કરીને સારી રીતે જપ કરે. તે સિદ્ધ દેવીનો ગણ અને જગતની રક્ષા કરવામા ગંધર્વ (રક્ષણ કરવાવાળો એક દેવ) થાય. ૯

नचैवाप्यटतस्तस्यभयंक्वापिहिजायते ॥
नाऽपमृत्युवशंयातिमृतोमोक्षमवाप्नुयात् १०

ते माणुस भमे त्यां फरे तोपण भय उत्पन्न थतो नथी तथा तेनुं अकाळ मृत्यु पण थतुं नथी अने मुवा पछी मोक्ष पामे छे १०

ज्ञात्वाप्रारभ्यकुर्वतिह्यकुर्वाणोविनश्यति ॥
ततोज्ञात्वैवसम्पन्नमिदंप्रारभ्यतेबुधैः ॥११॥

आ कीलकनो समजीने ज शरूआतथी पाठ करवो. अने तेम न करवाथी तेनो नाश थाय छे. माटे समजीनेज डाह्या माणसोए पाठ करवो. ११

सौभाग्यादिचयत्किंचिद्दृश्यतेललनाजने ॥
तत्सर्वंतत्प्रसादेनतेनजाप्यमिदंशुभम् ॥१२॥

સૌભાગ્ય વિગેરે જે કાંઇ આ જાતીમા દેખાય છે તે સઘળું દેવીની કૃપાથી પ્રાપ્ત થાય છે, માટે આ કીલકનો પાઠ કરવો. ૧૨

शनैस्तुजप्यमानेऽस्मिन्स्तोत्रेसम्पत्तिरुच्चकैः ॥
भवत्येवसमग्रापिततः प्रारभ्यमेवतत् ॥ १३ ॥

આ સ્તોત્રનો જો મંદસ્વરથી પાઠ કરે તો તેને સંપત્તિ મળે, અને ઉચ્ચ સ્વરથી પાઠ કરે તો તેને બધી જાતની ઉંચી સંપત્તિનો લાભ થાય છે માટે આ સ્તોત્રનો ઉચે જ સ્વરથી પાઠ કરવો. ૧૩

ऐश्वर्ययत्प्रसादेनसौभाग्यारोग्यसम्पदः ॥
शत्रुहानिः परोमोक्षःस्तूयतेसानकिंजनैः १४

જે દેવીની કૃપાથી, ઇશ્વરતા, સૌભાગ્ય,

તન્દુરસ્તી, સંપત્તિ, દુશ્મનોનો નાશ અને મોક્ષ (કૈવલ્ય મોક્ષ) થાય છે. તે દેવીની લોકોએ શા માટે સ્તુતિ ન કરવી ? १४

॥ इतिईश्वरविरचितदेव्याःकीलकंसमाप्तम ॥

ઇશ્વરનુ રચેલુ દેવીનુ કીલક સમાપ્ત

॥ श्रीचंडिकादेव्यैनमः ॥

ॐ अस्यश्रीनवार्णमंत्रस्य । ब्रह्मविष्णुमहेश्वरा ऋषयः ॥ गायत्र्युष्णिगनुष्टुपछंदांसि ॥ श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वत्योदेवताः ॥ ऐं बीजम् ॥ ह्रींशक्तिः ॥ क्लींकीलकम् ॥ श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीप्रीत्यर्थे जपेविनि योगः । ब्रह्मविष्णुमहेश्वरऋषि-

भ्योनमः शिरसिः गायत्र्युष्णिगनुष्टुपछंदो-
भ्योनमःमुखे ॥ श्रीमहाकाली महालक्ष्मीमहा-
सरस्वती देवताभ्योनमः हृदि ॥ ऐंबीजाय-
नमःगुह्ये ॥ ह्रींशक्तयेनमः पादयोः क्लींकी-
लकायनमः नाभौमूष्टेन करौ संशोध्य ॥ ॐ
ऐंअंगुष्ठाभ्यांनमः ॐ ह्रींतर्जनीभ्यांनमः ॐ
क्लींमध्यमाभ्यांनमः ॐचामुंडायैअनामिका-
भ्यांनमः ॥ ॐ विच्चेकनिष्ठिकाभ्यांनमः ॥
ॐ ऐंह्रींक्लींचामुंडायैविच्चेकरतलकरपृष्ठाभ्यां-
नमः एवंहृदयादि ॥ ॐ ऐंनमः ॥ शिखायां
॥ ॐ ह्रींनमः दक्षिणनेत्रे ॐ क्लींनमःवामनेत्रे
॥ ॐ चांनमः दक्षिणकर्णे ॐ मुंनमःवामकर्णे
॥ ॐ डांनमः दक्षिणनासापुटे ॥ ॐ यैंनमः

वामनासापुटे ॐ विनमः मुखे ॥ ॐ चेनमः
गुह्ये मूलेनाष्टवारंव्यापकं कुर्यात् ॐ ऐंप्राच्यै-
नमः ॥ ॐ ह्रींआग्नेय्यैनमः ॥ ॐ क्लींदक्षिणा-
यैनमः ॐ चांनैर्ऋत्यैनमः ॐ मुंप्रतिच्यैनम
ॐ ॥ डांवायव्यैनमः ॐ यैंउदीच्यैनमः ॥
विच्चेईशान्यैनमः ॐ ऐंह्रींक्लींचामुंडायैविच्चेऊ
र्ध्वायैनमः ॐ ऐंह्रींक्लींचामुंडायैविच्चेभूम्यै-
नमः ॥ अथध्यानम् ॥ खड्गंचक्रगदेषुचापपरि-
घान्शूलंभुशुंडींशिरः शंखंसंदधतींकरैस्त्रिनय-
नांसर्वांग भूषावृतां ॥ नीलाश्मद्युतिमास्यपाद-
दशकांसेवेमहाकालिकांयामस्तौत्स्वपितेहरौ-
कमलजोहंतुंमधुंकैटभम्॥

ખડ્ગ, ચક્ર, ગદા, બાણ ધનુષ,

ભોગ, ત્રિશુળ, ભુશુંડી, મથું અને શંખ, એટલી વસ્તુઓ પોતાના હાથમાં ધારણ કરતી, ત્રણ આંખવાળી, સર્વ અંગમાં ઘરેણાં ધારણ કરેલા છે એવી, કાળા મણીના જેવી કાંતીવળી, દશ મહોડાં તથા દશ પગ વાળી, નારાયણ સુતા હતા ત્યારે મધુકૈટભને મારવા સારૂ બ્રહ્માએ તેની સ્તુતિ કરી હતી એવી જ મહાકાળી તેને હું સેવું છું. ૧

अक्षस्रक्परशुंगदेषुकुलिशंपद्मंधनुः कुंडिकांदंडंशक्तिमसिचचर्मजलजंघटासुराभाजनम् ॥ शूलपाशसुदर्शनेचदधतींहस्तैः प्रवालमभांसेवेसैरिभमांर्दनीमिहमहालक्ष्मींसरोजस्थिताम् ॥२॥

અક્ષમાલા, ફરશી, ગદા, બાણ, વજ્ર, પદ્મ, ધનુષ્, કુંડી, લાકડી, સાગ, તરવાર, ઢાલ, શાખ, ઘંટા, મધુપાત્ર, ત્રિશૂળ, પાસ અને સુદર્શન, (ચક્રનુ નામ છે) એ આયુધોને પોતાના હાથથી ધારણ કરતી, પરવાળાના જેવી લાલ કાતીવાળી, મહિષ સુરનો નાશ કરનારી, કમળ ઉપર બેહેલી જે મહાલક્ષ્મી તેની હુ સેવા કરૂ છુ ૨

घंटाशूलहलानिशंखमुसलेचक्रधनुः सायकहस्ताब्जैर्दधतींघनांतविलसच्छीतांशुतुल्य प्रभाम् ॥ गौरीदेहसमुद्भवात्रिजगतामाधारभूता महापूर्वामंत्रसरस्वतीमनुभजेशुंभादि दैत्यार्दिनीम् ॥ ३ ॥

ઘંટા, ત્રિશૂળ, શાખ, સાબેલુ, ચક્ર,

ધનુષ્ અને બાણુ એઓને પોતાના કમળ
જેવા હાથે ધારણુ કરનાર, શરદના ચંદ્ર
જેવી કાંતિવાળી, ગૌરીના (પાર્વતીના) દે-
હથી ઉત્પન્ન થયેલી, ત્રૈલોક્યને આશરો આ
પનાર, ને શુંભ વિગેરે દૈત્યોનો નાશ કર-
નારી જેની પહેલા "મહા" એવુ પદ છે
એવી સરસ્વતી એટલે કે મહાસરસ્વતી
તેને હુ ભજુ છુ   ૩

एवंध्यात्वामानसोपचारैः संपूज्यमालां
मार्थयेत् ॥ महामालेमहामायेसर्वशक्तिस्वरू
पिणि ॥ चतुर्वर्गस्त्वयिन्यस्तस्तस्मान्मांसिद्धि
दाभव ॥

अविघ्नंकुरुमालेत्वंजपंकुर्यात् ॥ जपांते
मालां शिरसिनिधायमार्थयेत्त्हृदयादिषडंग-

न्यासंकुर्यात् ॥ रात्रिसूक्तंपठित्वासप्तशतीन्या-
सान्कुर्यात् ॥

॥ तंत्रोक्त रात्रिसूक्तम् ॥

विश्वेश्वरींजगद्धात्रींस्थितिसंहारकारिणीम् ।
निद्रांभगवतींविष्णोरतुलांतेजसःप्रभु ॥ १ ॥
ब्रह्मोवाच । त्वंस्वाहात्वंस्वधात्वंहिवषट्कारः
स्वरात्मिका ॥ सुधात्वमक्षरेनित्येत्रिधामा-
त्मिकास्थिता ॥ २ ॥ अर्धमात्रास्थिता-
नित्यायानुच्चार्याविशेषतः ॥ त्वमेवसंध्या-
सावित्रीत्वं देविजननीपरा ॥ ३ ॥ त्वयैत-
द्धार्यतेविश्वंत्वयैतत्सृज्यतेजगत् ॥ त्वयैतत्पा-

स्यते देवित्वमस्यांतेचसर्वदा ।४॥ विसृष्टौ-
सृष्टिरूपात्वंस्थितिरूपाचपालने ॥ तथासंहृ
तिरूपांतेजगतोऽस्यजगन्मये ॥५॥ महावि
द्या महामायामहामेधामहास्मृतिः ॥ महामो-
हाचभवतीमहादेवीमहासुरी ॥६॥ प्रकृति
स्त्वंचसर्वस्यगुणत्रयविभाविनि ॥ कालरात्रि-
र्महारात्रिर्मोहरात्रिश्चदारुणा ॥७॥ त्वंश्री-
स्त्वमीश्वरीत्वंह्रीस्त्वंबुद्धिर्बोधलक्षणा ॥ लज्जा
पुष्टिस्तथातुष्टिस्त्वंशांतिःक्षांतिरेवच ॥८॥
खड्गिनीशूलिनीघोरागदिनीचक्रिणीतथा ॥
शंखिनीचापिनीबाणभुशुंडीपरिघायुधा ॥९॥
सौम्यासौम्यतराशेषसौम्येभ्यस्त्वतिसुंदरी ॥
परापराणांपरमात्वमेवपरमेश्वरी ॥१०॥ य

च्चकिंचित्क्वचिद्वस्तुसदसद्वाऽखिलात्मिके ॥
तस्यसर्वस्ययाशक्तिःसात्वंकिंस्तूयसेतदा ॥११॥
यथात्वयाजगत्स्रष्टाजगत्पात्यत्तियोजगत् ॥
सोपिनिद्रावशंनीतःकस्त्वांस्तोतुमिहेश्वरः ॥१२
विष्णुःशरीरग्रहणमहमीशानएवच ॥ कारिता-
स्तेयतोऽतस्त्वांकःस्तोतुशक्तिमान्भवेत् ॥१३
सात्वमित्थंप्रभावैःस्वैरुदारैर्देविसंस्तुता ॥ मो-
हयैतौदुराधर्षावसुरौमधुकैटभौ ॥ १४ ॥ प्र
बोधंचजगत्स्वामीनीयतामच्युतोलघु ॥ बोधश्च
क्रियतामस्यहंतुमेतौमहासुरै ॥ १५ ॥ इति
तंत्रोक्तरात्रीसूक्तम् ॥

अथ श्रीप्रथममध्यमोत्तम चरित्राणां

ब्रह्मविष्णुमहेश्वराऋषयः ॥ श्रीमहाकाली
महालक्ष्मीमहासरस्वत्योदेवताः ।। गायत्र्युष्णि
गनुष्टुपछंदांसि ॥ नंदाशाकभरीभीमाः शक्त
यः ॥ रक्तदंतिकादुर्गाभ्रामर्योबीजानि ॥
अग्निवायुःसूर्यस्तत्वानि ॥ ऋग्यजुः सामवेदा
ध्यानानि ॥ सकलकामनासिद्धयेश्रीदेवताप्र
मीत्यर्थेंचरित्रत्रयजपेविनियोगः ॥ ॐखड्गिनी
शूलिनीघोरागदिनीचक्रिणीतथा ॥ शंखिनी
चापिनीबाणभुशुंडीपरिघायुधा ॥ अंगुष्ठाभ्यां
नमः।ॐ शूलेनपाहिनोदेविपाहिखड्गेनचांबिके।
घंटास्वनेनमःपाहिचापज्यानिस्वनेनच ॥ तर्ज
नीभ्यां० ॥ ॐप्राच्यांरक्षमतीच्यांचचंडिकेरक्ष
दक्षिणे ॥ भ्रामणेनात्मशूलस्यउत्तरस्यांतथे-

श्वरी ॥ मध्यमाभ्यां० ॥ ॐसौम्यानियानिरू
पाणिंत्रैलोक्येविचरंतिते ॥ यानिचात्यंतघोरा
णितैरक्षास्मांस्तथाभुवम् ॥ अनामिकाभ्यां
नमः ॐखड्गशूलगदादीनियानिचास्त्राणितेऽ-
म्बिके करपल्लवसंगीनितैरस्मान्रक्षसर्वतः ॥
कनिष्ठिकाभ्यां० ॥ ॐ सर्वस्वरूपेसर्वेशेसर्व-
शक्तिसमन्विते । भयेभ्यस्त्राहिनोदेविदुर्गेदेवि
नमोस्तुते ॥ करतलकरपृष्ठाभ्यांनमः ॥ एवं
हृदयादिन्यासः ॥ अथ ध्यानम् ॥ विद्युद्दाम
समप्रभां मृगपतिस्कंधस्थितांभीषणांकन्याभिः
करवालखेटविलसद्धस्ताभिरासेविताम् ॥ ह-
स्तैश्चक्रधरालिखेटविशिखांश्चापंगुणं तर्जनीं-
विभ्राणामनलात्मिकांशशिधरांदुर्गांत्रिनेत्रां-

भजे ॥ १ ॥

વિજળીના જેવી કાંતિવાળી, સિંહની કાંધ ઉપર બેઠેલી, ભયંકર ઢાલ તરવારથી જેના હાથ શોભી રહ્યા છે, એવી કન્યાઓથી સેવાયેલી ચક્ર, ધરા, અસી, ઢાલ, સાંકળ, બાણ, દોરી, તર્જની, (મુદ્રા છે) એઓને હાથમા ધારણ કરનારી પવન જેનુ સ્વરૂપ છે, ચંદ્રને ધારણ કરનાર એવી જે ત્રણ નેત્રવાળી દુર્ગા તેને હું ભજુ છું

॥ श्रीगणपतिर्जयति ॥

प्रथमचरित्रस्यब्रह्माऋषिः ॥ महाकाली देवता ॥ गायत्रीछंदः ॥ ॥ नंदाशक्तिः ॥

रक्तदंतिकाबीजम् ॥ ॥ अग्निस्तत्त्व ॥ ऋग्वेदः स्वररूपम् ॥ श्रीमहाकालीप्रीत्यर्थंप्रथमचरित्र जपेविनियोगः ॥ ॥ खड्गचक्रगदेषुचापपरिघानशूलभुशुण्डींशिरः शंखसंदधतींकरैस्त्रिनयनासर्वांगभूषावृता ॥ नीलाश्मद्युतिमास्यपाददशकांसेवे महाकालिकांयामस्तौत्स्वपितेहरौ कमलजोहंतुमधुकैटभम् ॥

॥ ॐ ऐं मार्कण्डेयउवाच ॥

सावर्णिःसूर्यतनयोयोमनुःकथ्यतेष्टमः ॥
निशामयतदुत्पत्तिंविस्तराद्गदतोमम ॥ १ ॥

નમસ્ક્રિયા કર્યા પ્રથમ દેવીના કવચનો પાઠ કરીને, પછી અર્ગલા તથા કીલકનો જપ કરવો. પછી સપ્તશતીનો પાઠ કરવો

એવો વેદોક્ત ક્રમ છે આ સપ્તસતીની, તેના અર્થના જ્ઞાન દ્વારાએ, સર્વની વિશેષ ભક્તિ થવા માટે, માહેનો અર્થ પ્રાકૃત ભાષામાં કર્યો છે તે એ પ્રમાણે છે કે,— માર્કંડેય કહે છે કે,— હે રાજન્! સૂર્યની પત્નિ સવર્ણા નામે જે છાયા હતી તેને સૂર્યથકી જે પુત્ર થયો, તેનુ સાવર્ણિ નામ છે તેજ ભવિષ્યકાલમાં આઠમો મનુ થનાર છે તેની ઉત્પત્તિ હુ તને વિસ્તારથી કહુ છુ તે તું સાભળ.

महामायानुभावेनयथामन्वंतराधिपः ॥
सबभूवमहाभागस्सावर्णिस्तनयोरवेः ॥ २ ॥

એ સૂર્યપુત્ર સાવર્ણિ, સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, સંપત્તિ, જ્ઞાન તથા વૈરાગ્ય

એમ ષડ્વિધ ભાગ્યસંપન્ન છતાં તેણે દેવીની ઉત્કૃષ્ટ ઉપાસના કરીને, દેવીને પ્રસન્ન કર્યાં, તે વખત એ માહામાયા કે જે ઇશ્વરની સાક્ષાત, શક્તિ, તેમણે આ મન્વતર પ્રાપ્ત થાય એવી ઇચ્છા કરતા જ, તેમના પ્રભાવથી એકોતેર મહાયુગ કરતાં કંઇક અધિક કાળપર્યંત તેને મન્વતરોનું જે આધિપત્ય પ્રાપ્ત થયું તે પણ હુ કહું છું તે તું સાંભળ

स्वारोचिर्षेतरेपूर्वेचैत्रवंशसमुद्भवः ॥
सुरथोनामराजाभूत्समस्तेक्षितिमंडले ॥ २ ॥

તે એ પ્રકારે કે, પૂર્વે સ્વારોચિષ્ નામે બીજા મન્વતરમાં, એ સ્વારોચિષનો ચૈત્ર નામે પુત્ર હતો. તેના વંશમાં સુરથ નામે

પુત્ર હતો તેના વંશમા સુરથ નામે રાજા થયો. તે સમસ્ત ભૂમંડલનુ પાલન કરતો હતો ૩

तस्यपालयतःसम्यक्प्रजाःपुत्रानिवौरसान् ॥
बभूवुःशत्रवोभूपाःकोलाविध्वंसिनस्तदा॥४॥

તે રાજા એ પ્રકારે કે જેમ ઔરસ પુત્રનુ (પરણેત સ્રીના પુત્રનુ) પાલન કરીએ તેમ તે સમાન રાજનીતિ તથા શાસ્ત્રોક્ત પ્રકાર પ્રજાનું પાલન કરતો હતો તે તે રાજા, તેના રાજ્યમા કોલા નામની એક રાજધાની હતી, ત્યાના રાજા શત્રુનો વિધ્વંશ કરનારા હોવાથી, તેઓને કોલાવિધ્વંસિ એવુ નામ પ્રાપ્ત થયુ, તેજ એ સુરથ સાથે શત્રુત્વ કરવા લાગ્યા ૪

तस्यतैरभवद्युद्धमतिप्रबलदंडिनः ॥
न्यूनैरपिसतंयुद्धेकोलाविध्वंसिभिर्जितः ॥५॥

એ પ્રમાણે શત્રુત્વ થતા એક સમય એ સુરથ રાજા શત્રુને દડ દેવાને સમર્થ હતો, અને કોલાવિધ્વંસિ, એ સુરથનો પરાજય કરવાને દુર્બળ છતા, પણ તેણે યુદ્ધ કરીને એ સુરથ રાજાને જીત્યો. ૫

ततःस्वपुरमायातोनिजदेशाधिपोभवत् ॥
आक्रांतस्समहाभागस्तैस्तदाप्रबलारिभिः ॥६॥

એ રીતે એ પ્રબલ શત્રુએ, એ સુરથ મહા ભાગ્યશાળી છતા, તેને અત્યત પરાજીત કર્યો તે વખત તે નિરૂત્સાહિપણે સ્વદેશમા આવીને માત્ર પોતાની રાજ્યધાનીને લગતા પ્રાંતનું જ આધિપત્ય કરવા લાગ્યો. ૬

તેથી તેનું સાર્વભૌમત્વ નહિં સરિખું થયું. ૬

अमात्यैर्बलिभिर्दुष्टैर्दुर्बलस्यदुरात्मभिः ॥
कोशोबलंचापहृतंतत्रापिस्वपुरेततः ॥ ७ ॥

એ રીતે રિપુવડે પરાભવ પામવાથી દુર્બળ થએલો એ સુરથ રાજા પોતાના નગરમા નિવાસ કરતો હતો, ત્યાથી પણ તેના ભંડારખાનામાંના સઘળા દ્રવ્યનું તથા સૈન્ય વિગેરેનું એ દુરાત્મ પ્રબલ પ્રધાને હરણ કર્યું ૭

ततोमृगयाव्याजेनहृतस्वाम्यस्सभूपतिः ॥
एकाकीहयमारुह्यजगाममगहनंवनं ॥ ८ ॥

એ રીતે એ શત્રુઓએ, તેના દેશાધિપત્યપણા વિગેરે સર્વનું હરણ કર્યા પછી, એ રાજા મૃગયા કરવાના નિમિત્તથી, ઘા-

શ્વપર બેસીને, એકલોજ ઘોર અરણ્યમા ચાલ્યો ગયો ૮

सतत्राश्रममद्राक्षीद्द्विजवर्यस्यमेधसः ॥
प्रशांतश्वापदाकीर्णमुनिशिष्योपशोभितं ॥९॥

તો ત્યા તેણે મેધા નામના શ્રેષ્ટ ઋષિનો આશ્રમ દીઠો તે એવો આશ્રમ હતો કે ત્યા નિવાસ કરનારા શાન્ત પશ્વાદિક તથા મુનિ શિષ્ય ગણોથી અત્યંત શોભાયમાન્ હતા. ૯

तस्थौकंचित्सकालंचमुनिनातेनसत्कृतः ॥
इतश्चेतश्चविचरंस्तस्मिन्मुनिवराश्रमे ॥ १० ॥

એ રીતના એ આશ્રમમાં એ સુરથ રાજાએ પ્રવેશ કરતા જ, એ મુનીએ તેનો અતિ સત્કાર કર્યો. પછી કેટલાક કાલ-

સુધી તે ત્યા નિવાસ કરતા, એ મુનીદ્રના આશ્રમમા આમથી તેમ સચાર કરનોહનો ૦

સોચિતયત્तदातत्रममत्वाकृष्टचेतनः ॥
मत्पूर्वैः पाल्लितपूर्वंमया:हीनपुरंहितत् ॥ ११ ॥

પરતુ તે ત્યા છતા એવુ ચિતન કરતો હતો કે, મારૂ રાજ્ય તથા ઐશ્વર્યાદિક કેવા નષ્ટ થયા ! તે વિષેના મમત્વના અભિમાનથી તેની બુદ્ધિ નિવૃત્તિ માર્ગથકી ભ્રષ્ટ થઈ, તેથી તે વારવાર એવી ચિતા કરવા લાગ્યો કે, જે નગર મારા પૂર્વજોએ પ્રથમ પાલીપોશીને સુખી કર્યું હતું, તેનુ હાલમા મારા શત્રુઓ તથા સેવકો, મારા વિના પ્રથમ પ્રમાણે ધર્મથી પાલન કરતા હશે કે નહી ? ૧૧

मद्भृत्यैस्तेरसद्वृत्तैर्धर्मतः पाल्यमेनवा ॥
नजानेसमधानोमेशूरहस्तीसदामदः ॥ १२ ॥

કારણ કે, તેઓની વૃત્તિઓ વિપરીત થઇ છે; તેમ જ મારો સદા કાલ મદોન્મત રહેનારો જે શુર હસ્તિ,મારો પ્રધાન અને હાથીનો માવત, તેની પણ સ્થિતી કેવીહશે?૧૨

ममवैरिवशंयातः कान्भोगानुपलप्स्यते ॥
येमामानुगतानित्यमसादधनभोजनैः ॥ १३ ॥

તેમ જ હું સર્વ ઉપર સર્વદા પ્રસન્ન છતા, જેઓને દરેક મહિને પગાર તથા દરરોજ અન્નપાનાદિક ભોજન આપતો હતો તે મારા સેવકો, મારા શત્રુને સ્વાધીન થઇને, શી રીતના સુખ દુખા દીક ભોગવતા હશે ? ૧૩

अनुवृत्तिंध्रुवंतेद्यकुर्वंत्यन्यमहीभृताम् ॥
असम्यग्व्ययशीलैस्तैःकुर्वद्भिःसततव्यय ॥१४॥

હવે નિશ્ચય કરીને એ બીજા રાજાની તાબેદારી ઉઠાવવા લાગ્યા હશે। વળી શાસ્રમા કહ્યુ છે તે પ્રમાણે રાજાએ ઉત્પન્ન કરેલા દ્રવ્યનો એક ચતુર્થાશ ખરચ કરવો; તે પ્રમાણે નહી કરતા, એ રાજા અવ્યવસ્થિત ખરચ કરનારો હોવાથી, મારા સકળ દ્રવ્યને ખરચી નાખશે, તેથી મને ધિક્કાર છે ૧૪

संचितःसोतिदुःखेनक्षयंकोशोगमिष्यति ॥
एतच्चान्यच्चसततचिंतयामासपार्थिवः ॥ १५॥

કારણ કે, મે અત્યત દુ ખથી જે દ્રવ્યનો સ ગ્રહ કર્યો હતો, તે ખજાનામાના મારા અમૂલ્ય દ્રવ્યનો નિરતર ક્ષય થશે !

એ વગેરે અનેક પ્રકારના ઉઠતા સંશયો બાબત એ સુરથ રાજા ચિંતા કરવા લાગ્યો. ૧૫

तत्रविप्राश्रमाभ्याशेवैश्यमेकन्ददर्शसः ॥
सपृष्टस्तेनकस्त्वभोहेतुश्चागमनेऽत्रकः ॥१६॥

તો એટલામા એ મુનિના આશ્રમ પાસે એ સુરથ રાજાએ કોઇએક વૈશ્યને દેખ્યો તે વખત તેને પુછ્યુ કે, અરે તુ કોણુ છે? તથા તારે અહીં આવવાનું કારણ શુ છે? ૧૬

सशोकइवकस्मात्त्वदुर्मनाइवलक्ष्यसे ॥
इत्याकर्ण्यवचस्तस्यभूपतेःप्रणयोदितं ॥१७॥
प्रत्युवाचसतवैश्यःप्रश्रयावनतोनृप ॥

અને તુ શોકાતુર સમાન દેખાવા

છતા, તારૂ મન પણ અત્યંત ખિન્ન થયા જેવુ ભાસે છે તેનો હેતુ શુ છે ? તે કહે. એ રીતના એ રાજાના પ્રેમયુક્ત વાક્યો સાભળીને ૧૭

॥ वैश्यउवाच ॥

समाधिर्नामवैश्योहमुत्पन्नोधनिनांकुले ॥१८॥

એ વૈશ્ય (વાણીઓ) વિનયથી નમ્ર હોવાથી, એ સુરથ રાજાને પ્રત્યુત્તર આપવા લાગ્યો કે, હુ સમાધિ નામના ધનવાન વશ્યના કુળમા ઉત્પન્ન થયો છુ. ૧૮

पुत्रदारैर्निरस्तश्चधनलोभादसाधुभिः ॥
विहीनश्चधनैर्दारैःपुत्रैरादायमेधनम् ॥ १९ ॥

હવે અહીં આવવાનુ કારણ એ છે કે, મારા સ્ત્રીપુત્ર અતિ દુષ્ટ હોવાને લીધે,

તેઓએ દ્રવ્યના લોભને માટે મારો ધિક્કાર કર્યો; અને એ સ્ત્રી, પુત્ર તથા સ્વજનોએ મારૂં સર્વસ્વ ધન હરણ કરીને તે માહેનો કિંચિત્ માત્ર પણ ભાગ ન આપતા, મને નિરંતર નિર્ધન કર્યો. ૧૯

वनमभ्यागतोदुःखीनिरस्तश्चाप्तबंधुभिः ॥
सोहंनवेद्मिपुत्राणांकुशलाकुशलात्मिकाम् ।२०।

એ કારણથી હું સર્વથા ધન હિન થવાને લીધે, મારાં પ્રિય જનો તથા ભાઇ-ઓએ પણ મારો ત્યાગ કર્યો, માટે પરમ દુખને લીધે હું આ વનમા આવ્યો, તો હવે આ સ્થળે રેહેવાથી સ્ત્રી, પુત્ર તથા સ્વજનોની કુશળતા અથવા અકુશળતા પણ હું કાંઈ જાણતો નથી! ૨૦

मद्वृत्तिस्वजनानांचदाराणांचात्रसंस्थितः ॥
किंनुतेषांगृहेक्षेममक्षेमंकिंनुसांप्रतम् ॥ २१ ॥
कथंतेकिंनुसद्वृत्तादुर्वृत्ताःकिंनुमेसुताः ॥

તો, કહેવાનો હેતુ એટલોજ કે, હાલમાં તેઓ પોતપોતાને ઠેકાણે છતા, તેઓની સ્ત્રીઓ તથા પુત્રો તરફથી વર્તણુક ક્ષેમરૂપ છે કે વિપરીત છે? તેમજ મારા પુત્રાદિક શી રીતે વર્તે છે? તથા તેમનો સદ્વ્યાપાર છે કે દુર્વ્યાપાર છે? વગેરે તરફની હું કેટલી ચિન્તા કરૂં? ૨૧

॥ राजोवाच ॥

यैर्निरस्तोभवाँल्लुब्धैःपुत्रदारादिभिर्धनैः ॥
तेषुकिंभवतःस्नेहमनुबध्नातिमानसं ॥ २२ ॥

સુરથ રાજાએ પ્રશ્ન પૂછયો કે, હે

વૈશ્ય ! જે સ્ત્રી પુત્રાદિકે દ્રવ્યલોભથી તારો ત્યાગ કર્યો, તેઓ તરફ તારૂં અંતઃકરણ શા માટે ખેંચાય છે ? ૨૨

॥ वैश्यउवाच ॥

एवमेतद्यथाप्राहभवानस्मद्गतंवचः ॥
किंकरोमिनबध्नातिममनिष्ठुरतांमनः ॥२३॥

વૈશ્ય કહે છે હે રાજન્ ! આપે જે કહ્યુ તે વાસ્તવિક્ છે, પરંતુ શું કરૂં ? મારા મનમા તેમની તરફ કાઠિણ્યતા પ્રાપ્ત થતી નથી ૨૩

यैःसंत्यज्यपितृस्नेहंधनलुब्धैर्निराकृतः ॥
पतिस्वजनहार्दंचहार्दितेष्वेवमेमनः ॥ २४ ॥

જુઓ કે, સાક્ષાત મારા પુત્ર છતાં તેઓએ પણ ધનથી લુબ્ધ થઇને, મારાપ

રના પિતુ સ્નેહનો ત્યાગ કરીને, મારો તિરસ્કાર કર્યો તેમ જ સ્ત્રીઓએ પતિરૂપ સ્નેહનો તથા સ્વજનોએ પણ આત્મરૂપ સ્નેહનો ત્યાગ કર્યો. એ રીતે એ સર્વે મારા તરફ કઠિણ થયા, પરંતુ મારૂં મન તેઓ તરફ સ્નેહયુક્ત છે. ૨૪

किमेतन्नाभिजानामिजानन्नपिमहामते ॥
यत्प्रेमप्रवणंचित्तंविगुणेष्वपिबंधुषु ॥ २५ ॥

હે મહામતિ રાજન્! કદાપિ એ સ્ત્રી પુત્રાદિક વગેરેના અંતઃકરણ મારા વિષે વિરૂદ્ધ છે તે હું જાણું છું; તથાપિ તેમની તરફ મારૂં ચિત્ત શા કારણથી પ્રેમબદ્ધ થાય છે? તે મને સમજાતું નથી ૨૫

तेषांकृतेमेनिःश्वासोदौर्मनस्यंचजायते ॥

करोमिकिंयन्नमनस्तेष्वप्रीतिषुनिष्ठुरं ॥२६॥

તેમ જ તેમને માટે હું વારવાર નિ-સાસા નાખીને, અત્યંત ખિન્ન થાઉં છું, પરંતુ તેઓ મારા વિષે જેમ પ્રીતિ રહિત થયાં છે, તેમ મારૂં મન તેમના તરફ થતું નથી. હું શું કરૂં? ૨૬

॥ मार्कण्डेयउवाच ॥

ततस्तौसहितौविप्रतंमुनिंसमुपस्थितौ ॥
समाधिर्नामवैश्योसौसचपार्थिवसत्तमः ॥२७॥

માર્કંડેય કહે છે કે, હે વિપ્ર! એ રીતે સમાધિ નામના વૈશ્ય તથા સુરથ નામના રાજા વચ્ચે સંવાદ થયા પછી, તે બન્ને મળીને એ મેધા નામના રૂષિની સમિપ જઇને ઉભા રહ્યા. ૨૭

कृत्वातुतौयथान्यायंयथार्हंतेनसंविद ॥
उपविष्टौकथाःकाश्चित्चक्रतुर्वैश्यपार्थिवो ।२८

અને એ રાજા તથા વેશ્યે, ઋષિની આગળ શાસ્ત્રમર્યાદા પ્રમાણે યથાયોગ્ય ભાષણુ કરીને, તેમની પાસે બેસીને, પોતાને તથા પોતાના જેવા જ દુ ખવાળા જોડિયાને લગતી દુ ખદાયક હકિકતોનું વર્ણન કર્યું ૨૮

॥ राजोवाच ॥

भगवंस्त्वामहंप्रष्टुमिच्छाम्येकंवदस्वतत् ॥
दुःखाययन्मेमनसःस्वचित्तायत्ततांविना ।२९।

પછી એ સુરથ રાજા ઋષિને કહેવા લાગ્યો, કે હે મુનિ ભગવાન ! હું આપને એક પ્રશ્ન પૂછવાને ઇચ્છુ છુ, તેનો આપે કૃપા કરીને મને ઉત્તર આપવો જોઇએ, તે પ્રશ્ન

એવા કે મારા સકલ્પાત્મક્ મનના નિશ્ચ યાત્મક ચિત્ત તરફનું રોકાણુ કર્યા વિના મને દુખ ઉત્પન્ન થવાનુ કારણુ શુ ? આ પ્રશ્નનો ટુકામા ભાવાર્થ એવા છે કે, બુદ્ધિથી નિશ્ચય ન કર્યા છતા માત્ર મન નાજ સકલ્પથી દુખ શાથી થાય છે? તેનો નિર્ણય કરવાને મને અધિકાર નથી; માટે આપ જ નિર્ણય કરી સમજાવો ૨૯

ममत्वगतराज्यस्यराज्यांगेष्वखिलेष्वपि ॥
जानतोपियथाज्ञस्य किमेतन्मुनिसत्तम ॥२०॥

ત્યારે એ દુખ કયુ ? એમ પુછશો તો દર્શાવુ છુ કે, હે શ્રેષ્ઠમુનિ ! મારૂ રાજ્ય નષ્ટ થયું, તથા સ્વામિત્વ, પ્રધાન, સગાં, ધનનો ભંડાર, દેશ, કોટ કીલ્લા

તથા સૈન્ય એવા સાત રાજ્યાંગ અને પુર-
વાસી જનોનો સમુદાય વગેરે, મારા અજ્ઞા-
નિધ્યથી નહિ સરીખાં થયા, એમ મારા
જાણુવા છતા, અજ્ઞાનીની પેઠે, મારૂં તેમના
પ્રત્યેનું મમત્વ જરા પણુ મટતું નથી તેનું
કારણુ શું ? ૩૦

अयंचनिकृतः पुत्रैर्दारैर्भृत्यैस्तथोज्झितः ॥
स्वजनेनचसंत्यक्तस्तेषुहार्दीतथाप्यति ॥३१॥

એવુ મમત્વ માત્ર મનેજ છે એમ નથી
પરતુ આ વૈશ્ય પણુ મારી પેઠે જ દુખી
છે તે એ રીતે કે, એના પુત્ર, સ્રીઓ,
સેવકો, તથા સ્વજનોએ કદાપિ એનો તિ-
રસ્કાર પૂર્વક ત્યાગ કર્યો, તથાપિ આ વૈ-
શ્ય તેઓ તરફ અત્યંત સ્નેહયુક્ત છે. ૩૧

एवमेषतथाहंचद्वावप्यस्यंतदु:खितौ ॥
दृष्टदोषेपिविषयेममत्वाकृष्टमानसौ ॥ ३२ ॥

એવી સ્થિતિનો આ વૈશ્ય છે, તેમજ હું પણ તેવો જ છું એ રીતના અમે બને રાજ્ય તથા પુત્રાદિ વિષયો તે ખ. મારા પોતાના, એમ માનવામાં અમારા હોઆનો દોષ છે એમ નિશ્ચયપૂર્વક જાણવા છતાં, મમત્વથી અમારૂં અંતઃકરણ એ વિષયોએ આકર્ષણ કર્યાને લીધે અમે બન્ને અત્યંત દુખી છીએ ૩૮

तत्किमेतन्महाभागयन्मोहोज्ञानिनोरपि ॥
ममास्यचभवत्येषाविवेकान्धस्यमूढता ॥३३॥

તો હે મહાભાગ્યશાલિ ઋષિ, એ રીતના વિષયો તરફ અમારાપણાનો દોષ

જાણનારા અમો જ્ઞાનિ પુરૂષોને પણ, એવો મોહ શાથી થાય છે ? કારણ કે, એવુ મૂઢપણુ વિવેક રહિત પુરૂષોમા હોય છે, તે મને તથા આ વૈશ્યને શાથી પ્રાપ્ત થયું ? ૩૩

॥ ऋषिरुवाच ॥

ज्ञानमस्तिसमस्तस्यजंतोर्विषयगोचरे ॥
विषयाश्चमहाभागयांतिचैवंपृथक्पृथक् ॥३४॥

ૠષિ તેનો ઉત્તર આપે છે કે, હે મહાભાગ્ય સપન્ન રાજા ! વિષયી પુરૂષોને બધન કરનારો જે વિષય, તેનુ સર્વ સાધારણ પ્રાણી માત્રને જ્ઞાન હોય છે, પરંતુ તેઓ તરફ નિરતર મોહનો અભાવ હોય છે એમ નથી, પણ સર્વને મોહ છતાં,

પૃથક્ પૃથક્ જ્ઞાનગોચર (જુદી જુદી સમ જણ પ્રમાણે) હોય છે ૩૪

दिवांधाःप्राणिनःकेचिद्रात्रावंधास्तथापरे ॥
केचिद्दिवातथारात्रौप्राणिनस्तुल्यदृष्टयः ।२१।

તે એમ કે ઘુવડાદિક્ જે પ્રાણી છે, તેઓને દિવસે અંધત્વ અને રાત્રે દેખવા-પણુ, કાગડા વગેરેને રાત્રે અંધત્વ અને દિવસે દેખાવાપણું તેમ જ અળશિયા વ ગેરે પ્રાણીઓને રાત્રી અને દિવસે પણ અંધત્વ હોય છે, તો કોઇ દિવસાંધ તથા કોઇ રાત્રાંધ હોવા છતા, સકળ પ્રાણીઓની પેઠે દેખવાપણું છે. એ ઉપરથી માત્ર સ-કળ સ્વાર્થક્ જ્ઞાન તરફ અંધત્વ નથી એમ નથી, અથવા અજ્ઞાન તરફ સદાકાલ મોહ

હાય છે એમ પણ નથી, તો સર્વ વિષ યોમા સર્વને જ્ઞાન તથા અજ્ઞાન એ બન્ને હોય છે ૩૫

ज्ञानिनोमनुजास्सत्यंकिंतुतेनहिकेवलम् ॥
यतोहिज्ञानिनः सर्वेपशुपक्षि मृगादयः ॥२६॥

કદાચિત માત્ર મનુષ્યોના જ જ્ઞાનને તું જ્ઞાન માનતો હોઇશ, તો કહું છુ કે, મનુષ્યોને માત્ર જ્ઞાન હોય છે, બીજાઓને નહી, એવો તરો મત સત્ય છે; પરંતુ માણસો જ માત્ર જ્ઞાની છે એમ નથી, કારણ કે, તેઓનુ જ્ઞાન અજ્ઞાનથી ઢંકાએલુ છે. તે શી રીતે ? એમ પુછીશ, તો સાંભળ, જે જ્ઞાની છે તેઓએ, પોતિકા જ્ઞાન વડે જ્ઞાનીપણાનું અભિમાન કરવુ અયુક્ત

કરે; કારણ કે, જો એમ હોય, તો સર્વ સાધારણ પશુ, પક્ષી તથા મૃગાદિક સર્વ જ્ઞાની છે એમ ઠરશે ૩૬

ज्ञानचतन्मनुष्याणांयत्तेषामृगपक्षिणा ॥
मनुष्याणांचयत्तेषातुल्यमन्यत्तथोभयोः ।३७।

હવે માણસ અને પશુના સરખાપણાના અર્થને નિશ્ચય કરે છે કે આહાર, ભય, મૈથુન તથા નિદ્રારૂપી જે જ્ઞાન, તે તો મનુષ્ય અને બીજા પ્રાણીઓમા સમતુલ્ય છે તે સિદ્ધ થયું ૩૭

ज्ञानेपिसतिपश्यैतान् पतङ्गाञ्छावचचुषु ॥
कणमोक्षाद्दतान्मोहात्पीड्यमानानपिक्षुधा।३८

વળી માણસો પોતાનુ ઐશ્વર્યાદિક પુત્રોને આપે છે તેમ બીજા પ્રાણીઓ તથા

પક્ષીઓ, પોતાની ચાચમા આણેલા દાણા પોતાના બચ્ચાના મુખના સ્નેહને લીધે પોતે ભુખ્યા રહિને આપે છે. ૩૮

मानुषामनुजव्याघ्रसाभिलाषाःसुतान्प्रति ॥
लोभात्प्रत्युपकारायनन्वेतान्किंनपश्यसि॥३९।

કારણ કે, પોતાના શરિર કરતા પુત્રાદિ ઉપર અધિક પ્રીતી હોય છે, તે ઉપરથી પશુપક્ષીઓના મોહ અને જ્ઞાનની સમાનતા સિદ્ધ કરી હવે મનુષ્યોમા પણ એ મોહ અને જ્ઞાન સમાનજ છે તે બતાવે છે કે, હે શ્રેષ્ટ પુરૂષ રાજા! માણુસો પણ પુત્રો તરફ અભિલાષ યુક્ત હોય છે ધારે છે કે, એ મોટો થશે ત્યારે અમને પ્રત્યુપકાર કરશે, એવા લોભથી પક્ષીઓ જેમ

બચ્ચાને પાળે છે તેમ માણુસો પણ પા
લણુ કરે છે, પરન્તુ નિશ્ચયપૂર્વક પ્રત્યુપકાર
કરશે એમ નથી, પોતાના તથા પારકા
પુત્રાદિકો માબાપને શી રીતનાં સુખદુ ખા
દિક આપે છે તે જોયા છતા, મનુષ્યો વા
રવાર પુત્રપર લોભદૃષ્ટિ કરે છે, અને આ
આગળ જતા ઉપકાર કરશે એવી આશા
રાખે છે એ ઉપરથી મનુષ્યો પણ પક્ષી
વગેરેવાળા ગુણયુક્ત છે, તો સર્વમા મોહ
તથા જ્ઞાન સમાન છે એમ સિદ્ધ થયું. ૩૯

तथापिममतावर्तेमोहगर्तेनिपातिताः ॥
महामायाप्रभावेणसंसारस्थितिकारिणा ॥४०॥

પરન્તુ જે એવા પ્રકારના લોક વ્ય
કવાર અવલોકન કરે છે, તેઓને પણ આ

સંસારથકી વિરક્તી શાથી થતી નથી? એમ પુછીશ તો કહું છુ કે, એ રીતે પૂર્વોક્ત પ્રકારે લોકવ્યહવાર હાલ પ્રત્યક્ષ અનુભૂત છે–તથાપિ મહામાયાના પ્રભાવથી, આ મેં સંપાદન કર્યુ, તથા આ પદાર્થો મારા છે, એવો જે બુદ્ધિનો ભ્રમ તેવાને એજ પ્રવૃત્ત થાય છે એવા અનેક ભમરાવાળી મોહરૂપી ગતિમા આ સર્વ લોક પડેલા છતા તેવી જ રીતે પ્રથમ પ્રમાણે સંસારમા આસક્ત થઇને વર્તે છે, પરંતુ તેથી વિરક્ત થતા નથી   ૪૦

तन्नात्रविस्मयःकार्योयोगनिद्राजगत्पतेः ॥
महामायाहरेश्चैषातयासमोह्यतेजगत् ॥४१॥

તો એ મહામાયાની આશ્ચર્યકારક

શક્તિ છે, એમ પુછીશ તો, એ શક્તિ બાબત સમજાવુ છુ કે, સાક્ષાત્ જગત્પત્તિ જે શ્રી હરી, તેમની જ એ તમો ગુણાત્મક યોગ નિંદ્રારૂપ મહામ યા જાણવાં તે મણે જ આ સકલ જગત મોહિત કર્યું છે, તો તે બાબત તું આશ્ચર્ય પામીશ નહીં ૪૧

ज्ञानिनामपिचेतांसिदेवीभगवतीहिसा ॥
बलादाकृष्यमोहायमहामायामयच्छति ॥४२॥

કારણ કે, ભગવતી મહામાયા દેવી, જેના યોગ પરિપકવ થયા ન હોય એવા સામાન્ય જ્ઞાની પુરૂષોના પણ અ ત કરણો બળાત્કારે આકર્ષણ કરીને, અ ત્યત મોહ-યુક્ત કરે છે, તો તારા જેવા સંસારી પુ-રૂષની તો વાત જ શી ! તો એ માયા-

એજ આ ત્રૈલોક્યને લગતું ચરાચર વિશ્વ ઉત્પન્ન કરીને, મોહરૂપી જાળમા બાધી લીધુ છે ૪૨

तयाविसृज्यतेविश्वजगदेतच्चराचर ॥
सैषाप्रसन्नावरदानृणांभवति मुक्तये ॥ ४३ ॥

મતલબ કે આ જગતની મુક્તિ થવી એ પરમ દુર્લભ છે, એમ ભાસે છે. એવી શકા કરીશ નહી, કારણ કે, મનુષ્યોએ એ ભગવતી યથોક્ત રીતીએ ઉપાસના કરીને, એમને જે નિત્યનૈમિત્તિક સકળ કર્મો સમર્પણ કરવા, એટલે તે પ્રસન્ન થઇને મનુષ્યોને મોક્ષાર્થક વરદાન આપનારા થાય છે. ૪૩

सा विद्या परमा मुक्तेर्हेतुभूता सनातनी ॥
संसारबंधहेतुश्च सैव सर्वेश्वरेश्वरी ॥ ४४ ॥

પરંતુ એક જ વસ્તુમાં બંધનપણાનો તથા મોક્ષપણાનો એવા ઉભય ધર્મ શાથી રહે છે? એવી શંકા કરતો હોય, તો કહું છું કે, તે મહામાયા, સર્વેશ્વર થકી સ્વયં ઈશ્વરત્વ સંપાદન કરનારી હોવાને લીધે, તેમને વિષે કોઈપણ પ્રકારની અસંભાવના કરવાને યોગ્ય નથી કારણ કે, તે ભગવતી, વિદ્યા તથા અવિદ્યા એમ ઉભયરૂપે છે તેમાં વિદ્યા એ, ઉત્તમ પુરૂષાર્થનું સાધનભૂત એવી અનાદિ કાળથી સિદ્ધ હોવા ઉપરથી મુક્તિની હેતુભૂત છે, અને તેજ અવિદ્યારૂપે સંસારરૂપી બંધનને હેતુભૂત થાય છે. ૪૪

॥ राजोवाच ॥

भगवन्काहिसादेवीमहामायेतियाभवान् ॥
ब्रवीतिकथमुत्पन्नासाकर्मास्याश्चकिंद्विजा ॥ ४५

રાજા પ્રશ્ન પૂછે છે કે, હે તપરૂપી ઐશ્વર્યસંપન્ન ઋષિ! જેમને આપ મહામાયા કહો છો, તે દેવીની જાતી કોણ? તે શી રીતે ઉત્પન્ન થયા તથા તેમનું કર્મ કયું? ૪૫

यत्प्रभावाचसादेवी यत्स्वरुपायदुद्भवा ॥
तत्सर्वंश्रोतुमिच्छामित्वत्तोब्रह्मविदावर ।४६।

અને હે બ્રહ્મસંપન્ન મુનિ! એ દેવીનો સ્વભાવ કેવો? તેમનું સ્વરૂપ કેવું તથા તેમની ઉત્પત્તિ શી રીતે? એ સર્વ આપના મુખારવિંદથી હું શ્રવણ કરવાને ઇચ્છું છું. ૪૬

॥ ऋषिरुवाच ॥

नित्यैवसाजगन्मूर्तिस्तयासर्वमिदंततं ॥
तथापितत्समुत्पत्तिर्बहुधाश्रूयताममम ॥ ४७ ॥

ऋषि ઉત્તર આપે છે કે, તે માયા સર્વ જગત્‌ને આશ્રયભુત છતા, તેમણે આ સંપૂર્ણ વિશ્વને કર્યું છે,, મતલબ કે, તે મુખ્ય ઉત્પત્તિ રહિત, અનાદિસિદ્ધ છે, ત- થાપિ તેમની વિશેષ પ્રકારે ગૌણોત્પત્તિ હુ વર્ણવુ છું તે તું શ્રવણ કર્ય. ૪૭

देवानांकार्यसिद्ध्यर्थमाविर्भवतिसायदा ॥
उत्पन्नेतितदालोकेसानित्याप्यभिधीयते ।४८।

તે ઉત્પત્તિ એવી કે, જે સમે એ આદિ શક્તિ ઉત્પત્તિ તથા નાશથકી રહિત છતા, દેવોની કાર્યસિદ્ધિને અર્થે આવિ-

ભૂત થાય છે, તે સમે તે શક્તિ ઉત્પન્ન થયા એમ લોકમા કહેવાય છે. ૪૮

योगनिद्रायदाविष्णुर्जगत्येकार्णवीकृते ॥
आस्तीर्यशेषमभजत्कल्पाते भगवान्प्रभुः॥४९॥

એ દેવીએ દેવોની પ્રાર્થનાથી શી રીતે અવતાર લીધો? એમ પૃછીશ તો કહુ છુ કે, જે સમય બ્રહ્મદેવના દિવસનો અત થઇને પૃથ્વિ જલમય થાય છે, તે સમય વિષ્ણુ ભગવાન્ પોતાના લોકનુ પાલન કરવાના વ્યહવારને ઢાકી દેનારી તામસી શક્તિરૂપી યોગનિદ્રાનો અગીકાર કરીને, વિસ્તિર્ણ શેષશય્યાપર શયન કરે છે, પરતુ કેવલ પ્રાકૃત (હલકા) જનોની પેઠે એ નિદ્રા તેમને મોહવડે અવરણ (પડદો) કરતી નથી કારણ કે, તે પ્રભુ

સ્વતંત્ર હોવાને લીધે, એ યોગનિદ્રાનો સ્વેચ્છાથી જ સ્વીકાર કરીને, લીલાને અર્થે માત્ર નેત્ર મિલન કરે છે ૪૯

तदाद्वावसुरौघोरैविख्यातौमधुकैटभौ ॥
विष्णुकर्णमलोद्भूतौहंतुंब्रह्माणमुद्यतौ ॥५०॥

તે સમય એ વિષ્ણુના કાનના મેલથી મહા ભયંકર તથા લોકોમા જે હાલ વિખ્યાત છે તે મધુકૈટભ નામના બે અસુર ઉત્પન્ન થઈને, તેઓ બ્રહ્મદેવનો સંહાર કરવાને ઉદ્યુક્ત થયા ૫૦

सनाभिकमलेविष्णोःस्थितोब्रह्माप्रजापतिः ॥
दृष्ट्वातावसुरौचोग्रौप्रसुप्तंचजनार्दन ॥ ५१ ॥

તે વખત બ્રહ્મદેવ ક્યા હતા ? એમ પુછીશ તો કહુ છુ કે, તે સમય વિષ્ણુના

નાભિકમલપર એ પ્રજાપતિ સ્થિત હતા. તેમણે એ બે મહાઉગ્ર અસુરોને, જોતા જ એ અસુરોના, પોતાના (બ્રહ્મદેવનો) વધ કરવાના ઉદ્યોગની, ખબર કરવા સારૂ જ નાર્દન (ભગવાન્‌ને) જોયા, તો તેમને નિદ્રા પ્રાપ્ત થઈ હતી ૫૧

तुष्टावयोगनिद्रांतामेकाग्रहृदयस्थितः ॥
विबोधनार्थायहरेर्हरिनेत्रकृतालयां । ५२ ॥

તે વખત એ બ્રહ્મદેવ, એકાગ્ર અંત કરણથી સ્થિત હોવાથી, એ શ્રી હરીના નેત્રકમળનો આશ્રય કરનારી યોગનિંદ્રાથી, હરીને જાગૃત કરવા સારૂ સ્તુતિ કરવા લાગ્યા ૫૨

वि॰वेश्वरींजगद्धात्रींस्थितिसंहारकारिणीं ॥

निद्रांभगवतींविष्णोरतुलांतेजसःप्रभुः ॥५३॥

એ યોગનિદ્રા તથા પરમેશ્વરની મૂળ શક્તિ, એ ઉભયને એક સ્વરૂપ માનીને યોગનિદ્રાનું મહત્વ દર્શાવે છે કે એ જગજ્જનનિ હોવાને લીધે, સંપૂર્ણ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કરનારી છે, માટે તે સમય વિષ્ણુની અનુપમ નિદ્રા છે એમ જાણીને, મહા તેજસ્વી સમ્રિકતી બ્રહ્મદેવ, તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૫૩

॥ ब्रह्मोवाच ॥

त्वंस्वाहात्वंस्वधात्वंहिवषट्कारःस्वरात्मिका ॥
सुधात्वमक्षरेनित्येत्रिधामात्रात्मिकास्थित ।५४

તે એ પ્રમાણે કે, હે વૃદ્ધિ તથા ક્ષય રહિત અનાદિસિદ્ધ દેવી ! સકળ દે-

વોના ઉદ્દેશથી દાન કરવાની મ ત્રરૂપ જે સ્વાહા નામની અગ્નિની પત્ની, તે તમેજ છો, તેમ જ પિતરોના ઉદ્દેશથી દાન કર વાની મ ત્રરૂપ સ્વધા નામની જે પિતૃપત્નિ તે પણ તમે જ છો કરીને જેમ વષટ્ એવા મ ત્રનો ઉચ્ચાર કરીને યજ્ઞદેવનું આવાહન કરવુ પડે છે, તે વષટ્કાર ના મનો યજ્ઞ ત પણ તમે જ છો અ, આ ઈત્યાદિ સોળ સ્વરાત્મિકા પણ તમે જ, અમૃતરૂપીણી પણ તમે જ, અને હ્રસ્વ, દીર્ઘ તથા ત્રિમાત્રરૂ પ્લુત એવી ત્રિવિધ માત્રાત્મિકા છતા, અકાર, ઉકાર તથા મ કાર એવા ઓકારરૂપે પણ તમે જ સ્થિત છો ૫૪

अर्धमात्रास्थितानित्यायानुच्चार्याविशेषतः ॥
त्वमेवसन्ध्यासावित्रीत्वंदेविजननीपरा ॥५५॥

અને હે દેવી! અર્ધમાત્રાત્મકા એવી વ્યંજનરૂપે પણ તમે સદાકાલ સ્થિત છતા જે શબ્દનો વિશેષે કરીને ઉચ્ચાર થતો નથી તે પણ તમે જ છો, તથા સંવિત્ નામે દેવોની આરાધનાના મંત્રરૂપે પણ તમે જ છતાં, સર્વની ઉત્કૃષ્ટ જનની પણ તમે જ છો ૫૫

त्वयैतद्धार्यतेविश्वंत्वयैतत्सृज्यतेजगत् ॥
त्वयैतत्पाल्यतेदेवित्वमत्स्यंतेचसर्वदा ॥५६॥

કારણ કે હે દેવી! તમેજ આ સંપૂર્ણ જગત ઉત્પન્ન કરીને, તેને પોતાની પ્રકૃતિરૂપમા ધારણ કરી, આ જગત્નું સર્વદા

પાલણ પણ કરો છો, અને પ્રલય સમય આ જગત, સ્વસ્વરૂપે ફરીથી સ્થાપન કરીને, એક રૂપે સ્થીત રહો છો. ૫૬

विसृष्टौसृष्टिरूपात्वंस्थितिरूपाचपालने ॥
तथासंहृतिरूपांतेजगतोस्यजगन्मये ॥ ५७ ॥

તે એ પ્રમાણે કે, હે જગદરૂપિણી! આ જગતની ઉત્પત્તિનો કાલ પ્રાપ્ત થાય, એટલે તમે સૃષ્ટિરૂપી કર્મ કરવા બાબત રજોગુણાત્મક બ્રહ્મદેવની પ્રકૃતિ ધારણ કરીને રહેલાં હો છો. તેમ જ પાલણ કરવા સારૂ, સ્થિતિરૂપ સત્વગુણાત્મક વિષ્ણુની પ્રકૃતિ ગ્રહણ કરો છો, અને પ્રલય કાલ પ્રાપ્ત થાય એટલે તત્કાલ આ જગત્નો સંહાર કરવા બાબત તમોગુણાત્મક

રૂદ્રરૂ। પણ ધારણ કરે છે, તો તમે જ
જગન્મય છો ૫૭

महाविद्यामहामायामहामेधा महास्मृतिः ॥
महामोहाचभवतीमहादेवी महासुरी ॥५८॥

અને હે દેવી ! તમે જ તત્ત્વમસ્યાદિ મહાવાક્ય, લક્ષણા મહાવિદ્યા તથા ચિદાનંદરૂપ જીવાત્માને સંસારરૂપ અનર્થ ઉત્પન્ન કરવાના હેતુનું મૂલ અવિદ્યા છો. તેમ જ ભગવાનની સર્વ શક્તિરૂપ મહાબુદ્ધિ, તેમ જ બ્રહ્મદેવને સૃષ્ટિ ઉત્પન્ન કરવા બાબત પૂર્વકલ્પમાંથી સૃષ્ટિની સ્મૃતિ ઉત્પન્ન કરવાના હેતુયુક્ત સ્મૃતિ, તેમ જ સંસારી જીવોની સ્ત્રીપુત્રાદિ પરિવારરૂપ સ્નેહપાશમાં ફસાવનારા મહા મોહરૂપિણી

છતા, તમે જ સકલ દેવો તથા હિરણ્યા-
ક્ષાદિ દૈત્યોની શક્તિ છો। ૫૮

प्रकृतिस्त्वंच सर्वस्य गुणत्रयविभाविनी ॥
कालरात्रिर्महारात्रिर्मोहरात्रिश्चदारुणा॥५९॥

તેમજ તમેજ આ સંપૂર્ણ ચરાચર વિશ્વમા સત્વ, રજ તથા તમ એ ત્રિગુણની, પ્રત્યેક વસ્તુમા પૃથક પૃથક ભાવના દેખાડનાર મૂળ પ્રકૃતિ છતા, પ્રત્યેક મન્વાદિના પ્રલયકાલે સર્વનો સંહાર કરવા બાબત મહા ભયંકર કાલરાત્રી (કાલનું ક્ષેત્ર) છો, વળી બ્રહ્મદેવની પ્રલયકાલરૂપ મહારાત્રિ તથા સર્વ જીવોને મમતારૂપ વમળવાળા સંસાર સાગરમા નાંખીને તેમાં અજ્ઞાનરૂપ અંધકારમાં મહાભયંકર મોહ

ઉત્પન્ન કરનારી કેવળ મોહરાત્રિ પણ ત મેજ છો. ૫૯

त्वंश्रीस्त्वमीश्वरीत्वंह्रीस्त्वंबुद्धिर्बोधलक्षणा ॥
लज्जापुष्टिस्तथातुष्टिस्त्वंशांतिःक्षांतिरेवच ।६०

તેમ જ સંપત્તિ, ઐશ્વર્યશક્તિહ્રિ (પતિવ્રતા સ્ત્રીઓમા સ્વભાવિક લજ્જા હોય છે તે) જેને યોગે નિશ્ચયરૂપ જ્ઞાન થાય છે એવી બુદ્ધિ અધર્મ બાબત અંતઃકરણની સંકોચવતિરૂપ લજ્યા, શરીરાદિકની વૃદ્ધિ પ્રાપ્ત થએલી પુષ્ટિ, અર્થ કરતાં બીજી વસ્તુ તરફ તુચ્છત્વ બુદ્ધિરૂપ તુષ્ટિ, સર્વ વિષયો થકી ઇંદ્રિઓના તાપ શમરૂપ શાંતિ તથા અંગમા શિક્ષા કરવાનું સામર્થ્ય છતા અપરાધ છતા અપરાધ સહનુ

દનું સ્વરૂપ ક્ષાંતિ, એ સર્વ પૃથક પૃથક તમારી જ મૂર્તિ છે ૬૦

खङ्गिनीशूलिनीघोरागदिनीचक्रिणीतथा ॥
शंखिनीचापिनीबाणभुशुंडीपरिघायुधा ॥६१॥

અને ખડ્ગ, શૂલ, મનુષ્ય મસ્તક, ગદા, ચક્ર, શંખ ધનુષ, બાણ, ભુશુંડી, (બંદુક,) તથા પરિઘ એ રીતના દશ પ્રકારનાં આયુધો આપ આપની દશે ભુજામાં ધારણ કરનારા હોવાને લીધે ભયંકર-દેખાઓ છો. ૬૧

सौम्यासौम्यतराशेषसौम्येभ्यस्त्वतिसुंदरी ॥
परापराणांपरमात्वमेवपरमेश्वरी ॥६२॥

ખરૂ જોતા તમો ભક્તજનો આગળ સૌમ્યરૂપ છતાં, અભક્તો એટલે દૈત્યોને

અત્યંત ભયંકર છો, તથાપિ સકલ સુંદર વસ્તુઓમાં માત્ર એકલાં આપ જ અતિ સૌંદર્યયુક્ત છો, તેમ જ પશ્યતિ, મધ્યમાં તથા વૈખરી એવી જે ત્રણ્ય પ્રકારની વાણી છે તેના કારણભૂત પ્રારબ્ધવાની પણ તમેજ છતાં, ત્રૈલોક્યમાના સકળ ઉત્કૃષ્ટ પદાર્થો કરતા પણ તમે સર્વોત્કૃષ્ટ ભાસો છો, માટે તમે જ પરમેશ્વરી છો. ૬૨

यच्चकिंचित्कचिद्वस्तुसदसद्वाखि लात्मिके ॥
तस्यसर्वस्ययाशक्तिस्सात्वंकिंस्तूयसेमया॥६३॥

હે સર્વાત્મકે દેવી? સાત બ્રહ્મ તથા અસત જડ વિગેરે જે આ સંપૂર્ણ ત્રૈલોક્યમા વસ્તુમાત્ર છે, તે સર્વની જે શક્તિ, તેના કરતા તમે જ અધિક છો તો, ત

મારી સ્તુતિ કરવાનું કેમ બને ? કારણ કે, પદ, પદાર્થ, સ્તુત્ય, સ્તોત્ર સ્તુતિકર્તા તથા તેમની શક્તિ એ સર્વે, તમારા થકી અન્યન હોવાને લીધે, તમારી સ્તુતિ શી રીતે બને ? ૬૩

ययात्वयाजगत्स्रष्टाजगत्पात्यत्तियोजगत् ॥
सोपिनिद्रावशंनीतःकस्त्वांस्तोतुमिहेश्वरः॥६४॥

એ ઉપરથી સ્તવન કરવાને ફરીથી અશક્યત્વની દર્શાવે છે કે, બ્રહ્મદેવના રૂપથી જગત્‌ની ઉત્પત્તિ કરે છે, વિષ્ણુરૂપથી પાલન કરે છે તથા રૂદ્રરૂપથી પ્રલય કરે છે એવા જે વાસુદેવ ભગવાન, તેમને પણ તપ તમે નિદ્રાગ્રસ્ત કર્યા, તો આપની સ્તુતિ કરવાને આ લોકમા કયો પુરૂષ સામર્થ્યવાન્ થશે ? ૬૪

विष्णुश्शरीरग्रहणमहमीशानएवच ॥
कारितास्तेयतोतस्त्वांकस्तोतुशक्तिमान्भवेत् ६५॥

તમે જ વિષ્ણુ હું બ્રહ્મા તથા મહા-
દેવ એ ત્રિવર્ગ પણ પ્રાકૃત શરીરથી રહિત
છતા, તેમને પણ તમે માયામય દેહનો
સંયોગ કરાવો છો। ૬૫

सात्वमित्थंप्रभावैस्स्वैरुदारैर्देविसंस्तुता ॥
मोहयैतौदुराधर्षावसुरौमधुकैटभौ ॥ ६६ ॥

તો એવા પોતાના અદ્‌ભુત ઉદાર પ્ર-
ભાવથી, આપ સમીચીન પ્રકારે સ્તુતિ ક-
રવાને યોગ્ય છો, માટે દુર્વૃત્ત મધુકૈટભ
નામના બન્ને અસુરોને મોહીત કરો ૬૬

प्रबोधंचजगत्स्वामीनीयतामच्युतोलघु ॥
बोधश्चक्रियतामस्यहंतुमेतौमहासुरौ ॥ ६७ ॥

તે એ પ્રમાણે કે, આ જગત્‌ના સ્વામી અચ્યુત્‌ને, સજ્જનોનું પાલન તથા દુષ્ટોનો સંહાર એ બન્ને કાર્યો માટે તમે શીઘ્ર જાગૃત કરીને, હાલમાં એ બને અસુરોનો સંહાર કરવા સારૂ બોધ કરો. ૬૭

॥ ऋषिरुवाच ॥

एवंस्तुतातदादेवीतामसीतत्रवेधसा ॥
विष्णोःप्रबोधनार्थायनिहंतुंमधुकैटभौ ॥६८॥

રૂષિ કહેછે એ રીતે તે સમય તે ઠેકાણે બ્રહ્મદેવે એ મધુકૈટભના વધને અર્થે વિષ્ણુને જાગૃત કરવાસારૂ એ યોગનિદ્રારૂપ તામસી દેવીની સ્તુતી કરી. ૬૮

नेत्रास्यनासिकाबाहुहृदयेभ्यस्तथोरसः ॥
निर्गम्यदर्शनेतस्थौब्रह्मणोऽव्यक्तजन्मनः ।६९।

તે સમય એ દેવી વિષ્ણુનાં નેત્ર, મુખ, નાસિકા બાહુ હૃદય તથા વક્ષસ્થલ (છાતી) વગેરેથકી પ્રકટ થઇને, એ ઇશ્વરના નાભિકમલકમા પ્રકટ થએલા બ્રહ્મદેવને દેખતાં છતાં તેમની આગળ સ્થિત થયાં ૬૯

उत्तस्थौचजगन्नाथस्तयामुक्तोजनार्दनः ॥
एकार्णवेहिशयनात्ततः सदद्दशेचतौ ॥ ७० ॥

એ રીતે યોગનિદ્રાએ એ જનાર્દન ભગવાનના શરીરમાંની વ્યાપ્તિનો ત્યાગ કરતાંજ, એ જગન્નાથે પ્રલયોદકમાની શેષશય્યાપરથી ઉઠીને જોયુ, તો એ બંન્ને દૈત્યો દ્રષ્ટિએ પડયા. ૭૦

मधुकैटभौदुरात्मानावतिवीर्यपराक्रमौ ॥
क्रोधरक्तेक्षणावत्तुंब्रह्माणंजनितोद्यमौ ॥७१॥

તોતે અતિશય વિર્યપરાક્રમ સંપન્ન દુર્ગ મા મધુકૈટભ ક્રોધથી આરાક્ત નેત્રયુક્તબ્રહ્મા દેવને ભક્ષણ કરવા માટે મુક્ત થયા છે ૭૧

समुत्थायततस्ताभ्यांयुयुधेभगवान्हरिः ॥
पंचवर्षसहस्राणिबाहुप्रहरणोविभुः ॥ ७२ ॥

એમ જોતાજ જગદ્વ્યાપક શ્રીહરી ભગવાન તત્કાલ ઉઠીને, એ બેઉની સાથે પાંચ સહસ્ર વર્ષ સુધી બાહુયુદ્ધ કરવા લાગ્યા, ૭૨

तावप्यतिबलोन्मत्तौमहामायाविमोहितौ ॥
उक्तवंतौवरोस्मत्तोव्रियतामितिकेशवं ॥७३॥

તથાપિ એ દૈત્યો અતિ બળને લીધે ઉન્મત્ત હોવાથી, ભગવાનને પણ આ અજીત છે એમન જણાવાથી, તેમને એ મહામાયાએ મોહિત કર્યા તે વખત મધુકૈટભ દૈત્ય ભગ

વાનને કહેવા લાગ્યો કે, જે વરદાન તમને ઇષ્ટ (વહાલુ, પ્રિય) હોય તે તમે અમારી પાસેથી માગી લ્યો ૭૩

॥ श्री भगवानुवाच ॥

भवेतामद्यमेतुष्टौममवध्यावुभावपि ॥
किमन्येनवरेणात्रएतावद्धिवृतंमया ॥ ७४ ॥

ત્યારે ભગવાન્ બોલ્યા કે, હે અસુરો ! જો તમે પ્રસન્ન થયા હો, તો મારા હાથથી વધ પામો એટલુ જ હુ તમારી પાસે માગુ છુ. એથિ વિશેષ વરદાન લઇને મારે શું કરવું છે ? ૭૪

॥ ऋषिरुवाच ॥

वंचिताभ्यामितितदासर्वमापोमयंजगत् ॥
विलोकयताभ्यांगदितोभगवान्कमलेक्षणः।७५।

आवांजहिनयत्रोर्वीसलिलेनपरिप्लुता ॥

ઋષિ કહેવા લાગ્યા કે, એ રીતે ભગવાનને એ બન્નેની પાસેથી યાચના કરીને વરદાન માગી લીધુ, એટલે તેઓએ ઇશ્વરની માયાથી મોહિત થયાથી, સકલ જગત જલમય થયેલુ જોઇને, કમલનયન ભગવાનની સાથે ભાષણ કર્યું. કે, જે ઠેકાણે પૃથ્વી જલથી ડુબેલી ન હોય તે ઠેકાણે અમારો વધ કરો ૭૫

॥ ऋषिरुवाच ॥

तथेत्युक्त्वाभगवताशंखचक्रगदाभृता ॥७६॥
कृत्वाचक्रेणवैछिन्नेजघनेशिरसीतयोः ॥
एवमेषासमुत्पन्नाब्रह्मणासंस्तुतास्वयं ॥७७॥
प्रभावमस्यादेव्यास्तुभूयःशृणुवदामिते ॥७८॥

ઋષિ કહે છે. તે અસુરોએ એટલું કહ્યું એટલે તે તુરતજ શંખ, ચક્ર તથા ગદાધર ભગવાને, એ બંન્ને અસુરોના મસ્તકો તથા જાંગો ચક્રવડે છેદન કર્યાં એ રીતે એ દેવી બ્રહ્મદેવની પ્રાર્થનાથી સ્વત (પોતાની મેળે) ઉત્પન્ન થયાં એ ગીતં । પ્રભાવ, હું તને ફરીથી કહું છું તે સાંભળ. ૭૬-૭૭-૭૮

इतिमार्कंण्डेयपुराणेसावर्णिकेमन्वंतरे देवं ॥ हात्म्येमधुकैटभवधोनामप्रथमोऽध्याय ॥१॥

ઇતિ શ્રી માર્કંડેય પુરાણે સાવર્ણીક મન્વતરે દેવી મહાત્મ્યે મધુકૈટભવધો નામ સાર્થ પ્રથમોધ્યાય. ૧

॥ श्रीगणपतिर्जयति ॥

अथमध्यमचरित्रस्यविष्णुर्ऋषिः महालक्ष्मी देवता ॥ उष्णिकछंदः ॥ शाकंभरीशक्तिः ॥ दुर्गाबीज । वायुस्तत्वं । यजुर्वेदः स्वरूपं ॥ महालक्ष्मीप्रीत्यर्थमध्यमचरितजपेविनियोगः॥ ध्यानं ॥ ॐ अक्षस्त्रक्परशुंगदेषुकुलिशंपद्मन्धनुः कुण्डिकादण्डं शक्तिमसिचर्मजलजंघंटांसुरा- भाजनम् ॥ शूलंपाशसुदर्शनेचदधतींहस्तैः प्रसन्नाननांसेवेसैरिभमर्दिनीमिह महालक्ष्मीं- सरोजस्थितां ॥

॥ ॐह्रीं ऋषिरुवाच ॥

देवासुरमभूद्युद्धंपूर्णमब्दशतंपुरा ॥
महिषेसुराणामधिपेदेवानांचपुरंदरे ॥ १ ॥

ફરીથી દેવીનો મહિમા વર્ણવીશ એવું પ્રથમાધ્યાયમા (ગયા અધ્યાયમ) ઋષિએ કહેલુ છે તે પરથી એ ઋષિ એ બાબત પુરાતન ઇતિહાસ વર્ણવે છે તે એ રીતે કે, પુર્વે દેવ તથા અસુરોનું સો વર્ષ સુધી યુદ્ધ થયું. તેમાં અસુરોનો અધિપતિ મહિસાસુર તથા દેવોનો અધિપતિ પુરંદર નામે ઇંદ્ર હતો. ૧

तत्रासुरैर्महावीर्यैर्देवसैन्यंपराजितं ॥
जित्वाचसकलान्देवानिंद्रोभून्महिषासुरः॥२॥

એમ છતાં એ યુદ્ધમા અસુરો મહાપરાક્રમી હોવાથી, તેઓએ દેવસેનાનો પરાજય કર્યો એ રીતે મહિષાસુરે સકલ દેવોને જીતીને. પછી પોતેજ ઇંદ્રરૂપ ધાર-

ડ્ય ને, એ દેવોનુ આધિપત્ય કરવા લાગ્યો. २

ततःपराजितादेवाःपद्मयोनिंप्रजापतिं ॥
पुरस्कृत्यगतास्तत्रयत्रेशगरुडध्वजौ ॥ ३ ॥

તે સમય એ પરાજીત થયેલા દેવો, પ્રથમ સૃષ્ટિરૂપિ પ્રજાનુ આધિપત્ય કરનારા બ્રહ્મદેવને શરણે ગયા. પછી બ્રહ્મદેવ પોતાના પ્રમુખપણા નીચેના સર્વ દેવો સહિત, જ્યાં પ્રજાનુ પાલન કરનારા ગરૂડધ્વજ વિષ્ણુ તથા સહાર કર્તા રૂદ્ર (મહાદેવ) હતા ત્યા શરણે આવ્યા. ૩

यथावृत्तंतयोस्तद्वन्महिषासुरचेष्टितम् ॥
त्रिदशाः कथयामासुर्देवाभिभवविस्तरं ॥४॥

અને તે ઠેકાણે દેવોએ, મહિષાસુરે જે

પ્રકારે સર્વ દેવોનો પરાભવ કર્યો હતો, તે સર્વે એ વિષ્ણુ તથા મહાદેવને સવિસ્તર કહ્યું. ૪

सूर्येंद्राग्न्यनिलेंदुनांयमस्यवरुणस्यच ॥
अन्येषांचाधिकारान्सस्वयमेवाधितिष्ठति ॥५॥

તે એમ કે સુર્ય, ઇંદ્ર, અગ્નિ, વાયુ, ચંદ્ર, યમ તથા વરૂણ વગેરે સર્વ દેવોનો સકલ અધિકાર હરણ કરીને, એ મહિસાસુર પોતે એ અધિકારપર બિરાજમાન થયો ૫

स्वर्गान्निराकृताः सर्वेतेनदेवगणाभुवि ॥
विचरंतियथामर्त्यामहिषेणदुरात्मना ॥ ६ ॥

એ રીતે કે એ દુરાત્મા મહિષાસુરે, સર્વ દેવગણોને સ્વર્ગમાથી કાઢી મેલ્યાને

લીધે, તેઓ મનુષ્યોની પેઠે પૃથ્વી ઉપર સચાર કરવા લાગ્યા છે ६

एतद्वः कथितंसर्वममरारिविचेष्टितं ॥
शरणं वः मपन्नाः स्मोवधस्तस्यविचिंत्यतां ॥७॥

હે ભગવાન ! એ પ્રમાણે એ દેવશત્રૂનુ કૃત્ય આપને નીવેદન કરવા સારૂ અમે આપને શરણે આવ્યા છીએ. તો આપે તેનો વધ કરવા બાબત વિચાર કરવો જોઇએ. ७

इत्थंनिशम्यदेवानांवचांसिमधुसूदनः ॥
चकारकोपंशंभुश्च भ्रूकुटीलाननौ ॥ ८ ॥

દેવોના એવા વાક્યો સાંભળતાજ મધુસુદન ભગવાન તથા શભુ, અત્યત કોપયુક્ત થઇને ભૃકુટીમા કુટિલતા ધારણ કરીને, ક્રોધવદન થયા, ८

ततोतिकोपपूर्णस्यचक्रिणोवदनात्ततः ॥
निश्चक्रामहत्तेजोब्रह्मणःशंकरस्यच ॥ ९ ॥

તો એટલામા કોપથી પરિપૂર્ણ થયેલા ચક્રપાણી વિષ્ણુ, બ્રહ્મદેવ તથા શંકરના મુખ થકી અતિ અદભુત તેજ ઉત્પન્ન થયુ ૯

अन्येषांचैवदेवानांशक्रादीनांशरीरतः ॥
निर्गतंसुमहत्तेजस्तच्चैक्यंसमगच्छत ॥ १० ॥

અને ઇંદ્રાદિ બીજા સર્વ દેવોના શરીરથકી પણ મહત્તેજ નિર્માણ થયુ તે તથા પ્રથમ થયેલા ત્રણનું મળીને સઘળુ તેજ મિશ્ર થયું. ૧૦

अतीवतेजसःकूटंज्वलंतमिवपर्वतं ॥
ददृशुस्तेसुरास्तत्रज्वालाव्याप्तदिगंतरं ॥११॥

તે વખત એ ઠેકાણે એ સઘળા તે-

જનો એક અત્યંત જાજવલ્યમાન (તેજસ્વી) છતાં પર્વત જેવડો ઢગલો થયો અને દેવો તેને જોવા લાગ્યા તો તેની જ્વાલાથી દશે દિશાઓ ભરાઇ જવા લાગી ૧૧

अतुलंतत्रतत्तेजःसर्वदेवशरीरजं ॥
एकस्थंतदभूत्नारीव्याप्तलोकत्रयंत्विषा ॥१२॥

એ રીતનું એ સર્વે દેવોના શરીરો થકી એકત્ર થયેલું અદભુત તેજ કાત્યાયન ઋષિના આશ્રમે એકઠું થતાજ એ તેજની એક મુર્તીમાન સ્ત્રી થઇ. તેણીની કાંતિથી ત્રૈલોક્યતેજ યુક્ત થયું. ૧૨

यदभूच्छांभवंतेजस्तेनाजायततन्मुखं ॥
याम्येनचाभवन्केशाबाहवोविष्णुतेजसा ।१३।

એ તેજના વિભાગો વડે એ દેવીના

અંગના વિભાગો દર્શાવેછે તે એમ કે એ તેજનાઢગલામાં શંકરનું જે શ્વેતવર્ણ (રંગ) નુ તેજ હતુ તે વડે એ દેવીનું ગૌર (સફેદ) વર્ણ (રંગનું) મુખ થયું યમના તેજથી મસ્તકપરના શ્યામ રંગના કેશ વિષ્ણુના નીલવર્ણ તેજથી અઢાર ભુજાઓ (હાથ.)૧૩

सौम्येनस्तनयोर्युग्मंमध्यचैंद्रेणचाभवत् ॥
वारूणेनचजघोरुनितंबस्तेजसाभुवः ॥१४॥

ચંદ્રને લગતિ કાંન્તિથી શ્વેત રંગના સ્તનદ્વય, ઈંદ્રના તેજથી રાતા રંગની કટિ (કમર) વરૂણના તેજથી જાંગો તથા પેટ, પૃથ્વીના તેજથી કટિ પશ્ચાદ્ભાગ (કુલા)

ब्रम्हणस्तेजसापादौतदंगुल्योर्कतेजसा ॥
वसूनांचकरांगुल्यःकौबेरेणचनासिका ॥१५॥

બ્રહ્મદેવના તેજથી ચરણુ તથા સૂર્યના તેજથી પગની આગળીઓ લાલ રંગની થઈ તેથીજ ચરણુપણુ લાલ રગના થયા અષ્ટવસુના તેજથી હાથની આંગળીયો તથા કુબેરના તેજથી નાસીકા ૧૫

तस्यास्तुदंताःसंभृताःप्राजापत्येनतेजसा ।
नयनत्रितयंजज्ञेतथापावकतेजसा ॥ १६ ॥

તેમજ દક્ષાદિ પ્રજાપતિના તેજથી તેમના દાંત થયા અને અગ્નિના તેજથી ત્રણુ નેત્ર ઉત્પન્ન થયા. ૧૬

भ्रुवौचसंध्ययोस्तेजःश्रवणावनिलस्यच ॥
अन्येषांचैवदेवानांसंभवस्तेजसांशिवा ॥१७॥

પ્રાત સંધ્યાના તેજથી બન્ને ભૃકુટિયો તથા વાયુના તેજથી બે કાન, અને બે સિં-

વાય બીજા દેવોના તેજથી એ દેવીના બીજા અવયવો ઉત્પન્ન થયા એ રીતના એ દેવી સર્વ દેવોનાં અંગોમાના સ્વકીય તેજોરૂપ અંશોવડે પ્રકટ થયા ૧૭

ततस्समस्तदेवानांतेजोराशिसमुद्भवाम् ॥
तांविलोक्यमुदंप्रापुरमरामहिषार्दिताः ।।१८।

એ રીતના, સમસ્ત દેવોના શરીરમાંના તેજના ઢગલાથકી પ્રાકટયમાન થએલાં દેવીને અવલોકન (જોવું) કરતાંજ, એ સર્વ દેવોને મહિષાસુરે પીડિત કર્યા હતા, તથાપિ દર્શનથી અતિ હર્ષ થયો. ૧૮

शूलंशूलाद्विनिष्कृष्यददौतस्यैपिनाकधृक् ॥
चक्रंचदत्तवान्कृष्णस्समुत्पाट्यस्वचक्रतः ।१९

એ રીતનાં એ દેવી, જેમ સર્વ દેવો-

શોથકી પ્રાકટ્ય થયા, તેમ એ દેવીના આ
યુદ્ધો પણ દેવોએ પોતપોતાના આયુધોમાથી
એકેક અંશથી નિર્માણ કરીને, એ દેવીને
આપ્યા. તે એવાં કે, પિનાકધારી મહાદેવ,
પોતાના શુલ નામના આયુધવડે આકર્ષણ
કરીને, બીજુ શુલ ઉત્પન્ન કર્યું, અને એ
દેવીને આપ્યુ. તેમજ કૃષ્ણે પોતાના ચક્ર
વડે મેળવીને ચક્ર આપ્યુ. १९

शंखंचवरूणःशक्तिंददौतस्यैहुताशनः ॥
मारूतोदत्तवांश्चापंबाणपूर्णेतथेषुधी ॥ २० ॥

વરૂણે પોતાના શંખથકી શંખ તથા
અગ્નિએ પોતાની દાહક શક્તિમાથી એક
શક્તિ ઉત્પન્ન કરીને એ દેવીને આપી વા
યુએ ધનુષ તથા બાણથી ભરેલા બે ભાથા
આપ્યા. २०

वज्रमिन्द्रस्समुत्पाट्यकुलिशादमराधिपः ॥
ददौतस्यैसहस्राक्षोघंटामैरावताद्गजात् ॥२१॥

વળી સહસ્રાક્ષ એટલે દેવોના અધિપતિ ઇંદ્રે, પોતાના વજ્ર થકી ઉત્પન્ન કરીને, તેમને વજ્ર આપ્યું, તથા ઐરાવત નામના હાથીપરની ઘંટા કહાડીને તેમને આપી ૨૧

कालदंडाद्यमोदंडंपाशंचांबुपतिर्ददौ ॥
प्रजापतिश्चाक्षमालांददौब्रह्माकमंडलुं ॥२२॥

યમે કાલદંડ થકી નિર્માણ કરીને દંડ આપ્યો. જલાધિપતિ વરૂણે પાશ (જાળ) આપ્યો પ્રજાપતિ બ્રહ્મદેવે અક્ષમાલા તથા કમંડલ એ બે આપ્યા. ૨૨

समस्तरोमकूपेषुनिजरश्मीन्दिवाकरः ॥

कालश्चदत्तवान्खड्गंतस्यैचर्मचनिर्मलं ॥२३॥

તેમજ સૂર્યે તે દેવીનાં સમસ્ત રૂંવાટાનાં છિદ્રોમાં પોતાના કિરણો સ્થાપન કર્યા, અને કાલાભિમાની દેવે એ દેવીને ખડ્ગ તથા નિર્મલ ઢાલ એ બે આપ્યા ૨૩

क्षीरोदश्चामलंहारमजरेचतथांबरे ।

चूडामणिंतथादिव्यंकुंडलेकटकानिच ॥२४॥

તેમજ નિર્મલ હાર, બે નવિન વસ્ત્રો, દિવ્ય ચુડામણિ, કુંડલો, કંકણો, વિગેરે સમુદ્રે આપ્યા ૨૪

अर्धचंद्रंतथाशुभ्रंकेयूरान्सर्वबाहुषु ॥

नूपुरौविमलौतद्वद्ग्रैवेयकमनुत्तमं ॥ २५ ॥

લલાટ ભુષણ (દામણી,) દિવ્ય ચંદ્રહાર (અર્ધ ચંદ્રાકારનું તાટંક અથવા

અકોટી નામનુ ઘરેણું) સર્વ ભુજાઓમાં ધારણુ કરવાને (પહેરવાને) યોગ્ય એવા કેયુર (બાજુબંધ અથવા વાક,) બેઉ ચરણોને શોભા આપનારાં બે નૂપુર, સર્વોત્કૃષ્ટ કંઠભુષણુ (ચેજપટ્ટી, ગુમણુ, મંગલશુત્ર તથા તુશી વગેરે) ૨૫

अंगुलीयकरत्नानिसमस्तास्वंगुलीषुच ॥
विश्वकर्माददौतस्यैपरशुंचातिनिर्मलं ॥२६॥

તેમજ સર્વ આંગળિયોપર પેહેરવાને યોગ્ય રત્નજડીત વિંટીઓ, એ રીતના સકલ અલંકાર (ઘરેણાં) એ દેવીને ક્ષીર સમુદ્રે આપ્યા અને તેમને અતિઉત્કૃષ્ટ પરશુ (કુહાડી જેવુ ફરશી નામનુ શસ્ત્ર). વિશ્વકર્માએ આપ્યુ. ૨૬

अस्त्राण्यनेकरूपाणितथामेद्यंचदंशनं ॥
अम्लानपंकजांमालांशिरस्युरसिचापरां ।२७।

અનેક પ્રકારના અસ્ત્રો (હથિયાર) તથા અભેદ્ય (છેદાય નહીં એવું) કવચ (બખતર) એ ત્રણે વિશ્વકર્માએ આપ્યા. અંબોડા પર તથા વક્ષસ્થલ (છાતી) પર ધારણ કરવાને યોગ્ય એવી કમલપુષ્પની બે દિવ્ય માલાઓ. ૨૭

अददज्जलधिस्तस्यैपंकजंचातिशोभन ॥
हिमवान्वाहनसिंहंरत्नानिविविधानिच ॥२८

તથા એ દેવીના હાથમાં ધારણ કરવા સારૂ અત્યંત સુશોભિત એવું એક દિવ્ય કમલ સમુદ્રે આપ્યું. હિમાચલે સિં-

હનુ વાહન તથા અનેક પ્રકારનાં રત્નો આપ્યાં. ૨૮

ददावशून्यंसुरयापानपात्रंधनाधिपः ॥
शेषश्चसर्वनागेशोमहामणिविभूषितम् ॥२९॥

તેમજ કુબેરે પાન કરવા સારૂ મદ્યપૂર્ણ પાત્ર આપ્યું, તથા જેણે આ સંપૂર્ણ પૃથ્વિ પોતાના મસ્તકપર ધારણ કરી છે એવા સકલ નાગેશ શેષે, મહારત્ન મણિઓથી શોભાયમાન એવો ૨૯

नागहारंददौतस्यैधत्तेयःपृथिवीमिमां ॥
अन्यैरपिसुरैर्देवीभूषणैरायुधैस्तथा ॥ ३० ॥

એક નાગહાર એ દેવીને આપ્યો. એ રીતે બીજા દેવોએ પણ અનેક પ્રકારનાં ભૂષણો તથા અનેક પ્રકારનાં આયુધોવડે એ

દેવીનુ ૩૦

सम्मानितानन्नादोच्चैस्साट्टहासंमुहुर्मुहुः ॥
तस्यानादेनघोरेणकृत्स्नमापूरितंनभः ॥३१॥

સન્માન કરતાંજ તે આનંદથી વાર-વાર ઉચ્ચ સ્વરવડે અતિશય હાસ્ય કરવા લાગ્યા એમના એ હાસ્યના ભયંકર નાદ-થી સઘળુ આકાશ પરિપૂર્ણ ગર્જનાયુક્ત થયુ ૩૧

अमायतातिमहतामतिशब्दोमहानभूत ॥
चुक्षुभुस्सकलालोकास्समुद्राश्चचकंपिरे ।३२।

એ રીતના અપાર નાદથી દશે દિશા-ઓમા મહન પ્રત્યાઘાત (પડઘા) થયો; તેથી સકલ લોક (બ્રહ્માડો) અત્યંત કપિત થયાં, ત । સાતે સમુદ્રો પણ ખળભળ્યા, ૩૨

चचालवसुधाचेलुःसकलाश्चमहीधराः ॥
जयेतिदेवाश्चमुदातामूचुःसिंहवाहिनीं । ३३॥

અને સઘળી ભૂમી કંપાયમાન થવા થી સઘળા પર્વતો પણ ચલાયમાન્ થવા લાગ્યા એ સમય એ સિંહવાહની દેવીના દર્શન કરીને, સર્વ દેવો અત્યંત હર્ષથી જયજયકાર કરવા લાગ્યા 33

तुष्टुवुर्मुनयश्चैनांभक्तिनम्रात्ममूर्तयः ॥
दृष्ट्वासमस्तसंक्षुब्धत्रैलोक्यममरारयः ॥३४॥

તથા સમસ્ત મુનિગણો ભક્તિથી નમ્ર થઇને, એ દેવીની સ્તુતિ કરવા લાગ્યા એ સંપૂર્ણ ત્રૈલોક્ય અત્યંત ખળભળિત થયેલુ જોતાજ, સર્વ દેવોના શત્રુઓ અસુરો પણ ખળભળ્યા. ૩૪

सन्नद्धाखिलसैन्यास्तेसमुत्तस्थुरुद्दायुधाः ॥
आःकिमेतदितिक्रोधादाभाष्यमहिषासुरः ।३५

અને જેની સર્વસેના યુદ્ધ કરવાને તત્પર થયા છતા, એ દૈત્યો હાથમાં નાના પ્રકારનાં શસ્ત્રો ગ્રહણ કરીને ઉઠયા એ સમય એ મહિષાસુર અતિ ક્રોધથી બોલ્યો આ શું ! એમ બોલ્યો. ૩૫

अभ्यधावततंशब्दमशेषैरसुरैर्वृतः ॥
सददर्शततोदेवींव्याप्तलोकत्रयांत्विषा ॥३६॥

એના ઘાંટાને આધારે સર્વ અસુર નાયકો પોતપોતાની અસુર સેના સહિત દોડી આવ્યા. અને એ દેવીને તે વખત જોવા લાગ્યા, તો તે દેવીની કાન્તિથી ત્રૈલોકય તેજ યુક્ત થએલું છે એમ દેખ્યું. ૩૬

पादाक्रांत्यानतभुवं किरोटोल्लिखितांबरा ॥
क्षोभिताशेषपातालांधनुर्ज्यानिःस्वनेनतां ।३७।

તેમજ એ દેવીના પગલાથી પૃથિવી ડગલે ડગલે કોમલ થતી હતી તેમ છતા, મુકુટ આકાશમંડલે ઘસાતો હતો. એ રીતના એ દેવીએ ધનુષની પણચ ખેચીને, ટંકારવ શબ્દ કર્યો તેથી સપ્તપાતાળ પણ ખળભળ્યા ૩૭

दिशोभुजसहस्रेणसमंताद्व्याप्यसंस्थितां ॥
ततःप्रववृतेयुद्धंतयादेव्यासुरद्विषाम् ॥ ३८ ॥

અને એ દેવી, એ રણભૂમિમા પોતાના હજાર હસ્તવડે દશે દિશાઓમા વ્યાપી રહ્યા હતા પછી એ દેવી તથા દૈત્યોનું ભયંકર યુદ્ધ આરંભિત થયું. ૩૮

शस्त्रास्त्रैर्बहुधामुक्तैरादीपितदिगंतरं ॥
महिषासुरसेनानीचिक्षुराख्योमहासुरः ।३९।

એ બન્નેના યુદ્ધમા પરસ્પરના ધનુ-
ષ્યો થકી છુટેલા અનેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો
વડે સકલ દિશાઓ પ્રદિપ્ત થઈ, તેવામાં મ-
હિષાસુરનો સેનાપતિ ચિક્ષુરાખ્ય ૩૯

युयुधेचामरश्चान्यैश्चतुरंगबलान्वितः ॥
रथानामयुतैःषड्भिरदग्राख्योमहासुरः ।४०।

તથા ચ મરાખ્ય એવા બે મહાઅસુર,
બીજા અનેક મૂખ્ય દૈત્યોને સાથે લાવીને રથ,
હાથી, ઘોડા તથા પ્યાદલવાળા ચતુરંગ સૈન્ય
સહિત યુદ્ધ કરવા લાગ્યા તેમજ ઉદગ્ર નામ
નો મહાઅસુરપણ સાઠહજાર સૈન્ય સહિત
યુદ્ધ કરવાને આવી પહોચ્યો. ૪૦

अयुध्यतायुतानांचसहस्रेणमहाहनुः ॥
पंचाशद्भिश्चनियुतैरसिलोमामहासुरः ।४१॥

અને એક કોટી સૈન્ય લેઇને મહામનુ, તથા પચાસ લક્ષ સૈન્ય લઇને અસીલોમા એવા બે અસુરો યુદ્ધ કરવાને તૈયાર થયા.

अयुतानांशतैःषडभिर्वाष्कलोयुयुधेरणे ॥
गजवाजिसहस्रौघैरनेकैःपरिवारितः ॥४२॥

તેમજ એ રણભુમિમા બાષ્કલ નામનો અસુર, અનેક હાથી તથા અનેક ઘોડાઓ વાળો છતાં, સાઠલાખ સૈન્ય સહિત આવીને યુદ્ધ કરવા લાગ્યો ૪૨

वृतोरथानांकोटयाचयुद्धेतस्मिन्नयुद्धचत ॥
बिडालाख्योयुतानांचपंचाशद्भिरथायुतैः ।४३।

વળી એ યુદ્ધને પ્રસંગે બિડાલાખ્ય ના-

મનો અસુર એક કોટી રથવાળો છતાં,બીજા પાંચ લક્ષ રથ વધારાના સહીત એ રણભૂમી માં યુદ્ધ કરવા લાગ્યો ૪૩

युयुधे संयुगे तत्र रथानां परिवारितः ॥
अन्ये च तत्रायुतशो रथनागहयैर्वृताः ॥ ४४ ॥

તેમજ તે ઠેકાણે બીજાપણ હજારો રથ હાથી તથા ઘોડાઓવાળા રથે કરીને યુક્ત તે મની સાથે યુદ્ધ કરવા લાગ્યા. ૪૪

युयुधुः संयुगे देव्या सह तत्र महासुराः ॥
कोटिकोटिसहस्रैस्तु रथानां दन्तिनां तथा ॥४५॥

એવા અનેક મહા અસુરો એ રણભુમી માં દેવીની સથે યુદ્ધ કરવા લાગ્યા એ યુદ્ધ મા અનેક રથ અનેક હથી તથા અનેક ઘોડાથી વાટાબદ્ધ. ૪૫

हयानांचबृतोयुद्धेतत्राभून्माहिषासुरः ॥
तोमरैर्भिंदिपालैश्चशक्तिभिर्मुसलैस्तथादो ॥४६॥

એવો એકલો મહિષાસુર હતો તેનાસૈન્યમાંના અનેક અસુરો તોમર ભિંડિપાલ, શક્તિ તથા મુસલો ૪૬

युयुधुःसंयुगेदेव्याखड्गैःपरशुपट्टिशैः ॥
केचिच्चचिक्षिपुदशक्तोःकेचित्पाशास्तथापरे॥४७

ખડ્ગો, ફરશીઓ, પટ્ટીઓ વગેરે અનેક આયુધોથી એ રણભૂમીમા દેવીની સાથેયુદ્ધ કરવા લાગ્યા તે એમ કે કોઇએ શક્તિ તથા કોઇએ જાળ નામનાં શસ્ત્રો ફેકયા વળી કોઇ બીજાઓએ ૪૭

देवींखड्गप्रहारैस्तुतेतांहंतुप्रचक्रमुः ॥
सापिदेवीतत तानिशस्त्राण्दस्त्राणिचण्डिका॥४८

ખડ્ગપ્રહાર કર્યો એ રીતે દેવીનો સં-
હાર કરવાને એ દેત્યો પ્રવૃત થયા એ સમય
ચંડિકા દેવીએ એ અસુરોનાં શસ્ત્રાસ્ત્રોનુ,૪૮

लीलयैवप्रचिच्छेदनिजशस्त्रास्त्रवर्षिणी ॥
अनायस्तानना देवी स्तूयमानासुरर्षिभिः ॥४९॥

પોતાનાં શસ્ત્રાસ્ત્રોવડે લીલાથી છેદન
કર્યું પરંતુ ત્યાલગિમાં એ દેવીને કિંચિત પ
ણ આયાસ (મુશ્કેલી) થયો નહી એ દેવી પ્ર
સન્ન મુખી હોવા ઉપરથી તેમની દેવો તથા
ઋષિઓ સ્તુતિ કરવા લા ગા. ૪૯

मुमोचासुर देहे षु शस्त्राण्यस्त्राणिचेश्वरी ॥
सोपिक्रुद्धोधुतशटो देव्यावाहनकेसरी ॥५०॥

પછી એ ઇશ્વરીએ અશુરોપર અનેક
શસ્ત્રાસ્ત્રો છોડયા એ વખત દેવીનું વાહન જે

સિંહ તે પણ અત્યંત ક્રોધાવિષ્ટ થઇને પોતા
ની કેશવાળી કંપાયમાન કરતો હતો ૫૦

चचारासुरसैन्येषु वनेष्विवहुताशनः ॥
निःश्वासान्मुमुचेयांश्चयुध्यमानारणेंबिका ।५१

જેમ દાવાગ્નિ અરણ્યને દગ્ધ કરેછે
તેમ રણભુમીમાં અંબીકા દેવી યુદ્ધ કરતાં
હતા અને અસુર સેનામા સંચાર કરતા થકા
વાર વાર જેટજેટલા શ્વાસ છોડવા લાગ્યા ૫૧

तएवसद्यःसभूतागणाश्शतसहस्त्रशः ॥
युयुधुस्तैपरशुभिर्भिंदिपालासिपट्टिशैः ॥५२॥

તેટતેટલા પ્રત્યેક શ્વાસ થકી અકેક
પ્રમાણે લાખો ગણ (સેવક) તત્કાલ ઉત્પન્ન
થયા અને તેઓ ફરશી ભિંડિપાલ ખડ્ગ
તથા પટ્ટીઓ વગેરે આયુદ્ધોથી અસુરોની

સાથે યુદ્ધ કરવા લાગ્યા ૫૨

नाशयंतोसुरगणान्देवीशक्त्युपबृंहिताः ॥
अवादयन्तपटहान्गणाश्शंखांस्तथापरे ॥५३॥

એ દેવીના ગણોની દેવીના પ્રભાવે વૃદ્ધિ થવાથી, અસુરગણોનો નાશ થવાથી પટહ, નામના રણભુમીને લાયકના વાજા વગાડવા લાગ્યા તેમજ તેમના બીજા કેટલાક ગણો શંખ વગાડવા લાગ્યા. ૫૩

मृदंगांश्चतथैवान्येतस्मिन्युद्धमहोत्सवे ॥
ततोदेवीत्रिशूलेनगदयाशक्तिऋष्टिभिः ॥५४॥

વળી કેટલાએક એ યુદ્ધ રૂપી મોટા ઉત્સવમાં મૃદંગ વગાડવા લગ્યા એ સમય દેવીયે ત્રિશુળ, ગદા, શક્તિ ૫૪

खड्गादिभिश्चशतशोनिजघानमहासुरान् ॥

पातयामासचैवान्यान्घंटास्वनविमोहितान् ५५

તથા ખડ્ગાદિકોની વૃષ્ટિ કરીને મોટા મોટા અસુરોનો નિરંતર સંહાર કર્યો અને તેમાં કેટલાક અસુરો પ્રથમ ઘંટાનાદથી મોહિત થયેલા હતા, તેઓને પણ એ દેવીએ રણભૂમિપર પાડયા ૫૫

असुरान्भुविपाशेनबध्वाचान्यानकर्षयत् ॥
केचिद्विधाकृतास्तीक्ष्णैःखड्गपातैस्तथापरे ५६

તેમજ જે કેઇ બીજા અસુરો હતા તેઓ તે પણ જાળવડે બાંધી લઇને ભૂમિ તરફ ખેંચ્યા કેટલાકના અંગના તીક્ષ્ણ ખડ્ગના પ્રહારવડે બબે કટકા કર્યા તથા કેટલાકના ૫૬

विपोथितानिपातेनगदयाभुविशेरते ॥

वेमुश्चकेचिद्रुधिरंमुसलेनभृशहताः ॥ ५७ ॥

અંગ ગદાથી મર્દન કર્યો એ રીતે અનેક અસુરો, રણભૂમિપર પડીને આળોટવા લાગ્યા, તથા કેટલાક અસુરો મુસલથી અત્યંત જખમી થવાને લીધે રૂધીર ઓકવા લગ્યા ૫૭

केचिन्निपतिताभूमौभिन्नाःशूलेनवक्षसि ॥
निरंतराश्शरौघेणकृताःकेचिद्रणाजिरे ॥५८॥

કેટલાકની છાતીઓ શૂલ નામના આયુધથી છેદાઈ જવાને લીધે તેઓ ભૂમિપર પડયા; વળી એ રણમંડલમા કેટલાકોનુ કેવલ બાણોનાજ સમૂહથી નિવારણ કર્યું ૫૮

सेनानुकारिणःप्राणान्मुमुचुस्त्रिदशार्दनाः ॥
केषांचिद्बाहवश्छिन्नश्छिन्नग्रीवास्तथापरे ५९

અને જે કોઇ અસુરસેનાના અગ્રગામી

(પેહેલે મોખરે રેહેનાર મોરવી) હતા, તેમાના કેટલાએકની ભુજાનું તથા કેટલાએકના ગળાઓનું છેદન કરતાજ. એ દૈત્યો એ પીડિત થઇને પ્રાણોનો ત્યાગ કર્યો ૫૯

शिरांसिपेतुरन्येषामन्येमध्येविदारिताः ॥
विच्छिन्नजंघास्त्वपरेपेतुरुर्व्यांमहासुराः ॥६०॥

કેટલાએક મહા અસુરોનાં મસ્તકે છેદાઈ જવાથી, કેટલાક કમ્મરમાંથી કપાઈ જવાથી તથા કેટલાકોનાં પેટ છિન્નભિન્ન થવાથી એ રણભૂમિઉપર પડયા ૬૦

एकबाह्वक्षिचरणाःकेचिद्देव्याद्विधाकृताः ॥
छिन्नेपिचान्येशिरसिपतिताःपुनरुत्थिताः ६१

તેમજ એ દેવીએ કોઇનો એક હસ્ત, કોઇનું એક નેત્ર તથા કોઇનો એક ચરણ

છિન્નભિન્ન કર્યા અને કોઈના શરીરનાં તો
એ કડચાડિયા કર્યા, વળી કેટલાક મસ્તકો
છેદન થવાથી ભૂમિઉપર પડતા છતા પણ ફરી
પાછા અતિ વેગથી ઉઠયા ૬૧

कबंधायुयुधुर्देव्यागृहीतपरमायुधाः ॥
ननृतुश्चापरेतत्रयुद्धेतूर्यलयाश्रिताः ॥ ६२ ॥

એ ધડો (મસ્તક વગરના શરીરો) પણ
પોતાના હસ્તોમા મોટા મોટા આયુધો પ
કડીને, દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યા,
તથા કેટલાક ધડ એ યુદ્ધમા રણવાદ્યોના
(યુદ્ધ સમયના વાજાંઓના) નાદાશ્રયથી
(રાગના આધારથી) નૃત્ય પણ કરવા લાગ્યાં.

कबंधाच्छिन्नशिरसःखड्गशक्त्यृष्टिपाणयः ॥
तिष्ठतिष्ठेतिभाषंतोदेवीमन्येमहासुराः ॥६३॥

તે એ રીતે કે, જેમનાં મસ્તકો છિન્ન-ભિન્ન થયા છતાં પણ ધડો, હાથના ખડ્ગ શક્તિ તથા ઋષ્ટિ (બેઉ બાજુએ ધારવાળી તલવાર જેને ખંજર કહેછે) વગેરે આયુધો લઈને નાચવા લાગ્યાં તથા કેઈ બીજા મહાઅસુરો દેવીને તિષ્ટ તિષ્ટ (ઉભી રહે, ઉભી રહે) એમ હુંકારાથી બોલાવવા લાગ્યા.

पातितैरथनागाश्वैरसुरैश्च वसुंधरा ॥
अगम्यासाभवत्तत्र यत्राभूत्समहारणः ॥६४॥

એ રીતે રથ, હસ્તી તથા ઘોડાઓ સહિતના જે અસંખ્ય અસુરો તે રણભૂમિમા પડેલા હતા, તેને લીધે એ રણભૂમિ સર્વને અગમ્ય (સૂઝ ન પડે એવી) થઈ એવો એ ઠેકાણે મહાસંગ્રામ થયો. ૬૪

शोणितौघामहानद्यस्सद्यस्तत्रप्रसुस्रुवुः ॥
मध्येचासुरसैन्यस्यवारणासुरवाजिनां ॥६५॥

તેમજ તે ઠેકાણે હસ્તી, અસુર તથા અશ્વોવાળી અસુરોની જે સેના હતી, તેમા તેનાજ રક્તના પ્રવાહની મોટી મોટી નદીઓ વેહેવા લાગી ६५

क्षणेनतन्महासैन्यमसुराणांतथाम्बिका ॥
निन्येक्षयंयथावह्निस्तृणदारुमहाचयम् ॥६६॥

એ પ્રમાણે એ અંબિકાજીએ મહા અસુરોની સેનાનો જેમ અગ્નિ ઘાસ અથવા લાકડાના ઢગલાનો નાશ કરે છે તેમ અત્યંત નાશ કર્યો. ६६

सचसिंहोमहानादमुत्सृजन्धुतकेसरः ॥
शरीरेभ्योमरारीणामसूनिवविचिन्वति ॥६७॥

તે સમય એ દેવીનુ વાહન જે સિંહ, તે એ દેવશત્રુઓના શરીરેમાના પ્રાણેને શોધ કરતો હોય એમ, મસ્તક ક પાયમાન્ કરતોથકો મોટી ત્રાડ દેવા લાગ્યો. ૬૭

देव्यागणैश्चतैस्तत्रकृतंयुद्धंतथासुरैः ॥
यथैषांतुतुषुर्देवाःपुष्पवृष्टिमुचोदिवि ॥ ६८ ॥

એ પ્રમાણે દેવીના ગણ તથા અસુરોએ એ ઠેકાણે મહત્ યુદ્ધ કર્યું. તેથી તે સમય સમસ્ત દેવો, દેવીના સૈન્યપર સતુષ્ટ થયા તેથી આકાશમાથી તેમનાપર પુષ્પ વૃષ્ટિ કરવા લાગ્યા ૬૮

इति मार्कण्डेयपुराणेसावर्णिकेमन्वतरेदेवी
माहात्म्येमहिषासुरसैन्यवधोनाम
द्वितीयोऽध्यायः ॥२॥

ઇતિશ્રી માર્કંડેય પુરાણે દેવીમહાત્મ્યે મહિષાસુરસૈન્યવધો નામ સાર્થંદ્વિતીયોધ્યાય. ૨

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

निहन्यमानतत्सैन्यमवलोक्यमहासुरः ॥
सेनानीश्चिक्षुरःकोपाद्ययौयोद्धुमथाम्बिकाम्.

ઋષિ કહે છે એ રીતે કહ્યા પ્રમાણેના પ્રકારે દેવીએ એ અસુરસેનનો સંહાર કરેલો જોતાજ, પ્રથમ કહેલો ચિક્ષુર નામનો

મહાઅસુર સેનાપતિ અત્યંત કોપાયમાન થવાથી એ આબેકાસાથે યુદ્ધ કરવાને દોડી આવ્યો ૨

सदेवींशरवर्षेणववर्षसमरेसुरः ॥
यथामेरुगिरेःशृंगंतोयवर्षेणतोयदः ॥ २ ॥
तस्यच्छित्वाततोदेवीलीलयैवशरोत्करान् ॥
जघानतुरगान्बाणैर्यंतारचैववाजिनां ॥ ३ ॥

અને જેમ મેરૂ પર્વતના શિખરોપર જળની વૃષ્ટિ કરતોથકો મેઘ આવે, તેમ એ ચિક્ષુરાસુરદેવીપર બાણવૃષ્ટિનો વર્ષાદ કરતો આવ્યો એના બાણોના સમૂહનું, દેવીએ લીલાવડે છેદન કર્યું, અને દેવીએ પોતાના બાણોવડે તેના ઘોડાઓ તથા સારથીનો સંહાર કર્યો. ૩

चिच्छेदचधनुःसद्योध्वजंचातिसमुच्छ्रितम् ॥
विव्याधचैवगात्रेषुच्छिन्नधन्वानमाशुगैः ॥ ४॥

तेमज तेना धनुष्यनुं तथा रथपर जे अति ऊंची ध्वजाहती तेनुं तत्काल छेदन कर्युं, अने ए धनुष्य वगरनो थयो. एटले, तेना सर्वांगमां तीक्ष्ण बाणोवडे प्रहार कर्यो.४

सच्छिन्नधन्वाविरथोहताश्वोहतसारथिः ॥
अभ्यधावततांदेवींखड्गचर्मधरोऽसुरः ॥५॥

ते समय ए असुर धनुष्य, रथ, घोडा तथा सारथी वगरनो थया छता पण हाथमा खड्ग (तरवार) तथा चर्म (ढाल) पकडीने, ए देवीपर दोडी आव्यो ५

सिंहमाहत्यखड्गेनतीक्ष्णधारेणमूर्धनि ॥
आजघानभुजेसव्येदेवीमप्यतिवेगवान् ॥६॥

અને તીક્ષ્ણ ધારવાળા ખડ્ગવડે સિંહ ના મસ્તકપર પ્રહાર કર્યો તથા દેવીના ડાબા હાથ પર પણ અત્યંત વેગથી પ્રહાર કર્યો.

तस्याःखड्गोभुजंप्राप्यपफालनृपनन्दनः ॥
ततोजग्राहशूलंसकोपादरुणलोचनः ॥ ७ ॥

હે રાજપુત્ર! એ સમય એ ખડ્ગ દેવીના ભુજસ્પર્શથીજ તત્કાલ ભાગી ગયું તે વખત કોપથી રક્તનેત્રયુક્ત થઈને, તેણે શૂલ નામનું શસ્ત્ર ધારણ કર્યું. ૭

चिक्षेपचततस्तत्तुभद्रकाल्यांमहासुरः ॥
जाज्वल्यमानंतेजोभीरविबिंबमिवांबरात् ।८।

પછી એ મહા અસુરે, એ શૂલ એ ભદ્રકાલીપર મોટા વેગથી નાખ્યું. એ વખત એ શૂલ, તેજથી જાજ્વલ્યમાન હોવાને લીધે

સૂર્યબિંબ સમાન આકાશમાંથી પ્રાપ્ત થયું ૮

दृष्ट्वातदापतच्छूलंदेवीशूलममुञ्चत ॥
तच्छूलंशतधातेननीतंसचमहासुरः ॥ ९ ॥

એ રીતનું એ શૂલ પડે છે એવું અવલોકન (દેખવું) કરતાંજ, દેવીએ પણ તત્કાળ તેનાપર પોતાનું ત્રિશૂળ ફેકયું, તે ત્રિશૂલવડે તેના શુલના સેકડો કકડા કરીને, ચિક્ષુરાસુરને પણ સહાર કર્યો. ૯

हतेतस्मिन्महावीर्येमहिषस्यचमूपतौ ॥
आजगामगजारूढश्चामरस्त्रिदशार्दनः ॥१०॥

એ રીતનો એ મહિષાસુરનો સેનાપતિ મહાપરાક્રમી ચિક્ષુરાસુર મરણ પામ્યો, એટલે દેવોનું મર્દન કરનારો એવો જે ચામર નામનો બીજો સેનાપતિ હતો, તે

હસ્તીપર બેસીને આવ્યો. ૧૦

सोपिशक्तिंमुमोचाथदेव्यास्तामंबिकाद्रुतम् ॥
हुंकाराभिहतांभूमौपातयामासनिष्प्रभां ॥११॥

અને તેણે પણ દેવીપર એક શક્તિ નામનું શસ્ત્ર ફેંક્યું એ શક્તિ નામના આયુધનો અંબિકાએ તત્કાળ માત્ર એક હુંકારાથી જ નાશ કર્યો, તે વખત એ શક્તિ નામનું શસ્ત્ર નિસ્તેજ થઇને ભુમીપર પડ્યું ૧૧

भग्नांशक्तिंनिपतितांदृष्ट्वाक्रोधसमन्वितः ॥
चिक्षेपचामरःशूलंबाणैस्तदपिसाच्छिनत् ।१२।

એ રીતનું એ શક્તિશસ્ત્ર ભાગીને પડેલું જોતાંજ, એ ચામરે ક્રોધયુક્ત થઇને, ફેરીથી શુલ નાખ્યું, તેનું પણ દેવીએ બાણવડે છેદન કર્યું. ૧૨

ततःसिंहस्समुत्पत्यगजकुंभांतरेस्थितः ॥
बाहुयुद्धेनयुयुधेतेनोच्चैस्त्रिदशारिणा ॥ १३ ॥

એ સમય એ યુદ્ધમા દેવીનો સિંહ તત્કાલ આકાશભણી તલપ મારીને, એ હસ્તીના ગંડસ્થલપર (લમણા અથવા ભાલપર)વળગ્યો, અને ત્યાંજ એ દેવીશત્રુ ચામર સાથે મોટુ બાહુયુદ્ધ કરવા લાગ્યા. ૧૩

युद्ध्यमानौततस्तौतुतस्मान्नागान्महींगतौ ॥
युयुधातेतिसंरब्धौप्रहारैरतिदारुणैः ॥ १४ ॥

એ રીતના બન્ને યુદ્ધ કરતાથકા અકસ્માત એ હસ્તીપરથી ભૂમિપર પડયા, તથાપિ તેઓ અત્યંત ક્રોધયુક્ત થઇને, હાથ પગ વડે પરસ્પરે અતિ ભયંકર પ્રહાર કરતા થકા યુદ્ધ કરવા લાગ્યા. ૧૪

ततोवेगात्खमुत्पत्यनिपत्यचमृगारिणा ॥
करप्रहारेणशिरश्चामरस्यपृथक्कृतं ॥ १५ ॥

એ રીતનુ બન્નેનુ યુદ્ધ થતુ હતુ તેમ છતા, એ સિંહે અતિ ચપળતાથી આકાશ તરફ તલપીને. પાછા ભૂમિપર પડીને, પંઝાના પ્રહારથી એ ચામરનું મસ્તક દેહથકી જુદું કર્યું ૧૫

उदग्रश्चरणे देव्याशिलावृक्षादिभिर्हतः ॥
दंतमुष्टितलैश्चैवकरालश्चनिपातितः ॥१६ ॥

એ સમય એ રણભૂમિમાં દેવીએ પત્થરની શિલાઓના તથા ઝાડોના પ્રહારવડે ઉદગ્ર નામના અસુરને પણ માર્યો, તેમજ હસ્તીદંતના આયુધ, મુષ્ટિપ્રહાર તથા તમાચાથી કરાલ નામના અસુરના પણ પ્રાણ

હરણ કરીને ભૂમિપર પાડયો ૧૬

देवीक्रुद्धागदापातैश्चूर्णयामासचोद्धतम् ॥
बाष्कलंभिंदिपालेनबाणैस्ताम्रंतथांधकम् १७

તે પછી દેવીએ અત્યંત ક્રોધાયમાન થઇને, ગદાપ્રહારથી ઉદ્ધત નામના અસુરનો ચૂરો કર્યો. ભિંડિપાલ નામના શસ્ત્રવડે બાષ્કલન, અને બાણ વડે તામ્ર તથા અંધકાસુરને પણ માર્યો ૧૭

उग्रास्यमुग्रवीर्यंचतथैवचमहाहनुं ॥
त्रिनेत्राचत्रिशूलेनजघानपरमेश्वरी ॥ १८ ॥

તેમજ ઉગ્રાસ્ય ઉગ્રવીર્ય તથા માહાહનું એ ત્રણ જણાનો પણ એ ત્રિનેત્રા પરમેશ્વરીએ ત્રિશુલવડે નાશ કર્યો. ૧૮

बिडालस्यासिनाकायात्पातयामासवैशिरः ॥
दुर्धरंदुर्मुखंचोभौशरैर्निन्येयमक्षयम् ॥ १९ ॥

અને ખડ્ગવડે બિડાલ નામના અસુરનુ મસ્તક તેના દેહથકી ભૂમિપર પાડ્યું, તેમ જ દુર્ધર તથા દુર્મુખ એ બન્નેને બાણુવડે યમલોકમા મોકલ્યા ૧૯

एवंसंक्षीयमाणेतुस्वसैन्येमहिसासुरः ॥
माहिषेणस्वरुपेणत्रासयामासतान्गणान् २०

તે એ રીને પોતાના સૈન્યનો નિરંતર ક્ષય થયો, એટલે એ મહિષાસુર મહિષ (પાડા) ના રૂપથી, એ દેવીના શ્વાસ થકી પેદા થએલા ગણોને, અત્યત ત્રાસ દેવા લાગ્યો. ૨૦

कांश्चित्तुडप्रहारेणखुरक्षेपैस्तथापरान् ॥
लांगूलताडिताश्चान्यान्श्रृंगाभ्यांचविदारितान्२

તે એવી રીતે કે, એ ગણોમાંના કેટલાકને મુખપ્રહારથી, કેટલાકને ખરીઓવડે કેટલાકને પુછડના ઝપાટાથી તથા તે શિવાય બીજાઓને શીંગડાથી, એ રીતે એ ગણોનુ તેણે વિદારણ કરયુ, ૨૧

वेगेनकांश्चिदपरान्नादेनभ्रमणेनच ॥
निःश्वासपवनेनान्यान्पातयामासभूतले ॥२२॥

તેમજ કોઇને વેગથી, કોઇને ગર્જનાથી, કોઇને શીંગડાપર ચડાવ્યા છતા ફેરવીને તથા બીજા કેટલાક ગણો હતા તેઓને શ્વાસના વાયુથી, એ રીતે એ ગણોને મહિષાસુરે ભૂતલપર પાડયા. ૨૨

निपात्यप्रमथानीकमभ्यधावतसोऽसुरः ॥
सिंहहतुंमहादेव्याःकोपचक्रेततोम्बिका ॥२३॥

એ રીતે દેવીના પ્રથમ ગણેને પૃથ્વી પર પાડીને, એ મહિષાસુર મહાદેવીના સિંહનો સંહાર કરવા સારૂ દોડીને આવ્યો, જેથી અંબિકા દેવી અતિશય ક્રોધાયમાન થયાં. ૨૩

सोपिकोपान्महावीर्यखुरक्षुण्णमहीतलः ॥
श्रृंगाभ्यांपर्वतानुच्चांश्चिक्षेपचननादच ॥२४॥

તે વખત એ મહાબળશિલ મહિષાસુર પણ ક્રોધાયમાન થઇને, પોતાની ખરીઓવડે ભૂમિ ખરવળતો થકો, અને પર્વતોને પણ શીગડાવડે ઉખેડી, આકાશભણી ફેંકતો છતા, મોટી ગર્જના કરવા લાગ્યો. ૨૪

वेगभ्रमणविक्षुण्णामहीतस्यव्यशीर्यत ॥
लांगूलेनाहतश्चाब्धि प्लावयामाससर्वतः॥२५॥

અને તેણે જે ભૂમિ અરવળી હતી, તે તેના ભરતાનથી આડી અવળી બાજુએ અરતાવ્યરિતત થઇ, તથા તેણે પોતાના પુંછડાવડે સમુદ્રને પ્રહાર કરતાજ, એ સમુદ્ર અળભળિત થવાથી, તેના જળે કરીને સમસ્ત ભૂમિ બુડી ૨૫

धुतश्रृंगविभिन्नाश्चखंडंखंडययुर्घनाः ॥
श्वासानिलास्ताःशतशोनिपेतुर्नभसोचलाः।२५।

વળી તેણે શીંગડા કંપાવ્યા, તેથી આકાશમાનુ મેઘમંડલ સ્થિર હતું તેના જુદા જુદા ભાગ થઇને, ઠેકાપી આકાશમા નિશ્ચલ થયા હતા, તથાપિ તેના શ્વાસવા

શુથી તેના પણ નિરંતર સૂક્ષ્મ અંશ થઈને,
આકાશમાથી ભૂમિપર પરથા ૨૬

इतिक्रोधसमाध्मातमापततमहासुरम् ॥
दृष्ट्वासाचंडिकाकोपंतद्वधायतदाकरोत् ॥२७॥

એ રીતે એ મહિષાસુર, ક્રોધથી ગર્જના
કરતો થકો. પોતાનાપર ધસીને આવે છે
એમ દેખતાજ, એ ચંડિકાએ, તેના વધ
બાબત મહા કોપ ધારણ કર્યો ૨૭

साक्षिप्त्वातस्यवैपाशंतंबबंधमहासुरं ॥
तत्याजमाहिषंरूपंसोपिबद्धोमहामृधे ॥२८॥

અને તેમણે તેનાપર પાશ (જાળ)
નાખીને, એ મહા અસુરને બાંધી લીધો.
એ રીતે એ અસુર, એ જાળમા બંધાતાજ,
તેણે એ યુદ્ધ મંડળમા મહિષ (પાડાના)

રૂપનો ત્યાગ કરીને, ૨૮

ततः सिंहोऽभवत्सद्यो यावत्तस्याम्बिका शिरः ॥
छिनत्ति तावत्पुरुषः खड्गपाणिरदृश्यत ॥२९॥

તત્કાલ સિંહનું રૂપ ધારણ કરયું. તે વખત એ ચંડિકા દેવી જેવું તેનું શીર છેદવા જાય છે. તેટલામા તો એ ખડ્ગ ધારણ કરનારા પુરૂષની આકૃતિવાળો દેખાવા લાગ્યો ૨૯

तत एवाशु पुरुषं देवी चिच्छेद सायकैः ॥
तं खड्गचर्मणा सार्धं ततः सोऽभून्महागजः ॥३०॥

પછી એ દેવીએ એ પુરૂષાકૃતિવાળા અસુરના ખડ્ગ તથા ઢાલ, પોતાના બાણવડે છેદન કર્યો; તો એટલામાં તે અસુરે પુરૂષાકૃતિ છોડીને, મહા હસ્તીરૂપ ધારણ

કેરયું. ૩૦

करेणचमहासिंहंतचकर्षंजगर्जच ॥
कर्षतस्तुकरंदेवीखड्गेनानिरकृतत ॥३१॥

એ વખત એ અસુર ગર્જના કરતો થકો, પોતાની સૂંઢવડે, એ દેવીના સિંહને આકર્ષવા (ખેંચવા) લાગ્યો એ રીતે એ ખેંચતો હતો, એટલામાં દેવીએ તેની સૂંઢ ખડ્ગવડે છેદન કરી નાખી ૩૧

ततोमहासुरोभूयोमाहिषंवपुरास्थितः ॥
तथैवक्षोभयामासत्रैलोक्यसचराचरं ॥३२॥

તે વખત એ મહા અસુરે ફરીથી પ્રથમ પ્રમાણેનું મહિષરૂપ ધારણ કર્યું અને એ પ્રથમ પ્રમાણે ચરાચર વિશ્વસહિતના ત્રૈલોકયને ક્ષોભાયમાન કરવા લાગ્યો. ૩૨

ततक्रुद्धाजगन्माताचण्डिकापानमुत्तमम् ॥
पपौपुनःश्चैवजहासारुणलोचना ॥ ३३ ॥

તે પછી એ જગન્માતા (જગતની માતા) ચંડિકા દેવી, ક્રોધાયમાન થઇને, તેમણે ફરીફરીને ઉત્કૃષ્ઠ મદ્યપાન કર્યું એ મદ્યપાનથી એ દેવી આરક્તનેત્ર થવાથી, ઉચ્ચ સ્વરથી વારંવાર હાસ્ય કરવા લાગ્યા. ૩૩

ननर्दचासुरःसोपिबलवीर्यमदोद्धतः ॥
विषाणाभ्यांचचिक्षेपचण्डिकांप्रतिभूधरान् ३४

એ સમય એ મહિષાસુરપણ શરીર-બલ ઉત્સાહ વગેરે થકી થએલા ગર્વથી ઉન્મત્ત થઇને મોટે ઘાટે ગર્જના કરતોથકો શીંગડા વડે મોટા મોટા પર્વતોને ઉચકીને, એ ચંડિકાપર ફેંકવા લાગ્યો. ૩૪

साचतान्महितां तेनचूर्णयंती शरोत्करैः ॥
उवाचतंमदोध्धूतमुखरागाकुलाक्षरम् ॥३५॥

એ રીતે એણે જે જે પર્વતો નાખ્યા, તે પર્વતોનું એ દેવીએ ચુર્ણ કર્યું, પછી મદ્યપાન કર્યાનેલીધે જેમના મુખપર અત્યંત લાલિ છતાં મુખમાંથી નિકળતા ક્રુરતાયુક્ત શબ્દોથી એ મહિષાસુરને કહેવા લાગ્યાં ૩૫

॥ देव्युवाच ॥

गर्जगर्जक्षणंमूढमधुयावत्पिबाम्यहं ॥
मयात्वयिहतेत्रैवगर्जिष्यत्याशुदेवताः ॥३६॥

હે મુઢ! મને મદ્યપાન કરવામાં જેટલા ક્ષણની વાર લાગે, તેટલા ક્ષણ તારે તું ફાવે તેટલી ગર્જના કર; પણ પછીથી

હુ તને મારીશ એટલે સર્વ દેવો, આ સ્થળે તત્કાલ ગર્જના કરવા લાગશે. ૩૬

॥ ऋषिरुवाच ॥

एवमुक्त्वासमुत्पत्यसारूढातंमहासुरं ॥
पादेनाक्रम्यकंठेचशूलेनैनमताडयत् ॥ ३७ ॥

ઋષિ કહે છે, એ રીતનુ ભાષણ કરીને, દેવી અકસ્માત ઠેકડો મારીને, એ મહા અસુરની છાતીપર ચડી બેઠા, અને તેના એક ચરણવડે ભૂમિપર ચાપીને, તેના ગળાપરશુલનો પ્રહાર કર્યો ૩૭

ततःसोपिपदाक्रांतस्तयानिजमुखात्तदा ॥
अर्धनिष्क्रांतएवासीद्देव्यावीर्येणसंवृतः ॥३८॥

એ રીતે એ દેવીએ તેને ભૂમિપર પડ્યા છતાં, શૂળપ્રહારથી મસ્તક છેદન કર્યો

પછી મસ્તક વિનાનું મહિષનું ધડ ઉત્પન્ન થયું તે, દેવીના પરાક્રમથી અત્યંત પરાજીત (હારવું) થવાથી, એ અસુર પોતાના આખા શરીરવડે બાહાર નિકળવાને સમર્થ થાય નહીં. ૩૮

अर्धनिष्क्रातएवासौयुध्यमानोमहासुरः ।
तयामहासिनादेव्याशिरश्छित्वानिपातितः ३९

તે વખત એ મહાઅસુર બાહાર નીકળેલા અર્ધ શરીરવડેજ દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યો, એટલામા તો એ દેવીએ મહાખડ્ગ પ્રહારે તેનો શિરચ્છેદ કરીને. તે ભૂમંડલપર પાડ્યો. ૩૯

ततोहाहाकृतंसर्वंदैत्यसैन्यंननाशतम् ॥
महर्षंचपरंजग्मुःसकलादेवतागणाः ॥४० ॥

એ રીતે મહિષાસુરનો દેવીએ સંહાર કર્યો, એ જોઇને વધળી દૈત્યસેના હાહાકાર કરતી થકી નાશી ગઇ એ સમય સકલ દેવગણોને અતિ ઉત્કૃષ્ટ હર્ષ થયો, ૪૦

तुष्टुवुस्तां सुरा देवीं सह दिव्यैर्महर्षिभिः
जगुर्गन्धर्वपतयो ननृतुश्चाप्सरोगणाः ॥ ४१ ॥

એ હર્ષને લીધે ઇન્દ્રાદિ દેવો, બ્રહ્માદિક સકલ મહા ઋષિઓ સહવર્તમાન એ દેવીની સ્તુતિ કરવા લાગ્યા; અને ગંધર્વપતિ ગાયન તથા અપ્સરાઓનો સમૂહ નૃત્ય કરવા લાગ્યો. ૪૧

॥ इति मार्कण्डेये पुराणे सावर्णिके मन्वंतरे देवीमहात्म्ये महिषासुरवधो नाम तृतीयोऽध्यायः ॥३॥

ઇતિશ્રી માર્કંડેયપુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી ભગવતી મહાત્મ્યે મહિષાસુરવધોનામ સાર્થં તૃતીયોધ્યાય ૩

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

शक्राद्यःसुरगणानिहतेतिवीर्यें तस्मिंदुरात्मनिसुरारिबलेचदेव्या ॥ तांतुष्टुवुः प्रणतिनम्रशिरोधरांसावाग्भिः प्रहर्षपुलकोद्गमचारुदेहाः ॥ १ ॥

ઋષિ કહે છે હે રાજન! એ રીતનો પછાડ વર્ણવેલો મહા બળ શાળિ છતાં, અતિ પરાક્રમસંપન્ન દુરાત્મા તથા દેવોનો શત્રુ

મહિષાસુર, દેવીએ માર્યો એટલે દીવ્યદેહ-ધારી ઈંદ્રાદિ સર્વે દેવો અતિ હર્ષથી રોમાંચિત થયા થકા, પોતાના મસ્તક તથા ખભા નમાવીને, નમસ્કાર પૂર્વક એ જગદંબેની સ્તુતિ કરવા લાગ્યા ૧

देव्याययाततमिदं जगदात्मशक्त्यानिश्शेषदेव-गणशक्तिसमूहमूर्त्यां ॥ तामम्बिकामखिल-देव महर्षिपूज्याभक्त्यानताः स्मविदधातुशु-भानिसानः ॥ २ ॥

તે એવી રીતે કે, જેની મૂર્તિ સમસ્ત દેવગણોની તેજોમય શક્તિના સમૂહથી પરિપુર્ણ હોવાને લીધે, જે દેવીએ આત્મશક્તિવડે આ સર્વ જગત વ્યાપ્ત કર્યું છે, તેથી સકલ દેવો તથા મહર્ષિઓ જેમનુ

પૂજન કરવા યોગ્ય છે એવા અંબિકાને અમે ભક્તિયુક્તપણે નમસ્કાર કરીએ છીએ તે જગદંબા અમારૂં સર્વ પ્રકારે કલ્યાણ કરો. ૨

यस्याः प्रभावमतुलं भगवाननन्तो ब्रह्माहरश्च नहि वक्तुमलं बलञ्च ॥ सा चण्डिकाखिलजगत्परिपालनाय नाशाय चाशुभभयस्य मतिं करोतु ॥३॥

જેમનો પ્રભાવ તથા શરીરબલ અતુલ્ય હોવાથી અનંત નામના જે શેષ ભગવાન, કે જેને સહસ્ર મુખ, બ્રહ્મદેવને સૃષ્ટિકર્તૃત્વ શક્તિ તથા મહાદેવને સંહાર શક્તિ છતાં એ ત્રણે, જેનો પ્રભાવ વર્ણન કરવાને સમર્થ થતા નથી ત્યારે બીજામાં શક્તિ ક્યાંથી હોય? એ ચંડિકા દેવી,

સમસ્ત જગનૂના પરિપાલનને અર્થ તથા અસુરો થકી અમને જે ભય લાગે છે તેના નાશને અર્થે બુદ્ધિ ધારણ કરો. ૩

याश्रीःस्वयसुकृतिनांभवनेष्वलक्ष्मीः पापात्मनां कृतधियां हृदयेषु बुद्धिः ॥ श्रद्धासतांकुल जनप्रभस्यलज्जातांत्वानताः स्मपरिपालयदेवि विश्वम् ॥ ४ ॥

અને જે પુણ્યવતના ઘરમા લક્ષ્મીરૂપે પાપાત્માના ઘરમા અલ્ક્ષ્મી (દારદ્ર) રૂપે, જેઓનાં અંતકરણ શુદ્ધ છે તેઓના હૃદયમાં ધર્માદિ ચતુર્વીધ પુરૂષાર્થના સાધનભૂત જ્ઞાન રૂપે, સજ્જનોના હૃદયમાં શ્રદ્ધા (વેદશાસ્ત્રાદિકપર આસ્તિક્ય બુદ્ધિ) રૂપે તથા જેમને જન્મ સત્કુ-

ઉત્તમ થયો છે તેમના પર દુષ્કર્મ કરવામાં અટકાવ કરનારી લજ્જારૂપે વાસ કરો છો એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ હે દેવી ! તમે આસપૂર્ણ વિશ્વનુ પરિપાલન કરો ૪

किंवर्णयामतवरूपमचिंत्यमेतत्किंचातिवीर्यमसुरक्षयकारिभूरि ॥ किंचाहवेषुचरितानितवातियानिसर्वेषुदेव्यसुरदेवगणादिकेषु ॥५॥

એ રીતની અમે તમારી પ્રસંગોપાત સ્તુતિ કરી, પરંતુ ખરૂ જોતાં આપની સ્તુતિ અનિર્વાચ્ય (વર્ણન કરવાને અશક્ય) છે તે બાબત કહે છે કે હે દેવી ! તમારૂં રૂપ, સર્વોત્કૃષ્ટ હોવાને લીધે, સર્વે અસુરો, બ્રહ્માદિ દેવો તથા પ્રથમગણો

વગેરેને પણ ચિંતન કરવાને અશક્ય છે, વળી તમારૂં પરાક્રમ પણ, મહા બલ'ઠ। દૈત્યોનો નાશ કરવામાં હોવાને લીધે આચર્ય છે આ યુદ્ધમાં તમે જે અદ્ભુત કૃત્યો કર્યા તે પણ અતિ ઉત્કૃષ્ટજ છે, તો હે દેવી! તમારો મહિમા અમે શી રીતે વર્ણન કરી શકીએ? ૫

हेतुःसमस्तजगतांत्रिगुणापिदोषैर्नज्ञायसे हरिहरादिभिरप्यपारा॥सर्वाश्रयाखिलमिदं जगदंशभूतमव्याकृताहिपरमाप्रकृतिस्त्वमाद्या ।६।

કારણ કે, સાક્ષાત મુખ્ય પ્રકૃતિ તમેજ છો એ બાબત વિશેષ કહે છે કે, તમે સત્વ, રજ તથા તમ એવા ત્રિગુણાત્મક હોવાને લીધે, સમસ્ત જગતની ઉત્પ-

ત્તિ, સ્થિતિ તથા નાશનાં મુખ્ય કારણ છો, પરંતુ સત્વાદિ ત્રિગુણના સબંધને લીધે મારામાં કામ ક્રોધાદિ દોષો છતાં, હું સર્વની ઉત્પત્તિ વગેરેનુ કારણ શી રીતે? એવી કદાચિત આપને શંકા આવે, તો તે બાબત કહે છે કે, કદાપિ તમે ત્રિગુણાત્મક છો. તથાપિ તમારામાં કામાદિ દોષોનો સ્પર્શ પણ નથી, અથવા તમે પ્રથમ કહેલાં વૃતાતને લીધે દોષયુક્ત છો એમ આપને કોઇ પણ જાણતું નથી, કારણ કે, તમે કેવલ નિર્દોષ છો, પરંતુ મારામાં જો કોઇ પણ પ્રકારનો ગુણ છે તો હું સકલ કારણોનું હેતુભુત શી રીતે હોઇશ? એવી શંકા કરશો નહી, કારણ કે આપ અપરિચ્છિન્ન (અપાર) હોવાને લીધે, તમે અમૂ

દેશ અથવા અમુક કાલપર્યંત આટલાંજ છો એવા આપના ગુણ તથા રૂપની લક્ષણા (ધારણા) કરવાનું હરિહરાદિકથી પણ બનતું નથી, એવું શા ઉપરથી? એમ પુછશો, તો નિવેદન (કહી સંભળાવવું) કરૂછુ કે આ સમસ્ત જગત આપનુંજ અંશભૂત હોવાથી સકલ કાર્ય કારણોનો આશ્રય તમેજ છો. અર્થાત માગમા એ પ્રમાણે હોય તો, મારામા પણ વિકાર છે એમ ઠરશે? એ શંકાનો પરિહાર એવો કે, માત્ર જીવોમાં વિકાર હોય છે. તે એમ કે, જે પ્રથમથીજ જન્મ લે છે, મોટો થાય છે, દુર્બલ થનો જાય છે, મોટો થાય છે તથા નાશ પણ પામે છે. એવા છ પ્રકારના જીવોના જે વિકાર છે તે આપમા નથી તો,

તમે સંસારની આદિકારણભૂત સર્વોત્કૃષ્ટ ૬
પ્રકૃતિ છો.

यस्याः समस्तसुरतासमुदीरणेनतृप्तिं प्रयाति
सकलेषु मखेषु देवि स्वाहासिवैपितृगणस्य च
तृप्तिहेतुरुच्चार्यसेत्वमतएवजनैःस्वधा च ॥७॥

તેમજ હે દેવી! દૈવિક કર્મો બાબત જેનો સ્વાહા એવો ઉચ્ચાર કરીએ એટલે, સર્વપ્રકારના યજ્ઞોમા સકલ દેવોના સમુદાયની તૃપ્તિ થાય છે. એવા સ્વાહારૂપી તમેજ છે, વળી પૈતૃક કર્મ બાબત સ્વધા એવો જે ઉચ્ચાર, તે સમસ્ત પિતૃગણોને તૃપ્તિદાયક થાય છે તો, એવા સ્વધારૂપે પણ તમેજ છો, માટે સર્વ બ્રાહ્મણો સ્વાહા તથા સ્વધા એવા ઉચ્ચાર પૂર્વક દેવો તથા પિતૃ-

ઓનું આરાધન કરે છે તે, સ્વાહા તથા સ્વધારૂપે પણ તમેજ છે. ૭

यामुक्तिहेतुरविचिंत्यमहाव्रतात्वमभ्यस्यसेसु-नियतेंद्रियतत्त्वसारैः ॥ मोक्षार्थिभिर्मुनिभिरस्त समस्तदोषैर्विद्याऽसिसा भगवती परमाहि देवी ॥ ८ ॥

એ રીતનું પ્રકૃતિરૂપ વર્ણવીને, હવે બ્રહ્મરૂપત્વ દર્શાવે છે હે દેવી! તમે મુક્તિના હેતુભૂત હોવાને લીધે, તમારૂં અહિંસાદિ મહાવ્રત ચિંતન કરવાને પણ અશક્ય છે, પરંતુ ઇંદ્રિયોના નિગ્રહથી તત્વાખ્ય બ્રહ્મજ જાણવાને સારભૂત હોવાપરથી જેના સમસ્ત દોષ નહી જેવા થાય છે; એવા મોક્ષાર્થિ મુનિઓ, જે વિદ્યાનો નિરંતર

ભ્યાસ કરે છે, તે સાક્ષાત ભગવદ્વિષયક એવા સર્વોત્કૃષ્ટ વિદ્યા રૂપી દેવીપણ તમેજછો ૮

शब्दात्मिकासुविमलर्ग्यजुषांनिधानमुद्गीथरम्यपदपाठवतांचसाम्नां ॥देवत्रयीभगवतीभवभावनायवार्तासिसर्वजगतांपरमार्तिहंत्री ॥ ९ ॥

તેમજ ઋગ્વેદ, યજુર્વેદ તથા ઉત્કૃષ્ટ અને રમણીય. ધ્વનીયુક્ત છતા, જેમા પદોનું પણ પટુત્વ છે; એવા સામવેદ સહિતના ત્રણે વેદને મુખ્ય આશ્રયભૂત હોવાને લીધે, શબ્દ બ્રહ્મરૂપ પણ તમેજ છો, વળી સર્વ જીવોની જન્મમરણરૂપ સંસારમાં જે સ્વભાવિક પ્રવૃતિ હોયછે, તે થકી નિવૃતિ થવા બાબતના જ્ઞાનનો પ્રકાશ કરનારાં તમે સાક્ષાત ભગવતી, વેદત્રયરૂપે છતાં, સકલ-

જગતની વર્ણાશ્રમના અનુસારે ઉપજીવિકા કરનારા તથા અધ્યાત્મીક, અધિદૈવિક તથા આધિભૌતિક એવી જે ત્રિવિધ પીડા, તેને પણ પરિહાર કરનારા તમેજ છે। ૯

मेधासिदेवि विदिताखिलशास्त्रसारा दुर्गाऽसि दुर्गभवसागरनौरसंगा ॥ श्रीः कैटभारिहृदयैककृताधिवासा गौरी त्वमेव शशिमौलिकृत प्रतिष्ठा ॥ १० ॥

હે દેવી ! તમને સકલ શાસ્ત્રોને સારાશ વિદિત હોવાને લીધે તમે સાક્ષાત સરસ્વતી છો, તેમજ દુસ્તર સંસાર સાગરમાંથી શરણાગત જીવોને, જ્ઞાનોપદેશ દ્વારા તરવાબાબત તમેજ નૌકારૂપ દુર્ગાદેવી છો; પરંતુ પ્રસિદ્ધ નૌકા કર્તા તમારામાં

વિશેષત્વ છે તે એવુ કે એ નૌકા સુકાન તથા શઢવાળી હોય છે, પરંતુ તમે તો સગ રહિત છો એ નૌકા જેવા નથી મધુકૈટભના અરિ (શત્રુ) વિષ્ણુના હૃદયમાં વાસ કરનારાં હોવાઉપરથી, સાક્ષાત લક્ષ્મી હોવાને લીધે ગૌરી એ રીતના વૈષ્ણવી તથા રૌદ્રિ પણ તમેજ છો. ૧૦

ईषत्सहासममलंपरिपूर्णचद्र बिंबानुकारिकनकोत्तमकांतिकांतम् ॥ अत्यद्भुतंप्रहृतमाचरुषा तथापिवक्रंविलोक्यसहसामहिषासुरेण ॥११॥

હે જગદંબા, તમારૂં મુખ કિંચિત હાસ્યયુક્ત હોવાને લીધે, પરિપૂર્ણ કલાયુક્ત ચંદ્રબિંબનુંજ ઉપમેયત્વ કરનારૂં છતા પણ આપનું મુખ વિશેષ છે; કારણ કે, એ

ચંદ્રબિંબ તો કલંકવંતુંછે અને આપનું મુખાવિંદ તો નિષ્કલંક હોવા ઉપરથી નિરંતર સર્વોત્કૃષ્ટ સુવર્ણતુલ્ય કાન્તિથી રમણીયછે. એરીતના આપના અદ્ભુત આનાવિંદને અવલોકન કરતાંજ સહુ મોહ થાય, એ રીતનું જગન્મોહક મુખ એ મહિષાસુરેપણ અવલોકન કર્યું તથાપિ તેને મોહ ન થતાં અત્યંત ક્રોધ પ્રાપ્ત થયો અને તત્કાલ અતિ નિષ્ઠુર ભાષણ કર્યું એ પરમાશ્ચર્યજ કહેવાય। તો હે દેવી। એવા મૂર્ખ અસુરના વધથી આપનો ઉત્કર્ષ કેમ ન થાય? અર્થાત્ થાયજ।   ૧૧

दृष्ट्वातुदेविकुपितंभ्रूकुटीकरालमुद्यच्छशांकसदृ-
शच्छवियन्नसद्यः ॥ प्राणान्मुमोचमहिषस्त-

दतीवचिरुकैर्जीव्यतेहिकुपितांतकदर्शनेन।१२

એવું શા ઉપરથી ? એમ પુછશો તો નિવેદન કરૂં છું કે, હે દેવી ! એ મહિશા સુરને જોતાજ અત્યંત ક્રોધાયમાન થવાથી તથા ભૃકુટી વક્ર થયાથી. જેમ ઉદયકાલે ચંદ્રબિંબ આરક્ત વર્ણનું હોય છે, તેમ આપનું મુખ ભયંકર દેખાવા લાગ્યું, તે અવલોકન કરતાંજ એ મહિષે (પાડાએ) પ્રાણ ત્યાગ કર્યો એ અતિશે આશ્ચર્ય નથી, કારણ કે. ક્રોધાયમાન થએલા સામાને જોતાં કયો પ્રાણી જીવતો રહેશે ? ૧૨

देविप्रसीदपरमाभवतीभवायसद्योविनाशयसि कोपवतीकुलानि ॥ विज्ञातमेतदधुनैवयदस्तमे तन्नीतंबलंसुविपुलंमहिषासुरस्य ॥ १३ ॥

એમ હશે, પરંતુ હે દેવી! તમે અ-
મારા ઉપર પ્રસન્ન થાઓ, કારણ કે, તમા-
રી સ્વભાવિક બુદ્ધિ અનુગ્રહ યુક્ત હોવા-
થી, તમે અમારા કલ્યાણાર્થે કોપ ધારણ
કરીને, અમારા શત્રુકુલનો તત્કાલ નાશ
કરો છો, તે અમને માલમ છે શા ઉપર-
થી? એમ પુછશો, તો કહીએ છીએ કે,
હવે એટલામાંજ એ મહિષાસુરનું સૈન્ય અ-
સંખ્ય છતાં પણ તમે માત્ર નહી જેવુ કર્યું
તો અમારાપર આપનો પૂર્ણ અનુગ્રહ (કૃપા)
છે. એમા શું કહેવાનુ? ૧૩

तेसंमताजनपदेषु धनानितेषांतेषांयशांसिनव-
सीदतिबधुवर्गः ॥ धन्यास्तएवनिभृतात्मजभृ-
त्यदारायेषांसदाभ्युदयदाभवतीमसन्ना ॥१४

ઘણું કરીને અમારા પરજ તમારો અનુગ્રહ છે એમ નથી, સકળ મનોરથ પૂર્ણ કરનારા આપ, જેનાપર પ્રસન્ન થશો, તેના દેશમાં સજ્જનો થવ.છતા, સંમત્તિથી વર્તનારા થાય છે, અને તેઓનેજ વિપુલ (ઘણા) દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, તેઓનાજ યશોની વૃદ્ધિ થાય છે અને તેઓનાંજ ધર્માર્થ કામ મોક્ષરૂપી ચતુર્વિધ પુરૂષાર્થ કેહિપણ નષ્ટ થતા નથી જેઓના ઉપર તમારી સુદ્રષ્ટિ છે તેજ પુરૂષ, સપુત સેવક તથા સાધ્વી ભાર્યા વિગેરેથી સમૃદ્ધિવત થઇને કૃતસત્ય થાય છે ૧૪

धर्म्माणिदेविसकलानिसदैवकर्माण्यत्यादृतःप्रतिदिनंसुकृतीकरोति ॥ स्वर्गंपयातिचततोभव

तीमसाद्राह्लोकत्रयेपिफलदानुदेशितेन ॥१५

હે દેવી! આપની કૃપાથી પૂર્વ જન્મર્જિત્ ધર્મને લીધે પુણ્યવાન્ થવાથી, ફરી આ જન્મે, પ્રતિ દિવસે અત્યંત આદર પૂર્વક નિત્ય નૈમિત્તિક એવાં સંપૂર્ણ ધર્મયુક્ત કર્મો કરે છે પછી તમારી કૃપાથીજ આપપર પ્રીતિ થવંના ઉદેશથી જે પુણ્ય કર્મો કરે છે, તેને યોગે ફરીથી તમારી કૃપા થઇને, તે કૃપાને યોગેજ તે સ્વર્ગમાં જાય છે. વિશેષે કરીને તેને મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે એ ઉપરથી આપ ત્રૈલોકયમાં નિશ્ચે મહા ફળ આપનારાં છો. એમા સશય નથી. १५

दुर्गेस्मृताहरसिभीतिमशेषजंतोः स्वस्थैःस्मृता-

मतिमतीवशुभांददासि ॥ दारिद्र्यदुःखभयहारिणि कात्वदन्या सर्वोपकारकरणायसदार्द्र चित्ता ॥ १६ ॥

તેમ જ હે દુર્ગા ! સંકટ સમય આપનું સ્મરણ કરે એટલે, આપ સર્વ પ્રાણીમાત્રની વિશેષ બીકીક હરણ કરો છો. જે પ્રાણિ સ્વસ્થ ચિત્ત થઇને તમારૂં સ્મરણ કરે છે, તેને તમે અતિ શુભ મતી આપો છો, તો શરણાગતનાં દારિદ્રય દુઃખ તથા ભયનો નાશ કરનારા તમારા સિવાય બીજુ કોણ છે ? કોઇજ નહી, માટે જ કેટલાક જનો સર્વપર ઉપકાર કરવાસારૂ નિરંતર તમારીજ પૂજા કરે છે.

एभिर्हतैर्जगदुपैतिसुखंतथैतेकुर्वंतु नाम नरकाय

चिरायपापं ॥ संग्राममृत्युमधिगम्यदिवंप्रयांतु
मत्वेतिनूनमहितान्विनिहंसिदेवि ॥ १७॥

હે દેવી ! તમારૂં મનોગત એવું છે કે એ દૈત્યનો મેં સંહાર કર્યો જેથી જગતને સુખની પ્રાપ્તી થાય, જે કોઈ દૈત્યો હોય તેઓ નરકની પ્રાપ્તી સારૂ નિરંતર પાપ કર્મો કરે જાય અને કોઇ સંગ્રામમાં મરણ પામીને સ્વર્ગે જાય એવા ત્રણ પ્રકારના હેતુ મનમાં ધારણ કરીને, તમે આ જગતનું અહિત કરનારા દૈત્યોનો વધ કરો છો. ૧૭

दृष्ट्वैवकिंनभवतीप्रकरोतिभस्मसर्वासुरानरिषुय
त्प्रहिणोषिशस्त्रं ॥ लोकान्प्रयांतुरिपवोपिहि·
शस्त्रपूताइत्थंमतिर्भवतितेष्वहितेषुसाध्वी ॥१८

હે સાધ્વી, તમે માત્ર નજરે જોતાજ અસુરોને ભસ્મ કરનારા નથી કે ? કરશો જ; પરંતુ જે કારણ માટે તમે એ શત્રુઓ પર શસ્ત્ર પ્રહાર કર્યો તેનું કારણ એવું છે કે શત્રુઓએ પણ મારા શસ્ત્રપ્રહારવડે પવિત્ર થઈને, ઉત્તમ ગતિને પામે એવી આપની ઉત્કૃષ્ટ બુદ્ધિ હોવાને લીધે, આપ માત્ર પરોપકાર કરનારા છો; તો ભક્તજનોપર અનુગ્રહ કરો એમાં તો કહેવાનુંજ શું ૧૮

खड्गप्रभानिकरविस्फुरणैस्तथोग्रैः शूलाग्रकान्तिनिवहेनदृशोऽसुराणां ॥ यन्नागताविलयमंशुमदिंदुखण्डयोग्याननन्तव विलोकयतान्तदेतत् ॥ १९ ॥

એનું અનુગ્રહ કારણ દર્શાવે છે કે અમૃત કિરણયુક્ત ચન્દ્રમણ્ડલ તુલ્ય જે તમારૂં મુખારવિંદ, તે સર્વદા દેવો અવલોકન કરે છે તેમ છતાં, તમારા ખડ્ગના પ્રભાનો સમુદાય યદ્યપી સર્વત્ર વ્યાપ્ત થયો તથા આપના શૂલ નામના આયુદ્ધની અણીની પણ કાન્તિનો સમૂહ, આડીઅવળી બાજુઓએ વિસર્જન થયો, તથાપિ તેને યોગે દેવોની દૃષ્ટિ લેશમાત્રની પણ સંકુચિત થઇ નથી, તો દેવોપર આપનો પુર્ણ અનુગ્રહજ છે એમાં સંશય નથી ૧૯

दुर्वृत्तवृत्तशमनाय देवि शौर्य्यं त्वयैतदविचिंत्य मतुल्यमन्यैः ॥ वीर्यं च हंतृ हतदेवपराक्रमाणां वैरिष्वपि प्रकटितैवदयात्वयेत्थम् ॥ २० ॥

તો હે દેવી, દુષ્કર્મ કરનારાઓનાં સર્વ પાપોનો નાશ કરવો એવો આપનો સ્વભાવિક જ ગુણ છે, વળી આપનું રૂપ અનુપમ્ય હોવાને લીધે, આ પ્રમાણેનું છે એવું બીજા કોઇથી ચિંતન કરવાનું પણ બનતું નથી; અને આપમાં પોતાના પરાક્રમવડે દેવોને પરાજીત કરનારા દૈત્યોનો સંહાર કરવાનું સામર્થ્ય પણ છે બીજાઓમાં નથી. મતલબ કે એવા રૂપ તથા પરાક્રમથી તમે દેવોપર દયા કરો છો તે સિદ્ધ છે, પરંતુ દેવોના શત્રુ દૈત્યોપર આપ જે શસ્ત્રપ્રહાર કરો છો, તે તેઓના પાપનો ક્ષય કરવા સારૂ જ કરો છો. એ ઉપરથી એ દૈત્યોપર પણ તમે પોતાની દયા પ્રકટ કરી એવો અંદરનો ભાવાર્થ છે. ૨૦

केनोपमाभवतुते स्यपराक्रमस्यरूपंच शत्रुभय-
कार्यतिहारोक्कुत्र ॥ चित्तेकृपासमरनिष्ठुरताच
दृष्टा,त्वय्येवदेविवरदेभुवनत्रयेऽपि ॥ २१ ॥

હે વરદ દેવી, તમારા પરાક્રમને ઉપમા આપવા સારૂ ત્રૈલોક્યમાં શોધન કરતાં કોઇનુ પણ પરાક્રમ જણાતુ નથી, તેમ જ શત્રુઓને ભયકારક તથા દેવોને મનોહર એવુ આપના સમાન રૂપ પણ કોઇ ઠેકાણે નથી શાથી ! એમ પુછશો તો, નિવેદન કરીએ તે શ્રવણ કરો. કે, તમારા ચિત્તમાં દેવો બાબત કૃપા છે એમાં આશ્ચર્ય નથી, પરંતુ જ્યારે દૈત્યો પર પણ તમારી સ્વભાવિક અંતઃકરણ પૂર્વક કૃપા છે ત્યારે તેઓનો મે કોધથી

સંહાર શા માટે કર્યો ? એમ પુછશો તો કહીએ છીએ કે, યુદ્ધમાં તેઓ બાબત તમે માત્ર બાહ્ય પ્રકારે નિંઠુરતા ધારણ કરી તે આપનાપર નિરંતર આરોપિત માત્ર છે, પરંતુ ખરૂં જોતા આપ સ્વભાવિક નિંઠુર (દયાહિન નથી) ૨૧

त्रैलोक्यमेतदखिलं रिपुनाशनेन त्रातं त्वया समरमूर्धनि तेऽपि हत्वा ॥ नीता दिवं रिपुगणा भयमप्यपास्तमस्माकमुन्मदसुरारिभवं नमस्ते २२

તો હે દેવી, તમે રણભૂમિમાં શત્રુઓનો સંહાર કરીને, એ શત્રુ ગણોને સ્વર્ગે પહોચાડયા એમ હશે, પરંતુ એ રિપુઓના નાશે કરીને, તમે આ સંપુર્ણ ત્રૈલોક્યનું સંરક્ષણ કર્યું તેને યોગે, એ મહો-

ન્મત્ત દૈત્યોનો અમને જે ભય હતો તે સર્વથા નહીં જેવો કર્યો એ, અમપર આપનો અતિ ઉપકાર થયો તેનો પ્રત્યુપકાર કરવાનું અમમા શું સામર્થ્ય છે? કાંઇ નથી, તો અમે તમને માત્ર નમસ્કાર જ કરીએ છીએ. ૨૨

शूलेनपाहिनोदेविपाहिखड्गेनचाम्बिके ॥
घंटास्वनेननःपाहिचापज्यानिःस्वनेनच ॥२३॥

હે દેવી તમે તમારા શૂલવડે અમારૂં રક્ષણ કરો હે અંબિકે તમે તમારા ખડ્ગવડે અમને અભય આપો ઘંટાનાદ તથા ધનુષ્યના ટંકારવડે તમે અમને સર્વદા આનંદ આપો. ૨૩

प्राच्यांरक्षप्रतिच्यांचचंडिकेरक्षदक्षिणे ॥

भ्रामणेनात्मशूलस्यउत्तरस्यांतथेश्वरि ॥२४॥

હે ચંડિકા, પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ દિશાએ તમે અમારૂ રક્ષણ કરો. હે ઇશ્વરી, તમે પોતાના શૂલના ભ્રમણવડે અમારૂ ઉત્તર દિશામા રક્ષણ કરો. ૨૪

सौम्यानियानिरूपाणित्रैलोक्येविचरंतिते ॥
यानिचात्यंतघोराणितैरक्षस्मांस्तथाभुवं २५

આ ત્રૈલોકયમા ઉત્પત્તિ તથા સ્થિતિરૂપે વ્યાપાર કરતાં થકાં, શૌમ્યરૂપે તથા સહારરૂપે વ્યાપાર કરનારા ઘોરરૂપે છો તે વડે તમે અમારૂ તથા આ પૃથ્વીનુ સંરક્ષણ કરો. ૨૫

खड्गशूलगदादीनियानिचास्त्राणितेम्बिके ॥
करपल्लवसंगीनितैरस्मान्रक्षसर्वतः ॥ २६ ॥

હે અંબિકા, ખડ્ગ, શૂલ તથા ગદા વગેરે જે શસ્ત્ર આપના વૃક્ષપલ્લવતુલ્ય હસ્તોમાં છે, તે વડે તમે અમારૂં સર્વત્ર રક્ષણ કરો. ૨૬

॥ ऋषिरुवाच ॥

एवंस्तुतासुरैर्दिव्यैःकुसुमैर्नंदनोद्भवैः ॥
अर्चिताजगतांधात्रीतथागंधानुलेपनैः ॥२७॥

ઋષિ કહે છે–એ પ્રકારે દેવોએ ઉક્ત સ્તોત્રવડે એ દેવીની સ્તુતિ કરી, પોતાના નંદનવનમાંના દિવ્ય પુષ્પો તથા સુગંધ યુક્ત ચંદનના અનુલેપનવડે એ જગન્માતાની પુજા કરી ૨૭

भक्त्यासमस्तैस्त्रिदशैर्दिव्यैर्धूपैस्तुधूपिता ॥
प्राहप्रसादसुमुखीसमस्तान्प्रणतान्सुरान् ॥ २८

એ સમસ્ત દેવોએ પ્રેમ લક્ષણા ભક્તિથી દિવ્ય ધુપવડે તેમનુ સર્વાગ ધુપ યુક્ત કર્યું એ સમય એ જગદંબા પ્રસન્નમુખાં થઇને, એ નમ્ર થએલા સમસ્ત દેવ ગણોને કહેવા લાગ્યા. ૨૮

॥ देव्युवाच ॥

त्रियतांत्रिदशाःसर्वेयदस्मत्तोऽभिवांछितं ॥

॥ देव्युवाचः ॥

भगवत्याकृतंसर्वंनकिंचिदवशिष्यते ॥ २९ ॥

કે, હે દેવો, તમને જે ઇચ્છિત હોય તે વરદાન તમે સઘળાએ મારી પાસેથી માગી લેવું એવુ દેવીનું વાક્ય સાંભળતાંજ દેવો કેહેવા લાગ્યા કે, હે ભગવતી, તમે અમારા સકળ મનોરથ પુર્ણ કર્યા. હવે

કિંચિત કાર્ય અવશેષ રહ્યું નથી. ૨૯

इत्थयनिहतःशत्रुरस्माकंमहिषासुरः ॥
यदिचापिवरोदेयस्त्वयास्माकमहेश्वरि ॥३०॥

મહિષાસુરના વધરૂપી અમારે જે કાર્ય કર્તવ્ય હતું તે તેનો સંહાર કરીને તમે પુર્ણ કર્યું હે મહેશ્વરી, જો એ સિવાય તમે અમને કંઇ બીજુ વરદાન આપવાના હો. ૩૦

संस्मृतासंस्मृतात्वनोहिंसेथाःपरमापदः ॥
यश्चमर्त्यःस्तवैरेभिस्त्वांस्तोष्यत्यमलानने ॥३१

તો એવું આપો કે, જે જે સમય અમે તમારૂં વારવાર સ્મરણ કરીએ, તે તે સમય તમે અમારા દુખોનો પરિહાર કરો. હે નિષ્કલંક ચંદ્રવદની દેવી, જે મનુષ્ય

તમારા આ સ્તોત્રનુ સ્તવન કરે ૩૧

तस्यवित्तर्घिविभवैर्धनदारादिसंपदां ॥
वृद्धयेस्मत्प्रसन्नात्वंभवेथाःसर्वदाम्बिके ॥३२

તેના જ્ઞાનની વૃદ્ધિ, ઐશ્વર્ય, ધન તથા સ્ત્રીપુત્રાદિક અનુકૂલ સપત્તિની વૃદ્ધિ આપવા છતા, હે અંબિકા તમે અમારાપર પ્રસન્ન થયા તેવાં જ તેઓનાપર થજો. ૩૨

॥ ऋषिरुवाच ॥

इतिप्रसादितादेवैर्जगतोर्थेतथात्मनः ॥
तथेत्युक्त्वाभद्रकालीबभुवांतर्हितानृप ॥ ३३ ॥

ઋષિ કહે છે-હે રાજા, એ પ્રકારે દેવોએ પોતાના તથા જગતના કાર્યર્થ એ દેવીને પ્રસન્ન કરીને, વરદાન બાબત પ્રાર્થના કરી તે સમય એ ભદ્રકાલી તથા-

સ્તુ કહીને અંતર્ધાન પામ્યાં.   ૩૩

इत्येतत्कथितंभूपसंभुतासायथापुरा ॥
देवीदेवशरीरेभ्योजगत्त्रयहितैषिणी ॥ ३४ ॥

હે ભૂપતિ, એ પ્રમાણે એ દેવી ત્રૈલોક્યહિતાર્થે પૂર્વે સર્વ દેવોનાં શરીરથકી ઉત્પન્ન થયા તે મે તને કહ્યું.   ૩૪

पुनश्चगौरीदेहात्सासमुद्भूतायथाभवत् ॥
वधायदुष्टदैत्यानांतथाशुंभनिशुंभयोः ॥३५॥

તોપણ ફરીથી એ દેવી શુંભ નિશુંભ નામના દૈત્યો તથા તેમના અનુસગી જે બીજા દુષ્ટ દૈત્યો હતા તેઓના વધને અર્થે ગૌરી દેવીના શરીરથકી ઉત્પન્ન થઇને.   ૩૫

रक्षणायचलोकानांदेवानामुपकारिणी ॥
तच्छृणुष्वमयाख्यातंयथावत्कथयामिते ॥३६

તેમણે જે પ્રમાણે સર્વ લોકનું સંરક્ષણ કરીને દેવોપર ઉપકાર કર્યો, તે ઉપકાર હું મારી બુદ્ધિ પ્રમાણે તને કહું તે શ્રવણ કર. ૩૬

इति मार्कण्डेयपुराणे सावर्णिकेमन्वतंरेदेवीमहात्म्येशक्रादिस्तुतिर्नामचतुर्थोऽध्यायः ॥४॥

ઇતી શ્રીમાર્કંડેય પુરાણે ઇંદ્રાદિ દેવ સ્તુતિ મહિષાસુર વધોનામ સાર્થ ચતુર્થો અધ્યાય. ૪

॥ श्रीगणपतिर्जयति ॥

उत्तमचरितस्यरुद्रऋषिः ॥ महासरस्वती देवता ॥ अनुष्टुप् छंदः ॥ भीमाशक्तिः ॥ भ्रामरीबीजं ॥ सूर्यस्तत्वं ॥ सामवेदःस्वरूप ॥ महासरस्वतीप्रीत्यर्थंउत्तमचरितजपेविनियोगः घंटाशूलहलानिशंखमुसलेचक्रंधनुः सायकं ॥ हस्ताब्जैर्दधतींघनान्तविलसच्छीतांशुतुल्यप्रभां ॥ गौरीदेहसमुद्भवांत्रिनयनामाधारभूतां महापूर्वामत्र सरस्वतीमनुभजेच्छुंभादिदैत्यार्दिनीम् ॥

॥ ऋषिरुवाच ॥

पुराशुंभनिशुंभाभ्यामसुराभ्यांशचीपतेः ॥
त्रैलोक्यंयज्ञभागाश्चहृतामदबलाश्रयात् ॥१॥

મયા અધ્યાયમાં બુદ્ધિ પ્રમાણે કહું છું. એવી રૂષિએ જે પ્રતિજ્ઞા કરી તે બાબત આ પાચમા અધ્યાયમા એ ઋષિ ઇતિહાસ કથન કરે છે કે, પુર્વે કસ્યપથકી ઉત્પન્ન થએલા દનુને ઠેકાણે નમુચિ નામના દાનવના મોટા ભાઇ શુંભ તથા નિશુંભ ઉપન્ન થયા એ બેઉ મહા ગર્વીષ્ટ તથા બલાઢય અસુરોએ, ઈંદ્રના ત્રૈલોક્ય તથા યજ્ઞભાગનુ હરણ કર્યું. ૧

तावेवमूर्यतांतद्वदधिकारंतथैंदवं ॥
कौवेरमथयाम्यंचचक्रातेवरुणस्यच ॥ २ ॥
तावेवपवनर्द्धिंचचक्रतुर्वह्निकर्मच ॥
ततोदेवाविनिर्धूताभ्रष्टाराज्याःपराजिताः॥३॥

તે એમ કે, એ શુંભનિશુંભ સૂર્યના

સ્થાન હરણ કરીને, તેમનો પ્રકાશ તથા અધિકાર પોતે જ કરવા લાગ્યા. ચંદ્ર, કુબેર, યમ તથા વરૂણ વગેરેના સકળ અધિકાર તેઓ પોતાની જાતે, તે તે સ્થાનોએ રહીને કરવા લાગ્યા વાયુની સર્વત્ર વ્યાપકરૂપ સમૃદ્ધિ તથા અગ્નિની સર્વ દાહક, પાચક તથા પ્રકાશરૂપ શક્તિ વગેરે એ બન્નેએ ધારણ કર્યા. એ સમય સર્વ દેવો સર્વાધિકાર રહિત રાજભ્રષ્ટ થયા છતાં પરાજીત (હારેલા) થયા. ૩

हृताधिकारास्त्रिदशास्ताभ्यांसर्वैनिराकृताः ॥
महासुराभ्यांतांदेवींसंस्मरंत्यपराजिताम् ॥४॥

એ રીતના મહા અસુરોએ દેવોના સકળ અધિકાર હરણ કરીને તથા એ સ

ર્વને સ્વર્ગ સ્થાનમાથી ભ્રષ્ટ કરીને કહાડી મેલ્યા એ વખત સર્વત્ર અજીત એવાં દેવી વિષેની સર્વ દેવોને સ્મૃતિ (યાદ) આવી ૪

तयास्माकंवरोदत्तोयथापत्सुस्मृताखिलाः
भवतांनाशयिष्यामितत्क्षणात्परमापदः ॥५॥

તે એવી કે એ દેવીએ અમને પ્રથમ વરદાન આપ્યું હતું કે, હે સમગ્ર દેવો, જે સમય તમને વિપત્તિ પ્રાપ્ત થાય, તે સમય તમે મારૂ સ્મરણ કરશો એટલે હું તમારી સકળ મહા વિપત્તિઓનો તત્કાલ નાશ કરીશ ૫

इतिकृत्वामतिंदेवाहिमवन्तंनगेश्वरं ॥
जग्मुस्तत्रततोदेवींविष्णुमायांप्रतुष्टुवुः ॥६॥

એવું તેમણે આપણને આશ્વાસન (વચન) આપ્યુ હતું, માટે હાલમાં તેમનેજ શરણે જવુ એવો નિશ્ચય કરીને, તે સર્વ દેવો સકળ પર્વતોમા શ્રેષ્ટ એવા હિમાલય પર્વતે ગયા, કારણુ કે એ હિમાલય એ ભવાનીનુ ઉત્પત્તિ સ્થાન છે માટે ત્યા જઇને, તે દેવો એ વિષ્ણુની માયા રૂપીણી દેવીની સ્તુતિ કરવા લાગ્યા. ૬

॥ देवा ऊचुः ॥

नमोदेव्यैमहादेव्यैशिवायैसततंनमः ॥
नमःप्रकृत्यैभद्रायैनियताःप्रणताःस्मतां ॥७॥

તે એમ કે, જેમની કાન્તિ સર્વત્ર વ્યાપ્ત છે એવા દેવીને તથા એ બ્રહ્માદિકોને પણ સૃષ્ટિ (જગદોત્પત્તિ) વગેરે

વ્યવહાર કરવા બાબત પ્રવૃત્ત કરેછે એવાં મહાદેવીને નમસ્કાર હજો; તેમ જ કલ્યાણરૂપીણી જે શીવા (પાર્વતી) તેમને પણ અમારો નિરંતર નમસ્કાર હજો, વળી જગતની ઉત્પત્તિ કરનારા મૂળ પ્રકૃતિને તથા રક્ષણ કરનારાં આદ્ય શક્તિને, અમે નમસ્કાર પુર્વક સાવધચિત્ત થયાથકા અત્યંત નમ્ર થયા છીએ ૭

रौद्रायैनमोनित्यायैगौर्यैधात्र्यैनमोनमः ॥
ज्योत्स्नायैचेंदुरूपिण्यैसुखायैसततंनमः ॥८॥

પ્રલયકાળે જગતનો સંહાર કરનારાં રૌદ્રશક્તિ, સર્વકાળ એકરૂપે રહેનારાં નિત્યાખ્યશક્તિ, સંપૂર્ણ જગતને ઉદરમાં ધારણ કરનારા ગૌરી તથા સર્વને આધાર·

ભૂત ધાત્રીને અમારો વારંવાર નમસ્કાર હજો; અને ચંદ્રની કાન્તિરૂપીણી છતાં ચંદ્રરૂપીણી છતાં પોતાના ભકતોને પરમાનંદ સુખરૂપીણી છે, તેમને પણ અમારો નિરંતર નમસ્કાર હજો. ૮

कल्याण्यैप्रणतावृद्ध्यैसिद्ध्यैकूर्म्यैनमोनमः ॥
नैर्ऋत्यैभूभृतांलक्ष्म्यैशर्वाण्यैतेनमोनमः ॥ ९ ॥

તેમજ જે સર્વદા નમ્ર થઇને શરણે આવે છે, તેમનું કલ્યાણ કરનારાં છતા, તેના ઐશ્વર્યની પણ વૃદ્ધિ કરે છે, તથા તેનાં સર્વ કાર્યોની સિદ્ધિ કરનારાં છતાં, જે કૂર્મ (કાચબા) રૂપીણી છે, એવાં સર્વરૂપ દેવીને, અમારો પૃથક્ પૃથક્ નમસ્કાર હજો. એ રીતે જે નિઋતી (ઉત્પાત્ત કારક) દેવરૂપીણી છતાં, શિવ શક્તિરૂપે

પણ હોવાને લીધે, સર્વ પૃથ્વીપતિ રાજાઓની રાજ્યલક્ષ્મી છે, તેને પણ અમારો વારંવાર નમસ્કાર હજો. ૯

दुर्गायै दुर्गपारायैसारायैसर्वकारिण्यै ॥
ख्यात्यैतथैवकृष्णायैधूम्रायैसततंनमः ॥१०॥

જેમના રૂપનો અંત દુઃખથી પણ પ્રાપ્ત થવાને અશક્ય એવાં દુર્ગા, જે મહા બળવતી હોવાને લીધે દુસ્તર (તરવાને અશક્ય) સંસારસાગર થકી પાર કરે છે વગેરે ભક્તોનાં કાર્યો કરનારાં છતા પ્રકૃતિપુરૂષના ભેદજ્ઞાનરૂપ જે ખ્યાતિરૂપે દેવ, તથા જેકૃષ્ણ શક્તિ તથા ધૂમ્રવર્ણ શક્તિ છે તેમને પણ અમારો પૃથક્ પૃથક્ નમસ્કાર હજો. ૧૦

अतिसौम्यातिरौद्रायैनतास्तस्यैनमोनमः

नमोजगत्प्रतिष्ठायैदेव्यैकृत्यैनमोनमः ॥११॥

વિદ્યારૂપે સંસાર દુઃખ શમન કર નારા છતાં અતિ સૌમ્ય, તથા અવિદ્યા રૂપે સંસાર સાગરનાં હેતુભૂત હોવાથી અતિ ભયંકર છે તે બન્નેને અમે અતિ નમ્ર હોતાથકા, વારવાર નમસ્કાર કરીએ છીએ, જે જગતનું ઉપાદાન કારણ છે તે તથા દેવશક્તિ અને ક્રિયાશક્તિને પણ અમારો નમસ્કાર હજો. ૧૧

यादेवीसर्वभूतेषुविष्णुमायेतिशब्दिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥१२॥

તેમ જ સર્વ પ્રાણીમાત્રમાં વિષ્ણુની માયારૂપે વ્યાપ્ત હોવાને લીધે જેમના શબ્દો જ સદ્વિદ્યારૂપી શાન્તવેદ તે જેણે

પ્રતિપાદન કર્યો છે, તે દેવીને અમારા કાયક, વાચક તથા માનસિક એવા ત્રણ પ્રકારના ત્રણ નમસ્કાર હજો એમ દર્શાવ્યું (એજ પ્રમાણે આવતા દરેક શ્લોકમા જાણવું.) ૧૨

यादेवीसर्वभूतेषुचेतनेत्यभिधीयते ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥१३॥

જે દેવી સર્વ ભૂતમાત્રમાં નિર્વીકાર ચૈતન્યરૂપે છે એમ કહે છે, તે દેવીને પુર્વોક્ત પ્રકારે અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ ૧૩

यादेवीसर्वभूतेषुबुद्धिरूपेणसंस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ ४॥

જે દેવી સર્વ ભૂતોમાં નિશ્ચયાત્મક

બુદ્ધિરૂપે સ્થિત છે, તેમને એમ ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ ૧૪

યાદેવીસર્વભૂતેષુનિદ્રારૂપેણસંસ્થિતા ॥
નમસ્તસ્યૈનમસ્તસ્યૈનમસ્તસ્યૈ નમોનમઃ ॥૧૫॥

જે દેવી સર્વ ભૂતમાં નિદ્રારૂપે સ્થિત છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૧૫

યાદેવીસર્વભૂતેષુક્ષુધારૂપેણસંસ્થિતા ॥
નમસ્તસ્યૈનમસ્તસ્યૈનમસ્તસ્યૈ નમોનમઃ ॥૧૬॥

જે દેવી સર્વ ભૂત માત્રમાં ક્ષુધારૂપે હોય છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૧૬

યાદેવીસર્વભૂતેષુચ્છાયારૂપેણસંસ્થિતા ॥
નમસ્તસ્યૈનમસ્તસ્યૈનમસ્તસ્યૈ નમોનમઃ ॥૧૭॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રપર સંસાર તાપની શાન્તિને અર્થે પોતાના સ્વરૂપની છાયા કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૧૭

यादेवीसर्वभूतेषुशक्तिरूपेण संस्थिता ॥
नमस्तयैनमस्तस्यैनमस्तयै नमोनमः ॥१८॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં કાર્ય કરવાના સામર્થ્યરૂપે સ્થિત છે તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૧૮

यादेवीसर्वभूतेषुतृष्णारूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥१९॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં પારકી વસ્તુ પ્રાપ્ત થવાની ઇચ્છારૂપથી સ્થિત છે. તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ.

यादेवीसर्वभूतेषुक्षातिरूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ।।२०॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં ક્ષમા-રૂપે હોય છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ ૨૦

यादेवीसर्वभूतेषुजातिरूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥२१॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમા ગોત્રમા ગોત્રાદિ જાતિરૂપે હોય છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૨૧

यादेवीसर्वभूतेषुलज्जारूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥२२॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમા સ્વધર્મ ત્યાગ તથા પરધર્મના સ્વીકાર બાબત ઉ-

જ્યારૂપે હોય છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ ૨૨

યાદેવીસર્વભૂતેષુશાંતિरूपेण संस्थिता ॥
નमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥२३॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં ઇન્દ્રિય નિગ્રહરૂપે શાન્તિરૂપે વાસ કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૨૩

યાદેવીસર્વભૂતેષુશ્રદ્ધારૂપેણસંસ્થિતાઃ ॥
नमस्तस्यैनमस्तयैनमस्तस्यैनमोनमः ॥२४ ।

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં સત્પુરૂષોના વાક્યરૂપ આસ્તિક્ય બુદ્ધિરૂપે વાસ કરે છે. તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૨૪

યાદેવી સર્વભૂતેષુકાંતિરૂપેણ સંસ્થિતા ॥

नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥२५॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં કાન્તિરૂપે વાસ કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૨૫

यादेवीसर्वभूतेषुलक्ष्मीरूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥२६॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમા સપત્તિરૂપે વાસ કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ, ૨૬

यादेवीसर्वभूतेषुवृत्तिरूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥२७॥

જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં ઉપજીવન વૃત્તિરૂપથી વાસ કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ, ૨૭

यादेवीसर्वभूतेषुस्मृतिरूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥२८॥
જે દેવી સર્વ પ્રાણીમાત્રમા સ્મૃતિરૂપે વાસ કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૨૮

यादेवीसर्वभूतेषुदयारूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्यै नमोनमः ॥२९॥
જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં દયારૂપે વાસ કરે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૨૯

यादेवी सर्वभूतेषुतुष्टिरूपेण संस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तयै नमोनमः ॥३०॥
જે દેવી સર્વ પ્રાણીમાત્રમાં તુષ્ટિરૂપે વાસ કરે છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર

કરીએ છીએ. ૩૦

यादेवीसर्वभूतेषुमातृरूपेणसंस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥३१॥

જે દેવી સકલભૂતમાત્રમાં માતૃરૂપે સ્થિત છે, તેમને અમે ત્રિવિધ નમસ્કાર કરીએ છીએ. ૩૧

यादेवीसर्वभूतेषुभ्रांतिरूपेणसंस्थिता ॥
नमस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥३२॥

તથા જે દેવી સર્વ ભૂતમાત્રમાં ભ્રાન્તિરૂપે સ્થિત હોય છે, તેમને અમારા પ્રથમ કહ્યા પ્રમાણેના ત્રિવિધ નમસ્કાર હજો. ૩૨

इंद्रियाणामधिष्ठात्रीभूतानांचाखिलेषुया ॥
भूतेषुसततंतस्यैव्याप्त्यैदेव्यै नमोनमः ॥३३॥

તેમજ જે સંપૂર્ણ પ્રાણીમાત્રની જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેંદ્રિયોનાં અધિષ્ઠાતા દેવ હોવાને લીધે, એ ઇન્દ્રિયોને સ્થૂલ તથા સૂક્ષ્મ વિષયોમા પ્રવૃત્ત કરે છે, તથા જે સકળ ભૂતમાત્રમાં સતત (નિરંતર) અતબીક્ષ વ્યાપ્ત છે, તે દેવીને અમારો વારવાર નમસ્કાર હજો. ૩૩

चतिरूपेणयाकृत्स्नमेतद्व्याप्यस्थिता जगत् ॥
मस्तस्यैनमस्तस्यैनमस्तस्यै नमोनमः ॥३४॥

જે ચિચ્છક્તિ (ચિત્ત=શક્તિ) રૂપે સકળ જગતમાં વ્યાપેલાં છે, તે દેવીને પણ પ્રથમ કહ્યા પ્રમાણે અમે નમસ્કાર કરીએ છીએ. ૩૪

षुसेविता ॥ करोतुसानः शुभहेतुरीश्वरी शु·
भानिभद्राण्यभिहन्तुचापदः ॥३५॥

જેમની પ્રથમ બ્રહ્માદિ દેવે સ્તુતિ
કરી, જેમણે મહિષાસુરનો વધ કર્યો, જે
મની ઇંદ્રે ફરીથી અભિષ્ટ ફલથી પ્રાપ્તિને
અર્થે પ્રતિ દિવસે સેવા કરી, એવા સકળ
કલ્યાણના હેતુભૂત ઇશ્વરી, અમારી સકળ
વિપત્તિનો નાશ કરીને, અમારૂં અતિ પ્ર-
કારે અતિ કલ્યાણ કરો ૩૫

यासांप्रतंचोद्धतदैत्यतापितैरस्माभिरीशाच
सुरैर्नमस्यते ॥ याचस्मृतातत्क्षणमेवहंतिनःस·
र्वापदोभक्तिविनम्रमूर्तिभिः॥ ३६ ॥

હાલમા અમને સમગ્ર દેવોનો, ઉ
ન્મત્ત દૈત્યોએ અતિ તાપ દીધાને લીધે,

અમે સૌએ મળીને જે ઇશ્વરીને વારવાર વંદન કર્યું, તે, ભક્તિપૂર્વક અંત:કરણથી નમ્ર થઇને અમે સ્મરણ કરીએ છીએ એટલે અમારી સકળ વિપત્તિઓનો નાશ કરે છે. ૩૬

॥ ऋषिरुवाच ॥

एवंस्तवादियुक्तानांदेवानांतत्रपार्वति ॥
स्नातुमभ्याययौतोयेजाह्नव्यानृपनंदन ॥३७॥

ઋષિ કહે છે, હે રાજપુત્ર, એ રીતે દેવોએ જે સમય દેવીનુ નમસ્કારયુક્ત સ્તવન કર્યું, તે સમય કૈલાસ પર્વતપર જાન્હવીના જળમાં સ્નાન કરવાસારૂ પાર્વતીદેવી આવ્યા હતાં, તે તે દેવોને પ્રાપ્ત થયા ૩૭

साब्रवीत्तान्सुरान्सुभ्रूर्भवद्भिःस्तूयतेऽत्रका ॥

शरीरकः (?)श्वास्याःसमुद्भूताब्रवीच्छिवा ॥३८॥

તે સમય એ દેવી પ્રસન્ન દ્રષ્ટિથી એ દેવોને અવલોકન કરીને બોલ્યા કે, હે દેવો, તમે અહીં આવીને કોની સ્તુતિ કરો છો? હુ તમને આ ઠેકાણે પ્રાપ્ત થઈ તેમ છતા, તમે મારી સાથે ભાષણ ન કરતા બીજાની સ્તુતિ કરો છે, તો મારા થકી બીજુ કોણ છે? તેમણે એ રીતનો પ્રશ્ન પુછયો, તથાપિ તેઓને એ દેવીએ પુછેલા પ્રશ્નનો અભિપ્રાય સમજાણો નહિ તે જોઇને તત્કાલ અંબિકા દેવી, એ પાર્વતીના શરીરરૂપી ઘરમાથી સત્વગુણ પ્રધાનભૂત અંશથી પ્રગટ થયા, તેથી જેને શિવાસંજ્ઞા છે તે, પાર્વતીને કહે છે. ૩૮

स्तोत्रंममैतत्क्रियतेशुंभदैत्यनिराकृतैः ॥
देवैःसमेतैः समरेनिशुंभेनपराजितैः ॥ ३९ ॥

કે, હે પાર્વતી, પ્રથમ જે દેવોને નિશુંભ દૈત્યે રણભૂમિમા પરાજીત કર્યા, તે સર્વે દેવોએ એકત્ર મળીને મારૂ જ સ્તોત્ર કર્યું તમારૂં નહિં. ૩૯

शरीरकोशाद्यत्तस्याः पार्वत्यानिःसृतांबिका ॥
कौशिकीतिसमस्तेषुततोलोकेषुगीयते ॥४०॥

ઋષિ કહે છે, એવું ભાષણ કરનારાં અંબિકા, જે કારણ માટે એ પાર્વતીના શરીર કોશથકી આવિર્ભૂત થયાં, તે કારણથી તેમને સકળ લોકોમાં કૌશિકી કહે છે ૪૦

तस्यांविनिर्गतायांतुकृष्णाभूत्सापिपार्वति ॥

कालिकेतिसमाख्याताहिमाचलकृताश्रया ४१

એવાં ગૌરવર્ણયુક્ત સત્વગુણ પ્રધાન દેવી, પાર્વતીના શરીરથકી બાહેર નિકળ્યાને લીધે, એ પાર્વતી તમોગુણપ્રધાન વિશક્તિ હોવાઉપરથી કૃષ્ણવર્ણ થયાં, માટે તે કાલિકા નામે પ્રખ્યાત થઇને, હિમાચલનો આશ્રય કરીને રહ્યા ત્યારથી મહાદેવને પણ કાલિકાપતિ એવુ નામ પ્રાપ્ત થયું. ૪૧

ततोंबिकापरंरूपंबिभ्राणासुमनोहरं ॥
ददर्शचण्डोमुण्डश्चभृत्यौशुंभनिशुंभयोः ॥४२॥

પછી જે અંબિકા, પાર્વતીના શરીરથકી નિકળ્યાં હતાં તેમણે પરમ સર્વોત્કૃષ્ટ એવું મનોહર રૂપ ધારણ કર્યું. તે

સમય ત્યાં શુંભનિશુંભના ચંડમુંડ નામના સેવકો હતા, તેઓએ એ અંબિકાનું અપ્રતિમ (જેનો જોડો નહિં તેવું) રૂપ દેખ્યું ૪૨

ताभ्यांशुंभायचाख्यातासातीवसुमनोहरा ॥
काप्यास्तेस्त्रीमहाराजभासयंतीहिमाचलं ४३

તે વખતે એ બન્નેએ ત્યાંથી જઈને શુંભને વિદિત કર્યું કે હે મહારાજ ! હિમાલયપર કોઇએક અત્યંત મનોહર રૂપવતી સ્ત્રી છે, તે પોતાની કાન્તિથી એ હિમાચલને પણ શોભાવે છે ૪૩

नैवताहक्क्वचिद्रूपंदृष्टंकेनचिदुत्तमं ॥
ज्ञायतांकाप्यसौदेवीगृह्यतांचासुरेश्वर ॥४४॥

તો એ પ્રમાણેનું ઉત્તમ રૂપ કોઇએ

કદાપિ પણ અવલોકન કર્યું નહીં હોય, માટે હે અસુરેશ્વર! તમે મનુષ્યરૂપે ત્યા જઇને, એ દેવી કોણ છે? એવો શોધ કરીને, તેનો અગિકાર કરો ૪૪

स्त्रीरत्नमतिचार्वंगोद्योतयतीदिशस्त्विषा ॥
सातुतिष्ठतिदैत्येंद्रतांभवान्द्रष्टुमर्हति ॥ ४५॥

કારણ કે, તે અત્યુત્તમ સ્ત્રીઓમાં કેવલ રત્નતુલ્ય હોવાથી, પોતાના સ્વરૂપની કાન્ત થી દશે દિશાઓ પ્રકાસિત કરતી થકી અદ્યાપિ હિમાચલપર છે. માટે દૈત્યેંદ્ર! તે તમારે દર્શન કરવાને યોગ્ય હોવાને લીધે, તમારે તેને અવહોકન કરીને, તેનો સ્વીકાર કરવો જોઇએ. ૪૫

यानिरत्नानिमणयोगजाश्वादिनिवैप्रभो ॥

त्रैलोक्ये तुममस्तानि साम्प्रतं भान्ति ते गृहे ॥४६॥

હદાપિ એ કેવલ રત્નતુલ્ય છે તો અમને શી રીતે સાધ્ય થશે ? એવી આપ મનમા શકા કરશો નહીં, કારણ કે હે પ્રભુ ! (અન્નદાતા), ત્રૈલોક્યના જે સ્વજાતિ શ્રેષ્ઠ એવા ગજાશ્વાદિ (હાથી, ઘોડા વિગેરે) રત્નો તથા મણિ છે. તે સરવે હાલમા તમારાજ ઘરમા શોભે છે ૪૬

ऐरावतः समानीतो गजरत्नं पुरंदरात् ॥
पारिजाततरुश्चायं तथैवोच्चैःश्रवा हयः ॥४७॥

તે એવા કે, તમે પુરદર નામના ઇંદ્રનો પરાજય કરીને, તેનુ હસ્તી રત્ન ઐરાવત, વૃક્ષરત્ન પારિજાત તથા અશ્વરત્ન ઉચ્ચૈશ્રવા, એ ત્રણ હરણ કરીને

આવ્યા છો   ૪૭

विमानहंससंयुक्तमेतत्तिष्ठतितेंगणे ॥
रत्नभूतमिहानीतयदासीद्वेधसोद्भुतं ॥४८॥

તમને વરદાન આપનારા બ્રહ્મદેવનુ જ રત્નજડિત હંસયુક્ત વિમાન પણ તમે લાવ્યા છો, કે જે તમારૂ આંગણુ શોભાવે છે, તો એથી બીજી નવાઇ શી?   ૪૮

निधिरेषमहापद्मःसमानीतोधनेश्वरात् ॥
किंजल्किनींददौचाब्धिर्मालामम्लानपंकजां४९

કુબેર પાસેથી મહાપદ્મ દ્રવ્યનો ભંડાર લાવ્યા, તે વખત તમારાથી ડરીને સમુદ્રે પણ કિંજલ્કિની નામની સ્વચ્છ કમલોની માળા તમને આપી.   ૪૯

छत्रंतेवारुणगेहेकांचनस्रावितिष्ठति ॥

तथायंस्यंदनवरोयःपुरासीत्प्रजापतेः ॥५०॥

આપણા ભુવનમા સુવર્ણની વૃષ્ટિ કરનારૂં વરૂણનું છત્ર પણ છે, તેમજ જે ઉત્તમ રથપર થમ દક્ષ પ્રજાપતિ પાસે હતો તેજ ઉત્તમ રથ પણ હાલમા આપની પાસે છે ૫૦

मृत्योरुत्क्रांतिदानामशक्तिरीशत्वयाहृता ॥
पाशःसलिलराजस्यभ्रातुस्तवपरिग्रहे ॥५१॥

હે અસુરેશ! સકળ પ્રાણીમાત્રને મરણ આપનારી જે મૃત્યુની શક્તિ તેપણ તમેજ હરણ કરી છે, તથા જળના રાજા વરૂણનો પાશ (જાળ) પણ આપના બંધુએ ધારણ કર્યો છે. ૫૧

निशुंभस्याब्धिजाताश्चसमस्तारत्नजातयः ॥

वन्हिरपिद्दौतुभ्यमग्निशौचेचवासती ॥५२॥

અને સમુદ્રથકી ઉત્પન્ન થએલાં જે સમસ્ત રત્નો, તે પણ આપના બંધુ નિશુંભ પાસે છે; તેમ જ અગ્નિસ્પર્શથી દગ્ધ ન થતા નિર્મલ થનારાં એ વસ્ત્રો, તમને અગ્નિએ આપ્યા છે ૫૨

एवंदैत्येंद्ररत्नानिसमस्तान्याहृतानिते ॥

स्त्रीरत्नमेषाकल्याणोत्वयाकस्मान्नगृह्यते ॥५३॥

હે દૈત્યેંદ્ર ! એ પ્રકારનાં સમસ્ત રત્નો તમે હરણ કરીને લાવ્યા, પરંતુ કલ્યાણકારક સ્ત્રીરત્ન તમે શા કારણથી મેળવતા નથી? તો એ સ્ત્રીરત્ન મેળવવું આપને યોગ્યજ છે. ૫૩

॥ ऋषिरुवाच ॥

निशम्येतिवचःशुंभःसतदाचण्डमुडयोः ॥
मेषयामासस्रुग्रीवं तंदेव्यामहासुरं ॥ ५४ ॥

ઋષિ કહે છે એ રીતના એ ચંડ મુંડનાં વાક્યો સાભળતાંજ, શુંભે, પોતાનો સુગ્રીવ નામનો મહા અસુર દૂત (સેવક) હતો, તેને એ દેવીની પાસે તત્કાલ મોકલ્યો. ૫૪

इतिचेतिचवक्तव्यासागत्वावचनान्मम ॥
यथाचाभ्येतिसंप्रीत्यातथाकार्यंत्वयाऌघु ५५

તે એવી રીતે કે, જે સમય એ દૂત દેવી પાસે જવાને નીકળ્યો, તે સમય તેને શુંભે એવુ કહ્યું કે, તું ત્યા જઇને, તે દેવીને મારા શીખવ્યા પ્રમાણેના મધુર

વકયોથી કહેજે કે, તે વાકયો સાંભળતાજ તે અતિ પ્રસન્ન થઇને મારી પાસે સત્વર (તાકીદથી) આવે એવુ કામ કર. ૫૫

सतत्रगत्वा यत्रास्ते शैलोद्देशेतिशोभने ॥
ताचदेवींततःप्राहश्लक्ष्णंमधुरयागिरा ॥ ५६ ॥

એ રીતની શુભની આજ્ઞા લઇને, એ દુત એ પર્વત પરના જે અતિ સુશોભિત સ્થલે એ દેવી હતા ત્યા જઇને, એ સુગ્રીવ એ દેવીને હળવેથીજ સયુક્તક મધુર વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યો ૫૬

॥ दूतउवाच ॥

देविदैत्येश्वरःशुम्भस्त्रैलोक्येपरमेश्वरः ॥
दूतोहंप्रेषितस्तेनत्वत्सकाशमिहागतः ॥५७॥

કે, હે દેવી! કોઈ એક શુભ નામે

દૈત્યેશ્વર છે, તે કેવળ દૈત્યોનોજ રાજા છે, એમ નથી, પરંતુ સંપૂર્ણ ત્રૈલોક્યનો પણ પરમેશ્વર છે, તેનો હું દૂત હોવાને લીધે, તેણે મને તમારી પાસે મોકલ્યો છે, માટે હું અહીં આવ્યો છું ૫૭

अव्याहताज्ञःसर्वासुयःसदादेवयोनिषु ॥
निर्जिताखिलदैत्यारिस्सयदाहश्रृणुष्ववत् ५८

શા કારણ આવ્યો ? એમ પુછશો તો કહું છું કે, જેણે સકળ દૈત્યોના શત્રુઓને જીત્યા છે, અને જેની આજ્ઞા હમેશા સર્વ દેવોમા કોઇપણ ઉલ્લંઘન કરતા નથી, તેણે મારી સાથે તમને જે કાંઈ કહ્યું છે, તે તમે સાંભળો. ૫૮

ममत्रैलोक्यमखिलंमम देवावशानुगाः ॥

यज्ञभागानहंसर्वानुपाश्नामिपृथक्पृथक् ॥५९॥

આ સંપુર્ણ ત્રૈલોક્ય મારે સ્વાધીન હોવાથી, સર્વ દેવો મારે વશ થઇને, મારી સેવા કરે છે, તેમજ પૃથ્વી પરના સકળ યજ્ઞોના જે પૃથક્ પૃથક્ ભાગ, તે સર્વે મારી પાસે આવવાથી, હું જ તે સર્વનું ભક્ષણ કરૂછું ૫૯

त्रैलोक्येवररत्नांनिममवश्यान्यशेषतः

तथैवगजरत्नंचहृतंदेवेंद्रवाहनं ॥ ॥ ६० ॥

અને ત્રૈલોક્યમા જે ઉત્કૃષ્ટ રત્નો છે, તે નિરંતર મારા આધિપત્યથી મારા કબજામાં છે. જુઓ કે, દેવેંદ્રનું વાહન જે ગજ રત્ન, તે પણ હું હરણ કરીને લાવ્યો છું. ૬૦

क्षीरोदमथनोद्भूतमश्वरत्नंममामरैः

ह्च्चैःश्रवसस्त्वत्तत्पाणिपत्यसमर्पितं ॥६१॥

વળી ક્ષીરસમુદ્રના મથનથકી ઉત્પન્ન થયેલુ જે ઉચ્ચૈશ્રવા નામનું અશ્વરૂપી રત્ન, કે જે ઇદ્રે લીધુ હતું, તે ઇંદ્રની પાસેથી બળત્કારે હરણ કરીને, દેવોએ મને નમસ્કાર પૂર્વક સમર્પણ કર્યુ છે. ૬૧

यानिचान्यानिदेवेषुगंधर्वेषूरगेषुच ॥

रत्नभूतानिभूतानितानिमय्येवशोभने ॥६२॥

હે અતિ અદ્ભુત સ્વરૂપવતિ! દેવી, ગંધર્વ તથા મ્હોટા નાગોમા જે જે રત્નો હતાં, તે તે તથા તે સીવાયનાં બીજાં અનેક રત્નો પણ મારી પાસે છે ૬૨

स्त्रीरत्नभूतांत्वांदेविलोकेमन्यामहेवय ॥

सात्वमस्मानुपागच्छयतोरत्नभुजोवयं ॥६३॥

પરંતુ તમારા સમાન સ્ત્રીરત્ન મારા સંગ્રહમાં નથી, તો હે દેવી! આ લોકમાં તમે પ્રાપ્ત થાઓ, કારણ કે, આ પૃથ્વીપર રત્નનો ઉપયોગ કરનારાઓમાં માત્ર અમેજ છીએ ૬૩

मांवाममानुजंवापिनिशुंभमुरुविक्रमम् ॥
भजत्वंचंचलापांगिरत्नभूतासिवयतः ॥६४॥

વળી તમારા નેત્રકટાક્ષ અતિ ચંચલ હોવાથી, તમે કેવલ પ્રસિદ્ધ રત્ન છો, માટે તમે મને વરો અથવા મારો કનિષ્ટ બંધુ જે નિશુંભ નામે મહા પરાક્રમી છે તેને વરો ૬૪

परमैश्वर्यमतुलंप्राप्स्यसेमत्परिग्रहात् ॥
एतद्बुद्ध्यासमालोच्यमत्परिग्रहतांव्रज ॥६५॥

એ રીતના અમે બેમાથી ગમે તે એકને તમે વરશો, એટલે મારા આશ્રયથી તમને અનુપમ ઉત્કૃષ્ટ ઐશ્વર્ય પ્રાપ્ત થશે એમ જાણીને, મનમા ઉત્તમ વિચાર કરીને તમે મારી પત્ની થાઓ. ૬૫

॥ ऋषिरुवाच ॥

इत्युक्तासातदादेवीगम्भीरांतःस्मिताजगौ ॥
दुर्गाभगवतीभद्राययेदंधार्यतेजगत् ॥ ६६ ॥

ઋષિ કહે છે એ રીતે શુભે તમને મારી મારફતે કહાવ્યુ છે એવુ દૂતે દેવીને કહ્યુ, એટલે, જે આ સપૂર્ણ જગતને ધારણ કર્યો છતા સકળ સજ્જનોનુ કલ્યાણ કરનારા એવા ભગવતી દુર્ગા, તે અતર્ગત (મનમા) કિંચિત્ હાસ્ય કરીને, એ દૈત્યની

હેલન (મશ્કરી) કર્યા જેવી ગભીર વાણીથી એ દૂત પ્રત્યે કહેવા લાગ્યા ૬૬

देव्युवाच ।

सत्यमुक्तंत्वयानात्रमिथ्याकिंचित्त्वयोदितम् ॥
त्रैलोक्याधिपतिःशुंभोनिशुंभश्चापितादृशः ६७

કે, હે દુત ! શુંભ ત્રૈલોક્યનો અધિપતિ છતા, તેનો ભાઇ જે નિશુંભ તેપણ તેવોજ છે, એવું તે કહ્યું, તે સત્ય છે, તેમાં તું કિંચિત્ પણ અસત્ય બોલ્યો એમ જો કે નથી ૬૭

किंत्वत्रयत्प्रतिज्ञातमिथ्यातत्क्रियतेकथ ।
श्रूयतामल्पबुद्धित्वात्प्रतिज्ञायाकृतापुरा ॥६ ॥

પરંતુ કોઇપણ પુરૂષ સાથે વરવા બાબત મેં બાલ્યાવસ્થામાં અલ્પબુદ્ધિથી પ્રથમ

જે પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞાવાક્યને શી રીતે મિથ્યા કરવુ ? એ પ્રતિજ્ઞા શી રીતની છે ? એમ પુછીશ, તો સાંભળ હું કહું છું ૬૮

योमाजयतिसंग्रामेयोमेदर्पंव्यपोहति ॥
योमेप्रतिबलोलोकेसमेभर्ताभविष्यति ॥६९॥

કે, સ ગ્રામમા મારી સાથે યુદ્ધ કરીને, મને જે જીતે તથા મારા સુરત્વરૂપ ગર્વનો પરિહાર કરે, એવો મારા સમાન જે બલવાન્ હોય, તેજ મારો ભર્તાર થાય, એવી મારી પ્રતિજ્ઞા છે ૬૯

तदागच्छतुशुंभोत्रनिशुंभोवामहासुरः ॥
मांजित्वाकिंचिरेणात्रपाणिंगृह्णातुमेलघु ७०

તો શુભ કિંવા નિશુભ એ એમાથી

ગમે તે એક અહીં આવીને. મને જીતિને તત્કાલ પાણીગ્રહણ કરે, લગ્ન થયાની અ ગાઉ મારે ત્યાં આવવુ અનુચિત (અઘ ટિત) છે. ૭૦

॥ दूतउवाच ॥

अवलिप्तासिमैवत्वंदेविब्रूहिममाग्रतः ॥
त्रैलोक्येकःपुमांस्तिष्ठेदग्रेशुंभनिशुंभयोः ॥७१॥

દૂત કહે છે કે, હે દેવી ! તમે પરાક્રમનો વ્યર્થ ગર્વ ધારણ કરીને, મારી આગળ એવાં ભાષણ કરશો નહીં, કારણ કે; આ ત્રૈલોકયમા એવો કયો પુરૂષ છે કે, જે શુંભ નિશુભની સામે ઉભો પણ રહે ? ૭૧

अन्येषामपिदैत्यानांसर्वेदेवानवैयुधि ॥

तिष्ठंतिसंमुखेदेवि किंपुनः स्त्रीत्वमेकिका ७२

બીજો સામાન્ય પુરૂષ ઉભો ન રહે પરંતુ હું દેવી હોવાને લીધે તેઓની આગળ ઉભી રહીશ, એમ કહેતા હશો, તો કહું છું કે, હે દેવી ! શુંભ નિશુંભની વાત તો જુદી રહી પરંતુ બીજા દૈત્યોની આગળ સમસ્ત દેવો એકત્ર મળીને આવ્યા છતાં,તેમનાથી પણ ઉભારહેવાનું બનતું નથી, તો શુંભ નિશુંભની આગળ તો ઉભા રહેવાને કયાથીજ બને ? તમે સ્ત્રીજાતિ અને વળી એકલા તેમ છતા એ બેઉની સાથે યુદ્ધ કરવાને ઇચ્છો છો, તો પછી એથી બીજું આશ્ચર્ય કયું !! ૭૨

इन्द्राद्याःसकलादेवास्तस्थुर्येषांनसंयुगे ॥

शुंभादीनां कथंतेषांस्त्रीमयास्यसिसंमुखं ॥७३॥

અરે ! ઇંદ્રાદિ સર્વ દેવો તો એ શુંભ નિશુંભની આગળ યુદ્ધમાં ટકી શકતા નથી, તો તમે સ્ત્રીજાતિ તેમની સામે યુદ્ધ કરવાને શી રીતે જશો ? ૭૩

सात्वगच्छमयैवोक्तापार्श्वशुंभनिशुंभयोः ॥
केशाकर्षणनिर्धूतगौरवामागमिष्यसि ॥७४॥

તો મારા કહ્યા પ્રમાણેની યુક્તિથી એ શુંભ નિશુંભની પાસે તમે જાઓ, તો અતિ ઉત્તમ છે, નહી તો પછી તે તમારો ચોટલો ખેચીને; તમને પ્રતિષ્ટાહિન કરીને લઇ જાય ને પછી (તમે) જાઓ, એ યોગ્ય નથી. ૭૪

॥ देव्युवाच ॥

एवमेतद्बलीशुंभोनिशुंभश्चातिवीर्यवान् ॥
किंकरोमिप्रतिज्ञामेयदनालोचितापुरा ॥७५॥

દેવી કહેવા લાગ્યાં કે, તું કહે છે તે પ્રમાણે કરવાને એ શુંભ બલવાન્ છે, તથા નિશુંભ પણ અતિ પરાક્રમી છે પરંતુ ભવિષ્યકાલના આવા બનાવનો વિચાર ન કરતાં, અજ્ઞાનાવસ્થામાં મેં જે પ્રથમ પ્રતિજ્ઞા કરી છે તેનુ કેમ કરૂં ? તે કહે ૭૫

सत्वंगच्छमयोक्तंतेयदेतत्सर्वमादृतः ॥
तदाचक्ष्वासुरेंद्रायसचयुक्तंकरोतुयत् ७६

માટે તું એમ કરે કે, ત્યાં જઈને મેં તારી આગળ કહ્યું છે, તે સર્વે તું આદરથી એ અસુરેંદ્રને કહે, પછી જેમ કર-

વાને યોગ્ય હશે તેમ તે કરશે   ૭૬

इतिश्रीमार्कण्डेयपुराणेमात्वर्णिकेमन्वन्तरे देवी॥
माहात्म्येदेव्यादूतसंवादोनामपंचमोऽध्यायः५

ઇતિશ્રી માર્કંડેયપુરાણે સાવરણીકે મન્વંતરે દેવીમહાત્મ્યે દેવીદૂત સંવાદે સાર્થ પંચમો અધ્યાય ૫

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

इत्याकर्ण्यंवचोदेव्याःसदूतोमर्षपूरितः ॥
समाचष्टसमागम्यदैत्यराजायविस्तरात् ॥१॥

ઋષિ કહે છે હે રાજન્! પ્રથમ વય પ્રમાણેનાં દેવીનાં વાકયો સાંભળીને, એ દૂત

અત્યંત ક્રોધાયમાન્ હોતો થતો ત્યા ગયો, અને તેણે એ દૈત્ય રાજાને દેવીનું સકલ ભાષણ સવિસ્તર કહી સંભળાવ્યુ ૧

तस्यदूतस्यतद्वाक्यमाकर्ण्यासुरराट्ततः ॥
सक्रोधःप्राहदैत्यानामधिपधूम्रलोचनं ॥२॥

પછી એ દૂતનાં વાક્યો સાંભળતાજ એ અસુર રાજા અતિશય ક્રોધાયમાન્ હોતો થકો પોતિકી દૈત્ય સેના તથા સેનાપતિ ધુમ્રલોચન નામના દૈત્યને કહેવા લાગ્યો ૨

हेधूम्रलोचनाशुत्वंस्वसैन्यपरिवारितः ॥
तामानयबलाद्दुष्टांकेशाकर्षणविह्वलाम् ॥३॥

કે હે ધુમ્રલોચન તું તારા સૈન્યસહવર્તમાન શીઘ્ર જઇને, એ દુભાષણ કરનારી સ્રીનો ચોટલો પકડીને, અતિ વ્યાકુલ

કરીને, બળાત્કારે મારી પાસે લાવ ૩

तत्परित्राणदःकश्चिद्यदिवोत्तिष्ठतेपरः ॥
सहंतव्योमरोवापियक्षोगंधर्वएववा ॥ ४ ॥

કદાપિ તેણીનું સંરક્ષણ કરવા સારૂ બીજા કોઈ દેવ, કીંવા યક્ષ અથવા કોઈ ગંધર્વમાંથી આવી પોહોચે, તો તેમનો પણ સંહાર કરીને, તેણીને લેઇ આવ. ૪

॥ ऋषिरुवाच ॥

तेनाज्ञप्तस्ततः शीघ्रंसदैत्योधूम्रलोचनः
वृतःषष्ट्यासहस्राणामसुराणांद्रुतंययौ ॥ ५ ॥

ઋષિ કહે છે એ શુંભે એવી આજ્ઞા કરતાં જ, એ ધુમ્રલોચન દૈત્ય તત્કાલ અસુરોનું સાઠ હજાર સૈન્ય સાથે લેઇને, શીઘ્ર દેવી પાસે ગયો. ૫

सदृष्ट्वातांततोदेवींतुहिनाचलसंस्थितां ॥
जगादोच्चैःप्रयाहीतिमूलंशुंभनिशुंभयोः ॥६॥

તો તેણે એ દેવી કે જે હિમાલય પર સ્થિત હતા તેમને જોઇને, ઉચ્ચ સ્વરથી ભાષણ કર્યું કે, હે સુંદરી ! તમે, એ શુંભ નિશુંભની પાસે જવાને ચાલો ૬

नचेत्प्रीत्याद्य भवतीमद्भर्तारमुपैष्यति ॥
ततोबलान्नयाम्येष केशाकर्षणविह्वलाम् ॥७॥

જો તમે સંતોષથી અમારા પ્રભુ પાસે નહી આવો, તો બળાત્કારથી તમારો ચોટલો પકડીને તમને અત્યંત વ્યાકુલ કરતો થકો, હું આજ લઇ જઇશ ૭

॥ देव्युवाच ॥

दैत्येश्वरेणप्रहितोबलवान्बलसंवृतः ॥

बलान्नयसिमामेवंततःकिंतेकरोम्यहम् ॥८॥

દેવી કહે છે હે સેનાપતિ ! તને દૈત્યેશ્વરે મોકલ્યો છે, તેમાં તું પોતે બલવાન્ છતાં તારી સાથે દૈત્યોનું અતિબલ સૈન્ય પણ છે, તો તું કદાપિ બલાત્કારથી મારો ચોટલો પકડીને મને ખેંચી જઈશ, તો હું તને શું કરી શકનાર છું ! ૮

॥ ऋषिरुवाच ॥

इत्युक्तःसोभ्यधावत्तामसुरो धूम्रलोचनः ॥
हुंकारेणैवतंभस्मसाचकारांबिकातदा ॥ ९ ॥

દેવીએ એવું ભાષણ કરતાંજ એ ધુમ્રલોચન અસુર તેમના પર દોડીને આવ્યો તોએ અંબિકાએ તેને તત્કાલ હુંકાર માત્રમાંજ ભસ્મ કર્યો. ૯

अथक्रुद्धंमहासैन्यमसुराणांतथाम्बिका ॥
ववर्षसायकैस्तीक्ष्णैस्तथाशक्तिपरश्वधै ॥१०॥

એ રીતે એ સેનાપતિનો, દેવીએ સંહાર કર્યો. તે જોઇને, એ અસુરનું મહા સૈન્ય અત્યંત ક્રોધાવિષ્ટ થયું. તે વખત તેપર અંબિકા દેવી તીક્ષ્ણ બાણ, શાક્ત તથા ફરશી વગેરે આયુધોની વૃષ્ટી કરવા લાગ્યા. ૧૦

ततोधुतसटःकोपात्कृत्वानादंसुभैरवम् ॥
पपातासुरसेनायांसिंहोदेव्याःस्ववाहनः ॥११॥

તે સમય દેવીનું વાહન સિંહ, ક્રોધથી અતિ ગર્જના કરવા છતા પોતિકી કેશવાળી (ગર્દનપર વાળોનો સમુદાય) કંપાયમાન કરતો થકો, અસુરના સૈન્યમાં આક-

રમાત્ કુદી પડયો ૧૧

कांश्चित्करप्रहारेणदैत्यानास्येनचापरान् ॥
आक्रांत्याचाधरेणान्यान्सजघानमहासुरान्१२

અને એ સિંહ, એ સૈન્યમાના કેટલા એક દૈત્યોને આગલા પગવડે પ્રહાર કરવા લાગ્યો. તે સિવાય બીજા કેટલાએકોને મુખવડે બચકાં ભરવા લાગ્યો. કેટલાએકોને ચારે તરફથી પકડીને મ રવા લ ગ્યો તથા કેટલાએક મહા અસુરોને નિચલા હોઠવડે ઘાયલ કરવા લાગ્યો. ૧૨

केषांचित्पाटयामासनखैःकोष्ठानि केसरी ॥
तथातलप्रहारेणशिरासिकृतवान्पृथक् ॥१३॥

તેમજ કેટલાકના પેટ, એ કેશરીએ પોતિકા નખવડે વિદારણ કર્યા, વળી કેટલા

એક દૈત્યોનાં મસ્તક, પોતાના પંજાના
તમાચાવડે પૃથક્ કર્યાં ૧૩

ચ્છિન્નબાહુશિરસઃકૃતાસ્તેનતથાપરે ॥
પપૌચરુધિરંકોષ્ઠાદન્યેષાંધુતકેસરઃ ॥ ૧૪ ॥

એ રીતે એ સિંહ, એ સૈન્યમાના ઘણા
એક વીરોના હાથ તથા મસ્તકો પણ છિન્ન
ભિન્ન કરીને, તેમના કેટલાએક દૈત્યોના
પેટના રૂધીર પોતાનું મસ્તક કંપાયમાન
કરતો થકો, પ્રાશન કરવા લાગ્યો. ૧૪

क्षणेनतद्बलसर्वंक्षयंनीतंमहात्मना
तेनकेसरिणादेव्यावाहनेनातिकोपिना ॥१५॥

એવં એ મહાત્મા દેવીના વાહન સિંહે,
અત્યંત ક્રોધાયમાન્ થઇને, એક ક્ષણમાત્રમાં
એ સકલ સૈન્યનો ક્ષય કર્યો ૧૫

श्रुत्वातमसुरंदेव्यानिहतंधूम्रलोचनम् ॥
बलंचक्षयितकृत्स्नदेवीकेसरिणाततः ॥१६॥
એ રીતે એ દેવીએ ધૂમ્રલોચન નામના અસુરનો સંહાર કર્યો તથા એ દેવીના વાહન સિંહે તેનું સંપૂર્ણ સૈન્ય મારી નાખ્યું તે વર્તમાન સાંભળતાંજ. ૧૬

चुकोपदैत्याधिपतिश्शुंभःप्रस्फुरिताधरः ॥
आज्ञापयामासचतौचंडमुंडौमहासुरौ ॥१७॥
એ દૈત્યાધિપતિ શુંભ, અતિ કોપયુક્ત થઈને, નિચલો હોઠ કંપાવતો થકો, પોતિકા ચંડમુંડ નામના સેવકોને આજ્ઞા કરવા લાગ્યો ૧૭

हेचंडहेमुंडबलैर्बहुभिःपरिवारितौ ॥
तत्रगच्छतगत्वाचसासमानीयतांलघु ॥१८॥

કે, હે ચંડમુંડ! તમે તમારી સાથે ઘણું સૈન્ય લઇને ત્યાં જાઓ, અને તે સ્ત્રીને ત્વરાથી લઇ આવો. ૧૮

केशेष्वाकृष्यबध्वावायदिवःसंशयोयुधि ॥
तदाशेषायुधैःसर्वैरसुरैर्विनिहन्यतां ॥ १९ ॥

તે એવી રીતે કે, તેનો ચોટલો ખેંચીને પકડીને લાવો, કિંવા એમ લાવી ન શકાય, તો તેણીને જાળમાં બાંધીને લાવો અથવા એ બેઉ ઉપાયથી સાધ્ય ન થાય, તો શી રીતે પ્રાપ્ત થશે? એવો સંદેહ ઉત્પન્ન થયે, કદાપિ યુદ્ધનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો સર્વે અસુરોએ સકલ શસ્ત્રાસ્ત્રોવડે તેણીનો સંહાર કરવો. ૧૯

तस्यांहतायांदुष्टायांसिंहेचविनिपतिते ॥

र्णा घमागच्छतां बद्धा गृहीत्वा तामथांबिकां ॥ २० ॥

એ રીતે એ દુષ્ટ સ્ત્રી તથા તેના સિંહને વધ કરીને, તમો એ વેહેલા આવવુ, પરંતુ કોઇપણ ઉપાયથી પ્રાપ્ત ન થાય તોજ વધ કરવો નહિ તો ગમે તે કરીને, એ અંબિકાને બળાત્કારથી બાંધીને લેઈ આવો ૨૦

॥ इति मार्कण्डेयपुराणेसावर्णिकेमन्वंतरेदेवी-माहात्म्येधूम्रलोचनवधोनामषष्ठोऽध्यायः ६ ॥

ઇતિ શ્રી માર્કંડેયપુરાણે મન્વંતરે ધૂમ્રલોચન વધો નામ સાર્થ ષષ્ઠોધ્યાય ૬

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

आज्ञप्तास्तेततोदैत्याश्चंडमुंडपुरोगमाः ॥
चतुरंगबलोपेताययुरभ्युद्यतायुधाः ॥ १ ॥

ઋષિ કહે છે એ શુંભની એવી આજ્ઞા થતાજ, એ પ્રમુખ ચંડમુંડ દૈત્યો, ચતુરંગ (હાથી, ઘોડા, રથ અને પ્યાદા) સૈન્ય સહવર્તમાન્ હાથમાં અનેક પ્રકારના આયુધો ગ્રહણ કરીને, એ દેવી પાસે આવ્યા ૧

ददृशुस्तेततोदेवीमीषद्धासांव्यवस्थिताम् ॥
सिंहस्योपरिशैलेंद्रशृंगेमहतिकांचने ॥ २ ॥

તો એ દેવી પર્વતેંદ્ર હિમાચલના સુવર્ણ-

મય મોટા શિખર પર સિંહારૂઢ થઇને, કિંચિત્ આનંદિતપણે સ્થિત હતા, તેમને એ ચંડમુંડાદિ અસુરોએ દેખ્યા ૨

तेदृष्ट्वातांसमादातुमुद्यमंचक्रुरुद्यताः ॥
आकृष्टचापासिधरास्तथान्येतत्समीपगाः॥३॥

એ રીતના એ દેવીને જોતાજ, એ અસુર, તેમને પકડવાના ઉદ્યોગ કરવા બાબત મનમા ઉત્સાહ ધરીને, કોઈ કાન સુધી ધનુષ્ ખેંચીને તથા કોઇ બીજાઓ હથમા ખડ્ગ પકડીને, એ દેવીની પાસે દોડતા આવ્યા. ૩

ततःकोपचकारोच्चैरंबिकातानरीन्प्रति ॥
कोपेनचास्यावदनमषीवर्णमभूत्तदा ॥ ४ ॥

એ સમય અંબિકા દેવીએ, એ શત્રુ-

ઓનો સંહાર કરવા બખત અતિશય કોપ ધારણ કર્યો. એ કોપથી તેમનું વદન (મુખ) શાઇ સમાન કૃષ્ણવર્ણ થયું, કારણકે, તેઓ કાલિકા દેવીના પ્રતિબિંબરૂપ હોવાને લીધે, એ દૈત્યોના વધને અર્થે તેમણે તામસી રૂપ પ્રકટ કર્યું ૪

भ्रुकुटीकुटिलात्तस्याल्ललाटफलकाद्रुतं ॥
कालीकरालवदना विनिष्क्रांतासिपाशिनी॥५॥

તે એવું કે, એ અંબિકા દેવી અતિ કોપાયમાન્ થયાને લીધે, તેમણે ભ્રકુટી કુટીલાકારની કરી તેથી મરડાયેલા લલાટને લીધે, ભયંકર વદનયુક્ત એવાં કાલિકા દેવી, ખડ્ગ તથા પાશ ધારણ કર્યો સહિત નાં પ્રકટ થયા. ૫

विचित्रखट्वांगधरानरमालाविभूषणा ॥
द्वीपिचर्मपरीधानाशुष्कमांसातिभैरवा ॥ ६ ॥

તો તેમણે હાથમા ખટ્વાગ નામનું વિચિત્ર આયુધ ધારણ કર્યાં છતા, જેમના કંઠમાં મુંડમાલા-(મનુષ્ય મસ્તકોની માલા)નું ભુષણ (ધરેલુ) છે, જેમણે વ્યાઘ્રચર્મ (વાઘનું ચામડુ) પરિધાન (પહેરેલું) કર્યું છે તથા જેમનો દેહ કેવલ માંસરહિત દુબળો હોવાને લીધે, તેઓ અતિ ભયકર દેખાતાં હતાં. ६

अतिविस्तारवदनाजिह्वाललनभीषणा ॥
निमग्नारक्तनयनानादापूरितदिङ्मुखा ॥७॥

વળી તેમનું મુખ અતિશય વિશાલ છતા જીહ્વા (જીભ) પણ વારવાર હાલતી

હતી તથા તેમના ત્રણે નેત્ર આરક્ત થયા છતાં ઉડા ગયા હતા, એ રીતના એ દેવી, પોતિકી ગર્જનાથી દશે દિશાઓ વ્યાપ્ત કરતા હતા. ૭

सावेगेनाभिपतिता घातयंती महासुरान् ॥
सैन्ये तत्र सुरारीणामभक्षयत तद्बलम् ॥ ८ ॥

એ દેવી મહા અસુરોનો સંહાર કરવા સારૂ અતિ ચપલતાથી, એ દેવોના શત્રુઓના સૈન્યમાં જઈને, તે સૈન્યનુ ભક્ષણ કરવા લાગ્યાં. ૮

पार्ष्णिग्राहांकुशग्राहयोधघंटासमन्वितान् ॥
समादायैकहस्तेन मुखे चिक्षेप वारणान् ॥९॥

અને એ દેવી હાથીઓના સમુદાયમાં જઈને, હાથીઓની પુઠે રક્ષણ કરનારા

જન, અંકુશ પકડીને તેની ગર્દનપર બેસ-
નારા માવત, તે ઉપર સ્વારી કરનારા મુખ્ય
વીર તથા ઘંટા વિગેરે સાહિત્ય સહિતના
એકેક હાથીને હાથવડે પકડીને, એ મહા
કાલી પોતાના મુખમા નાખીને, ભક્ષણ
કરવા લાગ્યા. એવા મોટા મોટા હાથીઓ
તેમણે ભક્ષણ કર્યો. ૯

तथैवयोधतुरगैरथंसारथिनासह ॥
निक्षिप्यवक्रेदशनैश्चर्वयत्यतिभैरवं ॥ १० ॥

તેમજ તે ઉપર બેઠેલા યોદ્ધા, સારથી
તથા ઘોડા સહિતના એકેક રથનો ગ્રાસ
(કોળિયો) કરીને, મુખમાં મેલ્યા બાદ
દાતોથી કડાક કડાક શબ્દો કરતા થકા
ચાવવા લાગ્યાં. ૧૦

एकंजग्राहकेशेषुग्रीवायामथचापरं ॥
पादेनाक्रम्यचैवान्यमुरसान्यमपोथयत् ॥११॥

એમા જે ધ્યાહા વીર હતા, તેમાંથી કેટલાકને ચોટલીએથી તથા કેટલાકને ગર્દનથી પકડીને, કેટલાકને પગવડે ખગદીને તથા કેટલાકને પેટપર દાબીને, તેમણે એ દૈત્યોના સૈન્યને માર્યું ૧૧

तैर्मुक्तानिचशस्त्राणिमहास्त्राणितथासुरैः ॥
मुखेनजग्राहरुषादशनैर्मथितान्यपि ॥१२॥

તેવામાં જે જે અસુરો જીવતા હતા, તેઓએ દેવીપર જે જે મહા શસ્ત્રો ફેંક્યાં, તે પણ દેવીએ ક્રોધથી મુખમા ઝીલીને, દાંતવડે ચાવી નાંખ્યાં, તેમજ દેવીએ કેટલાકને વિહરિત કર્યા છતાં, તેમને ફરીથી

પગવડે ચગદ્યા. ૧૨

त्रि-तद्बलंसर्वमसुराणांदुरात्मनाम् ॥

ममर्दाभक्षयच्चान्यानन्यांश्चाताडयत्तदा ॥१३॥

એ રીતે એ મહાકાલીએ, મોટા મોટા દેહધારી મહાબલાઢ્ય અસુરોના સર્વ સૈન્ય-નો નાશ કર્યો, તેમા કેટલાક સૈન્યનુ મર્દન, કેટલાકનુ ભક્ષણ તથા તે સિવાયના બીજાને તાડન (ઘાયલ) કરીને એ સૈન્યનો સહાર કર્યો ૧૩

असिनानिहताःकेचित्केचित्खट्वांगताडिताः ॥

जग्मुर्विनाशमसुरादंताग्राभिहतास्तथा ॥१४॥

તેજ પ્રકાર વર્ણવે છે કે, એ સન્યમાં કેટલાકનો ખડ્ગથી સંહાર કર્યો, કેટલાકને ખડ્ગથી ઘાયલ કર્યા તથા કેટલાકને દાતની

અણીઓવડે ચાવીને માર્યો. એ રીતે એ અસુર સૈન્ય નાશ પામ્યુ. ૧૪

क्षणेनतद्बलंसर्वमसुराणांनिपातितम् ॥
दृष्ट्वाचंडोभिदुद्रावतांकालीमतिभीषणाम् ॥१५॥

એ પ્રકારોના સકલ સૈન્યના સંહાર કર્યો. એ જોઇને ચંડ તથા મુંડ, એ અતિ ભયંકર મહાકાલી પર અતિ વેગથી ધાઇ આવ્યા ૧૫

शरवर्षैर्महाभीमैर्भीमाक्षींतांमहासुरः ॥
छादयामासचक्रैश्चमुंडक्षिप्तैः सहस्रशः ॥१६॥

તે વખત એ સૈન્યના મહાઅસુર ચંડે, અતિ ભયકર બાણવૃષ્ટિ કરી તથા મુંડે પણ સહસ્રાવધી ચક્રો નાંખીને, મહા ભયંકર નેત્રયુક્તનાં મહાકાલીને વીંટી લીધાં.૧૬

तानिचक्राण्यनेकानिविशमानानितन्मुखं ॥
बभुर्यथार्कबिंबानिसुबहूनिघनोदरं ॥ १७ ॥

તે સમય એ મુંડે નાખેલા અનેક ચક્રો, દેવી પોતિકા મુખમા લેવા લાગ્યાં તે જેમ વાદળમા સૂર્યબિંબ જતું હોય, તેમ શોભવા લાગ્યા. १७

ततोजहासातिरुषाभीमभैरवनादिनी ॥
कालीकरालवदनादुर्दर्शदशनोज्ज्वला ॥१८॥

એ રીતે એ ચંડમુંડના બાણ તથા ચક્રોનું ભક્ષણ કરીને, એ મહાકાલી અત્યંત ક્રોધથી હાસ્ય કરતાં થકાં, મહા ભયંકર નાદ કરવા લાગ્યાં, તેથી કરીને તેમના મહા ભયંકર મુખમાંના દાતો તરફ પણ જોવાને ન બને એવું તેમનું રૂપ દેખાવા

લાગ્યું. ૧૮

उत्थायचमहासिंहंदेवीचंडमधावत ॥

गृहीत्वाचास्यकेशेषुशिरस्तेनासिनाच्छिनत्१९

એ રીતના એ દેવી પોતિકા હાથમા તત્કાલ મહા ખડ્ગ લઇને ચડ પર દોડી ગયાં અને તેમણે તેની શીખા (ચોટલી) પકડીને, તેનો ખડ્ગવડે શિરચ્છેદ કર્યો. ૧૯

अथमुंडोभ्यधावत्तांदृष्ट्वाचंडंनिपातितम् ॥

तमप्यपातयद्भूमौसाखड्गाभिहतंरुषा ॥२०॥

એ રીતે એ ચડને પાડ્યો તે જોતાંજ મુડ પણ એ દેવીપર ધાઇ આવ્યો એટલામાં એ દેવીએ સક્રોધ થઇને, તેને પણ ખડ્ગ પ્રહારવડે ભૂમિપર પાડ્યો. ૨૦

हतशेषंततःसैन्यंदृष्ट्वाचंडंनिपातितं ॥

मुंडंचसुमहावीर्यंदिशोभेजेभयातुरं ॥ २१ ॥

એ પ્રકારે એ મહાકાલીએ, એ મહા પરાક્રમસંપન્ન ચંડ તથા મુંડને રણભૂમિમાં પાડ્યા. તે જોતાંજ એ સંગ્રામના બચેલા યોદ્ધાઓ અતિ ભયાતુર થઇને, દશે દિશાઓમાં નાશી ગયા. २१

शिरश्चंडस्यकालीचगृहीत्वामुण्डमेवच ॥
प्राहप्रचंडाट्टहासमिश्रमभ्येत्यचंडिकां ॥२२॥

પછી એ મહાકાલી, એ ચંડ તથા મુંડના મસ્તક સહિતનાં શરીરો લેઇને. જેમના લલાટથકી પોતે ઉત્પન્ન થયા હતા તે કૌશિકી નામનાં ચંડિકા પાસે ગયા, અને અતિ હાસ્યથી તેમની સાથે ભાષણ કરવા લાગ્યાં. २२

मयातवात्रोपहृतौचंडमुंडौमहापशू ॥
युद्धयज्ञेस्वयंशुभंनिशुंभचहनिष्यसि ॥ २३ ॥

કે, હું તમને નજરાણું આપવા સારૂ પ્રધાનત્વપણે ચડમુંડનાં શરીરરૂપી પશુઓ, યુદ્ધરૂપી યજ્ઞને સારૂ તમારી આગળ લાવી છુ, તે તમે હયો પછી ફરીથી યુદ્ધરૂપી યજ્ઞમા તમે પોતે શુભ નિશુભનો સહાર કરશો ૨૩

॥ ऋषिरुवाच ॥

तावानीतौततोदृष्ट्वाचंडमुंडौमहासुरौ ॥
उवाचकालींकल्याणीललितंचंडिकावचः ।२४।

ઋષિ કહે છે કે, જે તેમણે ચંડમુડ નામના અસુરોના શરિર આણ્યાં તે જોઇને તે કલ્યાણી ચડિકા દેવી, પોતાના લલાટ

થકી ઉત્પન્ન થએલા કાલિકાને એમ કહેવા લાગ્યાં. २४

यस्माच्चंडंचमुंडंचगृहीत्वात्वमुपागता ॥
चामुण्डेतिततोलोकेख्यातादेवीभविष्यसि॥२५॥

કે, હે દેવી, તમે ચન્ડમુન્ડના શરીર લેઇને અહીં આવ્યા, તેથી તમે ચામુંડા નામે લોકમા પ્રખ્યાત થશો. २५

॥इतिश्रीमार्कण्डेयपुराणेसावर्णिकेमन्वंतरेदेवी-
महात्म्येचंडमुंडवधोनामसप्तमोध्यायः ॥७॥

ઇતિશ્રી માર્કન્ડેય પુરાણે સાવર્ણીક મન્વન્તરે ચન્ડ મુન્ડ વધોનામ ગ્રંથ સપ્તમોધ્યાય ૭

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

चंडेचनिहतेदैत्येमुंडेचविनिपातिते ॥
बहुलेषुचसैन्येषुक्षयितेष्वसुरेश्वरः ॥ १ ॥

ઋષિ કહે છે કે, એ રીતે પ્રથમ કહ્યા પ્રમાણે એ દેવીએ, ચંડને મારીને મુંડને પણ રણભૂમિમા પાડ્યો, અને તેમની સાથે જે બહુ સૈન્ય હતું તેનો પણ નિરંતર ક્ષય ક્ષય થયો, એટલે એ અસુરેશ્વર. ૧

ततःकोपपराधीनचेताः शुंभःप्रतापवान् ॥
उद्योगंसर्वसैन्यानांदैत्यानामादिदेशह ॥ २ ॥

શુંભ મહા પ્રતાપી છતા, ક્રોધાયમાન થયાથી, તેનું ચિત્ત કેવળ પરાધિન થયું,

તેથી તે ઓષધ સારૂ પ્રવૃત્ત થઇને, તેણે સકળ સૈન્યનો ઉદ્યોગ કરવા બાબત દૈત્યોને આજ્ઞા કરી ૨

अद्यसर्वबलैर्दैत्या.षडशीतिरुदायुधाः ॥
कंबूनांचतुराशीतिर्निर्यातुस्वबलैर्वृताः ॥३॥

કે, હે દૈત્યો! ઉદ યુધ નામના છાશી અસુરોએ, પોતાના સૈન્ય સહિત આજ તૈયાર થવું તેમજ પેતાના સૈન્યથી વિટાએલા એવા કંબુ નામના ચોરાશી દૈત્યોએ નિકળવુ ૩

कोटिवीर्याणिपंचाशदसुराणांकुलानिवै ॥
शतंकुलानिधौम्राणांनिर्गच्छंतुममाज्ञया ॥४॥

અને કોટીવીર્ય નામના અસુરોના પચાસ કુલ તથા ધૂમ્રલોચન એટલે જે

ધૌમ્ર નામના અસુરો છે, તેમનાં સો કુળ પણ મારી આજ્ઞાથી નીકળવા. ૪

कालकादौर्हृदामौर्वाःकालिकेयास्तथासुराः
युद्धायसज्जानिर्यांतुआज्ञयात्वरितामम ॥५॥

તેમજ બીજા કાલક નામના અસુર, દાૈર્હૃદ કુળમાં ઉત્પન્ન થએલા દાૈર્હૃદ, મૌર્વ તથા કાલકોનો પુત્ર કાલકેય વગેરે સૌએ, મારી આજ્ઞાથી સર્વ પ્રકારની યુદ્ધ સામગ્રી તૈયાર કરીને, યુદ્ધને અર્થે ત્વરાથી નિકળવું. ૫

इत्याज्ञाप्यासुरपतिःशुंभोभैरवशासनः ॥
निर्जगाममहासैन्यसहस्रैर्बहुभिर्वृतः ॥ ६ ॥

એવી આજ્ઞા કરીને, સહુને મોટી શિક્ષા કરનારો અસુરપતિ શુંભ, ઘણાક હજાર

દૈત્યોથી જમાવ થયેલા મહાસૈન્ય સહવર્તમાન યુદ્ધ કરવાને નિકળ્યો. ६

आयांतंचंडिकादृष्ट्वातत्सैन्यमतिभीषणं ॥
ज्यास्वनैःपूरयामासधरणीगगनांतरं ॥ ७ ॥

તે સમય એ અતિ ભયંકર દૈત્યોનું સૈન્ય મુજપર આવે છે તેમ જોતાજ, એ ચંડિકાએ પોતાના ટંકારવથી આકાશનો વચલો ભાગ ગર્જનાયુક્ત કર્યો ७

ततःसिंहोमहानादमतीवकृतवान्नृप ॥
घंटास्वनेनतान्नादानंबिकाचोपबृंहयत् ॥८॥

હે રાજા! એવામાં એ દેવીના સિંહે પણ અતિ ભયંકર સિંહનાદ કર્યો. તે વખત એ નાદની અંબિકાએ પોતાના ઘંટાનાદવડે અતિ વૃદ્ધિ કરી. ८

धनुर्ज्यासिंहघंटानानादापूरितदिङ्मुखा ॥
निनादैर्भीषणैःकालीजग्ये विस्तारितानना ।९।

એ રીતે ધનુજ્યથી (ધનુષ્યની પણછ) સિંહનાદ તથા ઘંટાના એક ઠેર નાદથી હવે દિશાઓ ગર્જનાયુક્ત કરીને, પછી એ ચંડીકાએ અતિ વિસ્તિર્ણ મુખ પસારીને, જે ભયંકર ગર્જના કરી, તે ગર્જનાએ, લલાટથકી ઉત્પન્ન થએલા કાલિકાની ગર્જનાને જીતી ૯

तंनिनादमुपश्रुत्यदैत्यसैन्यैश्चतुर्दिशं ॥
देवीसिंहस्तथाकालीसरोषैः परिवारिताः।१०।

એ રીતનો એ ચંડિકાનો ભયંકર નાદ, ચારે બાજુઓએ ગાજી ઉઠેલો સમળાતાં જ, એ સૈન્યે ક્રોધયુક્ત થઇને, ચંડિકા

દેવી, સિંહ તથા કાલિકાને ચારે બાજુ-
એથી ઘેર્યા. ૧૦

एतस्मिन्नंतरे भूपविनाशायसुरद्विषां ॥
भवायामरसिंहानामतिवीर्यबलान्विताः ॥११॥

એ રીતે દેવી તથા દાનવોનો યુદ્ધપ્રસંગ
પ્રાપ્ત થયો. તે સમય હે ભૂપતિ! એ દૈ-
ત્યોના નાશને અર્થે તથા શ્રેષ્ઠ દેવોના ક-
લ્યાણને અર્થે, અતિ સામર્થ્ય તથા બ
ળથીયુક્ત. ૧૧

ब्रह्मेशगुहविष्णूनांतथेंद्रस्यचशक्तयः ॥
शरीरेभ्योविनिष्क्रम्यतद्रूपैश्चंडिकांययुः ॥१२॥

એવા બ્રહ્મદેવ, મહાદેવ, ગુહ, (કાર્તિક
સ્વામી). વરાહ, નૃસિંહરૂપ વિષ્ણુ તથા
દેવેંદ્ર વગેરેની સ્વરૂપભૂત શક્તિ, તેમના

પોતપોતાના શરીરથકી નિકળીને, તે તે દેવરૂપ શક્તિ. એ ચડીકાના શરીરમા પ્રાપ્ત થઇ. ૧૨

यस्यदेवस्ययद्रूपंयथाभूषणवाहनं ॥
तद्वदेवहितच्छक्तिरसुरान्योध्धुमाययौ ॥१३॥

તે એવી રીતે કે, જે દેવીનુ જેવુ રૂપ, જેવાં ભૂષણ (વસ્ત્ર ઘરેણા વગેરે) તથા જેવુ વાહન તેવા તેવા રૂપથી, તે તે શક્તિઓ અસુરોની સાથે યુદ્ધ કરવા સારૂ ચડિકામાં આવી. ૧૩

हंसयुक्तविमानाग्रेसाक्षसूत्रकमंडलुः ॥
आयातातब्रह्मणःशक्तिर्ब्रह्माणीत्यभिधीयते १४

તેમનાં પૃથક્ પૃથક્ રૂપ તથા લક્ષણો વર્ણવે છે. તે એમ કે, હંસયુક્ત વિમા-

નમાં બેસીને, હાથમાં કમળાક્ષમૂત્રયુક્ત જપમાલા તથા કમડંલ ધારણ કર્યુ છે એવાં બ્રહ્મદેવની આકૃતિવાળી શક્તિ આવ્યા, તેમને બ્રહ્માણી એવા નામથી કહે છે.

माहेश्वरीवृषारूढात्रिशूलवरधारिणी ॥
महाहिवलयाप्राप्ताचंद्ररेखाविभूषणा ॥१५॥

વૃષભ (આખલા) ઉપર બેસીને, વાસુકી તથા અનંત નામના નાગોનાં કંકણ કરીને પેહેર્યા છતા, એ હાથમના એક હાથમા અતિ તીક્ષ્ણ શૂલ નામનું શસ્ત્ર ધારણ કર્યું છે, તથા જેમના મસ્તકે ચંદ્ર કલારૂપ ભૂષણ છે તેમને માહેશ્વરી શક્તિ કહે છે ૧૫

कौमारीशक्तिहस्ताचमयूरवरवाहना ॥

योद्धुमभ्यायौ दैत्यानंबिका गुहरूपिणी ॥१६॥

તેમજ હાથમાં કુમાર (કાર્તિકસ્વામી) વાળું શક્તિ નામનું આયુધ ધારણ કર્યો છતાં ઉત્તમ મયૂરપર બેસીને, જે કૌમારી શાક્ત, દૈત્યો સાથે યુદ્ધ કરવા સારૂ અંબિકાના શરીરમાં પ્રાપ્ત થયા, તેમને લીધે એ અંબિકા ગુહાકૃતિ (કાર્તિકસ્વામીની આકૃતીવાળાં) દીસવા લાગ્યાં. ૧૬

तथैव वैष्णवीशक्तिर्गरुडोपरिसंस्थिता ॥
शंखचक्रगदाशार्ङ्गखड्गहस्ताभ्युपाययौ ॥१७॥

એજ પ્રમાણે ગરૂડપર આરૂઢ થઈને શંખ, ચક્ર, ગદા, બાણ, શારંગ નામનું ધનુષ્ય તથા ખડ્ગ એવાજ આયુધો છ હાથમાં ગ્રહણ કરીને વૈષ્ણવી શક્તિ આવ્યા. ૧૭

यज्ञवाराहमतुलंरुपंयाबिभ्रतोहरेः ॥
शक्तिःसाप्यायथौतत्रवाराहींबिभ्रतीतनुं ॥१८

જેના સર્વાંગ યજ્ઞોના મુખ્ય સાધનભૂત હોવાને લીધે, જેમને ઉપમા (જોડ) નથી એવા જે વરાહરૂપ ધારણ કરનારાં હરીની શક્તિ તે પણ ત્યા પધાર્યા. એમણે એવું વરાહરૂપ ધારણ કર્યો ઉપરથી તેમને વા-રાહી શક્તિ કહે છે. ૧૮

नारसिंहीनृसिंहस्यबिभ्रतीसदृशंवपुः ॥
प्राप्ततत्रसटाक्षेपक्षिप्तनक्षत्रसंहतिः ॥ १९ ॥

તેમજ નૃસિંહના યથાયોગ્ય આયુધાદિ લક્ષણસંપન્ન રૂપ ધારણ કરનારાં એવાં નારસિંહ શક્તિ, પોતાના કંઠને લગતા તીક્ષ્ણ કેશો (વાળ) નક્ષત્રો સમાનના

હોવાથી, નક્ષત્રોનો સમુદાય આડાઅવળો ઉડાવતાં થકાં એ દેવામા આવી મળ્યાં ૧૯

वज्रहस्तातथैवैंद्रीगजराजोपरिस्थिता ।
प्राप्तासहस्रनयनायथाशक्रस्तथैवसा ॥ २० ॥

અને હાથમાં વજ્ર ધારણ કરીને, ઐરાવત હાથીપર સ્થિત (બેઠેલાં) એવાં સહસ્ત્ર નેત્રયુક્ત ઐન્દ્રિ શક્તિ આવ્યાં. એ વખત એ દેવીની ઈન્દ્રસમાન આકૃતિ દેખાવા લાગી. ૨૦

ततःपरिवृतस्ताभिरीशानोदेवशक्तिभिः ॥
हन्यंतामसुराःशीघ्रंममप्रीत्याहचंडिकां ॥२१॥

એ રીતે એ દેવીની શક્તિઓ ત્યાં આવી; પરંતુ એ કૌશિકીનું તેજ અતિશય હોવાને લીધે, તેમની પાસે

જવા બાબત તે અશક્ત થયા, તેથી તે મણે મહદેવને વિટયા. તે વખત મહાદેવ ચડિકાને એ દેવ શક્તિઓની સાથે તમે શીઘ્ર (તાકીદથી) અસુરોનો સહાર કરો. એ ચડિકાની પાસે જવા બાબત બીજા દેવો સમર્થ ન થતા મહાદેવ કેમ જઇ શક્યા ? એમ પુછશો, તો કહું છુ કે, મહાદેવની શક્તિ જે પાર્વતી તેમનાથકી એ ચડિકા પ્રકટ થયાથી, એ કેવળ મારી પુત્રી પ્રમાણે છે એમ માનીને મહાદેવ દેવીથી પાસે જઇને બોલ્યા ૨૧

ततोदेवीशरीरात्तु विनिष्क्रान्तातिभीषणा ॥
चंडिकाशक्तिरत्युग्रा शिवाशतनिनादिनी ॥२२॥

તે પછી એ દેવીના શરીરમાંજ ચં-

ડિકા શક્તિ પ્રકટ થયા, અતિશય ઉગ્ર હતાં. તે એવાં કે, જેમના દર્શનથી માત્ર અતિ ભય થાય. એ પ્રકારના એ શિવા, પોતે એકરૂપીણી છતાં, પોતાના અંગભૂત અનંત શિવા સહિત નાદ કરવા લાગ્યાં.૨૨

साचाहधूम्रजटिलमीशानमपराजिता ॥
दूतत्वंगच्छभगवन्पार्श्वंशुंभनिशुंभयोः ॥ २२ ॥

તે પોતે બીજાઓથી જીતાય એવા ન છતા ધૂમ્રવર્ણની જટાવાળા મહાદેવને કહેવા લાગ્યાં કે, હે ભગવાન તમે દૂતત્વ સ્વીકાર કરીને એ શુંભનિશુંભની પાસે જાઓ. ૨૩

ब्रूहिशुंभंनिशुंभंचदानवावतिगर्वितौ ॥
येचान्येदानवास्तत्रयुद्धायसमुपस्थिताः ॥२४॥

અને એ અત્યંત ગર્વીષ્ટ શુંભ તથા નિ-શુંભ દાનવ (દૈત્ય–રાક્ષસ) ને તથા યુદ્ધ કરવા સારૂ તૈયાર થઈ રહેલા બીજા દાનવો હોય તેઓને તમે એમ કહો. ૨૪

त्रैलोक्यमिंद्रोलभतांदेवाःसंतुहविर्भुजः

यूयंप्रयातपातालंयदिजीवितुमिच्छथ ॥२५॥

કે, હે દાનવો, તમે ઈંદ્રનાં ત્રૈલોક્ય હરણ કર્યા છે, તે તને પાછાં મળવાં જોઈએ, તથા દેવોએ પોત પોતાનો હવિર્ભોગ મેળવવો જોઇયે, માટે તમે જો પોતાના જીવિતની ઇચ્છા કરતા હો, તો તમે સકળ દાનવોએ પાતાળમા જવુ જોઇએ ૨૫

बलावलेपादथचेद्भवतोयुद्धकांक्षिणः

तदागच्छततृप्यंतुमच्छिवाःपिशितेनवः ॥२५॥

નહીં તો તમારામાં બળનો ગર્વ હોવાથી યુદ્ધની ઇચ્છા કરશો, તો પછી મારી પાસેની શિવાશકિત તમારા માંસથી તૃપ્ત થશે ૨૬

यतोनियुक्तोदौत्येनतयादेव्याशिवः स्वयम् ॥
शिवदूतीतिलोकेस्मिंस्ततःसाख्यातिमागता २७

એ રીતે જે કારણ માટે એ દેવીએ શિવને દૂતકર્મ બાબત યોજ્યા, તે કારણથી એ દેવી ત્યારથી શિવદૂતી એવા નામથી પ્રખ્યાત થયા ૨૭

तेपिश्रुत्वावचोदेव्याःसर्वाख्यातंमहासुराः ॥
अमर्षापूरिताजग्मुर्यत्रकात्यायनीस्थिता॥२८॥

પછી શિવે, ત્યાં જઇને એ અસુરોને દેવીનો કહેલો નિરોપ સંભળાવ્યો તે બાબત એ મહા અસુરો, શિવે કહેલા

દેવીના વાક્યો સાભળતાજ, ક્રોધથી નખથી શિખા સુધી સતપ્ત થઇને, જે ઠેકાણે કાત્યાયની દેવી હતા ત્યા ગયા ૨૮

ततः प्रथममेवाग्रे शरशक्त्यृष्टिवृष्टिभिः ॥
ववर्षुरुद्धतामर्षास्तां देवीममरारयः ॥२९॥

અને તે અસુરો મહા ઉન્મત્ત હોવાને લીધે, તેમને મુખ્ય વે સ્ત્રીઓપર શસ્ત્રપ્રહાર કરવો અયોગ્ય એવો વિચાર ન છતાં એ અસુરોએ ક્રોધાયમાન થઇને, દેવીની સન્મુખ આવીને, તેમના પર બાણ, શકિત તથા ઋષ્ટિ નામના આયુધો વગેરેની વૃષ્ટિ કરી ૨૯

सा च तान्प्रहितान्बाणाञ्छूलशक्तिपरश्वधान् ॥
चिच्छेद लीलयाध्मातधनुर्मुक्तैर्महेषुभिः ॥३०॥

એ રીતે એ દૈત્યોએ બાણ, શક્તિ તથા

ફરસી વગેરે જે આયુધો નાખ્યા તે પર દેવીએ ટંકારવયુક્ત ધનુષ્ય થકી છોડેલા તીક્ષ્ણ બાણો ફેંકીને, લીલાથી છેદી નાખ્યા ૩૦

तस्याग्रतस्तथाकालीशूलपातविदारितान् ॥
खट्वांगपोथितांश्चान्यानकुर्वतीव्यचरत्तदा॥३१॥

તેમજ તે સમય એ ચંડિના લલાટથકી પ્રકટ થયેલાં કાલિકા, એ અસુરોને શૂલ પ્રહારથી વિદારણ કરીને, તે સિવાયના બીજાઓને ખટ્વાંગથી તાડન કરતા થકાં, સંહાર કરવા લાગ્યાં. ૩૧

कमंडलुजलाक्षेपहतवीर्यान्हतौजसः ॥
ब्रह्माणिचाकरोच्छत्रून्येनयेनस्मधावति ॥३२॥

અને બ્રહ્મદેવના અંશભૂત જે બ્રહ્માણી

દેવી હતા, એ સૈન્યમા કમડલમાના જળનું પ્રોક્ષણ (છાંટવુ) કરતા થકા, જે જે સ્થળે ધાઈ ધાઈને સચાર કરવા લાગ્યા, તે તે સ્થળે એ શત્રુઓના બળ તથા તેજને નાશ કરવા લાગ્યા ૩૨

माहेश्वरीत्रिशूलेन तथा चक्रेण वैष्णवी ॥
दैत्याञ्जघान कौमारी तथा शक्त्यातिकोपना ॥३३

તેમજ માહેશ્વરની અંશભૂત માહેશ્વરી ત્રિશૂલથી, વિષ્ણુની અંશભૂત વૈષ્ણવી ચક્રથી તથા કુમારની અંશભૂત કૌમારી, અતિ કોપાયમાન થઇને, શક્તિ વડે એ દૈત્યનો સંહાર કરવા લાગ્યા ૩૩

ऐन्द्रिकुलिशपातेन शतशो दैत्यदानवाः ॥
पेतुर्विदारिताः पृथ्व्यां रुधिरौघप्रवर्षिणः ॥३४॥

ઇન્દ્રની અંશભૂત જે ઐન્દ્રી તેમણે ઘણા વધી દૈત્ય તથા દાનવોને વજ્રપાતથી વિરણ કર્યો. તે વખત તેઓના અંગ થકી રક્તપ્રવાહની વૃષ્ટિ હોવા છતા, તેઓ ભૂમિ પર પડયા. ૩૪

तुंडप्रहारविध्वस्तादंष्ट्राग्रक्षतवक्षसः ॥
वाराहमूर्त्यान्यपतंश्चक्रेणचविदारिताः ॥३५॥

વરાહનાં અંશભૂત જે વારાહી મૂર્તી, તેમણે પોતાના મુખ પ્રહાર વડે કેટલાક દૈત્યોનો વિધ્વંશ કર્યો. કેટલાક દૈત્યોના વક્ષસ્થળો (છાતીઓ) દાતની અણીઓ વડે ક્ષતયુક્ત (કાણી) કરી તથા કેટલાકને ચક્ર વડે વિદારણ કર્યો. એ રીતે અનેક દૈત્યો ગતપ્રાણ (શબ મડદા) થઇને, ભૂમિ પર પડયા. ૩૫

नखैर्विदारितांश्चान्यान्भक्षयंतोमहासुरान् ॥
नारसिंहीचचाराजौनादापूर्णदिगंबरा ॥३६॥

તેમજ નૃસિંહની અંશભૂત જે નાર-
સિંહી તે, કેટલાક અસુરોને પોતાના નખ
વડે વિદારણ કરીને ભક્ષણ કરતા થકા; એ
યુદ્ધ ભૂમિમા પોતાના નૃસિંહ નામના
નાદથી, સકળ દિશાઓ ગર્જનાયુક્ત કરતા
થકા સંચાર કરવા લાગ્યાં　　　　　૩૬

चंडाट्टहासैरसुराः शिवदूत्यभिदूषिताः
पेतुः पृथिव्यांपतितास्तांश्चखादाथसातदा॥३७।

અને જે શિવદૂત નામે હતા, તેમણે
તો મહા કોપ યુક્ત અટ્ટહાસ શબ્દ વડેજ
અસુરોને આડે અવળે ભાગે દુઃખ દીધુ,
તેથી તેમના હૃદય ભિન્ન થઈને ભૂમિ પર

પડવાં, પછી એ અસુરોને ભક્ષણ પણ કર્યો ૩૭

इतिमातृगणक्रुद्धमर्द्यतंमहासुरान् ॥
दृष्ट्वाभ्युपायैर्विविधैर्नेशुर्देवारिसैनिकाः॥३८॥

એ પ્રકારે બ્રાહ્મી, મહેશ્વરી, વૈષ્ણવી, કૌમારી, ઐંદ્રી, વારાહી, નારસિંહી તથા શિવદૂતી નામની ચામુંડા એવા માતાઓનો સમુદાય અત્યંત ક્રોધયમાન થઇને, એ મહા અસુરોનું મર્દન કરે છે એવું જોતાંજ, બીજી દૈત્ય સેનાઓએ માતૃગણનો પરાભવ કરવા સારૂ અનેક પ્રકારના યુદ્ધ સાધનભૂત ઉપાય કર્યો ૩૮

पलायनपरान्दृष्ट्वादैत्यान्मातृगणार्दितान् ॥
योद्धुमभ्याययौक्रुद्धोरक्तबीजोमहासुरः॥३९॥

तथापि ए नैनिक देवा कोइपण प्रका-
रनो उपाय करवा बाबत समर्थ न थता,
ए मातृगणथी अत्यंत पीडित थयाने लीधे,
तेओज पलायन करवा लाग्या. एवुं जोता
ज रक्तबीज नामनो जे महा असुर हतो
ते ए मातृगण साथे युद्ध करवा सारु
अतिक्रोधथी तेमनी सन्मुख आव्यो. ३९

रक्तबिंदुर्यदाभूमौपतत्यस्यशरीरतः ॥
सतुत्पततिमेदिन्यातत्प्रमाणोमहासुरः ॥४०॥

ए रक्तबीज एवो हतो के, तेना शरीर
थकी रक्तनुं बिंदु, भूमि पर पडे, तो
तत्काल तेना जेवडो अने तेना सरखोज
पराक्रमी महा असुर उत्पन्न थाय. ४०

युयुधे सगदापाणिरिंद्रशक्त्यामहासुरः ॥

ततश्चैंद्रीस्ववज्रेणरक्तबीजमताडयत् ॥४१॥

એ રીતનો જે રક્તબીજ મહા અસુર હતો, તે હાથમા ગદા તથા ઇંદ્રશક્તિ લેઇને યુદ્ધ કરવા લાગ્યો. એ સમય એ માતૃ ગણુમાંના ઐંદ્રા દેવીએ પોતાના વજ્ર વડે એ રક્તબીજને તાડન કર્યું ૪૧

कुलिशेनाहतस्याशुबहुसुस्राावशोणितम् ॥
समुत्तस्थुस्ततोयोधास्तद्रूपास्तत्पराक्रमाः॥४२॥

તે વખત એ વજ્રથી તાડીત થતાજ તેના અંગ થકી અતિ રક્તસ્રાવ થયો તેથી તદ્રુપ તથા તત્તુલ્ય પરાક્રમી એવા બહુ યોદ્ધા ઉત્પન્ન થયા ૪૨

यावंतःपतितास्तस्यशरीराद्रक्तबिंदवः ॥
तावंतःपुरुषाजातास्तद्वीर्यबलविक्रमाः ॥४३॥

એ ઉત્પન્ન થએલા રક્તસભવ પુરૂષો ઉત્પન્ન થયા ४३

तेचापियुयुधुस्तत्रपुरुषा रक्तसंभवाः ॥
समंय तृभिरत्युग्रशस्त्र पाताविभीषणम् ॥४४॥

એ ઉત્પન્ન થએલા રક્તસભવ કરતા થકા, મહા ભયકર યુદ્ધ કરવા લાગ્યા. ४४

पुनश्चवज्र पातेनक्षतमस्यशिरोयदा ॥
ववाहरक्तपुरुषास्ततोजाताःसहस्रशः ॥४५॥

તે વખત ઐંદ્રી દેવીએ ફરીથી વજ્રપાતવડે એ રકતબીજના મસ્તકે ક્ષત (કાણું) કર્યું તેમાથી જે રકતપ્રવાહ વહેવા લાગ્યો તે થકી ફરીથી હજારો પુરૂષ ઉત્પન્ન થયા.

वैष्णवीसमरेचैनंचक्रेणाभिजघानह ॥
गदयाताडयामासऐंद्रीतमसुरेश्वरं ॥ ४६ ॥

પછી એ સમરાંગણમાં (રણભૂમિમાં) વૈષ્ણવી દેવીએ, એ રક્તબીજ અસુરેશ્વરને ચક્રવડે ઘાયલ કર્યો તથા ઐંદ્રી દેવીએ ગદાથી પ્રહાર કર્યો. ૪૬

वैष्णवीचक्रभिन्नस्यरुधिरस्रावसंभवैः ॥
सहस्रशोजगद्व्याप्तंतत्प्रमाणैर्महासुरैः ॥४७॥

તેમાં વૈષ્ણવીના ચક્રથી ભિન્ન (ચીરાઈ) થએલા રક્તબીજના રક્તસ્રાવથકી એ રક્તબીજ પ્રમાણેજ હજારો મહા અસુરો ઉત્પન્ન થઈને, તે સંપૂર્ણ જગતમાં વ્યાપ્તમાન થયા અર્થાત્ એમનાથી આખું જગત્ ભરાઈ ગયું ૪૭

शक्त्याजघानकौमारीवाराहीचतथासिना ॥
माहेश्वरीत्रिशूलेनरक्तबीजंमहासुरं ॥४८॥

તે સમય એ રક્તબીજ કૌમારિકાએ શક્તિથી, વારાહીએ ખડ્‌ગથી તથા માહેશ્વરીએ ત્રિશુળથી પ્રહાર કર્યો ૪૮

सचापिगदयादैत्यःसर्वाएवाहनत्पृथक् ॥
मातृःकोपसमाविष्टोरक्तबीजोमहासुरः ॥४९॥

પછી એ દિતીપુત્ર મહા અસુર રક્તબીજ, અતિ કોપાયમાન થઇને, એ બ્રહ્માણી માહેશ્વરી વગેરે અષ્ટ માતૃકાઓને, ગદાથી પૃથક્ પૃથક્ તાડન કરવા લાગ્યો ૪૯

तस्याहतस्यबहुधाशक्तिशूलादिभिर्भुवि ॥
पपातयोवैरक्तौघस्तेनासञ्छतशोसुराः ॥५०॥

તે વખતે ચંડિકા દેવી પણ તેને બહુ પ્રકારે શક્તિ તથા શૂલાદિકથી પ્રહાર કરવા લાગ્યા એટલે તેના શરીર થકી જે રક્ત-

ગો ઓધ (પ્રવાહ) ભૂમિપર પડગો, તેથી અસંખ્ય અસુરો ઉત્પન્ન થયા ૫૦

तैश्चासुरासृक्संभूतैरसुरैस्सकलं जगत् ॥
व्याप्तमासीत्ततोदेवा भयमाजग्मुरुत्तमम् ॥५१॥

એ રીતના એ રક્તબીજના રક્તથકી ઉત્પન્ન થએલા અસુરોથી, સંપૂર્ણ જગત્ ભરાઇ ગયું એમ દેખાતાંજ, દેવોને અતિ ભય પ્રાપ્ત થયો. ૫૧

तान्विषण्णान्सुरान्दृष्ट्वा चंडिका प्राहसत्वरम् ॥
उवाच कालीं चामुंडे विस्तीर्णं वदनं कुरु ॥५२॥

તે બીતીથી ખિન્ન થએલા દેવોને જોતાંજ એ ચંડિકા, દેવોને કહેવા લાગ્યા કે, બીહીશો નહીં, એવું ત્વરાથી અભય વચન આપીને, લલાટથકી ઉત્પન્ન થએલાં કાલિ-

કાને કહેવા લાગ્યા કે, હે ચામુંડા, તમે તમારૂં મુખ વિકાસો ૫૨

मच्छस्त्रपातसंभूतान्रक्तबिंदून्महासुरान् ॥
रक्तबिंदोः प्रतीच्छत्वं वक्त्रेणानेन वेगिना ॥५३॥

અને મારા શસ્ત્રપ્રહારથી રકતબીજના શરીરથકી રકતબિંદુથી ઉત્પન્ન થએલા મહા અસુરોને, ભૂમિનો સ્પર્શ થવા ન દેતા, તમે તમારા મુખમાં અતિક્ષિથી શીઘ્ર ઉતાવળથી ઝીલી લ્યો. ૫૩

भक्षयंती चर रणे तदुत्पन्नान्महासुरान् ॥
एवमेष क्षयं दैत्यः क्षीणरक्तो गमिष्यति ॥५४॥

એટલે એ રકતબિજ નામના અસુરના રક્તબિંદુ તમારા મુખમાં પડશે, તેથી તમારા મોમાંજ જે અસુરો ઉત્પન્ન થાય, તે-

ઓનું ભક્ષણ કરતા થકા, તમે આ રણભૂ-
મીમા સ ચાર કરે એ પ્રમાણે કરશો એ-
ટલે એ રક્તબીજ દૈત્ય, રક્ત સહિત શ-
રીરવાળો થઇને, તત્કાળ નાશ પામશે ૫૪

भक्ष्यमाणास्त्वयाचोग्रानचोत्पत्स्यतिचापरे ॥
इत्युक्त्वातांततोदेवीशूलेनाभिजघान ॥५५॥

એ રીતે તમે ભક્ષણ કરવા લાગશો,
એટલે તે ફરી બીજા ઉગ્ર દૈત્યો ઉત્પન્ન
થશે નહીં એ રીતનું એ કાલિકાને કહીને,
એ ચંડિકા દેવી, એ રક્તબીજ દૈત્યને
શૂલથી પ્રહાર કરવા લાગ્યા. ૫૫

मुखेनकालीजगृहेरक्तबीजस्यशोणितं ।
ततोसावाजघानाथगदयातत्र चंडिकां ॥५६॥

ત્યારે એ કાલિકા પણ પ્રથમ કહ્યા

પ્રમાણે એ અસુરનું રક્ત ભૂમિ પર પડવા ન દેતા, મોઢાવડે ગ્રહણ કરવા લાગ્યાં એ સમે એ એસુર પણ એ યુદ્ધમાં ચંડિકાને ગદાવડે પ્રહાર કરવા લાગ્યો ૫૬

नचास्यावेदनांचक्रेगदापातोल्पिकामपि ॥
तस्याहतस्यदेहात्तुबहुसुस्त्रावशोणितं ॥ ५७॥

તથાપિ એ ચંડિકા સાક્ષાત્ ચિદાનંદરૂપ હોવાને લીધે તેમને એ ગદા પ્રહારથી કિંચિત્ પણ વેદના થઈ નહીં; પરંતુ એ અસુરના દેહથકી માત્ર દેવીના શૂલપ્રહારથી અતિ રક્ત વહેવા લાગ્યું. ૫૭

यतस्ततस्तद्वक्त्रेणचामुंडासमतीच्छति ॥
मुखेसमुद्गतायेस्यारक्तपातान्महासुराः ॥५८॥

તે સમય એ રક્ત જ્યાં જ્યાં પડે ત્યાં

ત્યા એ ચામુડાનુ મુખ વિસ્તીર્ણ હોવાને લીધે, તેઓ પોતના મુખવડે એ રક્ત ગ્રહણ કરવા લાગ્યા પછી તેમના મુખમા રક્ત પડવાથી જે જે મહા અસુરો ઉત્પન્ન થવા લાગ્યા. ૫૮

तांश्चखादाथचामुंडापपौतस्यचशोणितं ॥
देवीशूलेनवज्रेणबाणैरसिभिर्ऋष्टिभिः ॥५९॥

તે તે અસુરોને એ ચામુડા ભક્ષણ કરતા થકા, એ રક્તબીજના શરીરમા શેષ રહેલું રક્ત પણ શૂલ, વજ્ર, બાણ, ખડ્ગ તથા જેને બન્ને બાજુએ ધાર હોય છે તે ઋષ્ટિ નામના ખડ્ગ તુલ્ય આયુધવડે, ૫૯

जघानरक्तबीजंतचामुंडापीतशोणितं ॥
सपपातमहोपृष्ठेशस्त्रसंघसमाहतः ॥ ६० ॥

જેનું રક્ત ચામુંડાએ પ્રાશન કરીને નહીં જેવુ કર્યું હતુ, તે રક્તબીજનો ચંડિકાએ સંહાર કર્યો. એ રીતે શસ્ત્રસમુહથી ઘાયલ થતાંજ એ રક્તબીજ પ્રાણરહિત થઇને ભૂમિપર પડયો ૬૦

नीरक्तश्चमहीपालरक्तबीजोमहासुरः ॥
ननाशेहर्षमतुलमवापुस्त्रिदशानृप ॥ ६१ ॥

હે રાજન્! એ રીતનો ક્ષીણરક્ત થયેલો રક્તબીજ દૈત્ય દેવીએ માર્યો, તે સમય હે રાજા! સકળ દેવો હર્ષ પામ્યા. ૬૧

तेषांमातृगणोजातोननर्तासृङ्मदोद्धतः ॥६२॥

એ પ્રમાણે એ દૈત્યોનો નાશ થતાંજ, એ બ્રહ્માણી, માહેશ્વરી વગેરે માતૃગણોનો સમુદાય દૈત્યોના રક્તપ્રાશનથી મદોન્મત

થઇને નૃત્ય કરવા લાગ્યો. ૬૨

इतिश्री मार्कण्डेयपुराणेसावर्णिकेमन्वतरेदेवी ॥
माहात्म्येरक्तबीजवधोनामअष्टमोऽध्यायः॥ ८॥

ઇતિ શ્રી માર્કંડેયપુરાણે દેવી માહાત્મ્યે
રક્તબીજ વધાખ્યો નામ સાર્થ
અષ્ટમોધ્યાય ૮

॥ श्रीगणपतिर्जयति ॥

॥ राजोवाच ॥

विचित्रमिदमाख्यातभगवन्भवतामम ॥
देव्याश्चरितमाहात्म्यरक्तबीजवधाश्रितं ॥१॥

સુરથ રાજા પ્રશ્ન કરે છે કે, હે તપરૂપ ઐશ્વર્યસંપન્ન ઋષિ ! એ રક્તબીજ દૈત્યના વધજન્ય દેવીનું ચરિત્ર તથા પ્રભાવ એ

બન્ને પરમ આશ્ચર્યકારક હતા તે આપે મને કહ્યા. ૧

भूयश्चेच्छाम्यहंश्रोतुंरक्तबीजेनिपातिते ॥
चकार शुंभोयत्कर्मनिशुंभश्चातिकोपनः ॥२॥

પરંતુ રક્તબીજનો સંહાર થયા પછી, ફરીથી શુંભ નિશુંભે અત્યંત કોપાયમાન થઇને જે કર્મ કર્યું હોય, તે શ્રવણ કરવાને હું ઇચ્છું છું ૨

॥ ऋषिरुवाच ॥

चकारकोपमतुलंरक्तबीजेनिपातिते ॥
शुंभासुरोनिशुंभश्चहतेष्वन्येषुचाहवे ॥ ३ ॥

ઋષિ કહે છે કે, હે રાજન્! એ રીતે પ્રથમ વર્ણવેલા પ્રકારે, એ રણભૂમિમાં રક્તબીજ તથા બીજા પણ ઘણાક અસુરોનો

દેવીએ વધ કર્યો એટલે એ શુંભ તથા નિશુંભ એ બન્ને અસુર, અતિ કોપાય માન થયા ૩

हन्यमानंमहासैन्यंविलोक्यामर्षमुद्वहन् ॥
अभ्यधावन्निशुंभोथमुख्ययासुरसेनया ॥४॥

કારણ કે, એ અસુરોનું મહા સૈન્ય દેવીએ માર્યું તે જોતાજ, નિશુંભાસુર ક્રોધાવિષ્ટ થઈને મુખ્ય અસુર સેના સહવર્તમાન દેવીની સન્મુખ દોડતો આવ્યો ૪

तस्याग्रतस्तथापृष्ठेपार्श्वयोश्चमहासुराः ॥
संदष्टौष्टपुटाः क्रुद्धाहंतुंदेवीमुपाययुः ॥ ५ ॥

તે એમ કે, એ નિશુંભની આગળ, પાછળ તથા બન્ને બાજુએ મહા અસુરો હતા તે પણ મહા ક્રોધાયમાન હોતાથકા,

હાતવડે હોઠ પીશતા છતા, દેવીનો સંહાર કરવા સારૂ તેમની આગળ આવ્યા. ૫

आजगामंमहावीर्यःशुंभोपिस्वबलैर्वृतः ॥
निहंतुंचंडिकांकोपात्कृत्वायुद्धंतुमातृभिः ॥६॥

તેમજ બીજો મહા પરાક્રમથી શુંભ પણ પોતાની ચારે બાજુએ સ્વકીય મહા સૈન્ય લેઇને, એ બ્રહ્માણીના પ્રમુખપણા નીચેનાં માતૃકાઓની સાથે યુદ્ધ કરીને, ચંડિકાનો સંહાર કરવા સારૂ ક્રોધથી આવ્યો. ૬

ततोयुद्धमतीवासीद्देव्याःशुंभनिशुंभयोः ॥
शरवर्षमतीवोग्रंमेघयोरिववर्षतोः ॥ ७ ॥

તે પછી દેવીની સાથે એ ઉભય (બન્ને) શુંભનિશુંભનુ મહા ભયંકર યુદ્ધ થવા લાગ્યું તેમાં જેમ પૂર્વ પાશ્ચિમથી ચડી આવેલા

બન્ને મૈરનો વરસાદ પડે છે, તેમ એ બન્નેની અતિ બહુ વૃદ્ધિ થવા લાગી. ૭

चिच्छेदाऽस्तः शरांस्ताभ्यां चंडिका स्वशरोत्करैः

ताडयामास चांगेषु शस्त्रौघैरसुरेश्वरौ ॥ ८ ॥

એ રીતે તેમણે જે જે બાણ નાખ્યાં, તેઓનું ચંડિકા, પોતાના બાણોના સમુદાય વડે છેદન કરતા થકા, એ બન્ને અસુરેશ્વરોનાં સર્વાંગોમાં અનેક પ્રકાર શસ્ત્રોના સમુદાયથી તાડન કરવા લાગ્યાં. ૮

निशुंभो निशितं खड्गं चर्म चादाय सुप्रभं ॥

अताडयन्मूर्ध्नि सिंहं देव्या वाहनमुत्तमं ॥ ९ ॥

એવામાં નિશુંભે અતિ તીક્ષ્ણ ખડ્ગ તથા પ્રકાશ યુક્ત ચર્મ (ઢાલ) લેઇને, દેવીના ઉત્તમ વાહન સિંહના મસ્તકમાં ખડ્ગ મા-

પટચુ ૯

ताडितेवाहनेदेवीक्षुरप्रेणासिमुत्तमं ॥
निशुंभस्याशुचिच्छेदचर्मचाप्यष्टचंद्रकं ॥१०॥

એ રીતે તેણે પોતાના વાહનને તાડન કર્યું, એટલે દેવીએ અતિ તિક્ષ્ણ બાણથી, એ નિશુંભનું ખડ્ગ તથા આઠ પ્રકારના રત્નોથી જડાવેલી ચંદ્ર તુલ્ય ઢાલ પણ છેદન કરી. ૧૦

छिन्नेचर्मणिखड्गेचशक्तिंचिक्षेपसोसुरः ॥
तामप्यस्यद्विधाचक्रेचक्रेणाभिमुखागतां ॥११॥

એ રીતે ખડ્ગ તથા ઢાલ છેદન થયાં, એટલે એ અસુરે દેવીપર શક્તિ નામનું શસ્ત્ર ફેંક્યું; તે સન્મુખ આવેલું જોઇને, દેવીએ પોતાના ચક્રવડે તેના પણ બે કકડા

કથી. ૧૧

कोपाध्मातोनिशुंभोथशूलंजग्राहदानवः ॥
आयांतंमुष्टिपातेनदेवीतच्चाप्यचूर्णयत् ॥१२॥

તે સમય એ નિશુભ દાનવે, કોપયુક્ત પણે ગર્જના કરીને, દેવીપર શૂલ નાખ્યું. પછી દેવીએ પોતાનાપર આવેલા એ શૂલનું મુષ્ટિ પ્રહારવડે ચૂર્ણ કર્યું ૧૨

आविध्याथगदांसोपिचिक्षेपचंडिकांप्रति ॥
सापिदेव्यास्त्रिशूलेनभिन्नाभस्मत्वमागता ॥१३॥

તે સમય એ ગદા ફેરવીને ચંડિકા પર નાંખી તે પણ એ દેવીના ત્રિશૂલથી ભાગીને ભસ્મ થઈ. ૧૩

ततःपरशुहस्तंतमायांतंदैत्यपुंगवं ॥
आहत्यदेवीबाणौघैरपातयतभूतले ॥ १४ ॥

તે પછી એ દૈત્યોનો શ્રેષ્ઠ નિશુંભ, ફરીથી હાથમાં ફરશી લેઇને, દેવીપર ધાઇ આવ્યો, ત્યારે દેવીએ બાણોના સમુદાયથી ઘાયલ કરીને ભુતલપર પાડયો. ૧૪

तस्मिन्निपतिते भूमौ निशुंभे भीमविक्रमे ॥
भ्रातर्यतीव संक्रुद्धः प्रययौ हंतुमंबिकां ॥१५॥

એ રીતે નિશુંભ ભુમિપર પડયો, એટલે જેનો જ્યેષ્ટ બંધુ મહા પરાક્રમી શુંભ, પોતાના બંધુને પાડનાર અંબિકાપર ક્રોધાયમાન થઇને યુદ્ધ કરવાને આવ્યો. ૧૫

सरथस्थस्तथात्युच्चैर्गृहीतपरमायुधैः
भुजैरष्टाभिरतुलैर्व्याप्याशेषं बभौ नभः ॥१६॥

તે એમ કે, રથમાં બેસવા છતાં, હાથી અનુપમ અષ્ટ ભુજાઓમાં આઠ પ્રકારનાં

ઉત્કૃષ્ટ આયુધો ગ્રહણ કર્યાં, તેનું તેજ આકાશને વ્યાપ્ત કરતું હોય એવાં શોભવા લાગ્યાં.. ૧૬

तथायांतंसमालोक्यदेवीशंखमवादयत् ॥
ज्याशब्दंचापिधनुषश्चकारातीवदुस्सहं ॥१७॥

એ પ્રકારનો એ પોતાપર આવેછે એમ જોતાજ, દેવીએ શંખનાદ કર્યો, અને એ દૈત્યોને અતિ દુસ્સહ (સહન ન થાય તેવી) ધનુંષ પ્રત્યચા (પણચનો ટંકાર કર્યો. ૧૭

पूरयामासककुभोनिजघटास्वनेनच ॥
समस्तदैत्यसैन्यानांतेजोवधविधायिना ॥१८

તેમજ દેવીએ પણ સમસ્ત દૈત્ય સૈન્યનો પરાભવ કરે એવો પોતાના ઘંટાનો

નાદ કરીને તેમણે દશે દિશાઓ નાદિત કરી. ૧૮

ततःसिंहोमहानादैस्त्याजितेभमहामदै ॥
पूरयामासगगनगांतथैवदिशोदश ॥ १९ ॥

તે પછી દેવીના સિંહે પણ મહા નાદ વડે સંપૂર્ણ આકાશ, પૃથ્વી તથા દશે દિશાઓ પૂર્ણ નાદયુક્ત કરી. એ નાદ શ્રવણ કરતાંજ એ દૈત્ય સેનામાંના મહા મદયુકત હસ્તીઓ પણ પોતાના મહા મદને તજવા લાગ્યા. ૧૯

ततःकालीसमुत्पत्यगगनंक्ष्मामताडयत् ॥ ॥
कराभ्यांतन्निनादेनप्राक्स्वनास्तेतिरोहिताः २०

તે સમય કાલિકાએ આકાશમાં ઉડાણ કરીને, ફરીથી નિચે આવીને, બન્ને હાથ

ડે પૃથ્વીને તાડન કર્યું, તેથી જે નાદ ઉત્પન્ન થયો તે એવો કે, એ નાદને લીધે પ્રથમના સર્વ નાદોનું આચ્છાદન થયું, ૨૦

अट्टाट्टहासमशिवंशिवदूतीचकारह ॥
तैःशब्दैरसुरास्त्रेसुःशुंभःकोपंपरंययौ ॥ २१ ॥

અને એ શિવદૂતીએ, તેઓને ભયાનક છતાં, અતિ મોટો અટ્ટહાસ શબ્દ કર્યો. એ શબ્દોને લીધે સર્વ અસુરોને ત્રાસ ઉત્પન્ન થયા તથા શુંભ અતિ કોપાયમાન થયો ૨૧

दुरात्मस्त्रिष्ठतिष्ठतिव्याजहारांबिकायदा ॥
तदाजयेत्यभिहितंदेवैराकाशसंस्थितैः ॥२२॥

તે સમય અંબિકા દેવી, હે દુષ્ટ, ઉભો રહે, એવું જ્યારે એ શુંભાસુરને કહેવા

લાગ્યાં, તે વખત યુદ્ધ જોવા સારૂ અંત-રીક્ષ આવેલા દેવોએ જય જયકાર શબ્દ કર્યો. ૨૨

शुंभेनागत्ययाशक्तिर्मुक्ताज्वालातिभीषणा ॥
आयांतीवह्निकूटाभासानिरस्तामहोल्कया २३

એટલામા એ શુંભે આગળ આવીને, મહા ભયંકર જાજવલ્યમાન શક્તિ દેવીપર નાંખી, તે કેવલ અગ્નિના ઢગલા જેવીજ આવેછે એમ જોઇને, દેવીએ તત્કાળ મુકેલી મહોલ્કા નામની શકિત વડે તેનો નાશ કર્યો. ૨૩

सिंहनादेनशुंभस्यव्याप्तंलोकत्रयांतरं ॥
निर्घातनिःस्वनोघोरोजितवानवनीपते ॥ २४॥

તે સમય એ શુંભે સિંહ સમાન નાદ

કર્યો, તેથી સંપૂર્ણ ત્રૈલોક્ય ગર્જના યુક્ત થયું તથાપિ હે પૃથ્વીપત, દેવીએ જે મહા ભયંકર ઉત્પત ધ્વની કરી તેથી એ અસુરનો સિંહનાદ પરાજીત થયો. ૨૪

શુંભમુક્તાઞ્છરાન્દેવી શુંભસ્તત્પ્રહિતાઞ્છરાન્ ॥
ચિચ્છેદ સ્વશરૈરુગ્રૈઃ શતશોઽથ સહસ્રશઃ ॥ ૨૫॥

પછી શુંભે જે બાણ દેવી પર નાંખ્યું, તેનુ દેવીએ પોતાના બાણવડે છેદન કર્યુ તથા દેવીએ જે બાણ તેનાપર છોડયું, તેનું એ શુંભે છેદન કર્યું એ રીતે પરસ્પરના લક્ષાવધી બાણોનું પોત પોતાનાં બાણોવડે છેદન કર્યું તે ઉપરથી દેવી તથા શુંભનું સમાન યુદ્ધ થયું. ૨૫

તતઃસાચંડિકાક્રુદ્ધાશૂલેનાભિજઘાનતં ॥

सतदाभिहतोभूमौमूर्च्छितोनिपपातह ॥२६॥
ते पछी चंडिकाએ ક્રોધાયમાન થઇને તેનાપર શુલ પ્રહાર કર્યો તે વખત એ શુંભ ઘાયલ થતાજ તત્કાળ મૂછિત થઇને ભુમીપર પડયો २६

ततोनिशुंभःसंप्राप्यचेतनामात्तकार्मुकः ॥
आजघानशरैर्देवींकालींकेसरिणंतथा ॥२७॥
તો એટલામાં પ્રથમ મૂર્ચ્છિત થયેલો નિશુંભ સાવધ થતાંજ, તેણે ધનુષ્ય બાણ વડેજ દેવીના સિંહને તાડન કર્યું. २७

पुनश्चकृत्वाबाहूनामयुतंदनुजेश्वरः ॥
चक्रायुधेनदीतयच्छादयामासचंडिकां ॥२८॥
અને દનુપુત્ર છતાં દિતિપુત્ર દૈત્ય સમાનના સ્વભાવને લીધે એને દૈત્ય પણ કહે

છે. એવા દનુજેશ્વરે નિશુંભે ફરીથી પોતાને દશ સહસ્ર બાહુ ઉત્પન્ન કરીને, તે સઘળાઓમાં આયુધ ચક્રો ધરીને તે વડે ચંડિકાને આચ્છાદન કર્યાં. ૨૮

ततोभगवतीक्रुद्धादुर्गादुर्गार्तिनाशिनी ॥
चिच्छेदतानिचक्राणिस्वशरैःसायकांश्चतान् २९

તે સમય ભક્તોને મહા સંકટોમાંથી મુક્ત કરનારા દુર્ગા દેવીએ અતિ કોપાયમાન થઇને તે ચક્રોનુ તથા પ્રથમ નાંખેલાં બાણોનું પોતાનાં બાણોવડે છેદન કર્યુ.૨૯

ततोनिशुंभोवेगेनगदामादायचंडिकां ॥
अभ्यधावतवैहतुंदैत्यसैन्यसमावृतः ॥ ३० ॥

તે પછી એ નિશુંભ ગદા લેઇને; દૈત્યસેના સહવર્તમાન અતિવેગથી એ ચંડિ-

કાનો સંહાર કરવા સારૂ, તેમની સન્મુખ ધાઈ આવ્યો. ૩૦

तस्यापततएवाशुगदांचिच्छेदचंडिका ॥
खड्गेनशितधारेणसचशूलंसमाददे ॥ ३१ ॥

એ રીતે એ આવી મળતા તુરતજ ચંડિકાએ, તિક્ષ્ણ ધારાયુક્ત ખડ્ગથી તેની ગદાનું છેદન કરતાજ તેણે ફરીથી શુલ ધારણ કર્યું. ૩૧

शूलहस्तंसमायांतंनिशुंभममरार्दनं ॥
हृदिविव्याधशूलेनवेगाविद्धेनचंडिका ॥३२॥

અને દેવોને પીડા કરનારો એ નિશુંભ હાથમાં શુલ લેઇને, સન્મુખ આવવા લાગ્યો, એટલામાં ચંડિકાએ, તત્કાલ પોતાના શૂલવડે તેના હૃદયમાં તાડન કર્યું.

भिन्नस्यतस्यशूलेनहृदयान्निःसृतोपरः ॥
महाबलोमहावीर्यस्तिष्ठेतिपुरुषोवदन् ॥३३॥

તે વખત એ નિશુંભનું હૃદય શૂલથી છિન્નભિન્ન થતાંજ તેનામાંથી એક મહા પરાક્રમી એવો એક પુરૂષ ઉત્પન્ન થઇને, ઉભી રહે એમ દેવીને કહેવા લાગ્યો. ૩૩

तस्यनिष्क्रामतोदेवीप्रहस्यस्वनवत्ततः ॥
शिरश्चिच्छेदखड्गेनततोसावपतद्भुवि ॥ ३४ ॥

એ રીતે એ દૈત્યના હૃદયમાંથી બાહેર નિકળતાંજ દેવીએ, અતિ ગર્જના યુક્ત હાસ્ય કરીને પુરૂષનો ખડ્ગ વડે શિરચ્છેદ કરતાંજ તે તત્કાળ ભૂમીપર પડયો. ૩૪

ततःसिंहश्चखादोग्रदंष्ट्राक्षुण्णशिरोधरान् ॥
असुरांस्तांस्तथदूाकालीशिवतितथापरान् ३५

પછી દેવીના સિંહે પોતાના ઉત્તમ દાંત વડે કેટલાક અસુરોના મસ્તકના કેશ ખેંચીને, તેમનું ભક્ષણ કર્યું, તેમજ કાલિકાએ તથા શિવદૂતીએ પણ બીજા અસુરોને ભક્ષણ કર્યા ૩૫

कौमारीशक्तिनिर्भिन्नाकेचिन्नेशुर्महासुराः ॥
ब्रह्माणीमंत्रपूतेनतोयेनान्येनिराकृताः ॥३६॥

વળી કેટલાએક મહા અસુરો કુમારીના શક્તિ નામના શસ્ત્રના પ્રહારને લીધે અતિ છિન્નભિન્ન થઇને નાશ પામ્યા, તથા તે સિવાય બીજા અસુર બ્રહ્માણીના પ્રણવમંત્ર વડે અભિમંત્રિત કરેલા જળથી મૃત્યુ પામ્યા.

माहेश्वरीत्रिशूलेनभिन्नाःपेतुस्तथापरे ॥
वाराहीतुंडघातेनकेचिच्चूर्णीकृताभुवि ॥३७

તેમજ બીજા કેટલાએક માહેશ્વરીના ત્રિશુલથી છિન્નભિન્ન થઇને પડ્યા, તથા કેટલાએક અસુર, વારાહીના મુખ પ્રહારથી ચુર્ણ થઇને ભૂમિપર પડયા. ૩૭

खंडंखंडचचक्रेणवैष्णव्यादानवाःकृताः
वज्रेणचैंद्रीहस्ताग्रविमुक्तेनतथापरे ॥ ३८ ॥

અને વૈષ્ણવની દેવીએ શસ્ત્રવડે તથા ઐંદ્રીએ પોતાના હાથથકી છોડેલા વજ્રવડે, બીજા કેટલાએક દાનવોના અંગના કડકા કર્યા ૩૮

केचिद्विनेशुरसुराःकेचिन्नष्टामहाहवात् ॥
भक्षिताश्चापरेकालीशिवदूतीमृगाधिपैः ॥ ३९ ॥

એ રીતે કેટલાક અસુર નાશ પામ્યા, કેટલાએક એ મહા યુદ્ધમાથી નાશી ગયા

તથા તે સિવાયના બીજાઓને ક'લી, શિવ દૂતી તથા સિંહે ભક્ષણ કર્યો. ૩૯

इतिश्रीमार्कण्डेयपुराणेसावर्णिकेमन्वंतरेदेवी माहात्म्येनिशुंभवधोनामनवमोऽध्यायः ॥९॥

ઇતિ શ્રી માર્કંડય પુરાણે સાવર્ણીકે મન્વતરે દેવી મહાત્મ્યે નિશુંભવધો નામ સાર્થ નવમોધ્યાય ૯

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

निशुंभंनिहतंदृष्ट्वाभ्रातरंप्राणसंमितं ॥
हन्यमानबलंचैवशुंभःक्रुद्धोब्रवीद्वचः ॥ १ ॥

ઋષિ કહે છે એ રીતે પોતાના પ્રાણ તુલ્ય નિશુંભ નામના બંધુને દેવીએ માર્યો

છતાં, સકળ સૈન્યનો પણ નાશ કર્યો. તે અવલોકન કરતાજ, શુંભ ક્રોધાયમાન થઇને, દેવીને કહેવા લાગ્યો. ૧

बलावलेपदुष्टेत्वमादुर्गेगर्वमावह ॥
अन्यासांबलमाश्रित्ययुध्यसेचातिमानिनी॥२॥

કે, હે દુષ્ટ દુર્ગા, તું બળના અભિમાનથી ગર્વ ધારણ કરીશ નહીં, કારણ કે, તું અતિ અભિમાનિની છતા, બીજાઓના બળનો આશ્રય કરીને યુદ્ધ કરે છે ૨

॥ देव्युवाच ॥

एकैवाहंजगत्यत्रद्वितियाकाममापरा ॥
पश्यैतादुष्टमय्येवविशंत्योमद्विभूतयः ॥३॥

દેવી કહે છે હે દુષ્ટ, આ જગતમા હું દ્વિતીય ભેદ રહિત એવી એક છું મારા

સિવાય બીજુ મને સહાય કરનારે કોણ છે ? કોઇપણ નહી શા ઉપરથી ? એમ પુછીશ તો જો, આ મારી વિભૂતિ મારામા પ્રવેશ કરે છે ૩

ततःसमस्तास्तादेव्योब्रह्माणीप्रमुखालयं ॥
तस्यादेव्यास्तनौजग्मुरेकवासीत्तदांबिका ॥४॥

એવુ કહેતાજ એ બ્રહ્માણીના પ્રમુખપણા નિચે સમસ્ત દેવીઓ, એ અંબિકાના શરીરમા પ્રવેશ કરીને એકત્વ પામ્યા. પછી એ અંબિકા માત્ર એક રૂપેજ રહ્યા ૪

॥ देव्युवाच ॥

अहंविभूत्याबहुभिरिहरूपैर्यदास्थिता ॥
तत्संहृतंमयैकैवतिष्ठाम्याजौस्थिता ॥ ५ ॥

અને એ શુંભને કહેવા લાગ્યાં કે, હું

મારા ઐશ્વર્ય બળથી પ્રથમ બહુ રૂપો ધારણ કરીને અહીં ઉભી હતી, પછી એ સર્વ રૂપો એક રૂપમા મેળવી લેઇને, હું એકલીજ સિદ્ધ (તૈયાર) છુ. હવે તું યુદ્ધને અર્થે તૈયાર થા ૫

॥ ऋषिरुवाच ॥

ततःप्रवृत्तेयुद्धंदेव्याःशुंभस्यचोभयोः ॥
पश्यतांसर्वदेवानामसुराणांचदारुणं ॥६॥

ઋષિ કહે છે. તેમણે એવુ ભાષણ કર્યા પછી, સર્વો દેવો તથા અસુરોના દેખવા છતા, દેવી તથા શુંભનુ મહા ભયંકર યુદ્ધ પ્રવૃત્ત થયું. ૬

शरवर्षैःशितैः शस्त्रैस्तथास्त्रैश्चैवदारुणै ॥
तयोर्युद्धमभूद्भूयः सर्वलोकभयंकरं ॥ ७ ॥

તે મ કે, જે યુદ્ધમા બાણુ તિક્ષ્ણુ શસ્ત્ર તથા મહા ભયંકર અસ્ત્રોની પરસ્પર વૃષ્ટિ થવા લાગી. એ રીતે એ બન્નેનું સર્વ લોકને ભયંકર એવું મોટુ યુદ્ધ થવા લાગ્યુ. ૭

दिव्यान्यस्त्राणिशतशोमुमुचेयान्यथांबिका ॥
बभंजतानिदैत्येंद्रस्तत्प्रतीघातकर्तृभिः ॥ ८ ॥

એ વખત એ અંબિકા દેવી, જે જે શતાવધી (સેંકડો) દીવ્ય અસ્ત્રો ફેંકવા લાગ્યાં, તે તે અસ્ત્રોપર તેમને ભાગી નાખનારાં પ્રતિઅસ્ત્રો નાખીને, એ અસ્ત્રોનો એ દૈત્યેંદ્ર ભંગ કરવા લાગ્યો ૮

मुक्तानितेनचास्त्राणिदिव्यानिपरमेश्वरी ॥
बभंजलीलयैवोग्रहुंकारोच्चारणादिभिः ॥९॥

અને એ શુંભ જે જે દીવ્ય અસ્ત્રો ફેંકે, તેનો એ પરમેશ્વરી સહજ લીલા વડે ઉગ્ર હુંકારારૂપ ગર્જનાદિક વડે ભંગ કરવા લાગ્યાં. ૯

ततश्शरशतैर्देवीमाच्छादयतसोसुरः ॥
सापितत्कुपितादेवीधनुश्चिच्छेदेषुभिः ॥ १० ॥

એ રીતે થવા છતાં, એ અસુરે શતાવધી બાણો વડે દેવીને આચ્છાદન (ઘેરવુ) કર્યા. તે વખત એ દેવીએ કોપયુક્ત થઇને, એ સકળ બાણોનો નાશ કરીને, પોતાના બાણવડે એ અસુરનું ધનુષ્ય છેદન કર્યું ૧૦

छिन्नेधनुषिदैत्येंद्रस्तथाशक्तिमथाददे ॥
चिच्छेददेवीचक्रेणतामप्यस्यकरेस्थिताम् ११

એ રીતે ધનુષ્ય ભાગ્યુ એટલે એ દૈત્યેંદ્રે,

તત્કાળ શક્તિ નમનું શસ્ત્ર ધારણ કર્યું, એટલામા દેવીએ એ શસ્ત્ર એ અસુરના હાથમા હતું તેમ છતા, તેનુ પોતાના ચક્ર વડે છેદન કર્યું ૧૧

तातःखड्गमुपादायशतचंद्रंचभानुमत् ॥
अभ्यधावत्ततांदेवींदैत्यानामधिपेश्वरः ॥१२॥

તે પછી એ દૈત્યાધિપતિ શુંભ મહા સામર્થ્યથી, જેના ચંદ્ર સમાનનાં સો કિરણો આડીઅવળી બાજુઓએ ચમકી રહ્યાં છે એવુ ખડ્ગ ધારણ કરીને, રથારૂઢ છતાજ દેવીની સન્મુખ દોડતો આવ્યો. ૧૨

तस्यापततएवाशुखड्गंचिच्छेदचंडिका ॥
धनुर्मुक्तैःशितैर्बाणैश्चर्मचार्ककरामलं ॥
अश्वांश्चपातयामासरथंसारथिनासह ॥१३॥

એ રીતનો એ અસુર દોડતો આવતો હવો, એટલામા એ ચંડિકાએ ધનુષ્ય થકી ફેંકેલા તિક્ષ્ણ બાણુવડે ખડ્ગ, સૂર્યકિરણ સમાન પ્રકાશયુક્ત ઢાલ, અશ્વ તથા રથ સહિત સારથી વગેરે સર્વેનું એકજ કાળે છેદન કર્યું. ૧૩

हताश्वःसतदादैत्यश्छिन्नधन्वाविसारथिः
जग्राहमुद्गरंघोरमंबिकानिधनोद्यतः ॥१४॥

એ રીતે પોતાનું ધનુષ્ય ભાગવા છતા, અશ્વ તથા સારથીનો પણ નાશ થયાને લીધે, એ દૈત્ય વિરથ (રથ વગરનો) થયો, તથાપિ તેણે અંબિકાના વધ બાબત ઉદ્યુક્ત થઇને, મહા ભયંકર મુદ્ગર ધારણ કર્યું.૧૪

चिच्छेदापततस्तस्यमुद्गरंनिशितैः शरैः ॥

तथापिसोभ्यधावत्तांमुष्टिमुद्यम्यवेगवान् १५

અને દેવી પર દોડીને આવવા લાગ્યો. એટલામાં દેવીએ અતિ તિક્ષ્ણ બાણવડે એ મુદ્દગરનું પણ છેદન કર્યું, તથાપિ તે હાથની મુઠ્ઠી વાળીને, અતિ વેગથી દેવી-પર દોડી આવ્યો. १५

समुष्टिंपातयामासहृदयेदैत्यपुंगव ॥

देव्यास्तंचापिसादेवीतलेनोरस्यताडयत् १६

અને એ દૈત્યેંદ્રે દેવીના હૃદયપર મુષ્ટિ-પ્રહાર કર્યો, તે વખત દેવીએ પણ તેની છાતીપર હાથવડે લાપટ મારી. १६

तलप्रहाराभिहतोनिपपातमहीतले ॥

सदैत्यराजःसहसापुनरेवतथोत्थितः ॥ १७॥

તે વખત એ દૈત્યરાજ એ લાપટના પ્ર

હારથી તાડિત થતાજ પૃથ્વી પર પડયો. એટલામાં તેવોજ ફરીથી એકદમ ઉડયો ૧૭

उत्पत्यचप्रगृह्योच्चैर्देवींगगनमास्थितः ॥
तत्रापिसानिराधारायुयुधेतेनचंडिका ॥१८॥

અને તત્કાળ દેવીને લેઇને, આકાશમા જઇને, ઉભો રહ્યો તે સમય ત્યાંજ એ ચડિકા નિરાધાર છતાં, એ અસુરની સાથે યુદ્ધ કરવા લાગ્યા ૧૮

नियुद्धंखेतदादैत्यश्चंडिकाचपरस्परम् ॥
चक्रतुः प्रथमसिद्धमुनिविविस्मयकारकं ॥१९

તે યુદ્ધ એવુ કે, આકાશમાં એ દૈત્ય તથા ચડિકા એ બન્ને મુખ્યત્વે પરસ્પરનો વધ કરવા સારૂ બાહુયુદ્ધ કરવા લાગ્યા. તે સમય ત્યા સિદ્ધ નામના દેવ તથા

ઋષિઓ હતા તેઓને એ યુદ્ધ આશ્ચર્યકારક ભાસ્યુ ૧૯

ततोनियुद्धंसुचिरंकृत्वातेनाम्बिकासह ॥
उत्पाटयभ्रामयामासचिक्षेपधरणीतळे ॥२०॥

એ રીતે અંબિકાએ તેની સાથે ઘણા વખત સુધી બાહુયુદ્ધ કરીને, તેને ઉચકીને, દડીની પેઠે ઉંચે ફેંક્યો પછી તેને ફરીથી નીચે આવતાજ ચંડિકાએ તેનો પગ પકડીને, માથા ઉપર ફેરવી, પૃથ્વી પર નાખ્યો. ૨૦

सक्षिप्तोधरणींप्राप्यमुष्टिमुद्यम्यवेगवान् ॥
अभ्यधावतदुष्टात्माचंडिकानिधनेच्छया २१

એ રીતે તેને ધરણી પર પાડવા છતા પણ, તે માત્ર ધરણીને સ્પર્શ કરીને ઉઠયો,

અને ફરીથી મુષ્ટિ વાળીને, એ દુરાત્મા અતિ વેગવડે એ ચંડિકાનો વધ કરવાની ઇચ્છાથી તેમનાપર ધઇ આવ્યો. ૨૧

तमायांततोदेवीसर्वदैत्यजनेश्वरं ॥
जगत्यांपातयामासभित्वाशूलेनवक्षसि ॥२२॥

એ રીતે એ સકળ દૈત્યોનો ઇશ્વર શુંભ, જેવો ધાઇને આવવા લાગ્યો, તેવેંજ એ દેવીએ શૂલ પ્રહારથી તેનું વક્ષસ્થલ (છાતી) વિદારણ કરીને, તેને પૃથ્વીપર પાડયો. ૨૨

सगतासुःपपातोर्व्यांदेवीशूलाग्रविक्षतः ॥
चालयन्सकलांपृथ्वींसाब्धिद्वीपांसपर्वतां २३

એ રીતે એ શુંભ, દેવીના શુલાગ્રથી વિદારણ થતાજ તત્કાળ ગતપ્રાણ થઇને, પૃથ્વીપર પડયો. તે સમય સાત સમુદ્ર,

સાત દ્વિપ, તથા પર્વતો સહિતની સકળ પૃથ્વી કંપાયમાન થઈ ૨૩

ततःप्रसन्नमखिलंहतेतस्मिन्दुरात्मनि ॥
जगत्स्वास्थ्यमतीवापनिर्मलंचाभवन्नः ॥२४॥

એ રીતને એ દુરાત્મા મરણ પામ્યા પછી સંપૂર્ણ જગત પ્રસન્ન થઇને, અતિ સ્વસ્થ ચિત્ત થયું, તથા આકાશ પણ નિર્મળ થયું ૨૪

उत्पातमेघास्सोल्कायेप्रागासँस्तेशमंययुः ॥
सरितोमार्गवाहिन्यस्तथासंस्तत्रपातितं॥२५॥

અને શુભ વધ થવા પછી શાન્ત થયા થકા, તથા પ્રથમ નદીઓ જે અમયોદાથી વહેતી હતી, તે પણ પોતપોતાના માર્ગોએ વહેવા લાગી. ૨૫

ततोदेवगणास्सर्वेहर्षनिर्भरमानसाः ॥
बभूपुर्निहतेतस्मिन्गधर्वाललितंजगुः ॥२६॥

અને એ દુષ્ટનો નાશ થવાથી સર્વ દેવ ગણોનાં અંતઃકરણ હર્ષથી પરિપૂર્ણ થયા તથા ગંધર્વો સુંદર ગાયન કરવા લાગ્યા ૨૬

अवादयंस्तथैवान्येननृतुश्चाप्सरोगणाः ॥
ववुःपुण्यास्तथावातास्सुप्रभोभूद्दिवाकरः २७

તેમજ બીજા દેવ ગંધર્વ વાજાં વગાડવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. વાયુ પણ મંદ સુગંધ યુક્ત છતા અનુકૂલ વાવા લાગ્યો, તથા સૂર્ય પણ ઉત્કૃષ્ટ પ્રભા યુક્ત થયા ૨૭

जज्वलुश्चाग्नयश्शांताश्शांतादिग्जनितध्वनाः२

અને અગ્નિહોત્રિયોનો હુવન આદિ અગ્નિ,

સૌમ્ય હોતો થકો પ્રજ્વલિત થવા લાગ્યો, તથા દશે દિશાઓમા પ્રથમ જે ઉત્પાત સૂચક ભયંકર ધ્વનિ થતી હતી તે પણ શાન્ત થઈ　　　　૨૮

इतिश्री मार्कंण्डेयपुराणेसावर्णिकेमन्वंतरे देवी माहात्म्येशुंभवधोनामदशमोऽध्याय ॥१०॥

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણીકે મન્વતરે દેવી માહાત્મ્યે શુંભવધો નામ સાથ દશમોધ્યાય ૧૦

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

देव्याहतेतत्रमहासुरेंद्रेंसेंद्राः सुरावह्निपुरो गमास्तां ॥ कात्यायनींतुष्टुवुरिष्टलाभाद्विकासिवक्राब्जविकासिताशाः ॥१॥

ઋષિ કહે છે એ રીતે પ્રથમ વર્ણવ્યા પ્રમાણે દેવીએ એ મહા અસુરેન્દ્રનો સંહાર કર્યો પછી ઇંદ્ર સહિત અગ્નિના પ્રમુખપણા નીચે સકળ દેવો એ શુભ નિશુંભાદિકના વધરૂપી ઈષ્ટ લાભથી પ્રસન્ન મુખ થઇને, એ યુદ્ધભૂમિમા, પોતાની કાન્તીથી દશે દિશાઓ પ્રકાશિત કરનારા એ કાત્યાયની દેવીની સ્તુતિ કરવા લાગ્યા. ૧

देविप्रपन्नार्त्तिहरे प्रसीदप्रसीदमातर्जगतोखिल स्य ॥ प्रसीद विश्वेश्वरिपाहि विश्वंत्वमीश्वरी-देविचराचरस्य ॥ २ ॥

તે એવી રીતે કે, હે દેવી, હે માતા, તમે શરણાંગત ભક્તજનોની સકળ પીડાઓ પરિહાર કરનારાં હોવાને આ સકળ ભક્ત-

જનોપર વારવાર પ્રસન્ન થાઓ, અને હે દેવી, તમે સકળ ચરાચર વિશ્વમા સ્વતંત્ર છો અર્થાત્ તમારાથકી બીજા સર્વ વિશ્વો આપને વિષે પરતંત્ર હોવા ઉપરથી તમે વિશ્વના નિયામક સ્વામિની છો, માટે આ વિશ્વપર તમે સદા પ્રસન્ન છતા તેનું પાલન કરો. ૨

आधारभूताजगतस्तत्वमे कामहीस्वरूपेणयतःस्थितासि ॥ अपांस्वरूपस्थितयात्वयैतदाप्यायतेकृत्स्नमलंघ्यवीर्यें ॥३॥

તેમજ પૃથ્વી સ્વરૂપે સ્થિત હોવા ઉપરથી તમે એકલાજ સકળ જગત્‌ને આધારભૂત છો, અને જળમાં જળ સ્વરૂપે સ્થિત હોવાને લીધે તમે આ સમસ્ત પ્રાણીમાત્રનું

જીવન કરો છો, માટે તમારૂં સામર્થ્ય દુર્નિવાર્ય છે. ૩

त्वंवैष्णवी शक्तिरनंतवीर्या विश्वस्यबीजं-
परमासिमाया ॥ संमोहितंदेवि समस्तमेतत्त्वंवै
प्रसन्नाभुविमुक्तिहेतुः ॥ ४ ॥

તેમજ તમે અનત પરાક્રમ સંપન્ન એવા વૈષ્ણવની શક્તિ હોવાને લીધે આપને વિષે જગત્‌નું પાલન કરવાની શક્તિ છે, તમે સાક્ષાત આદિ માયા હોવાને લીધે વિશ્વોત્પત્તિનાં કારણભૂત મુખ્ય બીજરૂપી છો; તેમજ હે દેવી, તમે અવિદ્યારૂપ છતાં આ સમસ્ત જગતને સંસારમાં અહંમમતા રૂપે અતિ મોહિત કરો છો. ત્યારે અર્થાત્ હું કોઇને મુક્ત કરતી નથી કે શું ? જો

એવી શંકા કરશો તો કહું છું કે, તમે જેનાપર પ્રસન્ન થશો તેનેજ આ પૃથ્વીને વિષે તમે મુક્તિનું કારણુ થાઓ છો. ૪

विद्याःसमस्तास्तवदेविभेदाः स्त्रियः समस्ताःसकलाजगत्सु ॥ त्वयैकयापूरितमंबयैतत् कातेस्तुतिःस्तव्यपरापरोक्तिः ॥ ५ ॥

અને હે દેવી, ચાર વેદ, એ વેદનાં છ અંગ, મિમાંસા, ન્યાય, વ્યાકરણુ, ધર્મશાસ્ત્ર વગેરે ચૌદ વિદ્યાઓ તથા તે સિવાય પુરાણુ આયુર્વેદ, ધનુર્વેદ તથા ગાંધર્વ શાસ્ત્રાદિક વિદ્યાઓના એક હર અષ્ટાદશ ભેદ છતાં તમે ષષ્ટી કલાયુક્ત છો. તે સર્વ તમારામાંજ અંશભૂત છે. પાતિવ્રત્ય સૌંદર્ય તથા વાક્ચાતુર્યાદિક સકળ પ્રકારનાં લક્ષણુ

સંપન્ન એવી આ જગતને વિષે જે ઉત્તમ સ્ત્રીયો છે તે પણ તમારીજ અંશભૂત છે વા તમે એકલાં અંબીકાએજ આ સંપૂર્ણ જગત અંતર્બાહ્ય કર્યું છે એ ઉપરથી તમે સ્તુતી કરવાને યોગ્યજ છો; પરંતુ તમારે વિષે ગૌણત્વ તથા મુખ્યત્વે વર્ણન કરીને કેઇ સ્તુતિ કરવી ? ૫

सर्वभुतायदादेविस्वर्गमुक्तिप्रदायिनी ॥
त्वंस्तुतास्तुतयेकावाभवंतिपरमोक्तयः ॥६॥

ફરીથી સ્તુતિનું અઘટિત્વ વર્ણન કરેછે કે, હે દેવી તમે સર્વ વિશ્વાત્મિકા છતાં તમારે વિષે પ્રકાશ કરવાપણાની શક્તિછે. અને તમે વિશેષ કરીને ભક્તજનોને યથા યોગ્ય સ્વર્ગ તથા મુક્તિ આપનારાંછો, તેથી

તમે સ્તુત્ય છે, તો તમારી સ્તુતિ બાબત એ સિવાય કેઈ અધિક વાણી સમર્થ થાય? કોઈપણ નહીં ૬

सर्वस्यबुद्धिरूपेणजनस्यहृदिसस्थिते ॥
स्वर्गापवर्गदेदेविनारायणिनमोस्तुते ॥७॥

તથાપિ જે રૂપ તમે હાલમાં અંગિકાર કર્યું છે તે રૂપનીજ અમે સ્તુતિ કરીએ છીએ તે એવી કે, હે દેવી તમે સર્વ જનોના હૃદય વિષે નિશ્ચયાત્મક જ્ઞાન રૂપથી નિવાસિત હોવાને લીધે એ જનોને જ્ઞાન-દ્વારાએ તમેજ સ્વર્ગ અથવા મોક્ષ આપો છો; માટે તમે સાક્ષાત નારાયણની મૂળ શક્તિ જે નારાયણી, તેમને હમારો નમસ્કાર હજો. ૭

कलाकाष्ठादिरूपेणपरिणामप्रदायिनी ॥
विश्वस्योपरतौशक्तेनारायणिनमोऽस्तुते ॥८॥

અને અષ્ટાદશ નિમેષાત્મક જે કાળ તે કાષ્ટા તેને કાષ્ટાત્મક જે કાળ તે કળા તથા ક્ષણ, ઘટિકા મુહુર્ત વગેરે કાળમાન રૂપથી, તમે સકળ પ્રાણી માત્રને બાલ્ય તથા તારૂણ્યાદિ અવસ્થાઓ આપનારાં છો, તેમજ વિશ્વનો નાશ કરવા બાબત પણ તમેજ સમર્થ છો એ ઉપરથી આપને વિષે અખંડ કાળરૂપપણું છે એવાં તમે નારાયણી શક્તિને અમારો નમસ્કાર હજો. ૮

सर्वमंगलमांगल्येशिवेसर्वार्थसाधिके ॥
शरण्येत्र्यंबकेगौरिनारायणिनमोस्तुते ॥९॥

વળી તમે સર્વ મંગલ વસ્તુઓએ રૂપ હોવા ઉપરથી સર્વનુ કલ્યાણ કરનારાં છો. તે એવાં કે જેઓને જે જે અર્થની અ-પેક્ષા હોય છે તેઓને તે તે સર્વ અર્થ તમે સંપાદન કરી આપો છો. એવાં તમે શરણ દાતાપણાને યોગ્ય છતાં આપને ત્રણ નેત્ર છે તથા ગૌર વર્ણ છો તે ઉપરથી આપને વિષે શિવ શક્તિપણું પણ છે એવાં આપ નારાયણીને નમસ્કાર હજો. ૯

सृष्टिस्थितिविनाशानांशक्तिभूतेसनातनि ॥
गुणाश्रयेगुणमयेनारायणिनमोस्तुते ॥ १० ॥

તેમજ ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કર-નારા જે બ્રહ્મદેવ, વિષ્ણુ તથા રૂદ્ર વગેરેની પણ શક્તિઓ તારામાંજ છે તે ઉપરથી તપ

અનાદિ સિદ્ધ થતા મહત્તત્ત્વ અહંકાર વગેરે ગુણોને પણ કદાપિ તમે આશ્રયં છો, તથાપિ આપને વિષે એ ગુણોનો લેશમાત્ર પણ વિકાર નથી એમ નિર્વીકાર નારાયણી શક્તિરૂપ જે આપ તમને અમારો નમસ્કાર હજો. ૧૦

शरणागतदीनार्तपरीत्राणपरायणे ॥
सर्वस्यार्तिहरेदेविनारायणिनमोस्तुते ॥११॥

તેમજ જન્મ મરણાદિ દુ:ખ ભોગવનારા પ્રાણીઓ રોગ અથવા ચોરાદિકથી પીડિત થઇને આપને શરણે આવે છે; તેઓનું સંરક્ષણ કરવા તમે તત્પર છો. એવાં સર્વની પીડા હરણ કરનારાં આપ નારાયણી દેવીને અમારો નમસ્કાર હજો, ૧૧

हंसयुक्तविमानस्तेब्रह्माणीरूपधारिणि ॥
कौशांभःक्षुरिकेदेविनारायणिनमोस्तुते ।।१२।

હે દેવી તમે બ્રહ્માણીરૂપ ધારણ કરીને હંસયુક્ત વિમાનમાં સ્થિત હોતા થકાં હસ્તમા ગ્રહણ કરેલા જળપૂર્ણ કમંડલ માંનું ઉદક સેવન કરો છો, એવા આપ નારાયણીને અમારો નમસ્કાર હજો. ૧૨

त्रिशूलचंद्राहिधरेमहावृषभवाहिनि ॥
माहेश्वरीस्वरूपेणनारायणिनमोस्तुते ॥१३॥

તમે માહેશ્વરરૂપે હસ્તમા ત્રિશૂલ, મસ્તક પર ચદ્રમા તથા અંગપર સર્પનાં ભૂષણો ધારણ કર્યાં છતા મહા વૃષભપર આરોહણ કર્યું છે એવા તમે શિવરૂપિણી નારાયણીને નમસ્કાર હજો. ૧૩

मयूरकुक्कुटवृतेमहाशक्तिधरेऽनघे ॥
कौमारीरूपसंस्थानेनारायणिनमोस्तुते ।१४।

તેમજ મયુર તથા કુકડાના પીંછાઓથી આચ્છાદિત છતા હાથમા મહાશક્તિ નામનું આયુધ ધારણ કર્યા છતા પણ તમે કોઇને અપરાધ સિવાય હડ કરતાં નથી એવાં નિષ્પાપ છો તેમ છતાં વળી કુમારીકા પ્રમાણે રૂપ તથા અવયવો ધારણ કરનારાં આપ નારાયણીને અમારો નમસ્કાર હજો.૧૪

शंखचक्रगदाशार्ङ्गगृहीतपरमायुधे ॥
प्रसीदवैष्णवीरूपेनारायणिनमोस्तुते ॥१५॥

તેમજ શંખ, ચક્ર, ગદા, તથા શાર્ઙ્ગ ધનુષ્ય એવા પરમ ઉત્કૃષ્ટ ચાર આયુધો ચાર હસ્તમાં ગ્રહણ કર્યા ઉપરથી તમે

વિષ્ણુરૂપ ધારણ કરનારા છો, તો હે નારા યણી તમે અમારાપર પ્રસન્ન થાઓ અને તમને નમસ્કાર હજો ૧૫

गृहीतोग्रमहाचक्रेदंष्ट्रोधृतवसुंधरे ॥
वराहरूपिणिशिवेनारायणिनमोस्तुते ॥१६॥

તમે હાથમાં મહા ઉગ્ર ચક્ર ગ્રહણ કરવા છતાં દાઢ વડે પૃથ્વી ઉચકી એવાં આપ કલ્યાણદાયક વરાહરૂપિણી નારાયણીને નમસ્કાર હજો. ૧૬

नृसिंहरूपेणोग्रेणहंतुंदैत्यान्कृतोद्यमे ॥
त्रैलोक्यत्राणसहितेनारायणिनमोस्तुते ॥१७॥

અને તમે મહા ઉગ્ર નરસિંહ રૂપ ધારણ કરીને, દૈત્યોનો સંહાર કરવા બાબત ઉદ્યોગ કર્યો તેથી કરીને તમે ત્રૈલો-

કર્યનું સંરક્ષણ તથા ઉત્તમ પ્રકારે હિત કર્યું એવા આપ નારાયણીને નમસ્કાર હજો. ૧૭

किरीटिनिमहावज्रेसहस्रनयनोज्ज्वले ॥
वृत्रमाणहरेचैंद्रिनारायणिनमोस्तुते ॥ १८ ॥

તમે મસ્તકે મુકુટ તથા હસ્તમાં વજ્ર ધારણ કર્યો થકા સહસ્ત્ર નેત્રોમાંથી પ્રકાશીત એવા ઇંદ્રરૂપે તમે વૃતાસુરના પ્રાણ હરણ કર્યા તો હે નારાયણી તમને નમસ્કાર હજો. ૧૮

शिवदूतीस्वरूपेणहतदैत्यमहाबले ॥
घोररूपेमहारावेनारायणिनमोस्तुते ॥१९॥

વળી તમે શિવદૂતી રૂપે જે વખત દૈત્યોના મહા સૈન્યનો સંહાર કરીને મોટા

હર્ષથી ગર્જના કરી તે સમય તમારૂં અતિ ભયંકર રૂપ હતું એવાં આપ નારાયણીને નમસ્કાર હજો. ૧૯

दंष्ट्राकरालवदनेशिरोमालाविभूषणे ॥
चामुंडेमुंडमथनेनारायणिनमोस्तुते ॥२०॥

તમારૂ એ ભયંકર રૂપ એવુ કે અતિ તિક્ષ્ણ દાંતે યુક્ત મુખ છતાં, તમે અંગ મનુષ્યનાં મસ્તકોની માળાનાં ભૂષણ ધારણ કર્યાં હતાં, એવા ભયંકર રૂપે હે ચામુડા, તમે ચડમુડ નામના દૈત્યનો સહાર કર્યો, તો હે નારાયણી, તમને નમસ્કાર હજો. ૨૦

लक्ष्मिलज्जेमहाविद्येश्रद्धेपुष्टिस्वधेध्रुवे ॥
महारात्रिमहामायेनारायणिनमोस्तुते ॥२१॥

હે લક્ષ્મીરૂપ, હે લજ્જારૂપ, હે ઉપનિ

ષટ્રૂપ મહા વિદ્યા, હે શ્રુતિ સ્મૃતિને વિષે આસ્તિક બુદ્ધિરૂપ, હે પિતૃઓના ઉદ્દેશથી આપેલા કવ્યાન્ન વડે પુષ્ટિ યુક્ત સ્વધારૂપ, હે વિશેષે કરીને સ્તુક નામના યજ્ઞ પાત્ર તથા સર્વ પાનને આવરણ કરનારાં મહા-રાત્રીરૂપ મોહાંધકાર તદ્રૂપ, હે મહામાયા નારાયણી, તમને નમસ્કાર હજો ૨૧

मेधेसरस्वतिवरेभूतिबाभ्रवितामसि ॥
नियतेत्वंप्रसीदेशेनारायणिनमोस्तुते ॥२२॥

હે ધારણા યુક્ત બુદ્ધિરૂપ, હે વાગ્દેવી, હે શ્રેષ્ઠ, હે સત્વ ગુણ પ્રધાન ઐશ્વર્ય, રજોગુણ તથા તમોગુણ યુક્ત હોવાને લીધે મહારૂષ્ટા છો, તથાપિ હે નારાયણી, તમે અમારાપર કૃપા કરો. તમને અમે નમસ્કાર

કરીએ છીએ ૨૨

सर्वस्वरूपेसर्वेशेसर्वशक्तिसमन्विते ॥
भयेभ्यस्त्राहिनोदेविदुर्गेदेविनमोस्तुते ॥२३॥

હે દેવી, તમે સર્વ જગતસ્વરૂપીણી છતા, સર્વની સ્વામિની તથા સર્વ શક્તિયુક્તછો, માટે સંસારને લગતા ત્રિવિધ તાપ તથા દૈત્યોના ભય થકી અમારૂ રક્ષણ કરો. હે દુર્ગા દેવી, તમને નમસ્કાર હજો. ૨૩

एतत्तेवदनसौम्यलोचनत्रयभूषितं ॥
पातुनःसर्वभूतेभ्यःकात्यायनिनमोस्तुते ।२४।

હે કાત્યાયની દેવી, આપનાં ત્રિનેત્રવડે સુશોભિત જે અતિ સૌમ્ય મુખ, તે આ સકળ ભૂતોને લગતા વિકાર તથા સકળ પ્રાણી માત્રો થકી અમારૂ સંરક્ષણ કરો.

અમે તમને નમસ્કાર કરીએ છીએ. ૨૪

ज्वालाकरालमत्युग्रमशेषासुरसूदन ॥
त्रिशूलंपातुनोभीतेर्भद्रकालिनमोस्तुते ॥२५॥

તેમજ અગ્નિ જ્વાલા સમાન મહા ભય-કર છતાં અતિ ઉગ્ર હોવાને લીધે, સમસ્ત અસુરોનો સંહાર કરનારા ત્રિશુલવડે, અમારૂ સર્વ ભય થકી રક્ષણ કરો હે ભદ્ર-કાલી, તમને અમારો નમસ્કાર હજો. ૨૫

हिनस्तिदैत्यतेजांसिस्वनेनापूर्ययाजगत् ॥
साघंटापातुनोदेविपापेभ्योनःसुतानिव ॥२६॥

તેમજ હે દેવી, આપ આપના સંપુર્ણ જગત વ્યાપક નાદવડે દૈત્યોનુ તેજ હરણ કરો છો, એવી આપની ઘંટા, અમને સર્વ પાપોથકી, જેમ માતા પોતાના પુત્રોનુ

રક્ષણ કરે છે, તેમ રક્ષણ કરો. ૨૬

असुरासृग्वसापङ्कचर्चितस्तेकरोज्ज्वलः ॥
शुभायखड्गोभवतुचंडिकेत्वांनतावयं ॥२७॥

અને જે અસુરોના રક્ત તથા માંસરૂપી કાદવથી લિપ્ત થયા છતાં, તમારા હસ્તને પ્રકાશિત કરે છે, અથવા આપનાં કિરણોથી પ્રકાશમાન દીસે છે, તેવું આપનુ ખડ્ગ અમારૂં રક્ષણ કરજો. કારણકે, હે ચંડિકા, અમે તમારે ચરણે નમીએ છીએ ૨૭

रोगानशेषानपहंसितुष्टारुष्टातुकामान्सकलानभीष्टान् ॥ त्वामाश्रितानांनविपन्नराणां त्वामाश्रिताह्याश्रयतांप्रयान्ति ॥२८॥

તો હે દેવી, તમે સંતુષ્ટ થાઓ. એટલે સકળ રોગોનો નાશ કરો છો, તથા તમે

ક્રોધયુક્ત થાઓ, તો સકળ પ્રિય વિષયોનો નાશ કરો, તો આપનો આશ્રય કરનારા મનુષ્યોને કોઇપણ ઇષ્ટ વસ્તુના વિયોગરૂપી વિપત્તિ પ્રાપ્ત થતી નથી, ત્યારે જેઓ તમારો આશ્રય કરે છે, તે બીજા જનોને આશ્રય આપનારા થાય છે. ૨૮

एतत्कृतंयत्कदनंत्वयाद्य धर्मं द्विषांदेविम-हासुराणां ॥ रूपैरनेकैर्बहुधात्ममूर्तिंकृत्वांबि-केतत्प्रकरोतिकान्या ॥ २९ ॥

હે અંબિકા દેવી, તમે પોતાની એક મૂર્ત્તિ છતા, બ્રહ્માણી તથા કાળી વગેરે અનેક રૂપથી, ધર્મદ્વેષ કરનારા મહા અસુરોનો તમે જેવો આજ સંહાર કર્યો છે, તેવો તમારા શિવાય બીજી કેઇ અી દુષ્ટો-

નો સહાર કરનાર છે ? કોઇ નથી ને થનાર પણ નથી   ૨૯

विद्यासुशास्त्रेषु विवेकदीपेष्वाद्येषुवाक्ये-षुचकारवदन्या ॥ ममत्त्वगर्तेऽतिमहांधकारे विभ्रामयत्येतदतीवविश्वम् ॥ ३० ॥

જુઓ કે, આ લોકમા જ્ઞાનનુ સાધન જે વિદ્યા, તે પ્રાપ્ત થવાને ઉપાય ભુત એવાં શાસ્ત્રો તથા મન્વાદિકથી ઉક્ત જે વિવેકરૂપી દીપકરૂપ ઉપનિશદો પણ છતા તેમ પ્રથમ કર્મકાન્ડપર વેદ વાકયો છે એમ છતાં પણ જેને માટે મહા મોહાંધકાર યુક્ત મમત્વગર્તા રૂપ સંસારમાં આ વિશ્વ અત્યત ભ્રમણ પામે છે ને તમારા સિવાય આ વિશ્વને આવા સસારમા કોણ ભમાવે છે ? કોઇપણ નહી

તો તમેજ ભમાવો છો ૩૦

रक्षांसियत्रोग्रविषाश्चनागायत्रारयोदस्युबलानियत्र ॥ दावानलोयत्रतथाब्धिमध्येतत्र स्थितात्वंपरिपासिविश्वं ॥ ३१ ॥

તેમજ આ સંસારમાં રક્ષણ પણ તમેજ કરો છો- તે એમ કે જેમા અધ્યાત્મિક, અધિદૈવિક તથા અધિભૌતીક એવાં ત્રિવિધ દુખ દેનારા રાક્ષસરૂપી મહા ઉગ્ર વિષય યુક્ત સર્પતુલ્ય શત્રુ છતાં જેમા સબધી જન મોહપાસમાં ઘાલીને દ્રવ્ય હરણ કરે છે, એજ ચોરોનુ સૈન્ય છે તથા જે અરણ્ય તુલ્ય છતાં જેમા ત્રિવિધ તાપરૂપી દાવાગ્નિ છે તો જેમ રાક્ષસ સર્પ તથા વડવાગ્નિ વગેરેથી યુક્ત સાક્ષાત સમુદ્ર હોય છે તેવેજ

આ સસાર સમુદ્ર હોય છે તેનોજ આ સ-
સાર સમુદ્ર કહેવાય. તેમા સકળ વ્યાપક
એવા તમેજ સ્થિત છતા તેમા પડેલા વિ-
શ્વનું સર્વદા પાલન કરો છે. ૩૧

विश्वेश्वरीत्वंपरिपासिविश्वंविश्वात्मिका
धारयसीतिविश्वम् ॥ विश्वेशवंद्याभवतीभवं-
तिविश्वाश्रयायेत्वयिभक्तिनम्राः ॥ ३२ ॥

કારણ કે જ્યારે તમેજ વિશ્વની ઇશ્વ-
રી છતાં વિશ્વનાં અતરને વિષે નિવાસ
કરનારા હોવાને લીધે તમેજ પોતાની શક્તિ
વડે વિશ્વને ધારણ કરીને સર્વકાલ પરિપાલ
ન કરો છો માટે વિશ્વેશ જે બ્રહ્માદિ દેવ
તેમને મનથી તમે વદન કરવાને ચોગ્ય છો.
એ રીતે આપને વિશે જેઓભક્તિ થી નમ્ર

હોય છે તેઓ સકળ વિશ્વને પણ આશ્રય આપનાર થાય છે ૩૨

देवीप्रसीदपरिपालयनोरिभीतेर्नित्यंयथासुरवधादधुनैवसद्यः ॥ पापानिसर्वजगतांप्रशमंनयाशुउत्पातपाकजनितांश्चमहोपसर्गान् ३३

માટે હે દેવી, તમે પ્રસન્ન થઓ, અને જેમ હાલમાં શુંભનિશુંભાદિક અસુરોના વધથકી અમારૂ પાલન કર્યુ છે, તેમ શત્રુના ભયથકી અમારૂં નિરંતર સરક્ષણ કરો, વળી સકળ જગતના પાપ પણ ત્વરાથી નહીં સમાન કરો, અને પૃથ્વીપર અનેક પ્રકારના ઉત્પાત થાય છે, તેઓની પણ તમે શાન્તિ કરો ૩૩

प्रणतानांप्रसीदत्वदेविविश्वार्तिहारिणि ॥

त्रैलोक्यवासिनामीड्येलोकानांवरदाभव ३४

હે દેવી, તમે સકળ વિશ્વની પીડા પરિહાર કરનારા છો. તેમાં જે તમારા વિષે અતિ નમ્ર થાય છે, તેઓનાપર પણ તમે અવશ્ય કૃપા કરો છો કારણ કે, ત્રૈલોક્યવાસી બ્રહ્માદિ દેવોને પણ તમે સ્તવન કરવું-યોગ્ય છે, તો તમે સર્વ લોકને વરદાન આપનારા હરો ૩૪

॥ देव्युवाच ॥

वरदाहंसुरगणावरयमनसेच्छथ ॥

तंवृणुध्वंप्रयच्छामिजगतामुपकारकं ॥३५॥

એ રીતની દેવોએ સ્તુતિ કરતાંજ, દેવી પ્રસન્ન થઇને કહેવા લાગ્યા કે, હે દેવગણો, હું વરદાન આપવા સારૂ તૈયાર થઇછું તો

તમારા મનમાં જે કાંઇ ઇચ્છિત વરદાન હોય તે તમે માગો, એટલે એ પ્રમાણે હુ સકળ જગત ઉપર ઉપકાર થવા જેવુ તમને વરદાન આપુ ૩૫

॥ देवाऊचु ॥

सर्वाबाधाप्रशमनंत्रैलोक्यस्याखिलेश्वरि ॥
एवमेवत्वयाकार्यमस्मद्वैरिविनाशनं ॥ ३६ ॥

દેવો કહે છે હે સર્વેશ્વરી, તમે ત્રૈલોક્યની સકળ બાધાને શાન્ત કરો, અને જેમ તમે શુભાદિકનો નાશ કર્યો, તેમજ અમારા વૈરીઓનો પણ સર્વથા નાશ કરો.

॥ देव्युवाच ॥

वैवस्वतेंतरेप्राप्तेअष्टाविंशतिमेयुगे ॥
शुंभोनिशुंभश्चैवान्यावुत्पत्स्येतेमहासुरौ ३७

દેવી કહે છે. આગળ જતાં વૈવસ્વત નામનુ મન્વંતર પ્રાપ્ત થશે, તેમાના ચતુર યુગના પર્યાયમા જે અઠ્ઠાવીશમો યુગ પર્યાય પ્રાપ્ત થશે તેમા દ્વાપરનો અંત તથા કળીનો આરંભ એવી સંધીમા, શુંભનિશુંભ નામના આવા બીજા મહા અસુર ઉત્પન્ન થશે ૩૭

नंदगोपगृहेजातायशोदागर्भसंभवा ॥

ततस्तौनाशयिष्यामिविंध्याचलनिवासिना ३८

તે સમય હુ નંદ નામના ગોવાળને ઘેર યશોદાના ગર્ભથકી ઉત્પન્ન થઇને, એ શુંભનિશુંભનો નાશ કરીને વિંધ્યચલપર વાસ કરીશ ૩૮

पुनरप्यतिरौद्रेणरूपेणपृथिवीतले ॥

अवतीर्यहनिष्यामिवैमचित्तांश्चदानवान ।३९।

પછી ફરીથી હુ દ્વાપર યુગને અતે મહા ભયકર રૂપે પૃથ્વીપર અવતાર લેઇને, વિપ્રચિત્તના વશમા ઉત્પન્ન થયેલા દાનવનો સહાર કરીશ ૩૯

भक्षयंत्याश्चतानुग्रान्वैमचित्तान्महासुरान् ॥
रक्तादंताभविष्यंतिदाडिमीकुसुमोपमाः॥४०॥

તે એવો કે, એ મહા ઉગ્ર એવાં વિપ્રચિત્ત નામના કુળમા ઉત્પન્ન થએલા અસુરોને હુ ભક્ષણ કરીશ તે વખત મારા દાંત દાડિમના પુષ્પ સમાન રાતા થશે. ૪૦

ततोमादेवतास्वर्गेमर्त्यलोकेचमानवाः ॥
स्तुवंतोव्याहरिष्यतिसततंरक्तदंतिकां ॥४१॥

તેથી કરીને સ્વર્ગમાં દેવો તથા મૃત્યુ

લોકમાં મનુષ્યો મને સ્તવન કરતા છતાં, મને નિરંતર રક્તદંતિકા નામથી કહેવા લાગશે. તેમા રક્તદંતએ માત્ર ઉપલક્ષણ જાણવું, ખરૂ જોઇએ તો કેશ, આયુધો તથા મારા સર્વ અવયવ પણ રક્તવર્ણ થશે એ ઉપરથી રક્ત ચામુંડા એવા નામથી મારો આ લોકમા વ્યવહાર પડશે. ૪૧

भूयश्च शतवार्षिक्यामनावृष्ट्यामनंभसि ॥
मुनिभिःसंस्मृताभूमौसंभविष्याम्ययोनिजा ॥४२

પછી ફરીથી એમ થશે કે, જે વખત પૃથ્વીપર સો વર્ષ સુધિ અનાવૃષ્ટિ થઇને, જળની અછત થશે, તે વખત મુનીઓએ મારૂં સ્મરણ કરતાજ, જેમ હાલમા પાર્વતીના દેહથકી મારો આવિર્ભાવ થયો છે,

તેમ તે સમય આ પૃથ્વીપર મારો અયોની સંભવ અવતાર થશે. ૪૨

ततःश्तेननेत्राणांमिरीक्षिष्यामहम्मुनीन् ॥
कीर्तयिष्यंतिमनुजाःशताक्षीमितिमांततः ४३

પછી હું જ્યારે એ મુનીઓને સો નેત્ર વડે અવલોકન કરીશ, ત્યારે સર્વ મનુષ્યો મને શતાક્ષી એવા નામથી કીર્તન કરવા લાગશે. ૪૩

ततोहमखिलंलोकमात्मदेहसमुद्भवैः ॥
भरिष्यामिसुराःशाकैराष्ट्रष्टेःप्राणधारकैः ४४

હે દેવો, તે સમય પર્જન્ય વૃષ્ટી થશે ત્યા સુધી સર્વ લોકોના પ્રાણ રહેવા જેમ શાકો, હું મારા દેહ થકી ઉત્પન્ન કરીને, એ વડે સર્વ લોકોનું પોષણ કરીશ. ૪૪

शाकंभरीतिविख्यातिंतदायास्याम्यहंभुवि ॥
तत्रैवचवधिष्यामिदुर्गमाख्यंमहासुरं ॥४५॥

એ રીતે વૈવસ્વત મન્વતરમાના ચાલીશમા યુગમા હું શતક્ષી છતાં, સ્વશરીરોત્પન્ન શાકોવડે સર્વનું ભરણ પોષણ કર્યાને લીધે, આ પૃથ્વીપર મારી શાકંભરી અવતારમાં હું દુર્ગમ નામના મહા અસુરનો વધ કરીશ ૪૫

दुर्गादेवीतिविख्यातंतन्मेनामभविष्यति ॥
पुनश्चाहंयदाभीमंरूपंकृत्वाहिमाचले ॥४६॥

તેને લીધે દુર્ગાદેવી એવુ નામ મારૂજ પ્રખ્યાત થશે. પછી હુ જે સમય ફરીથી હિમાચલપર ભીમ (ભયંકર) રૂપ ધારણ કરીને, ૪૬

रक्षांसिभक्षयिष्यामिमुनीनांत्राणकारणात् ॥
तदामांमुनयःसर्वेस्तोष्यंत्यानम्रमूर्तयः ॥४७॥

તે ઠેકાણે નિવાસ કરનારા મુનિઓના સંરક્ષણને અર્થે, તેઓને પીડા કરનારા રાક્ષસોનો ભક્ષ કરીશ. તે સમયે એ સર્વ મુનીઓ નમ્ર દેહ થઇને, મારી સ્તુતિ કરવા લાગશે ૪૭

भीमादेवीतिविख्यातंतन्मेनामभविष्यति ॥
यदारुणाख्यस्त्रैलोक्येमहाबाधांकरिष्यति ४८

એ વૈવસ્તવ યુગના પચાશમા યુગમાં હું ભીમા નામે અવતાર લેઇશ ત્યારથી, મારૂં નામ ભીમા દેવી એવું પ્રખ્યાત થશે, તેમજ તે સમય અરૂણ નામનો દૈત્ય ઉત્પન્ન થઇને, ત્રૈલોક્યમા સર્વ લોકને અતિ

બાધા કરવા લાગશે. ૪૮

तदाहंभ्रामरंरूपंकृत्वासंख्येयषट्पदं ॥
त्रैलोक्यस्यहितार्थायवधिष्यामिमहासुरं ४९

તે સમય જે રૂપમાં અસંખ્ય ભમરા છતાં હાથમાં પણ એક ભમરો ગ્રહણ કર્યો છે, એવું ભ્રમરરૂપ હું ધારણ કરીને, ત્રૈલોક્યના હિતને અર્થે એ મહા અસુરોનો વધ કરીશ ૪૯

भ्रामरीतिचमांलोकास्तदास्तोष्यंतिसर्वतः ॥
इत्थंयदायदाबाधादानवोत्थाभविष्यति ५०

એ રીતના વૈવસ્વત મન્વંતરના આઠમા યુગપર્યાયમાં મારો ભ્રમરી અવતાર થશે તે સમય સર્વ લોક મારી ભ્રામરી એવા નામથી સ્તુતિ કરવા લાગશે. એ રીતે જે

જે સમય આ ત્રૈલોક્યમાં દાનવોથકી લોકોને બાધા થવા લાગશે ૫૦

तदातदावतीर्याहंकरिष्याम्यरिसंक्षयं ॥५१॥

તે તે સમય હું તેવો અવતાર ધારણ કરી ને, શત્રુઓનો ક્ષય કરતી જઈશ ૫૧

॥ इति श्रीमार्कण्डेयपुराणेसावर्णिकेमन्वंतरे-देवीमाहात्म्येनारायणिस्तुतिर्नाम एकादशो-ऽध्यायः ॥ ११ ॥

ઇતિ શ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે દેવીકૃતા નારાયણી સ્તુતિ-નામ સાર્થં એકાદશોધ્યાયઃ ૧૧

श्रीगणपतिर्जयति ॥

॥ देव्युवाच ॥

एभिःस्तवैश्चमांनित्यंस्तोष्यतेयःसमाहितः ॥
तस्याहंसकलांबाधांनाशयिष्याम्यसंशयं ॥१॥

દેવી કહે છે હે દેવો, તમે જે આ મારૂં સ્તવન કર્યું, તે વડે જે મનુષ્ય અનન્ય બુદ્ધિથી મારી પ્રતિ દિવસે સ્તુતિ કરશે, તેના સકળ બાધા હું નહી જેના કરીશ એમાં સંશય નથી. ૧

मधुकैटभनाशंचमहिषासुरघातन ॥
कीर्तयिष्यतियेतद्वद्वधंशुंभनिशुंभयो ॥ २ ॥

તેમજ મધુકૈટભનો નાશ, મહિષાસુરનું મથન તથા શુંભનિશુંભનો વધ એઓનું જે

કોઈ વર્ણન કરશે, તેઓની સર્વ પીડાઓ હું પરિહાર કરીશ   ૨

अष्टम्यांचतुर्दश्यांनवम्याचैकचे।सः ॥
श्रोष्यतिचैवयेभक्तथामममाहात्म्यमुत्तमं ॥३॥

એ રીતનુ મારૂ ચરિત્ર નિત્ય પઠન કરવુ, પરન્તુ તેમા પણ મુખ્ય કાળ કહે છે. તે એમ કે, અષ્ટમી, ચતુર્દશી તથા નવમી એ તિથીઓએ, એકાગ્ર ચિત્તથી મારૂ ઉત્તમ મહાત્મય ભક્તિથી શ્રવણ કિવા પઠન કરશે.   ૩

नतेषादुष्कृतंकिंचिदुष्कृतोत्थानचापदः
भविष्यतिनदारिद्र्यंनचैवेष्टवियोजनं ॥ ४ ॥

તેઓને કિંચિત પાપ સ્પર્શ કરનાર નથી, તથા દુષ્ટ કર્મથી ઉત્પન્ન થએલી

વિપત્તિ પણ થનાર નથી, તેમજ દારિદ્રય તથા પ્રિય વસ્તુનો વિયોગ એપણ તેઓને થનાર નથી. ૪

शत्रुतोनभयंतस्यदस्युतोवानराजतः ॥
नशस्त्रानलतोयौघात्कदाचित्संभविष्यति ॥५॥

અને તેઓને શત્રુથકી, રોગથકી, રાજ-થકી તથા શસ્ત્ર, અગ્નિ તથા જલ એઓ-ના સમુદાયથકી કદીએ ભય પ્રાપ્ત થનાર નથી. ૫

तस्मान्ममैतन्माहात्म्यंपठितव्यंसमाहितैः ॥
श्रोतव्यंचसदाभक्त्यापरंस्वस्त्ययनंमहत् ॥६॥

માંટે મારૂ મહાત્મ્ય પરમ કલ્યાણકારક હોવાને લીધે, તેનું, મનની એકાગ્રતા કરીને, ભક્તિથી સર્વદા પઠન તથા શ્રવણ

કર્યે જવું. ૬

उपसर्गानशेषांस्तुमहामारीसमुद्भवान् ॥
तथात्रिविधमुत्पातंमाहात्म्यंशमयेन्मम ॥७॥

એટલે મહામારીથકી ઉત્પન્ન થએલા સમસ્ત ઉપદ્રવ તેમજ વ્યાધિ, પ્રીતિ, દ્વેષ વગેરે રૂપી આધ્યાત્મિક, ભૂત પ્રેતાદિકથી થએલા ભય બ્રહ્માદિરૂપ અધિભૌતિક અને વજ્રપાત, વિદ્યુલ્લતાપાત (વિજળીનુ પડવુ), દારિદ્રય વગેરે રૂપી અધિદૈવિક એવા ત્રણ પ્રકારના ઉત્પાત, તેથીજ દેવોથકી, અંતરીક્ષથકી તથા ભૂમિથકી ઉત્પન્ન થનારા એવા ત્રણ પ્રકારના ઉપદ્રવ વગેરે સર્વે અનિષ્ટો, મારા મહાત્મ્યથી નાશ થશે. ૭

यत्रैतत्पठ्यतेसम्यङ्नित्यमायतनेमम ॥

सद्दानऽहिमोऽदापि सानिध्यंतत्रमेस्थितं ॥८॥

એ રીતે મારા આ મહાત્મ્યનું મારા મંદિરમા બેસીને સર્વદા અર્થવિચારપૂર્વક અસ્ખલિત વાણીથી જે પઠન કરે, તેની હું કદીપણ ઉપેક્ષા (દ્વેષ) કરનાર નથી, તેમ છતા હું તેમની સમીપજ નિરંતર વાસ કરતી જઇશ. ૮

बलि प्रदानेपूजायामग्निकार्यमहोत्सवे ॥
सर्वममैतच्चरितमुच्चार्यंश्राव्यमेवच ॥ ९ ॥

માટે દેવોના ઉદ્દેશથી જેઓ અન્નાદિનુ કિંવા પશ્વાદિકનું બલિદાન કરે છે તે સમય, દેવોની પૂજાની વખતે, દેવીના ઉદ્દેશથી જે હોમ કરે છે તે વખત, તેમજ પુત્ર જન્મોત્સવ વખતે તથા વિવા-

હાદિ મંગલકાર્યના આરંભે એ રીતે સર્વત્ર મારૂ આ ચરિત્ર બ્રાહ્મણની પાસે પઠન કરાવવુ તથા પોતે પણ પઠન શ્રવણ કરવુ ૯

जानताजानतावापिबलिपूजांयथाकृतां॥
प्रतीक्षिष्याम्यहंप्रीत्यावन्हिहोमंतथाकृतं ॥१०॥

તેનું ફળ કહે છે કે, બલિપ્રદાન, પૂજા તથા અગ્નિ મધ્યે હોમ એ કર્મો, વિધિ જાણનારા પુરૂષો યથાવિધિ કરે તો, કિંવા વિધિ માલમ ન હોવથી અવિધિથી કરે તો, અથવા મારૂ આ મહાત્મ્ય પણ અર્થ વિચાર જાણીને અથવા ન જાણીને, પઠન શ્રવણ કરે, મતલબ કે, ગમે એમ કરીને, આ સર્વે કર્યું એટલે હુ તેની ક્ષમા કરીને,

બલિપ્રદાનાદિ સર્વ પ્રીતિથી અંગીકાર કરીશ. ૧૦

શરત્કાલેમહાપૂજાक्रियतेयाचवार्षिकी ॥
तस्यांममैतन्माहात्म्यंश्रुत्वाभक्तिसमन्वितः ११

શરદ્ઋતુમાં આસો સુદ પડવેથકી શારદી નવરાત્રમા જે મારી પતિવાર્ષિકી મહા પૂજા કરે છે, તેમા મારૂં આ મહાત્મ્ય જે ભક્તિયુક્ત થઇને, સાંભળે. ૧૧

सर्वाबाधाविनिर्मुक्तोधनधान्यसुतान्वितः ॥
मनुष्योमत्प्रसादेनभविष्यतिनसंशयः ॥१२॥

તે મનુષ્ય મારી કૃપાથી સકળ બાધા આતિ મુક્ત થઇને, ધન, ધાન્ય તથા પુત્ર યુક્ત થશે. એમાં સંશય નહીં. ૧૨

श्रुत्वाममैतन्माहात्म्यंतथाचोत्पत्तयःशुभाः ॥

पराक्रमंचयुद्धेषुजायतेनिर्भयःपुमान् ॥१३॥

એ રીતનું મારૂં આ મહાત્મ્ય તથા તેમાંના મારા શુભદાયક અવતારનું, જેઓ ભક્તિથી શ્રવણ કરે, તેઓ યુક્ત બાબતનું પરાક્રમ પ્રાપ્ત થયા છતાં, નિર્ભય થશે ૧૩

रिपवःसंक्षयंयांतिकल्याणंचोपपद्यते ॥
नंदतेचकुलंपुंसांमाहात्म्यंममश्रृण्वतां ॥१४॥

અને તેના સર્વ શત્રુ નાશ પામશે, તથા તેનું કલ્યાણ થશે; કારણ કે, મારૂં મહાત્મ્ય શ્રવણ કરનારા પુરૂષનું આખું કુળ આ લોક તથા પરલોકમાં આનંદ પામેછે. ૧૪

शांतिकर्मणिसर्वत्रतथादुस्स्वप्नदर्शने ॥
ग्रहपीडासुचोग्रासुमाहात्म्यंश्रृणुयान्मम ॥१५॥

માટે અનેક પ્રકારના ઉપદ્રવનું નિવારણ

થવા બાબત જે શાન્તિરૂપી કર્મો કરે છે, તેઓના આરંભમા, દુસ્વપ્નનું દર્શન થાય એટલે પ્રાત કાલે તથા અનેક પ્રકારની મહા ઉગ્ર ગ્રહપીડા થવા લાગે તો, તેની પણ નિવૃત્તિ થવા બાબત મારૂં મહાત્મ્ય શ્રવણ કરવુ ૧૫

उपसर्गाःशमंयांतिग्रहपीडाश्वदारुणाः ॥
दुस्वप्नचनृभिर्दष्टंसुस्वप्नमुपजायते ॥ १६ ॥

એટલે સર્વ ઉપદ્રવ તથા મહા ભયંકર ગ્રહપીડા શાન્ત થશે, તેમજ મનુષ્યોએ જે દુસ્વપ્ન જોયેલું હોય, તો તે પણ સુસ્વપ્નનુ શુભદાયક ફળ આપનારૂં થશે, ૧૬

बालग्रहाभिभूतानांबालानांशांतिकारकं ॥
संघातभेदेचनृणांमैत्रीकरणमुत्तमं ॥ १७ ॥

અને મારૂં આ મહાત્મ્ય એવુ છે કે, ભુતાદિ બાલ ગ્રહોથકી પીડિત થયેલા બાલકોને શાન્તિકારક છતા, ઘણા મનુષ્યોનો સમુદાય પ્રથમ પરસ્પર પ્રીતિથી એકઠાં છતા, તેમા કોઇ કારણથી વિક્ષેપ પડેછે, ત્યારે આ મહાત્મ્ય, ફરીથી તેઓની પ્રથના કરતા વિશેષ મિત્રતા કરનારછે ૧૭

दुर्वृत्तानामशेषाणांबलहानिकरंपरं ॥
रक्षोभूतपिशाचानांपठनादेवनाशन । १८ ॥

તેમજ બીજાઓનો ઘાત કરનારા દુરજન, વાઘ, સર્પ વગેરે દુષ્ટ પ્રાણીઓનો નાશ કરનારૂં હોવાને વિષે આ ચરિત્રનું માત્ર પઠન કરવાથીજ રાક્ષસ, ભૂત પિશાચ વિગેરેનો નાશ થશે. ૧૮

सर्वंममैतन्माहात्म्यंममसन्निधिकारकम् ॥
पशुपुष्पार्घधूपैश्चगंधदीपैस्तथोत्तमैः ॥ १९ ॥

એવું આ સર્વ માહાત્મ્ય, મારૂ નિરંતર સન્નિધાન કરનારૂં છે, માટે પશુબલિ, જલ, દુગ્ધ, દમોધ, દહીં, અક્ષત, તિલ, યવ તથા હિરણ્યગર્ભ એવા અઠ પદાર્થ યુક્તનો અર્ધ્ય તથા ઉત્તમ સુગંધીત ગંધ, પુષ્પ, ધુપ, દીપ વિગેરે ૧૯

विप्राणांभोजनैर्होमैःप्रोक्षणीयैरहर्निशं ॥
अन्यैश्चविविधैर्भोगैःप्रदानैर्वत्सरेणया ॥२ ॥

અને બ્રહ્મભોજન, હોમ, પ્રતિ દિવસે પંચામૃતનો અભિષેક તથા અનેક પ્રકારના પુષ્પોની માળાઓ વગેરે ભોગો અને તથા મારા ઉદ્દેશથી બ્રાહ્મણોને ,વસ્ત્રાલંકારાદિ

દાનો આપવા છતાં, એક વર્ષ પર્યંત મારી પુજા કરીને ૨૦

प्रीतिर्मेक्रियतेसाऽस्मिन्सकृदुच्चरितेश्रुते ॥
श्रुतंहरतिपापानितथारोग्यंप्रयच्छति ॥२१॥

જેઓ મારી પ્રીતિ ઉત્પન્ન કરે છે, તે પ્રીતિ મારૂં આ સુચરિત્ર એક વાર શ્રવણ કરવાથી મને પહોચેછે. કારણકે, આ ચરિત્ર માત્ર સાંભળવાથીજ સકળ પાપોનું હરણ કરે છે, તથા શરીરને વિષે આરોગ્યતા આપે છે. ૨૧

रक्षांकरोतिभूतेभ्योजन्मनांकीर्तनंमम ॥
युद्धेषुचरितंयन्मेदुष्टदैत्यनिबर्हणं ॥ २२ ॥

તેમજ મારા અવતારનુ કીર્તન કરે, તો સર્વ પ્રાણીમાત્રનું રક્ષણ થાય, તથા જેમાં

દુષ્ટ દૈત્યોનો સંહાર કર્યો છે એવું મારું ચરિત્ર, જે કોઇ સાંભળશે, તેને યુદ્ધમાં નિશ્ચય જય પ્રાપ્ત થશે   ૨૨

तस्मिपच्छ्रुतेवैरिकृतंभयंपुंसांनजायते ॥
युष्माभिः स्तुतयोयाश्चयाश्चब्रह्मर्षिभिःकृताः २३

હે દેવો, તમે તથા સુમેધ બ્રહ્મર્ષિઓએ જે જે સ્તુતિ કરી છે, તે જે મનુષ્યો વર્ણન કરશે, તેઓને વૈરી સબંધીનો ભય લેશમાત્ર પણ પ્રાપ્ત થનાર નથી   ૨૩

ब्रह्मणाचकृतास्तास्तुपयच्छंतिशुभांमतिम् ॥
अरण्येप्रांतरेवापिदावाग्निपरिवारितः ॥२४॥

તેમજ બ્રહ્મદેવે જે સ્તુતિ કરીછે, તેનો પઠ કરે, તો મોક્ષના સાધનરૂપી શુભ કર્મો કરવા બાબતની બુદ્ધિ પ્રવૃત્ત થાયછે, અને

કદાચિત અરણ્યમા છતા, તે ઠેકાણે વના ગ્નિમા ઘેરાઇ પડે તો, અથવા દુર્માર્ગમા સંગાથ વગરને હોવા છતા, ચોર લોકો ઘેરે તો ૨૪

दस्युभिर्वावृतःशून्येगृहीतोवापिशत्रुभिः ॥
सिंहव्याघ्रानुयातोवावनेवावनहस्तिभिः २५

કિંવા શતરૂઓએ પકડયો હોત તો, કિંવા મહાવનમા સિંહ, વાઘ તથા હાથી વગેરે પુઠે લાગે તો ૨૫

राज्ञाक्रुद्धेनचाज्ञसोवध्योवधगतोपिवा ॥
आघूर्णितोवावातेनस्थितःपोतेमहार्णवे २६

અથવા રાજાએ ક્રોધાયમાન થઇને, એને બાધો; એનો વધ કરો એવી આજ્ઞા કરતાજ, રાજ હુતો તે પ્રમાણે કરવા લાગે

તો, કિંવા મહા સમુદ્ર મધ્યે નૌકામાં બેસવા છતા, તે નૌકા વાયુથી કંપિત થઇને, ડુબવા લાગે તો. ૨૬

पतत्सुचापिशस्त्रेषुसंग्रामेभृशदारुणे ॥
सर्वाबाधासुघोरासुवेदनाभ्यर्दितोपिवा २७

અથવા મહાભયંકર સંગ્રામમાં અંગપર શસ્ત્ર વાગવા લાગે તો, અથવા સર્વ પ્રકારના બાધ પ્રાપ્ત થવાથી, તેની વેદનાથી અતિપીડિત થવાયું હોયતો તે મનુસે. ૨૭

स्मरन्ममैतच्चरितंनरोमुच्येतसंकटात् ॥
ममप्रभावात्सिंहाद्यादस्यवोवैरिणस्तथा २८

મા । આ ચરિત્રનું સ્મરણ કરવું, એટલે તે સર્વ સંકટોથી મુક્ત થાશે એ રીતે મારૂં ચરિત્ર સ્મરણ કરનારને તોતાજ

મારા પ્રભાવથી સિંહાદિ ક્રુર પ્રાણીઓ, ચોર તથા શત્રુ વગેરે. ૨૮

दूरादेवपलायंतेस्मरतश्चरितंमम ॥

॥ ऋषिरुवाच ॥

इत्युक्त्वासाभगवतिचंडिकाचंडविक्रमा ॥२९॥

દૂરથીજ નાસવા માંડશે. ઋષિ કહે છે એમ કહીને, એ પ્રચંડ પરાક્રમ સપન્ન ભગવતિ ચંડિકા દેવી. ૨૯

पश्यतामेवदेवानांतत्रैवांतरधीयत ॥

तेपिदेवानिरातंकाःस्वाधिकारान्यथापुरा ३०

એ દેવોની સમક્ષ ત્યાંજ અંતર્ધાન પામ્યાં. પછી એ દેવો પણ નિર્ભય થઇને, પ્રથમ પ્રમાણે પોતપોતાના અધિકારપર ગયા. ૩૧

यज्ञभागभुजःसर्वेचक्रुर्विनिहतारयः ॥
दैत्याश्चदेव्यानिहतेशुंभेदेवरिपौयुधि ॥३१॥

અને તેમના સકળ શત્રુઓ મરણ પામ્યાને લીધે એ સર્વ દેવો પ્રથમ પ્રમાણે યજ્ઞભાગ ગ્રહણ કરવા લાગ્યા, એ પ્રમાણે દેવને શત્રુ શુંભ, ૩૧

जगद्विध्वंसकेतस्मिन्महोग्रेतुल्यविक्रमे ॥
निशुंभेचमहावीर्येशेषाःपातालमाययुः ॥३२॥

તથા સકળ જગતનો વિધ્વંશ કરનારો અતુલ્ય પરાક્રમી છતા, મહા શક્તિમાન એવો મહા ઉગ્ર નિશુંભ, એ બેઉને દેવીએ યુદ્ધમા માર્યા એટલે જે દૈત્યો બાકી રહ્યા હતા, તે સર્વે પાતાળલોકમાં ગયા. ૩૨

एवंभगवतीदेवीसानित्यापिपुनःपुनः ॥
संभूयकुरुतेभूपजगतःपरिपालन ॥३३॥

હે રાજા, એ રીતનાં ભગવતી દેવી, આ પૃથ્વીને વિષે સર્વકાળ શેષરૂપે સ્થિત છે જ; પરતુ જે જે કાળે જગતને દૈત્યોનો ઉપદ્રવ થવા લાગે છે, તે કાળ વારવાર પ્રકટ થઇને, તેઓ જગતનુ પરીપાલન કરે છે ૩૩

तयैतन्मोह्यतेविश्वंसैवविश्वप्रसूयते ॥
सायाचिताचविज्ञानंतुष्टाऋद्धिंप्रयच्छति ३४

તેજ દેવી, આ વિશ્વને ઉત્પન્ન કરીને મોહિત પણ કરે છે, તથા નિષકામ બુધિથી ભક્તિપુર્વક તેમની પુજા કરીને પ્રાર્થના કરે, એટલે તેઓ સતુષ્ટ થઇને,

પોતાનું તત્વજ્ઞાન આપે છે, અને સકામ બુધિથી આરાધન કરે, તો ઐશ્વર્ય સમુદ્ધિ આપે છે ૩૪

કલ્પાન્તં તત્વેતસ્સકલંબ્રહ્માંડમનુજેશ્વર ॥
મહાકાલ્યામહાકાલેમહામારીસ્વરૂપયા ૩૫

હે મનુજેશ્વર, એવાં જે બ્રહ્માદિકો-ને પણ પોતપોતાના અધિકારપર યોજના કરેછે, માટે જેમને મહાકાળી એમ કહે છે, તેમણેજ આ સંપુર્ણ બ્રહ્માંડને વ્યાપ્ત કરનારાં તેઓજ થાયછે ૩૫

સૈવકાલેમહામારીસૈવસૃષ્ટીર્ભવત્યજા ॥
સ્થિતિંકરોતિભૂતાનાંસૈવકાલેસનાતની ૩૬

એજ રીતે પ્રલયકાળે મહામારી તેઓજ હોય છે, તથા પોતે જન્મરહિત છતાં,

સૃષ્ટિકાળે સૃષ્ટિની ઉત્પત્તિ કરનારાં તેઓજ હોય છે, અને સ્થિતિકાળે પોતે નાશ રહિત છતાં, સકળ પ્રાણીમાત્રનું પાલન પણ તેઓજ કરે છે ૩૬

भवकालेनृणांसैवलक्ष्मीर्वृद्धिप्रदागृहे ॥
सैवाभावेतथालक्ष्मीर्विनाशायोपजायते ३७

વળી મનુષ્યોને સંપતિ મળવાનો સમય પ્રાપ્ત થાય, એટલે તે સમય તે મનુષ્યોના ઘરોમાં લક્ષ્મી રૂપે સંપતિની વૃધિ કરનારાં તેઓજ હોય છે, તેમજ વિપતિનો કાળ આવે, એટલે સંપતિનો નાશ કરવા બાબત તેઓ પોતેજ અલક્ષ્મી રૂપ ધારણ કરે છે ૩૭

स्तुतासंपूजितापुष्पैर्धूपगंधादिभिस्तथा

दद्वातिवित्तपुत्रांश्चमतिंधर्मेगतिशुभां ॥ ३८ ॥

એવા જે જગન્માતા લક્ષ્મી દેવી તેઓની ગંધ પુષ્પ ધુપાદિકથી પુજા તથા સ્તુતિ કરે, એટલે તેઓ પ્રસન્ન થઇને, ધન, પુત્ર તથા ધર્માચરણ બાબત ઉત્તમ બુદ્ધિ આપીને, છેવટે ગતિ પણ ઉત્તમ આપે છે

इतिश्रीमार्कण्डेयपुराणेसावर्णिकेमन्वतंरे देवीमाहात्म्येभगवतीवाक्यनामद्वादशोऽध्यायः ॥ १२ ॥

ઇતિશ્રી માર્કંડેયપુરાણે સાવર્ણીકે મન્વતરે દેવી મહાત્મ્યે દેવ્યાચરિત નામ સાર્થ દ્વાદશોધ્યાય ૧૨

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

एतत्तेकथितभूपदेवीमाहात्म्यमुत्तमं ॥
एवंप्रभावासादेवीययेदंधार्यतेजगत् ॥ १ ॥

ઋષિ કહે છે કે સુરથ રાજા, એ રીતે પ્રથમ કહ્યા પ્રમાણેનું ઉત્તમ પ્રકારનું દેવીનું માહાત્મ્ય મેં તને કહ્યું એ રીતનો દેવીનો પ્રભાવ જાણવો, કે, જેમણે આ સંપુર્ણ જગત ધારણ કર્યું છે. એ ઉપરથી જગતની ઉત્પત્તિ તથા નાશ પણ કરનારા તેઓજ કહેવાય ૧

विद्यातथैवक्रियतेभगवद्विष्णुमायया ॥
तयात्वमेषवैश्यश्चतथैवान्येविवेकिनः ॥ २ ॥

એવી જે વિષ્ણુ ભગવાનની માયા, તેમણેજ જે આ તત્વજ્ઞાનરૂપી વિદ્યા નિર્માણ કરી છે, તે વિદ્યાવડેજ તું સુરથ, આ સમાધિ નામનો વૈશ્ય અને બીજા લૌકિક શાસ્ત્ર જાણનારા વિવેકી પુરૂષો ૨

मोहंतेमोहिताश्चैवमोहमेष्यंतिचापरे ॥
तामुपैहिमहाराजशरणंपरमेश्वरीं ॥३॥

અને જેઓને વિપરીત જ્ઞાન હોવાથી પ્રથમ જેઓ મોહિત થયા છે. હાલમાં જેઓ મોહ પામે છે તથા ભવિષ્યકાળમા પણ જે બીજાઓ મોહિત થશે, એ સર્વે સહિત હે મહારાજા, તું એ પરમેશ્વરીને શરણે જ 'ને તેમનું, આ તત્વજ્ઞાન વિદ્યાવડે તું અ ર ધન કર, ૩

आराधितासैवनृणांभोगस्वर्गापवर्गदा ॥
॥ मार्कंडेयउवाच ॥
इतितस्यवचःश्रुत्वासुरथःसनराधिपः ॥ ४ ॥

કારણ કે, જેમનુ આરાધન કરીએ, એટલે તેઓજ મનુષ્યોને આ લોકનાં સુખ ભોગ, સ્વર્ગ તથા મોક્ષનાં આપનારાં છે માર્કંડેય કહે છે એ રીતના ઋષિના વાક્યો સાભળતાંજ, એ નરાધિપતિ સુરથ રાજા ૪

प्रणिपत्यमहाभागंतमृषिंसंशितव्रतम् ॥
निर्विण्णोतिममत्वेनराज्यापहरणेनच ॥५॥

એ તીવ્ર વ્રત સપન્ન મહા ભાગ્યશાળી ઋષિને નમસ્કાર કરીને, જે પર તેની અત્યત મમતા હતી તે રાજ્ય શત્રુએ હરણ કરી લીધાથી, તે દુખથી વ્યાકુળ હોતો

થકો, એમને એમજ. ૫

जगाम सच्च स१पसे सच वैश्यो महामुने ॥
संदर्शनार्थं मंबायानदीपुलिनसंस्थितः ॥ ६ ॥

એ ઋષિની આજ્ઞા ઉપરથી તરકોણ તપશ્ચર્યા કરવા સારૂ ગયે, તેમજ હે મહામુની, એ વૈશ્ય પણ જગદંબાના દર્શનને અર્થે, નદીની તીરે જઇને બેઠો. ૬

सच वैश्यस्तपस्तेपे देवी मूक्तंपर जपन् ॥
तौतस्मिन् पुलिने देव्याः कृत्वा मूर्तिं महीमयीम् ७

અને તે ઠેકાણે એ વૈશ્ય, દેવી શુક્તનો જપ કરતો થકો તપશ્ચર્યા કરવા લાગ્યો, એ રીને એ રાજા તથા વૈશ્ય એ બેઉએ, એ નદીની તીરે મૃત્તિકા વડે દેવીની મૂર્ત્તિ કરીને; ૭

अर्हणांचक्रतुस्तस्याःपुष्पधूपाग्नितर्पणैः ॥
निराहारौयताहारौतन्मनस्कौसमाहितौ ॥८॥

તેમની પુષ્પ તથા ધુપદિકવડે પૂજા, તથા તેમના ઉદ્દેશથી અગ્નિમા હોમ કરવા લાગ્યો, અને કેટલાક દિવસ પર્યંત પડે અલ્પાહાર કરીને, આગળ જતાં નિરાહારીપણે રહ્યા છતા, બીજા સર્વ બાહ્ય૦ વ્યાપાર છોડી, કેવલ અનન્ય બુદ્ધિથી એ દેવીમાં ચિત્ત રાખીને, તપ કરવાલાક્યા. ૮

ददतुस्तौबलिंचैवनिजगात्रासृगुक्षितम् ॥
एवंसमाराधयतोस्त्रिभिर्वर्षैर्यतात्मनोः ॥ ९ ॥

અને એ દેવીના ઉદ્દેશથી પશુ તથા પુષ્પમાડાદિકનું બલિ કરીને, તેપર પોતાના શરીરનું રક્ત પ્રોક્ષણ કરીને તેમને સમ-

પંણુ કરવા લાગ્યા. એ રીતે તેઓએ મનનો નિગ્રહ કરીને, ત્રણુ વર્ષ પર્યંત એ દેવીનું સમારાધન કર્યું ૯

परितुष्टाजगद्धात्रीप्रत्यक्षंप्राहचंडिका ॥

॥ देव्युवाच ॥

यत्प्रार्थ्यतेत्वयाभूपत्वयाचकुलनंदन ॥ १० ॥

તે વખત એ જગત્માતા ચંડિકા, અત્યત સતુષ્ટ હોતા થકા, પ્રત્યક્ષ દર્શન દેઇને, એ એઉને કહેવા લાગ્યાં કે, હે ભૂપતિ, જે બાબત તેં મારી પ્રાર્થના કરી, તેમજ હે વૈશ્ય, તારી પણુ જે ઇચ્છા હશે

मतस्तत्प्राप्यतांसर्वपरितुष्टाददामितत् ॥

॥ मार्कंडेयउवाच ॥

ततोवव्रेनृपोराज्यमविभ्रंश्यन्यजन्मनि ॥११॥

તે પ્રમાણે સર્વે, મારી પ્રસેથી તમે ભકતને પ્રાપ્ત થશે હુ તમારી તપશ્ચર્યાથી અતિ સંતુષ્ટ થઇછુ, માટે તમારા ઇચ્છિત મનોરથ પૂર્ણ કરૂ છુ માર્કંડેય કહે છે. એ રીતે એ દેવી વરદાન આપવાને પ્રસન્ન થયા, એટલે રાજાએ એવુ માગ્યુ કે, હુ ઘણા જન્માંતરોએ પણ રાજ્ય થકી ભ્રષ્ટ નથાઉ એવુ, ઘણા કાળ સુધી સ્થિર રહેનારૂ રાજ્ય, મને આપો ૧૧

अत्रैवचनिजंराज्यंहतशत्रुबलात् ॥
सोपिवैश्यस्ततोज्ञानंवव्रेनिर्विण्णमानसः ॥१२॥

અને હાલ આ જન્મમા પણ મારૂ જે રાજ્ય, જે શત્રુએ બલાત્કારે હરણ કર્યુંછે, તે પણ શત્રુના બળનો નાશ થઇને, મને

પ્રાપ્ત થાય એવી રાજાએ પ્રાર્થના કર્યાંપછી એ વૈશ્ય, સંસાર વિષે વિરક્ત મનો થયાથી, તેણે એવુ માગ્યુ કે હે દેવી, મને તત્વજ્ઞાન પ્રાપ્ત થાય. ૧૨

ममेत्यहमितिप्राज्ञस्संगविच्युतिकारकम् ॥

॥ देव्युवाच ॥

स्वल्पैरहोभिर्नृपतेस्वंराज्यंप्राप्स्यतेभवान् १३

તે જ્ઞાન એવું કે, આ સર્વ સ્ત્રી પુત્રાદિ પરિવાર મારોજ છે, તથા તેઓનું રક્ષણ કરનારો હુંજ છું, એવા સંગત્વનો સર્વથા નાશ થાય એવુ જ્ઞાન મને આપો. એ રીતે એ વૈશ્યે મોક્ષકારક વરદાન માગ્યુ એ ઉપરથી એ મહાજ્ઞાની હતો એમ સિદ્ધ થયું. દેવી કહે છે કે, હે નરપતિ, તું

રાજ્ય તને થોડા દિવસમાં પ્રાપ્ત થશે. ૧૩

हत्वारिपूनस्खलितंतवतत्रभविष्यति ॥
भूतश्चभूय.संप्राप्यजन्मदेवाद्विवस्वतः ॥१४॥

એ રાજ્યને હરી લેનારા શત્રુનો નાશ થઇને, એ રાજ્ય તારા આયુષ્ય પર્યંત અક્ષય ટકશે, અને તું મરણ પામીશ તે પછી, વિવસ્વાન નામના સૂર્ય દેવ થકી, તને ફરી જન્મ પ્રાપ્ત થશે ૧૪

सावर्णिकोनाममनुर्भवान्भुविभविष्यति ॥
वैश्यवर्यत्वयायश्चवरोस्मत्तोभिवांछितः॥१५॥

તથા એ જન્મમા તું આ પૃથ્વીપર સાવર્ણિક નામનો મનુ થઈશ રાજાને એવુ વરદાન આપીને, વૈશ્યને કહે છે કે, શ્રેષ્ઠ વૈશ્ય તું મારા થકી જે જ્ઞાનરૂપી વરદાન

પ્રાપ્ત થવાને ઇચ્છે છે ૧૫

तंप्रयच्छामिसंसिद्धैतवज्ञानभविष्यति ॥

॥ मार्कंडेयउवाच ॥

इतिदत्वातयोर्देवीयथाभिलषितंवरन् ॥१६॥

તે વરદાન તને મુક્તિરૂપી સિદ્ધ પ્રાપ્ત થવા સારૂ હું આપુંછું, તેથી કરીને તને જ્ઞાન પ્રાપ્ત થશે માર્કંડેય કહે છે એ રીતે એ દેવી એ બેઉના મનોગતાનુસારે તેઓને યથાયોગ્ય જુદા જુદા વરદાન આપ્યા ૧૬

बभूवांतर्हितासद्योभक्त्यातांभ्यामभिष्टुता ॥

एवंदेव्यावरंलब्ध्वासुरथःक्षत्रियर्षभः

सूर्याज्जन्मसमासाद्यसावर्णिर्भवितामनुः १७

પછી એ બેઉએ ભક્તિપૂર્વક સ્તુતિ કરી, એટલે દેવી, તત્કાળ અંતર્ધાન પામ્યા,

એ રીતે દેવી થકી, ક્ષત્રીયોના શ્રેષ્ઠ સુરથ રાજાએ, વરદાન સંપાદાન કર્યુ તેજ ભવિષ્યકાળમાં આવનારા મન્વંતરમાં સૂર્યથકી જન્મ લેઇને, સાવર્ણિ મનુ થશે ૧૭

॥ इतिश्रीमार्कंडेयपुराणेसावर्णिकेमन्वंतरेदेवी भगवतीमाहात्म्येसुरथवैश्ययोर्वरप्रदानंनाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

ઇતિશ્રી માર્કંડેયપુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે સુરથવૈશ્યયોર્વરપ્રદાનનામ સાર્થં દ્વાદશોધ્યાય ૧૩

॥ श्रीगणपतिर्जयति ॥

अथोत्तरन्यासः

खड्गिनीशूलिनीघोरा० हृदयायनमः ॥ शूलेनपाहिनोदेवि० शिरसेस्वाहा ॥ प्राच्यां- रक्षप्रतीच्यांच० शिखायैवषट् ॥ सौम्यानी- यानिरूपाणि० कवचायहुं ॥ खड्गशूलगदा- दीनि० नेत्रत्रयायवौषट् ॥ सर्वस्वरूपेसर्वेशे० अस्त्रायफट् ॥ अथध्यानं ॥ विद्युद्दामसमप्रभां मृगपतिस्कंधस्थितांभीषणां कन्याभिः कर- वालखेटविलसद्धस्ताभिरासेवितां ॥ हस्तैश्च- क्रधरालिखेटविशिखांश्चापंगुणन्तर्जनीं बिभ्रा-

णामनस्त्वाहिदम् । पठित्वरांदुर्गांभिनेयांमयेव्
॥१ ॥ अथदेवीसूक्तं ॥ नमोदेव्यैमहादेव्यैशिव-
ायैसततंनमः ॥ नमःप्रकृत्यैभद्रायैनियताःप्र-
णताःस्मताम् १ रौद्रायैनमो नित्यायैगौर्यै धात्र्यै-
नमोनमः ॥ ज्योत्स्नायैचेंदुरूपिण्यैसुखायैसततं-
नमः ॥ २ ॥ कल्याण्यैप्रणतां वृद्ध्यैसिद्ध्यै
कुर्म्मोनमोनमः नैर्ऋत्यैभूभृतांलक्ष्म्यै शर्वाण्यै-
तेनमोनमः ॥ ३ ॥ दुर्गायैदुर्गपारायैसारायै
सर्वकारिण्यै ॥ ख्यात्यैतथैवकृष्णायैधूम्रायैस-
ततं नमः ॥ ४ ॥ अतिसौम्यातिरौद्रायैनता-
स्तस्यैनमोनमः ॥ नमोजगत्प्रतिष्ठायैदेव्यैकृ-
त्यैनमोनमः ॥ ५ ॥ यादेवी सर्वभूतेषुविष्णु
मायेतिशब्दिता ॥ नमस्तस्यैनमस्तस्यैनम-

स्तस्यैनमोनमः ॥ ६ ॥ यादेवीसर्वभूतेषुचे
तनेत्यभि रीयते ॥ नमस्तस्यैनमस्तस्यै नम-
स्तस्यैनमोनमः ॥ ७ ॥ यादेवीसर्वभूतेषुबु
द्धिरूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्तस्यैनम
स्तस्यैनमोनमः ॥ ८ ॥ यादेवीसर्वभूतेषु-
निद्रारूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्तस्यैन-
मस्तस्यैनमोनमः ॥ ९ ॥ यादेवीसर्वभूतेषु
क्षुधारूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्तस्यैनम-
स्तस्यैनमोनमः ॥ १० ॥ यादेवीसर्वभूतेषु-
छायारूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्तस्यै-
नमस्तस्यैनमोनमः ॥ ११ ॥ यादेवीसर्वभूते-
षुशक्तिरूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्त-
स्यैनमस्तस्यैनमोनमः ॥ १२ ॥ यादेवीसर्व-

भूतेषु तृष्णारूपेणसंस्थिता ॥ नमस्तस्यैनम·
स्तस्यैनमस्तस्यैनमोनमः ॥ १३ ॥ यादेवी·
सर्वभूतेषुक्षातिरूपेणसंस्थिता ॥ नमस्तस्यैन·
मस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ १४ ॥ यादेवी·
सर्वभूतेषुजातिरूपेण सस्थिता ॥ नमस्तस्यै
नमस्तस्यैनमस्यस्यैनमोनमः ॥ १५ ॥ यादे
वीसर्वभूतेषुलज्जारूपेणसंस्थितानमस्तस्यैन
मस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ १६ ॥ यादेवी
सर्वभूतेषुशांतिरूपेणसंस्थिता ॥ नमस्तस्यैन·
मस्तस्यैनमस्तस्यैनगोनमः ॥ १७ ॥ यादेवी·
सर्वभूतेषुश्रद्धारूपेणसंस्थिता ॥ नमस्तस्यैन·
मस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ १८ ॥ यादेवी·
सर्वभूतेषुकांति रूपेणसंस्थिता ॥ नमस्तस्यै·

नमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ १९ ॥ या-
देवीसर्वभूतेषुलक्ष्मीरूपेणसंस्थिता । नमस्त-
स्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ २० ॥ या-
देवीसर्वभूतेषुवृत्तिरूपेणसंस्थिता ॥ नमस्त-
स्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥२१॥ या-
देवीसर्वभूतेषुस्मृतिरूपेणसंस्थिता ॥ नमस्त-
स्यै नमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥२२॥ या-
देवी सर्वभूतेषुदयारूपेणसंस्थिता ॥ नमस्त-
स्यैनमस्तस्यैनमोनमः ॥ २३ ॥ यादेवीसर्व-
भूतेषु तुष्टिरूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्त
स्यैनमस्तस्यैनमोनमः ॥ २४ ॥ यादेवीसर्व
भूतेषुमातृरूपेणसंस्थिता ॥ नमस्तस्यैनमस्त
स्यैनमस्तस्यैनमो नमः ॥ २५॥ यादेवीसर्व-

भूतेषुभ्रांतिरूपेणसंस्थिता ॥ नमस्तस्यैनम-
स्तस्यैनमस्तस्यैनमोनमः ॥ २६ ॥ इंद्रिया-
णामधिष्ठात्रीभूतानांचाखिलेषु या भूतेषुस-
ततंस्यैव्याप्त्यैदेव्यैनमोनमः ॥२७॥ चिति-
रूपेणयाकृत्स्नमेतद्व्याप्यस्थिताजगत् ॥ नम-
स्तस्यैनमस्तस्यैनमस्तस्यैनमोनमः ॥ २८ ॥
स्तुतासुरैः पूर्वमभीष्टसंश्रयात्तथासुरेंद्रेणदिने-
षुसेविता ॥ करोतुसानः ॥ शुभहेतुरीश्वरी-
शुभानिभद्राण्यभिहंतुचापदः ॥ २९ ॥ या-
सांप्रतंचोद्धतदैत्य तापितैरस्माभिरीशाचसुरै-
र्नमस्यते याचस्मृता तत्क्षणमेवहंतिनः सर्वा-
पदोभक्ति विनम्रमूर्तिभिः इति देवीसूक्तं प-
ठित्वाष्टोत्तरशतंनवार्णजपंकुर्यातः दुत्तरन्या-

सान्निधाय ॥ गुह्यातिगुह्यगोप्त्रीत्वंगृहाणा-
स्मत्कृतजपम् ॥ सिद्धिर्भवतुमेदेवित्वत्प्रसादा-
न्महेश्वरि ॥ इतिदेव्यावामहस्तेजपंनिवेद-
येत् ॥ श्रीमहालक्ष्मीर्जयति ॥ अस्यश्रीस-
प्तशती रहस्यत्रस्य ॥ नारायणऋषिः अनु-
ष्टुप्छन्दः ॥ महाकालीमहालक्ष्मीमहासर-
स्वत्योदेवताः ॥ यथोक्तफलावाप्त्यर्थंजपे-
विनियोगः ॥

श्रीगणपतिर्जयति ॥

॥ राजोवाच ॥

भगवन्नवतारामेचंडिकायास्त्वयोदिताः ॥
एतेषांप्रकृतिंब्रह्मन्प्रधानंवक्तुमर्हसि ॥ १ ॥

સુરથ રાજા પ્રશ્ન કરે છે કે હે ઋષિ ભગવાન, આપે મને ચંડિકાના અવતાર કહ્યા એ અવતારોમાં મુખ્ય કયો અને અમુખ્ય કયો, એટલે પ્રધાન તથા પ્રકૃતિ કોણ ? તે કહેવાને માત્ર આપજ સમર્થ છો. ૧

आराध्ययन्मयादेव्याःस्वरूपंयेनचद्विज ॥
विधिनाब्रूहिसकलंयथावत्प्रणतस्यमे ॥ २ ॥

અને હે બ્રાહ્મણ દેવ, દેવીનાં એ અનેક રૂપોમાંથી મારે આરાધન કરવાને યોગ્ય એવુ સ્વરૂપ કયુ ? તે પણ મુજ પ્રણત જનને આપ સંપૂર્ણ રીતે યથાવિધિથી કથન કરશો. ૨

॥ ऋषिरुवाच ॥

इदंरहस्यंपरममनाख्येयंप्रचक्षते ॥

भक्तोसीतिनमोकिंचित्तवावाच्यंनराधिप ॥३॥

ઋષિ કહે છે હે નરાધિપ, એ પરમ ગુહ્ય હોવાનેલીધે, કદાપિ કહેવાને અશક્ય છે; તથાપિ તું ભક્ત છે. તો, તારાથી ભેદ રાખવા જોગ કંઇજ નથી, માટે કહું છું. સાંભળ. ૩

सर्वस्यामहालक्ष्मीस्त्रिगुणापरमेश्वरी ॥

लक्ष्यालक्ष्यस्वरूपासाव्याप्यकृत्स्नंव्यवस्थिता ।

સત્વ, રજ તથા તમ એવા ત્રિગુણથી યુક્ત જે પરમેશ્વરી મહાલક્ષ્મી, તેઓ જ સર્વમાં મુખ્ય હોવાને લીધે, કોઈ ઠેકાણે દૃશ્ય તથા કોઈ ઠેકાણે અદૃશ્ય રૂપે, સકળ

બ્રહ્માંડમા વ્યાપી રહ્યા છે ૪

मातुलिंगंगदांखेटंपानपात्रंचबिभ्रतो ॥
नागंलिंगंचयोनिंचबिभ्रतीनृपमूर्धनि ॥ ५॥

તેમનું ધ્યાન કરવુ હોય, તો સ્વરૂપ એવુ છે કે, હે રાજા, તેમણે પોતાના ચારે ભુજને વિષે મહાલુંગ, ગદા, ખેટ તથા પ્રાશન કરવાનુ પાત્ર, એવાં ચારે આયુધો ધારણ કર્યા છતાં, મસ્તક પર નાગ, પુરૂષ ચિન્હ તથા સ્રી ચિન્હ એ ઉભયરૂપદર્શક ચિન્હો ધારણ કર્યાં છે ૫

तप्तकांचनवर्णाभातप्तकांचनभूषणा ॥
शून्यंतदखिलंस्वेनपूरयामासतेजसा ॥ ६ ॥

અને તેમની કાન્તી તાવેલા સુવર્ણ સ-માનની છતાં, તેમણે પોતાના અંગપરનાં

ભૂષણો પણ તપાવેલા સુવર્ણનાંજ ધારણ કર્યાં છે તો જે આ સંપૂર્ણ બ્રહ્માંડ પ્રથમ પ્રકાશે રહિત હતું. તે તેમણે પોતાની કાન્તીથી પ્રકાશયુક્ત છે ૬

शून्यंतदखिलंलोकंविलोक्यपरमेश्वरी ॥
बभाररूपमपरंतमसाकेवलेनहि ॥ ७ ॥

તેમજ જગદોત્પત્તિની પૂર્વે આ સંપૂર્ણ લોક (સ્થાનો) શૂન્ય છે એમ જોઇને, પરમેશ્વરીએ, કેવલ તમોગુણ યુક્ત એવુ બીજુ રૂપ ધારણ કર્યુ ૭

साभिन्नांजनसंकाशादंष्ट्रांचितवरानना ॥
विशालक्लोचनानारीबभूवतनुमध्यमा ॥ ८ ॥

તે એવું કે, કાજલ સમાન કૃષ્ણવર્ણી

છતાં, તેમનું મુખ લાંબી દાઢચોવાળું છતાં શોભાયમાન હતું, અને તેમનો કટિભાગ (કમ્મર, કેડ) અતિ સૂક્ષ્મ હતો એ રીતે એ વિશાલ નયની સ્ત્રીરૂપે થતા હવા ૮

खड्गपात्रशिरःखेटैरलंकृतचतुर्भुजा ॥
कबंधहारशिरसाबिभ्राणाहिशिरःस्रजम् ।९।

એને ખડ્ગ, પીવાનું પાત્ર, મસ્તક તથા ખેટ નામનું આયુધ એ ચાર વડે તેમના ચારે ભુજ શણગારાએલા છતાં, તેમણે છાતી પર એક મસ્તક વયરીનાં ધડોનો તથા એક મસ્તકોનો, એવા બે હાર ધારણ કર્યો. ૯

सामोवाचमहालक्ष्मीतामसींप्रमदोत्तमाम् ॥
नामकर्मचमेमातर्देहितुभ्यंनमोनमः ॥१०॥

એવું તમોગુણાત્મક રૂપ ધારણ કરનારાં જે આ, તે મહાલક્ષ્મીને કહેવા લાગ્યા કે હે માતા મારૂ નામ પાડો તથા હું કયું કર્મ કરૂં ! તે બાબતની મને આજ્ઞા આપો હું તમને નમસ્કાર કરૂં છું   ૧૦

तांप्रोवाचमहालक्ष्मीस्तामसींप्रमदोत्तमाम् ॥
ददामितवनामानियानिकर्माणितानिते ।११।

તેમણે એવી પ્રાર્થના કરતાંજ મહાલક્ષ્મીએ તામસી ઉત્તમ [સ્ત્રીને કહેવા લાગ્યા કે જે મારા નામ તથા કર્મો છે તેજ હું તમને આપુ છુ.   ૧૧

महामायामहाकालीमहामारीक्षुधातृषा ॥
निद्रातृष्णाचैकवीराकालरात्रिर्दुरत्यया १२

તે એવા કે, મહામાયા, મહાકાલી મ

હામારી ક્ષુધા, તૃષા, નિદ્રા, તૃષ્ણુ, એક
વીરા, કાલરાત્રી તથા દુરત્યયા ૧૨

इमानितत्रनामानिमपाद्यानिकर्मभिः ॥
एभिःकर्माणितेज्ञात्वायोऽधीतेसोश्नुतेसुखम्

એવા નામો તમને તમારા કર્મો વડેજ પ્રાપ્ત થશે એવા નામો વડે તમારા કર્મો જાણીને જે પુરૂષ એ નામોનું અધ્યયન કરશે, તેને સુખ પ્રાપ્ત થશે ૧૩

तामित्युक्त्वामहालक्ष्मीःस्वरूपमपरन्नृप ॥
सत्वाख्येनातिशुद्धेनगुणेनेंदुप्रभंदधौ ॥१४॥

હે રાજા એ રીતે ગો તામસીને કહીને મહાલક્ષ્મીએ શુદ્ધ સત્વગુણવડે ચંદ્રસમાન કાન્તીયુક્ત બીજુ રૂપ ધારણ કર્યું ૧૪

अक्षमालांकुशधरावीणापुस्तकधारिणो ॥

सावभूववरानारीनामान्यस्यैचसाददौ ॥ १५॥

ते એવુ કે, તેઓ ચતુરભુજ છતા તે મણે કમલાક્ષવાળા અંકુશ, વીણા તથા પુસ્તક એવા ચાર ચિન્હો ચારે ભુજમા ધારણ કરીને તેઓ ઉત્કૃષ્ટ રૂપવતી સ્ત્રી થયા તે વખત તમને પણ મહાલક્ષ્મીએ નામો આપ્યા. १५

महाविद्यामहावाणीभारतीवाक्सरस्वती ॥
आर्याब्राह्मीकामधेनुर्वेदगर्भाचधीश्वरी ॥१६॥

ते એવાં કે, મહાવિદ્યા મહાવાણી ભારતી વાક્ સરસ્વતી, આર્યા, બ્રાહ્મી કામધેનુ, વેદગર્ભાધિ, તથા ઇશ્વરી १६

अथोवाचमहालक्ष्मीर्महाकालींसरस्वतीम् ॥
युवांजनयतांदेव्यौमिथुनेस्वानुरूपतः ॥१७॥

એવાં તેમનાં નામ પાડી પછી એ મહાલક્ષ્મી, મહાકાલી, તથા સરસ્વતી એ બેક ને કહેવા લાગ્યા કે હે દેવીઓ તમો બેક ને પોતપોતાના સ્વરૂપાનુસાર, સ્ત્રી પુરૂષની બે જોડયો ઉત્પન્ન કરવી. ૧૭

इत्युक्त्वातेमहालक्ष्मीः ससर्जमिथुनंस्वयं ॥
हिरण्यगर्भौरुचिरौस्त्रीपुंसौकमलासनौ ॥१८॥

એમ કહીને, એ મહાલક્ષ્મીએ, પોતેજ સ્ત્રી પુરૂષની એક જોડ અથવા જોડુ કે જોડુ પ્રથમ ઉત્પન્ન કર્યુ તેમા એક સ્ત્રી તથા એક પુરૂષ એવા એ બેઉ પરમ સુંદર છતાં તેમનાં ગર્ભમાં સુવર્ણરૂપ બ્રહ્માંડ હોવાને લીધે તેને હિરણ્યગર્ભ કહે છે, તથા તે બેઉ કમલરૂપી આસનપર બેઠા

હતાં. ૧૮

ब्रह्मन्विधेविरंचेतिधातरित्याहतंनरम् ॥
श्रीःपद्मेकमलेलक्ष्मीत्याहमाताश्रियंचताम् १९

હે નૃપ, એમાનો જે પુરૂષ હતો, તેને મહાલક્ષ્મી માતાએ હે બ્રહ્મન્ હે વિધે હે વિરચ, હે ધાત એવા નામોવડે સંબોધન આપ્યુ, અને જે સ્ત્રી હતી તેને હે શ્રી, હે પદ્મે, હે કમલે, હે લક્ષ્મી એવાં સંબોધનરૂપે નામ રાખ્યા. ૧૯

महाकालीभारतीचमिथुनेसृजतःसह ॥
एतयोरपिरूपाणिनामानिचवदामिते ॥२०॥

પછી મહાકાલી તથા ભારતીએ બે જોડયો નિર્માણ કરી, તેમના પણ રૂપ તથા નામ હુ તને કહુ છુ ૨૦

नीलकंठंरक्तबाहुंश्वेतांगंचंद्रशेखरम् ॥
जनयामासपुरुषंमहाकालीसितांस्त्रियम् २१

તેમાં મહાકાલીએ જે જોડું ઉત્પન્ન કર્યું, તેમાં નીલકંઠ, રક્તબાહુ, શ્વેતાંગ તથા ચંદ્રશેખર આવાં નામે પુરૂષ તથા ગોરવર્ણું સ્ત્રી એવાં બેઉ હતાં ૨૧

सरुद्रःशंकरःस्थाणुःकपर्दीचत्रिलोचनः ॥
त्रयीविद्याकामधेनुःसास्त्रीभाषाऽक्षरास्वरा २२

તેમાના જે પુરૂષ રૂપે કહ્યા, તેજ રૂદ્ર, શંકર, સ્થાણુ, કપર્દી તથા ત્રિલોચન કહેવાય, અને જે ગૌરવર્ણું સ્ત્રીરૂપે, તેજ વેદ ત્રયીરૂપ વિદ્યા, કામધેનુ, ભાષા, સ્વર તથા અક્ષર એવા નામે થયા ૨૨

सरस्वतींस्त्रियंगौरींकृष्णंचपुरुषंनृप ॥

जनयामासनामानितयोरपिवदामिते ॥२३॥

પછી હે રાજા, સરસ્વતીએ ગૌરવર્ણું સ્ત્રી તથા કૃષ્ણવર્ણું પુરૂષ એવા બેઉ ઉત્પન્ન કર્યાં તેમના પણ નામ તને કહું છુ ૨૩

विष्णुःकृष्णोहृषीकेशोवासुदेवोजनार्दनः ॥
उमागौरीसतीचंडीसुंदरीसुभगाशिवा ॥२४॥

કે, વિષ્ણુ, કૃ'ણ હૃષીકેશ વાસુદેવ તથા જનર્દન, એવા એ પુરૂષના નામો; તેમજ ઉમા, ગોરી, સતી, ચંડિ, સુંદરી સુભગા તથા શિવા, એવા સ્ત્રીના નામો હતા ૨૪

एवंयुवतयःसद्यःपुरुषत्वमपेदिरे ॥
चक्षुष्मतोनुपश्यंतिनेतरेतद्विदोजनाः ॥२५॥

એમાં જે એકદર સ્ત્રીયો હતી, તે તત્કાલ પુરૂષત્વ પામી. એવુ જેઓને જ્ઞાન

ચક્ષુ છે, તેઓજ માત્ર અવલોકન કરે છે. બીજા સામાન્ય જન જાણતા નથી. ૨૫

ब्रह्मणेप्रददौपत्नीमहालक्ष्मीर्नृपत्रयीम् ॥
रुद्रायगौरींवरदांवासुदेवायचश्रियम् ॥२६॥

હે નૃપ, પછી મહાલક્ષ્મીએ બ્રહ્મદેવને વેદત્રયી પત્ની તથા વાસુદેવને શ્રી પત્ની, એવી યોજના કરી ૨૬

स्वरयासहसम्भूयविरंचोऽडमजीजनत् ॥
बिभेदभगवान्रुद्रस्तद्गौर्यासहवीर्यवान्॥२७॥

પછી બ્રહ્મદેવે વેદત્રયી પત્ની સહવર્તમાન એકત્ર થઇને, એક નિર્માણ કર્યું તે સમયે મહાપરાક્રમી જે રુદ્ર ભગવાન, તેમણે પોતાની ગૌરી પત્નિ સહિત એ અંડનો ભેદ કર્યો. ૨૭

अंडमध्येप्रधानादिकार्यजातमभुन्नृ। ॥
महाभुतात्मकसर्वंजगत्स्थावरजंगमम् ॥२८॥

હે નૃપ, તે વખત એ બ્રહ્માંડમા પ્રધાન રૂપનું કારણ જે માયા, તેથકી સર્વ મહત્તત્વાદિક કર્યો ઉત્પન્ન થયાં તે થકીજ આ પંચ મહાભૂતાત્મક સ્થાવર જંગમરૂપ સંપૂર્ણ જગત નિર્માણ થયું ૨૮

पुपोषपालयामासतल्लक्ष्म्यासहकेशवः ॥
संजहारजगत्सर्वंसहगौर्यामहेश्वरः ॥ २९ ॥

તે પછી કેશવ ભગવાન, લક્ષ્મી સહ વર્ત્તમાન એ સર્વેનું પાલણ પોષણ કરવા લાગ્યા 'હે મહારાજા, એવા જે મહાલક્ષ્મી તેમને વિષેજ સર્વ પ્રાણીમાત્ર છતા તેઓ જ સર્વની ઈશ્વરી છે. ૨૯

महालक्ष्मीमहाराजसर्वसत्वमयीश्वरी ॥
निराकाराचसाकारासैवनानाभिधानभृत् ३०
नामांतरैर्निरूप्यैषानाम्नानान्येनकेनचित् ३१

એ રીતનાં એ સૃષ્ટિની પૂર્વે નિરાકાર છતા, આગળ જતાં આકાર યુક્ત થઈને, અનેક પ્રકારનાં નામો ધારણ કરનારા થયા તેમાંનાં કેટલાક નામાન્તરો વડે મે તેમનુ નિરૂપણ કરયુ તો આ જગતમા લક્ષ્મી-નાજ નામથી સર્વ છે. અન્ય નામોથી કંઈજ નથી. ૩૦-૩૧

इतिश्रीप्राधानिकरहस्येसपूर्ण.

ઇતિ શ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વતરે દેવી મહાત્મ્યે પ્રાધાનિક રહસ્ય સાર્થંદશોધ્યાય' ૧૪

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

त्रिगुणा तामसीदेवीसात्विकीयात्वयोदिता ॥
साशर्वाचंडिकादुर्गाभद्राभगवतीयंते ॥१॥

ઋષિ કહેછે એ રીતે એ ત્રિગુણાત્મકા, તામસી તથા સાત્વિકી, એ ત્રણ પ્રકારના મે તને કહ્યા, તેમનેજ સર્વ, ચડિકા, દુર્ગા, ભદ્રા તથા ભગવતી કહે છે. ૧

योगनिद्राहरेरुक्तामहाकाली तमोगुणा ॥
मधुकैटभनाशार्थयातुष्टावाम्बुजासनः ॥ २ ॥

તેમા, શ્રી હરિની યોગ નિદ્રા જે તમોગુણાત્મિકા મહાકાલી કહ્યાં, કે જેમની મધુકૈટભના નાશને અર્થે બ્રહ્મદેવે સ્તુતિ કરી ૨

दशवक्त्रा दशभुजा दशपादांजनप्रभा ॥
विशालयाराजमाना त्रिंशल्लोचनमालया ॥३॥

તે એવા કે, જેમને દશમુખ, દશભુજ તથા દશ ચરણ છતાં, તેઓ કાજલસમાન કૃષ્ણવર્ણા છે, અને તેમના પ્રત્યેક મુખને ત્રણ ત્રણ નેત્રો હોવાથી, તેઓ ત્રીશ નેત્રોની ત્રણ વિશાલ પંક્તિથી શોભાયમાન છે. ૩

स्फुरद्दशनदंष्ट्रासाभीमरूपापिभूमिप ॥
रूपसौभाग्यकांतीनासाप्रतिष्ठामहाश्रियां ॥४॥

તેમજ હે રાજા, તેમના દંત તથા દાઢયો અતિ દેદીપ્યમાન હોવાથી તેઓ ભયંકર છતાં, તેઓ પોતાનું રૂપ, શોભાગ્ય તથા કાન્તીની મહા શોભામા પ્રતિષ્ઠિત છે. ૪

खड्गबाणगदाशूलशंखचक्रभुशुंडिभृत् ॥
परिघकार्मुकशीर्षंनिश्च्योतद्रुधिरंदधौ ॥ ५ ॥

અને તેમણે ખડ્ગ બાણ, ગદા, શૂળ, શંખ, ચક્ર ભુશુંડી, પરિઘ, ધનુષ્ય તથા જેમ થી લોહી ટપકે છે એવું મસ્તક એવાં દશે હાથમાં હથીઆર ધારણ કર્યાં છે ૫

एषासावैष्णवीमायामहाकालीदुरत्यया ॥
आराधितावशीकुर्यात्पूजाकर्तुश्चराचरम् ॥६॥

એવા એ મહાકાલી નામના વૈષ્ણવી માયા છે તેમનું નિવારણ અતિ દુખે પણ થવું અશક્ય છે, પરંતુ તેમનું આરાધન કરે, એટલે તેઓ તેમની પુજા કરનારને સંપૂર્ણ ચરાચર (ચર અચર) વિશ્વ વશ કરી આપે છે ૬

सर्वदेवशरीरेभ्यो याविर्भूतामितद्युतिः ॥
त्रिगुणा सा महालक्ष्मीः साक्षान्महिषमर्दिनी ॥७॥

અને સર્વ દેવોના શરીરથકી પ્રકટ થવાને લીધે જેમની કાન્તી અપાર છે, તે પણ મહિષાસુરનું મર્દન કરનારા સાક્ષાત ત્રિગુણાત્મિકા મહાલક્ષ્મીજ જાણવા ૭

श्वेताननानीलभुजा सुश्वेतस्तनमंडला ॥
रक्तमध्या रक्तपादा नीलजंघोरुरुन्मदा ॥८॥

તેમનુ મુખ તથા સ્તનમંડળ અતિ શ્વેત વર્ણના છતા, મધ્યભાગ તથા ચરણ રક્ત વર્ણના અને હસ્ત જાંગો તથા પેટ નીલ વર્ણના છે એ રીતના એ સ્વભાવે ઉન્મત્ત છે ૮

सुचित्रजघनाचित्रमाल्यांबरविभूषणा ॥

चित्रानुलेपनाकांतिरूपसौभाग्यशालिनी ॥९॥

અને તેમની કટિનો પહેલો ભાગ વિચિત્ર છતા, તેમણે જે પુષ્પો, વસ્ત્રો તથા ભૂષણો ધારણ કર્યા છે, તે પણ વિચિત્રછે. તેમણે અંગે અનુલેપન કરેલો ગંધ પણ ચિત્રવર્ણ છે; પરન્તુ તેઓ કાન્તી, રૂપ તથા સૌભાગ્યવડે સુશોભિત દેખાય છે. ૯

अष्टादशभुजापूज्यासासहस्रभुजासती ॥

आयुधान्यत्रवक्ष्यंतेदक्षिणाधःकरक्रमात् ॥१०॥

વળી મૂલરૂપે સહસ્ત્ર ભુજાયુક્તના છતા તેઓ ભક્તજનોને પૂજા કરવા યોગ્ય અષ્ટાદશ ભુજાયુક્ત થયાછે તેમાં જમણી બાજુના છેક નીચલા હાથથી ડાબી બાજુના

ઉપરના હાથ સુધીના આયુધો અનુક્રમે વર્ણવે છે. ૧૦

अक्षमालाचकमलबाणोसिःकुलिशंगदा ॥
चक्रंत्रिशूलपरशु.शङ्खोघंटाचपाशकः ॥११॥

તે એવા કે, અક્ષમાલા (રૂદ્રાક્ષ કે ભ ર્કની માલા) કમલ, બાણ, ખડ્ગ, વજ્ર ગદા, ચક્ર, ત્રિશૂળ, પરશુ (ફરશી), શંખ, ઘંટા, પાશ (ગુંથેલી જાળ) ૧૧

शक्तिर्दंडश्चर्मचापंपानपात्रंकमंडलुः ॥
अलंकृतभुजामेभिरायुधैःकमलासनां ॥१२॥

શક્તિ, દંડ, ઢાલ, ધનુષ, પાનપાત્ર તથા કમંડલ, એવાં અષ્ટાદશ આયુધો યુક્તની અષ્ટાદશ ભુજાઓ વડે તેઓ શણ-ગારાએલા છતા, કમલાસનપર બેઠાછે. ૧૨

सर्वदेवमयीमीशामहालक्ष्मीमिमान्नृप ॥
पूजयेत्सर्वलोकानांसदेवानाम्प्रभुर्भवेत् ॥१३॥
હે રાજા, એવા એ મહાલક્ષ્મી, સર્વ દેવોના સ્વરૂપવાળા હોવાથી, સર્વની ઈશ્વરી છે; માટે તેમનુ પુજન કરવુ જે પૂજન કરશે તે સર્વ લોક તથા દેવોનો પણ પ્રભુ થશે ૧૩

गौरीदेहात्समुद्भूतायासत्वैकगुणाश्रया ॥
साक्षात्सरस्वतीप्रोक्ताशुंभासुरनिबर्हिणी ॥१४॥
એ રીતના તેમના અનેક રૂપની પુજાઓના ફળ વર્ણવે છે તે એમ કે, ગૌરીના દેહથકી જે ઉત્પન્ન થયા, તે માત્ર એક સત્વગુણોનોજ આશ્રય કરનારા છતા, જેમણે શુંભાસુરનો સંહાર કર્યો, તેમને સા

ક્ષત સરસ્વતી જાણવા, ૧૪

दधौचाष्टभुजाबाणान्मुशलशूलचक्रभृत् ॥
शंखंघटांलांगलचकार्मुकन्नसुधाधिप ॥ १५ ॥

હે પૃથ્વી પતિ, તેમણે બાણ, મુસળ, શુળ, ચક્ર, શખ ઘટ, હળ તથા ધનુષ્ય, એવા આઠ આયુધો આઠે ભુજાઓમા ધારણ કર્યાં છે ૧૫

एषामपूजितापत्तयासर्वज्ञत्वंमयच्छति ॥
निशुंभमथिनीदेवीशुंभासुरनिवर्हिणी ॥१६॥

શુંભાસુરનુ મથન કરનારા દેવી એ-જ જાણવા. એ રીતના પે સરસ્વતી દેવીની પુજા કરે તેને સર્વંસ વ (સર્વ વિદ્યાઓનું પ્રવિથપણું) આપે છે ૧૬

इत्युक्तानिस्वरूपाणिमूर्तीनांतवपार्थिव ॥

उपासनंजगन्मातुःपृथगासांनिशामय ।१७॥

હે પૃથ્વીપતિ, એ રીતે દેવીની અનેક મૂર્તીઓનાં અનેક સ્વરૂપ મે તને કહ્યા એ રીતના એ જગન્માતાના અનેક રૂપોની જુદે જુદી ઉપાસના કહુ છું સાભળ ૧૭

महालक्ष्मीर्यदापूज्यामहाकालीसरस्वती ॥
दक्षिणोत्तरयोःपूज्येपृष्ठतो।मथुनत्रयं ॥ १८॥

જે સમય મહાલક્ષ્મીનીજ પુજાકરવાની હોય, તે સમય મધ્યભાગે મહાલક્ષ્મીને સ્થાપન કરી, તેમની જમણી બાજુએ મહાકાલી તથા ડાબી બાજુએ મહા સરસ્વતીનુ સ્થાપન કરીને, તેમની પુજા કવી અને પાછળની બાજુએ ત્રણ જોટાં સ્થાપન કરીને તેમનીપણ પુજા કરવી ૧૮

विरिंचिःस्वरयामध्येरुद्रोगौर्याचदक्षिणे ॥
वामेलक्ष्म्याः हृषीकेशःपुरतोदेवताश्रयम् १९

એ દંપતિ (જોટા) એવા છે, મહાલક્ષ્મીની પુઠે સરસ્વતિ સહિત બ્રહ્મદેવ, જમણી બાજુએ ગૌરી સહિત રૂદ્ર તથા ડાબી બાજુએ લક્ષ્મી સહિત ઋષીકેશ (વિષ્ણુ) એ ત્રણે દંપતિઓ સ્થાપન કરીને તેમની પુજા કરવી, અને એ ત્રણુની પાછળ એ મહાલક્ષ્મીવગેરે ત્રણ દેવીઓ જોઈએ. એ રીતે મહાલક્ષ્મીની પુજાનો પ્રકાર કહ્યો.

अष्टादशभुजामध्येवामेचास्यादशानना ॥
दक्षिणेष्टभुजालक्ष्मीर्महतीतिसमर्चयेत् ॥२०॥

તેમજ હે નરાધિપ, જે સમય અષ્ટાદશભુજાયુક્તાનાં મહાકાળીનીજ પુજા કર-

વાની હોય તે સમય ઇશાનના (શ મ ૨૧૬ વાળા) મહાલક્ષ્મી જમણી બાજુએ સ્થાપન કરીને તેમની પુજા કરવી ૨૦

कालमृत्यूचसंपूज्यौसर्वारिष्टप्रशांतये ॥
यदाचाष्टभुजापूज्य'शुंभायुग्निर्दहिगो ॥२१ ॥

અને સર્વ અનિષ્ટ-(આપત્તિકાલ)ના-પરિહારને અર્થે, તમની જોડે કાળ તથા મૃત્યુની પણ પુજા કરવાની હોય ૨૧

नवास्याःशक्तयःपूज्यास्तथारुद्रविनायकौ ॥
नमोदेव्याइतिस्तोत्रैर्महालक्ष्मींसमर्चयेत् २२ ॥

સે સમય તેમની આજુબાજુએ નવ શકિતયો સ્થાપન કરીને, તેમની પુજા કરવી અને રૂદ્ર તથા વિનાયકની પણ પુજા કરવી હવે મહાલક્ષ્મીની પુજા, નમો દેવ્યે, એવા

સ્તોત્ર વડે કરવી ૨૨

अवतारत्रयार्चायांस्तोत्रमंत्रास्तदाश्रयाः ॥
अष्टादशभुजाचैषापूज्यामहिषमर्दिनी ॥२३॥

એ પ્રમાણે મહાલક્ષ્મી, મહાકાળી તથા મહાસરસ્વતિ એ ત્રણે અવતારની પુજા તેને સ્તોત્રમંત્રવડેજ કરવી. મહિષાસુર મથની જે અષ્ટદશ ભુજા પુજ્ય છે ૨૩

महालक्ष्मीर्महाकालीसैवप्रोक्तासरस्वती ॥
ईश्वरीपुण्यपापानांसर्वलोकमहेश्वरी ॥ २४ ॥

તેજ મહાલક્ષ્મી, મહાકાળી તથા તેજ મહાસરસ્વતી વર્ણવ્યા છે તેઓજ પુણ્ય પાપનાં યથોક્ત ફળ આપવાને સમર્થ છતા, સર્વ લોકોની માહેશ્વરી પણ છે. ૨૪

महिषांतकरीयेनपूजितासजगत्प्रभुः ॥

पूजयेज्जगतांधात्रींचंडिकांभक्तवत्सलाम् ॥२५॥

એ રીતના મહિષાસુર મર્દનીનું જેણે પુજન કર્યું હોય, તે સર્વ જગતનો પ્રભુ થાય છે, માટે સકળ જગતની માતા ભકત વત્સલા ચડિકા દેવીનું પુજન કરવુ ૨૫

अर्घ्यादिभिरलंकारैर्गंधपुष्पैस्तथाक्षतैः ॥
धूपैर्दीपैश्चनैवेद्यैर्नानाभक्ष्यसमन्वितैः ॥२६॥

તે એમ કે, અર્ધ્ય, પદ્ય, આચમન સ્નાન, વસ્ત્રાલંકાર, ગંધ, અક્ષત, પુષ્પો, ધુપ, દીપ તથા અનેક પ્રકારનાં ભક્ષભોજ્યાદિ નૈવેદ્યવડે પુજન કરવુ. ૨૬

रुधिराक्तेनबलिनामांसेनसुरयानृप ॥
प्रणामाचनीयेनचंदनेनसुगंधिना ॥ २७ ॥

અને હે રાજા, રક્ત પ્રોક્ષણ કરેલા

અન્નનુ બલિ, માંસ તથા મદ્ય પણ એ, ચં
ડિકાને સમર્પણ કરવાં પછી નમસ્કાર આચ
મન ગંધ યુક્ત ચંદન, ૨૭

सकर्पूरैश्चतांबुलैर्भक्तिभावसमन्वितैः ॥
वामभागेग्रतोदेव्याश्छिन्नशीर्षमहासुरा ॥२८॥

તથા કર્પુરયુક્ત તાંબુલ, એ સર્વે ભક્તિ
ભાવનાયુક્ત થઇને, એ દેવીને નિવેદન કરવુ,
અને એ દેવીની આગળ ડાબી બાજુએ છિન્ન
મસ્તક થયેલાં મહિષાસુરનું પણ ૨૮

पूजयेन्महिषंयेनप्राप्तंसायुज्यमीशया ॥
दक्षिणेपुरतःसिंहंसमग्रंधर्ममीश्वरं ॥ २९ ॥

પુજન કરવું, કારણ કે, જેણે એ ઈશ્વ-
રીની સાયુજય મુક્તિ સંપાદન કરી તેમજ
આગળ જમણી બાજુએ સમસ્ત ધર્મરૂપી

ઇશ્વર જે સિંહ. ૨૯

वाहनंपूजयेदेव्याधृतंयेनचराचरं ॥
ततःकृताञ्जलिर्भूत्वास्तुवीतचरीतैरिमैः ॥३०॥

તે દેવીનું વાહન છે, તેનું પણ પુજન કરવું; કારણ કે જેણે ચરાચર વિશ્વ ધારણ કર્યુ છે એ રીતે સર્વનુ પુજન કરીને પછી હસ્ત જોડીને એ ચરિત્રો વડે દેવીની સ્તુતિ કરવી ૩૦

एकेनवामध्यमेननैकेनेतरयोरिह ॥
चरितार्धंतुनजपेज्जपन्छिद्रमवाप्नुयात् ॥३१॥

તે એમ કે એક મહાલક્ષ્મીની મધ્યમ ચરિત્રથી ત્રીજા મહા લક્ષ્મી, મહાકાલીએ-ઓની બે ચરિત્રોથી અથવા બીજા બે ચરિત્રો સહિત મધ્યમ ચરિત્ર વડે સ્તવન કરવું,

પરંતુ માત્ર અર્ધ ચરિત્રનો જપ કરવો નહિ, કરે તો દુર્ગુણ પ્રાપ્ત થાય છે ૩૧

स्तोत्रमंत्रैस्तुवीतेमांयदिवाजगदंबिका ॥
प्रदक्षिणानमस्कारान्कृत्वामूर्ध्निकृतांजलिः ३२

અથવા સ્તોત્રમાંના તે તે દેવીના મંત્ર વડે એ જગદંબિકાની સ્તુતિ કરવી પછી પ્રદક્ષીણા તથા નમસ્કાર કરીને મસ્તકપર જોડવા. ૩૨

क्षमापयेज्जगद्धात्रींमुहुर्मुहुरतंद्रितः ॥
प्रतिश्लोकंचजुहुयात्पायसंतिलसर्पिषा ॥३३॥

અને આલસ્ય રહિત થઇને એ જગન્માતાની મારા અપરાધક્ષમા કરો એવી વારવાર પ્રાર્થના કરવી પછી પાયસ (ખીર, દુધપાક) તિલ તથા ઘૃત (ઘી) એ

હવિર્દ્રવ્યનો પ્રતિશ્લોક ઉચ્ચાર કરીને અગ્નિમા હોમ કરવો ૩૩

जुहुयात्स्तोत्रमंत्रैर्वा चंडिकायैशुभंहविः ॥
नमोनमःपदैर्देवींपूजयेत्सुसमाहितः ॥ ३४ ॥

અથવા ચંડિકા પ્રીત્યર્થં શુ હવિર્દ્રવ્યનું. સ્તોત્રમાના મંત્રોવડે હવન કરવુ; અને મહાલક્ષ્મ્યૈ નમોનમ મહાકાલ્યૈ નમોનમ• વગેરે જે નામથી જે દેવીની પુજા કરવી હોય તે નામના ચતુર્થ્યંત પદને નમોનમઃ એવા અક્ષરો લગાડીને, તે તે દેવીની એકાગ્ર મનવડે પુજા કરવી. ૩૪

प्रयतःप्रांजलिःप्रह्वःप्राणानारोप्यचात्मनि ॥
सुचिरंभावयेद्देवींचंडिकांतन्मयोभवेत् ॥३५॥

પછી શુચિભૂત થઇને, હસ્ત જોડીને

નમ્રપણાથી નમસ્કાર કરીને પોતાના હૃદય-
મા ઘણા વખત સુધી એ ચડિકા દેવીનુ
સ્થાપન કરીને તેમનુ ધ્યાન કરતા કરતા;
તન્મય થવુ ૩૫

एवंयःपूजयेद्भक्त्यात्वहंपरमेश्वरीं ॥
भुक्त्वाभोगान्यथाकामदेवीमायुज्यमाप्नुयात्

એ પ્રકારે જે પ્રનિદિ સે ભક્તિ ભા
વથી પરમેશ્વરીનુ પુજન કરશે તે આ લોક-
માં યથેષ્ટ ઐશ્વર્યનો ઉપભોગ કરીને, દેવીની
સાયુજ્ય મુક્તિને પ્રાપ્ત થશે. ૩૬

योनपूजयतेनित्यंचडिकांभक्तवत्सलां ॥
भस्मीकृत्यास्यपुण्यानिनिर्दहेत्परमेश्वरी ३७

અને જે આ ભક્તવત્સલ ચડિકાનુ
નિત્ય પુજન કરતો નથી તેનાં સર્વ પુણ્યો

પણ પરમેશ્વરી બાળીને ભસ્મ કરે છે ૩૭

तस्मात्पूजयभूपालसर्वलोकमहेश्वरीं ॥
यथोक्तेनविधानेनचंडिकांसुखमाप्स्यसि ॥३८॥

તો હે ભૂપાલ એ સકળલોક માહેશ્વરી
ચ ડિકાની, પ્રથમ કહેલી વિધિથી તુ પુજા
કર્યે જા એટલે તું સુખ પામીશ. ૩૮

इतिश्रीमार्कं० पु० सा० म० देवीभगवतीमा०
वैकृतिकरहस्यसंपूर्ण.

ઇતિશ્રી માર્કંડેયપુરાણે સાવર્ણિકે મન્વ તરે દેવીમહા-
ત્મ્યે દેવ્યાચરિત નામ સાર્થ દશમો ધ્યાય ૧૦

॥ श्रीगणपतिर्जयति ॥

॥ ऋषिरुवाच ॥

नंदाभगवतीनामयाभविष्यतिनंदजा ॥
सास्तुतापूजिताभक्त्यावशीकुर्यांज्जगत्त्रयं ॥१॥

રૂષી કહે છે જે જગદમા વૈવસ્વત-મન્વતરમા નંદ ગોપાલ થકી નંદા ભગવતી એવા નામથી ઉત્પન્ન થશે તેમની જે ભક્તિ-ભાવથી સ્તુતિ તથા પુજા કરશે તેનેસ પુર્ણ ત્રૈલોકય વશ થશે ૧

कनकोत्तमकांतिःसासुकांतिकनकांबरा ॥
देवीकनकवर्णाभाकनकोत्तमभूषणा ॥ २ ॥

તેમનું ધ્યાન લક્ષણુ કહું છુ કે તે દેવી મૂળથીજ સુંદર કાંતિ યુક્ત છતા વિસે-ષ ઉત્કૃષ્ટસુવર્ણની કાંતી સુવર્ણનાં વસ્ત્ર સુ-

વર્ણનીજ મેખલા (ઘુઘરીયોવાળો કંદોરો) તથા ઉત્કૃષ્ટ સુવર્ણનાજ સર્વ ભૂષણોપણ ધારણ કરનારા થશે ૨

कमलांकुशपाशाब्जैरलंकृतचतुर्भुजा ॥
इंदिराकमलालक्ष्मीःसाश्रीरुक्मांबुजासना॥३॥

અને કમલ, અંકુશ, પાશ (જાળ) તથા શંખ ચ્યાર આયુધો તેમની ચ્યાર ભુજાઓમા શોભશે, એવા એ ઇંદિરા કમલા લક્ષ્મી તથા શ્રી, એવા ચ્યાર નામો ધારણ કરનારા, સુવર્ણ કમલાસનપર શોભવા લગશે

यारक्तदंतिकानामदेवीभोक्तामयानघ ॥
तस्याःस्वरूपंवक्ष्यामिश्रुणुसर्वंभयापहं ॥ ४ ॥

હવે હે નિષ્પાપ રાજા, પ્રથમ રક્ત દંતિકા નામનાં જે દેવી વર્ણવ્યાં તેમનું

સર્વ ભયોનો નાશ કરનારૂં સ્વરૂપ તને
કહું છુ સાંભળ ૪

रक्ताम्बरारक्तवर्णारक्तसर्वांगभूषणा ॥
रक्ततीक्ष्णनखारक्तदशनारक्तदंष्ट्रीका ॥५॥

કે જેઓ સ્વરૂપે રક્ત વર્ણનાં છતાં
જેમ કે રક્ત વસ્ત્ર પરિધાન કર્યા છે તથા
જેમના સઘળા અંગપર રક્ત વર્ણનાંજ
ભુષણો ઘરેણાં છતાં તેમના નખ તીક્ષ્ણ
અને રક્ત વર્ણ છે. અને જેમના દંત તથા
દાઢયો પણ રક્ત વર્ણનાજ છે ૫

पतिनारीवानुरक्तादेवीभक्तंभजेज्जन ॥
वसुधेवविशालासासुमेरुयुग स्तनी ॥ ६ ॥

જેમ પતિવ્રતા સ્ત્રી પતી તરફ અ-
ત્યંત આસક્ત હોય છે, તેમ એ દેવી ભક્ત-

જનપર પ્રેમ કરનારા છે તથા પૃથ્વી સમાન વિશાલ છતા તેમના બેઉ સ્તન મેરૂ તુલ્ય છે

दीर्घौलम्बावतिस्थूलौतावतीर्यमनोहरौ ॥
कर्कशावतिकान्तौतौसर्वानंदपयोनिधी ॥ ७ ॥

તે અતિ દીર્ઘ લબાયમાન અતિ સ્થુલ તથા કઠીણ છતા, અતિશય રમણિક તથા મનોહાર છે કારણકે જેમા સર્વ પ્રાણી માત્રને આનદ કારક દુધ ભરેલુ છે, ૭

भक्तान्संपाययेद्देवीसर्वकामदुघौस्तनौ ॥
खड्गपात्रचमुशलंलागलंचबिभर्तिसा ॥ ८ ॥

અને તે સ્તનો સકલ મનોરથો સપુર્ણ કર નારા હોવાથી એ દેવી ભક્ત જ-નોને તે વડે નિરતર સ્તનપાન કરાવે છે આ રીતનાં એ દેવીએ ખડ્ગ પાત્ર, મુસલ

તથા હળ એ ચાર આયુધો ચારે ભુજાઓ
મા ધારણ કર્યાં છે. ૮

आख्यातारक्तचामुंडादेवीयोगेश्वरीतिच ॥
अनयाव्याप्तमखिलजगास्थावरजंगमं ॥९॥

એ રીતના એ રક્ત ચામુંડા દેવી, યોગેશ્વરી
એવાં નામથી પ્રખ્યાત છતા તેમણે સંપુર્ણ
સ્થાવર અને જગમાત્મક જગત વ્યાપ્ત
કર્યું છે. ૯

इमायःपूजयेद्भक्त्यासव्याप्नोतिचराचरं ॥
अधोतेयइमंनित्यरक्तदंत्या वपुःस्तवं ॥ १० ॥

એમની જે કોઇ ભક્તિથી પુજા ક
રશે તે પણ સમસ્ત ચરાચર વિશ્વમા ગુ-
ણકીર્તીથી વ્યાપ્ત થશે, અને જે કોઇએ રક્ત
દંતિકા રૂપનાં સ્તવનનુ નિરંતર અધ્યયન

કરશે ૧૦

तंसापरिचंदेव्रोपतिमियमिव्रागना ॥
शाकंभरीनीलवर्णानीलोत्पलविलोचना ११

તેનુ એ દેવી સર્વદા સેવનકરીને તેની સમિપ નિવાસ કરશે એ વિષે દ્રશ્ટાત એવુ કે જેમ પતિવ્રતા નારી પતીનીજ અનન્ય બુદ્ધિથી સેવા કરે છે તેમ હવે શાકંભરીનુ સ્વરૂપ વર્ણવ્યા તે સ્વરૂપે નીલવર્ણના છતા તેમના નેત્ર પણ નીલ (ગળીયલ) કમલના જેવુ છે ૧૧

गभीरनाभिस्त्रिवलीविभूषिततनुदरी ॥
सुकर्कशसमोत्तुंगवृत्तपीनघनस्तनी ॥ १२ ॥

અને તેમની નાભી ગંભીર છતાં તેમનું સુક્ષમ ઉદર ત્રીવળીવડે સુશોભીત છે.

તેમજ તેમના ઉભયસ્તન કઠીણ સમાનઉંચાં વર્તુલ (ગોળ) પુષ્ઠ તથા ધર છે ૧૨

मुष्टिस्थितिस्तुवैपूर्णस्मलंकमलालया ॥
पुष्पपल्लवमूलादिफलाढ्यशाकसंचयं ॥१३॥

અને તેઓ કમલમા વાશ કરનારા છતા તેમણે એક મુષ્ટી બાણોથી પરિપૂર્ણ ભરી છે, બીજા હાથમા કમલ, ત્રીજામા પુષ્પો કોમલ પલ્લવ મુળા વગેરે તથા ફલો વાળાં અનેક પ્રકારના શાકોનો સમુદય કર્યો છે. ૧૩

काम्यानंतरसैर्युक्तंक्षुत्तृष्मृत्युभयारह ॥
कार्मुकंस्फुरत्कांतिबिभर्तिपरमेश्वरी ॥१४॥

તથા ચોથા હસ્તમાં કામા એટલે શૃંગારાદિનવ રસયુક્ત છતાં ક્ષુધા તૃષા,મૃ

ત્યુનો ભય હરનારૂં ધનુષ્ય એ પરમેશ્વરીએ ધારણ કર્યું ને ધનુષ્યની કાંતીથી દશે દિશાઓ દૈદીપ્યમાન થાય છે ૧૪

शाकंभरीशताक्षीसासैवदुर्गापकीर्तिता ॥
उमागौरीसतीचंडिकालिकासाचपार्वती ॥१५॥

એવાં જે શાકંભરી કે જેને શતશખ્યાક નેત્ર છે, તે દુર્ગાગૌરી, સતી, ચંડી કાલીકા તથા પાર્વતી પણ તેઓજ જાણવાં

शाकंभरीस्तुवन्ध्यायन्जपन्संपूजयन्नमन् ॥
अक्षय्यमश्नुतेशीघ्रमन्नपानादिसर्वशः ॥ १६ ॥

એ રીતના શાકંભરીની જે સ્તુતિ કરશે એમના રૂપનું જે ધ્યાન કરશે એમના મંત્રનો જે જપ કરશે તથા જે એમનું પૂજન કરીને એમને નમસ્કાર કરશે તેમને

શીઘ્ર અક્ષય અન્ન પાનાદિક વગેરેની પ્રાપ્તિ
રૂપી સઘળુ પ્રાપ્તિ થશે ૧૬

भीमापीनीलवर्णामादंष्ट्रादशनभासुरा ॥
विशाललोचनानारीवृत्तपीनपयोधरा ॥१७॥

હવે ભીમા દેવીનુ સ્વરૂપ વર્ણવું છુ તે
એમ કે ભીમા પણ નિલવર્ણના છતા તેમ
ની દાઢયો તથા દાંત અત્યત પ્રકાશયુક્ત
છે. તથા નેત્રાપણ વિશાલ છતા તેમનાં સ્તન
ગોળ ઉચા તથ પુષ્ટ છે ૧૭

चंद्राहासचडमरुशिरः पात्रंचबिभ्रती ॥
एकवीराकालरात्रिःसैवोक्ताकामदास्तुता १८

અને તેમણે ખડ્ગ ડમરૂ મસ્તક તથા
પાત્ર એવાં ચાર આયુધો ચ્યારે હસ્તમા

धारण कर्या छे तेओनी स्तुती करवाने योग्य होवाथी तेमने एकवीश कालरात्री तथा कामदा कहे छे, १८

तेजोमंडलदुर्धर्षाभ्रामरीचित्रकांतिभृत् ॥
चित्रभ्रमरसंकाशामहामारीतिगीयते ॥१९॥

हवे महामारीनु ध्यान कहुछु, के, जेमनी आजुबाजुए मंडलाकृति तेज होवाथी जेमणे अजीत छतां विचित्र कान्ती धारण करी छे तथा हाथमा चित्रवर्णनो भमरो धारण कर्यो छे एवा ए भ्रामरी नामनां पार्वती जाणवा तेमनेज महामारी कहेछे.

इत्येतामूर्तयोदेव्याव्याख्यातावसुधाधिप ॥
जगन्मातुश्चंडिकायाःकीर्तिताःकामधेनवः २०

हे पृथ्वीपति ए रीतनां ए देवीनुं

સ્વરૂપ મે તને કથન કર્યું એ ચંડીકાની મૂર્તીં એમની ભક્તિ કીર્તન કરનારને કામ ધેનુવત્ થાય છે. ૨૦

इदंरहस्यंपरमंनशाच्यंकस्याचित्त्वया ॥
व्याख्यानंदिव्यमूर्तीनाम रीष्वावहितःस्वयं२१

આ પરમ રહસ્ય તુ કોઇને કહીશ નહિ પરંતુ એ દિવ્ય મૂર્તીંના વ્યાખ્યાનનું તુ પોતે એકાગ્ર અંત કરણથી અધ્યયન કર

देव्याध्यानंतवाख्यातगुह्याद्गुह्यतरंमहत् २२

इती श्रीमार्कंडेयपुराणेसावर्णिकमन्वंतरेदेवीभगवतीमहात्म्येमूर्तिरहस्य संपूर्ण.

માટે દેવીનુ આ સર્વોત્કૃષ્ટ ધ્યાન અતિ ગુહ્યથી પણ ગુહ્ય છતાં મેં તને કથન કર્યું.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણીકે મન્વંતરે દેવી
ભગવતી મહાત્મ્યે મૂર્તી રહસ્ય સંપુર્ણ.
ઇતિશ્રી સાર્થ સપ્તસતી સમાપ્ત.

સમાપ્ત.

છપાવી પ્રસિદ્ધ કર્તા
બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.
રીચીરોડ—અમદાવાદ.

શ્રીજૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા વાડીલાલ
નાથાલાલે છાપી. રીચીરોડ, અમદાવાદ.